॥ ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત રહો. ॥

# વિવેકાનંદ એકેડમી

**January-2022**

# કરન્ટ અફેર્સ





## વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**


ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી

DATE : 01-01-2022

### 1. બાળ રસીકરણ અભિયાન : ગુજરાત સરકાર

**પ્રથમ ડોઝ આપવાનો સમયગાળો : તા. 3 થી 9 જાન્યુઆરી 2022:**

**અભિયાન વિશે :**

- ✓ વયમર્યાદા : 15થી 18 વર્ષના બાળકો
- ✓ લક્ષ્યાંક : આશરે 36 લાખ કિશોરોને આવરી લેવાશે
- ✓ ખાસ : તા. 7મી જાન્યુઆરીએ એક પણ બાળક રહી ન જાય તે માટે મહા અભિયાન
- ✓ રસીકરણનો સમય સવારે 9.00 થી સાંજે 6.00 કલાક સુધી
- ✓ કુલ 3500 રસીકરણ કેન્દ્ર
- ✓ **નોંધણીની પ્રક્રિયા :** ભારત સરકારના કોવિન પોર્ટલ WWW.coWIN.gov.in પર જાતે જ બૂક કરાવી શકાશે
- ✓ રસી : કોવેક્સિન, ભારત બાયોટેક, હૈદરાબાદ

**મોબાઇલ નંબરથી પણ રજિસ્ટ્રેશન થશે**

- ✓ રજિસ્ટ્રેશન સમયે આધારકાર્ડ વાહનનું લાઇસન્સ હોય તો તેનાથી રજિસ્ટ્રેશન થશે. આવા કોઇ પુરાવા ના હોય તો પણ બાળક રસીથી વંચિત ન રહે એ માટે એક મોબાઇલ નંબર આપવાનો રહેશે જેમાં માતા-પિતા, મિત્ર કે શાળાના શિક્ષક-આચાર્યના મોબાઇલ નંબરથી પણ રજિસ્ટ્રેશન કરીને રસી આપવામાં આવશે.

**10મી જાન્યુઆરીથી પ્રિકોશનરી ડોઝ અપાશે**

- ✓ 60 વર્ષથી વધુ વયના કો-મોર્બિડ વયસ્કો, ફ્રન્ટ લાઇન વર્કર, હેલ્થ વર્કરને પણ આગામી તા. 10મી જાન્યુઆરીથી પ્રોત્સાહક ડોઝ આપવા માટે પણ સંપૂર્ણ તૈયારીઓ કરી દેવાઇ છે, જેમાં અંદાજે 14 લાખ વયસ્કોનો ડેટા આરોગ્ય વિભાગ પાસે તૈયાર છે, તેમજ બીજા ડોઝ બાદ 39 અઠવાડિયા પૂર્ણ થશે એ તમામને આ પ્રોત્સાહક ડોઝ અપવામાં આવશે.

**કોવેક્સિન 18 વર્ષ સુધીનાં બાળકો માટે સુરક્ષિતઃ ભારત બાયોટેક**

- ✓ હૈદરાબાદ સ્થિત રસી નિર્માતા ભારત બાયોટેકે કોવેક્સિન રસીને 18 વર્ષ સુધીના બાળકો માટે સંપૂર્ણ સુરક્ષિત ગણાવી હતી.
- ✓ ટ્રાયલના બીજા અને ત્રીજા ફેઝના પરિણામોમાં રસી બાળકો માટે સુરક્ષિત અને અસરકારક હોવાનું પુરવાર થયું હતું.
- ✓ 2 વર્ષથી 18 વર્ષ સુધીના બાળકો માટે પણ રસી સુરક્ષિત છે. ટ્રાયલમાં 78.6% કેસમાં માત્ર એક દિવસમાં રસી લેનાર નોર્મલ થયા હતા. જ્યારે માત્ર 374 કેસમાં માઇલ્ડ અથવા હળવા લક્ષણો જોવા મળ્યા હતા.

### 2. ગુજરાતમાં પ્રથમવાર હેલિકોપ્ટર જોય રાઈડ્સ સુવિધા- અમદાવાદ



- ✓ શુભારંભ : તા.01-01-2022
- ✓ સ્થળ : રિવરફ્રન્ટ વૉટર એરોડ્રામ
- ✓ ઉદઘાટન : ઉડ્ડયન મંત્રી : શ્રી પૂર્ણેશ મોદી

**સુવિધા :**

- ✓ માત્ર શનિ-રવિ જોય રાઈડ્સની સુવિધા અપાશે
- ✓ રિવરફ્રન્ટથી મોટેરા સ્ટેડિયમ અને ત્યાંથી પરત રિવરફ્રન્ટ સુધી 9 મિનિટની એક રાઈડ માટે પેસેન્જરે અંદાજે રૂ. 2360 ચૂકવવા પડશે.
- ✓ આ ઉપરાંત કંપની તા. 15 જાન્યુઆરી બાદ રિવરફ્રન્ટથી સાયન્સ સિટી સુધી અને ત્યાંથી પરત રિવરફ્રન્ટ સુધીનો વધુ એક રૂટ શરૂ કરશે.
- ✓ આ જોય રાઈડ કરવા માગતા પેસેન્જરો કંપનીની વેબસાઈટ પર રાઈડનો સમય જોઈ બુકિંગ કરાવી શકે.
- ✓ તેની સાથે જ હેલિપેડ ખાતે પણ કંપની દ્વારા બુકિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ✓ હેલિકોપ્ટર : 6 સીટર Bell-407

### 3.ગુજરાત સરકાર : ઈન્ટર એર કનેક્ટિવિટી સેવાનો પ્રારંભ : તા.01-01-2022થી

**પ્રથમ તબક્કો :**

- ✓ સુરત, અમદાવાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર, જવા માટે 02 પાઈલોટ સાથે 09 સીટર પ્લેન સેવાનો પ્રારંભ
- ✓ ભાડુ : અંદાજે રૂ. 1999

### 4. કેન્દ્ર સરકાર : PM કિસાન સન્માન નિધિ અને ખેડૂત ઉત્પાદન સંગઠન(FPO) હેઠળ વિવિધ સહાય

**PM શ્રી મોદીના હસ્તે તા. 1 જાન્યુઆરી-2022ના રોજ ખેડૂત અને FPOના ખાતામાં DBTથી રકમ જમા કરાઈ**




**(1) PM કિસાન સન્માન નિધિ**

- ✓ તા. 1 જાન્યુઆરી-2022ના રોજ 10માં હપ્તારૂપે દેશના 10.09 કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. 20,946 કરોડ સન્માન રાશિ જમા
- ✓ વર્ષમાં ત્રણ વાર રૂપિયા 2000 X 3 = 6000 એમ કુલ રૂ. 6,000ની રોકડ સહાય

**યોજનાના આરંભ વર્ષ 2018-19થી અત્યારસુધીની સહાય**

- ✓ યોજનાના આરંભથી અત્યાર સુધી 11.50 કરોડથી વધુ લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં સીધા 1 લાખ 60 હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ હસ્તાંતરિત
- ✓ આ યોજના હેઠળ લાભાર્થી ખેડૂતોને પ્રતિ વર્ષ 6 હજાર રૂપિયા હસ્તાંતરિત-2 હજાર રૂપિયાના ત્રણ સરખા હપ્તામાં
- ✓ યોજનાનો સંપૂર્ણ ખર્ચ ભારત સરકાર દ્વારા વહન
- ✓ લાભાર્થીઓની સમસ્યાઓ દૂર કરવા માટે, એક સમગ્ર ફરિયાદ નિવારણ તંત્ર થથા કેન્દ્રીકૃત હેલ્પડેસ્ક સ્થાપિત

✓ યોજનાથી મળેલ લાભ તથા અરજીની સ્થિતિ https://pmkisan.gov.in તથા મોબાઈલ એપ પર ઉપલબ્ધ

**(2) ખેડૂત ઉત્પાદન સંગઠન (FPO)**

✓ તા. 1 જાન્યુઆરી-2022ના રોજ FPOને રૂ. 14 કરોડથી વધુ ઈક્વિટી ગ્રાન્ટનું હસ્તાંતરણ

✓ અંદાજે 351 PFOના 1.24 લાખથી વધુ ખેડૂતોને લાભ

**યોજનાના આરંભથી અત્યારસુધીની સહાય**

✓ 10 હજાર ખેડૂત ઉત્પાદક સંગઠનોની સ્થાપના માટે 6865 કરોડ રૂપિયાની જોગવાઈ

✓ દેશના દરેક બ્લોકમાં સંગઠન સ્થાપિત કરવાનું લક્ષ્ય, જેથી 'બીજ થી બજાર સુધી' ના વિઝનને મજબૂતી

✓ સંગઠનમાં લગાવેલ મૂડી બરાબર ઈક્વિટી ગ્રાન્ટ રાશિની વ્યવસ્થા, મહત્તમ રૂ. 15 લાખ

✓ દરેક સંગઠનને સરકાર દ્વારા સિક્યુરિટી વગર મહત્તમ 2 કરોડ રૂપિયા સુધીની લોનની ગેરેંટી

✓ ખેડૂત ઉત્પાદક સંગઠનો માટે પણ રૂ. 1 લાખ કરોડના કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ નાણાકીય સહાયતાની જોગવાઈ

✓ **કિસાન કોલ સેન્ટર : 1800 180 1551**

✓ **મંત્રાલય : કૃષિ અને ખેડૂત કલ્યાણ, ભારત સરકાર**

**5. ભારત G20 ટ્રોઈકામાં જોડાયું**




✓ G20માં વર્તમાન, ગત અને આગામી (ભાવિ) અધ્યક્ષ દેશો સામેલ હોય છે.

✓ ભારત આગામી તા. 1 ડિસેમ્બર, 2022ના ઈન્ડોનેશિયા પાસેથી G20ની અધ્યક્ષતા ગ્રહણ કરશે અને વર્ષ 2023માં પહેલીવાર ભારતમાં G20 લીડર્સ સમિટનું આયોજન કરાશે.

✓ આગામી શિખર સંમેલનની થીમ : 'રિક્વર ટુગેધર, રિકવર સ્ટ્રોંગર'.

✓ **અંગ્રેજી શબ્દ ટ્રોઈકા એટલે સાથે મળીને કામ કરતા ત્રણ લોકોનો સમૂહ-દેશ.**

**કોણ રચે છે ટ્રોઈકા :**

✓ 2020 : જાપાન, ઈટાલી અને ઈન્ડોનેશિયા

✓ 2021 : ઈટાલી, ઈન્ડોનેશિયા અને ભારત

✓ 2022 : ઈન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલ

**6. ભારત-પાકિસ્તાન સંબંધો**

✓ ભારત પાકિસ્તાન વચ્ચે વર્ષ 1991માં થયેલા કરાર અનુસાર વર્ષમાં બે વાર આ સંધિ મુજબ પરમાણુ સંસ્થાઓની વિગતો અને પોતપોતાના પરમાણુ સંસ્થાન અને એકમોની માહિતીનું આદાનપ્રદાન

✓ વર્ષ 2008માં કરાયેલી કોન્સ્યુલર એક્સેસ સંધિ મુજબ આ યાદીઓનું આદાનપ્રદાન એકબીજા દેશની જેલોમાં રહેલા કેદીઓની માહિતી આદાન-પ્રદાનની જૂની પરંપરા

**મુખ્ય હેતુ :**

✓ ભારત અને પાકિસ્તાને શત્રુતાની સ્થિતિ ઊભી થવાના સંજોગોમાં પોતે એકબીજા પર પરમાણુ હુમલા ના કરી શકે તે હેતુ.

✓ આ સમજૂતી મુજબ બન્ને પક્ષો 1લી જાન્યુઆરી, 1લી જુલાઇના રોજ વ્યાપક માહિતીનું આદાનપ્રદાન કરે છે.

✓ વર્ષના પ્રથમ દિવસે માહિતીની આપ-લે

**7. શોધ : બ્રાઝિલમાં અંદાજે 6 કરોડ વર્ષ પહેલાના ડાયનાસોરના ઈંડા-જીવાશ્મ મળી આવ્યા**

**પ્રજાતિ : કાર્નિવોરોસ**

**8. દિન વિશેષ : 01 જાન્યુઆરી**

**અંગ્રેજી વર્ષ-2022નો પ્રારંભ :**

**વિશ્વભરમાં નવા વર્ષના પ્રથમ સૂર્યોદયનું આગમન-સ્વાગત**

**વિશ્વભરના દેશો :**

✓ સૌથી પહેલાં સાઉથ પોલના સમાઓ, ટોંગા અને ક્રિસમસ આઈલેન્ડમાં નવા વર્ષનું આગમન થયું.



✓ ત્યારબાદ ન્યુઝીલેન્ડના ઑકલેન્ડમાં લોકોએ ઉજવણી અને આતશબાજી કરીને જૂના વર્ષને વિદાય આપી હતી.

✓ ત્યાર પછી ઓસ્ટ્રેલિયા, ભારત, બ્રિટન, જાપાન, કેનેડા, ચીન, જેવા દેશોમાં પણ નવા વર્ષને વધાવવામાં આવ્યું હતું.

✓ અમેરિકાના બેકર આઈલેન્ડ ઉપર સૌથી છેલ્લે નવા વર્ષને આવકાર આપવામાં આવ્યો.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (01-01-2022)

**1.** PM શ્રી મોદીના હસ્તે નવા વર્ષના પ્રથમ દિવસે તા. 1 જાન્યુઆરી-2022ના રોજ ખેડૂતોને આપવામાં આવેલી નાણાકીય સહાય અંગે નીચેના પૈકી કઈ બાબત યોગ્ય છે

1. PM કિસાન સન્માન નિધિ અંતર્ગત સહાય

2. 10.09 કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. 20,946 કરોડની સન્માન રાશિ DBTથી અપાઈ

3. PM કિસાન સન્માન નિધિ યોજનાનો આરંભ વર્ષ 2018-19થી

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** PM શ્રી મોદીના હસ્તે નવા વર્ષના પ્રથમ દિવસે તા. 1 જાન્યુઆરી-2022ના રોજ FPO અંતર્ગત અપાયેલી સહાય અંગે નીચેનામાંથી કઈ વિગતો યોગ્ય છે

1. ખેડૂત ઉત્પાદન સંગઠનોને રૂ. 14 કરોડથી વધુ ઈક્વિટી ગ્રાન્ટનું હસ્તાંતરણ

2. FPO અંતર્ગત અંદાજે 351 PFOના 1.24 લાખથી વધુ ખેડૂતોને લાભ

3. દરેક FPOને સરકાર દ્વારા સિક્યુરિટી વગર મહત્તમ રૂ.2 કરોડ સુધીની લોનની ગેરેંટી

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**3.** ગુજરાતમાં બાળ રસીકરણ અભિયાન સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. પ્રથમ ડોઝનો સમયગાળો : તા. 3 થી 9 જાન્યુઆરી 2022

2. વયમર્યાદા : 15થી 18 વર્ષના અંદાજે 36 લાખ બાળકો

3. કોવિન પોર્ટલ WWW.coWIN.gov.in પર નોંધણી કરાવી શકાશે

4. તા. 7મી જાન્યુઆરીએ એક પણ બાળક રહી ન જાય તે માટે મહા અભિયાન

5. રસી : કોવેક્સિન, ભારત બાયોટેક, હૈદરાબાદ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 5 **(D) આપેલ તમામ**

**4.** ગુજરાતમાં તા. 01-01-2022ના રોજ પ્રથમવાર હેલિકોપ્ટર જોય રાઈડ્સ સુવિધાનો ક્યાં શહેરમાં પ્રારંભ કરાયો

(A) ગાંધીનગર (B) વડોદરા (C) રાજકોટ **(D) અમદાવાદ**

**5.** ગુજરાત તા.01-01-2022થી ક્યા શહેરોમાં ઈન્ટર એર કનેક્ટિવિટી સેવાનો પ્રારંભ કરાયો

(A) સુરત તથા અમદાવાદ (B) રાજકોટ તથા અમરેલી

(C) ભાવનગર **(D) આપેલ તમામ**

**6.** વર્ષ 2022 માટે G20 ટ્રોઇકામાં ક્યા ત્રણ દેશો જોડાયા

(A) ઈન્ડોનેશિયા, ભારત અને ઈટાલી

(B) ઈટાલી, ભારત અને બ્રાઝિલ

**(C) ઈન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલ**

(D) ઈન્ડોનેશિયા, ઈટાલી અને બ્રાઝિલ

**7.** આગામી ક્યા વર્ષે ભારત પ્રથમવાર G20નું યજમાન બનશે

(A) વર્ષ 2022 **(B) વર્ષ 2023** (C) વર્ષ 2024 (D) વર્ષ 2023

**8.** તા. 1 જાન્યુઆરી 2022ના રોજ વર્ષ 1991ના કરાર મુજબ તથા વર્ષ 2008ની કોન્સ્યુલર એક્સેસ સંધિ અનુસાર કયા બે દેશો વચ્ચે વર્ષમાં બે વાર પરમાણુ સંસ્થાઓની વિગતો અને પોતપોતાના પરમાણુ સંસ્થાન અને એકમોની માહિતીનું આદાનપ્રદાન કરવામાં આવે છે

(A) બાંગ્લાદેશ અને પાકિસ્તાન **(B) ભારત-પાકિસ્તાન**

(C) ભારત અને નેપાળ (D) ભારત અને રશિયા

**9.** તાજેતરમાં ક્યા દેશમાંથી અંદાજે 6 કરોડ વર્ષ પહેલાના કાર્નિવોરોસ પ્રજાતિના ડાયનાસોરના ઈંડા-જીવાશ્મ મળી આવ્યા

**(A) બ્રાઝિલ** (B) કેનેડા (C) ભારત (D) ઈન્ડોનેશિયા

**DATE : 02-01-2022**

## 1. નેશનલ એરોસ્પોર્ટ્સ પોલિસી (NASP) 2022 જાહેર : ભારતની પ્રથમ એરોસ્પોર્ટ્સ નીતિ



### નવી નીતિ વિશે :

- ✓ ઇમ્પોર્ટ ડ્યૂટી વિના એરોસ્પોર્ટ્સ માટેનાં સાધનોની આયાતની છૂટ અપાશે
- ✓ દેશના વિશાળ ભૂભૌગોલિક વિસ્તાર, વૈવિધ્યસભર ટોપોગ્રાફી તેમજ સાનુકૂળ હવામાનની સ્થિતિને કારણે ભારતમાં એરોસ્પોર્ટ્સના વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે.
- ✓ સરકારનો લક્ષ્યાંક ભારતને 2030 સુધીમાં ટોચનો એરોસ્પોર્ટ્સ દેશ બનાવવાનો

### વિવિધ રમતો :

- ✓ પોલિસીમાં હવામાં રમી શકાય તેવી જુદીજુદી રમતોને આવરી લેવામાં આવી છે. જેમાં એર રેસિંગ, એરોબેટિક્સ, એરોમોડેલિંગ, હેન્ગ ગ્લાઈડિંગ, પેરાગ્લાઈડિંગ, પેરા મોટરિંગ, વિન્ટેજ એરક્રાફ્ટ, બલૂનિંગ, ડ્રોન્સ તેમજ સ્કાયડાઈવિંગનો સમાવેશ થાય છે.

### ટૂરિઝ્મ રોજગારીમાં વૃદ્ધિ :

- ✓ આ પોલિસીથી આવકમાં વધારો થવા ઉપરાંત ટ્રાવેલ તેમજ ટૂરિઝ્મમાં વધારો થશે, નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે. સ્થાનિક લોકોને રોજગારી મળશે. દેશ-વિદેશમાંથી એર સ્પોર્ટસને લગતા પ્રોફેશનલ્સ તેમજ ટૂરિસ્ટોનું દેશમાં આગમન થશે

### આયાત ડ્યૂટી પર છૂટ :

- ✓ રસ ધરાવનારાઓને ઇમ્પોર્ટ ડ્યૂટી વિના તમામ એર સ્પોર્ટ્સ સાધનોની કેટલાક વર્ષ સુધી આયાત કરવા છૂટ અપાશે. જીએસટીના દર 5 ટકા કે તેથી ઓછા રાખવા કાઉન્સિલને અપીલ કરાશે જેથી રાજ્યોને પ્રોત્સાહન મળે.

### નિયમોનું કડક પાલન :

- ✓ એર સ્પોર્ટ્સ એ સામાન્ય હવાઈ મુસાફરી કરતા વધુ જોખમી છે. આથી સુરક્ષાના સારામાં સારા આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરવામાં આવશે સરકારે નક્કી કરેલા ધોરણોનું ભંગ કરનારને ભારે દંડ કરાશે. તમામ એરોસ્પોર્ટ્સ એસોસિયેશનો આ માટે એરપોર્ટસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ASF)ને જવાબદાર રહેશે
- ✓ નીતિ જાહેર કરનાર મંત્રાલય : **નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ભારત સરકાર**

## 2. મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટી - મેરઠ (ઉત્તરપ્રદેશ) : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે યુનિવર્સિટીનો શિલાન્યાસ




- ✓ રૂ. 700 કરોડના ખર્ચે મેજર ધ્યાનચંદ યુનિવર્સિટી તૈયાર થશે
- ✓ સ્થળ : સલાવા, મેરઠ

## 3. ન્યૂ ડેવલપમેન્ટ બેંક-NDB : BRICS NDBના ચોથા નવા સભ્ય દેશ તરીકે ઈજિપ્ત સામેલ




- ✓ અગાઉ સપ્ટેમ્બર-2021માં બાંગ્લાદેશ, UAE અને ઉરુગ્વે દેશને સામેલ કરાયા હતા
- ✓ ડિસેમ્બર-2021ની સ્થિતિએ કુલ રાજ્ય-દેશ : 09

### NDB-BRICS બેંક વિશે :

- ✓ પ્રમુખ : **શ્રીયુત્ત મારકોસ ટ્રોજિયો**
- ✓ બેંકનો સ્થાપના વર્ષ : **જૂલાઈ-2014**
- ✓ પ્રારંભ : **જૂલાઈ-2015**
- ✓ મુખ્યમથક : **શાંઘાઈ (ચીન)**
- ✓ BRICS : **બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના અને સાઉથ આફ્રિકા**
- ✓ સત્તાવાર ભાષા : **અંગ્રેજી**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (02-01-2022)

**1.** જાન્યુઆરી 2022માં ભારત સરકાર દ્વારા સૌપ્રથમવાર જાહેર કરાયેલી નેશનલ એરોસ્પોર્ટ્સ પોલિસી (NASP) 2022 સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1.એરોસ્પેશ નીતિમાં એર રેસિંગ, એરોબેટિક્સ, એરોમોડેલિંગ, હેન્ગ ગ્લાઈડિંગ, પેરાગ્લાઈડિંગ, પેરા મોટરિંગ, વિન્ટેજ એરક્રાફ્ટ, બલૂનિંગ, ડ્રોન્સ તેમજ સ્કાયડાઈવિંગનો સમાવેશ

2. ભારતને 2030 સુધીમાં ટોચનો એરોસ્પોર્ટ્સ દેશ બનાવવાનો લક્ષ્યાંક

3. એરોસ્પોર્ટ્સ સાધનો પર જીએસટીના દર 5 ટકા કે તેથી ઓછા રાખવા કાઉન્સિલને અપીલ કરાશે

4. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા નવી નીતિ જાહેર કરાઇ

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** NDB-BRICS બેંક વિશે નીચેના પૈકી કઇ બાબત યોગ્ય છે

1. વર્તમાન પ્રમુખ : શ્રીયુત મારકોસ ટ્રોજિયો

2. સ્થાપના વર્ષ : જૂલાઇ-2014 તથા પ્રારંભ : જૂલાઇ-2015

3. મુખ્યમથક : શાંઘાઇ (ચીન)

4. BRICS : બ્રાઝિલ, રશિયા, ઇન્ડિયા, ચાઇના અને સાઉથ આફ્રિકા

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** તાજેતરમાં ભારત સરકાર દ્વારા સૌપ્રથમવાર નેશનલ એરોસ્પોર્ટ્સ પોલિસી (NASP) 2022 ક્યારે જાહેર કરાઇ

(A) તા. 30 ડિસેમ્બર 2021 (B) તા. 31 ડિસેમ્બર 2021 (C) તા. 1 જાન્યુઆરી 2022 **(D) તા. 2 જાન્યુઆરી 2022**

**3.** તા. 2 જાન્યુઆરી 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉત્તરપ્રદેશમાં રૂ. 700 કરોડના ખર્ચે ક્યા સ્થળે મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કરાયો

(A) સલાયા-મેરઠ **(B) સલાવા-મેરઠ**

(C) બનારસ (D) કાનપુર

**4.** ડિસેમ્બર 2021માં ન્યૂ ડેવલપમેન્ટ બેંક-NDBના ચોથા નવા સભ્ય દેશ તરીકે કોનો સમાવેશ કરાયો

**(A) ઈજિપ્ત** (B) પાકિસ્તાન (C) ઈટાલી (D) તુર્કી

**5.** સપ્ટેમ્બર-2021માં ન્યૂ ડેવલપમેન્ટ બેંક-NDBના નવા સભ્ય દેશ તરીકે નીચેના પૈકી કોનો સમાવેશ કરાયો નથી

**(A) શ્રીલંકા** (B) બાંગ્લાદેશ (C) ઉરુગ્વે (D) UAE

**DATE : 03-01-2022**

**1. નવી નીતિ જાહેર : ઊર્જા વિભાગ,ગુજરાત સરકાર**

**નવી વીજ ટ્રાન્સમિશન લાઇન-ટાવરને કારણે ખેડૂતોને નુકશાની વળતર માટે નવી નીતિ જાહેર**




**નિર્ણયની વિગત :**

- ✓ ખેડૂતો અને જમીન ધારકોની માંગણીને ધ્યાને લઇ નવીન વીજ ટ્રાન્સમિશન લાઇનો અને ટ્રાન્સમિશન ટાવર ઊભા કરવા અંગે જમીન, પાક, ફળાઉ ઝાડને થતા નુકશાન અંગે અગાઉ નિયત થયેલ વળતરમાં વધારો આપવાનો મહત્વનો નિર્ણય કરાયો

**વળતરની જોગવાઈ :**

- ✓ RoW Corridor (Right of Way Corridor) (ટ્રાન્સમિશન લાઇનના રેષાઓની પહોળાઇ)ના કારણે જમીનના ઉપયોગ બદલ વળતર પેટે જમીનના મૂલ્યના 7.5%ના બદલે બમણુ એટલે કે,15% લેખે ચૂકવણું કરાશે.
- ✓ જમીનના મૂલ્યના મૂલ્યાંકન માટે, જે-તે સમયના અને સ્થળના, સરકારના પ્રવર્તમાન, ઓન લાઇન જંત્રી દરોને વાર્ષિક વધુમાં વધુ 10% વધારો (ચક્રવૃદ્ધિ) ગણીને, વળતરની ગણતરી આખરી કરવાની રહેશે.
- ✓ આ જોગવાઇઓ નવી ટ્રાન્સમિશન લાઇન તેમજ પ્રગતિમાં હોય તેવી ટ્રાન્સમિશન લાઇનના કામ માટે લાગુ પડશે.
- ✓ ઊર્જા મંત્રી : શ્રી કનુભાઈ દેસાઈ

**2. લિથિયમ રિફાઇનરી : ગુજરાત**

**અંદાજે 300 મિલિયન ડોલરના રોકાણ સાથે દેશની પ્રથમ લિથિયમ રિફાઇનરી ગુજરાતમાં સ્થાપવા MOU**




**રોકાણની વિગતો :**

- ✓ દેશની પ્રથમ લિથિયમ રિફાઇનરી સ્થાપવા માટે મણીકરણ લિથિયમ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા રાજ્યના ઉધોગ વિભાગ સાથે એમઓયુ.
- ✓ આ રિફાઇનરીમાં હાઇ પ્યોરિટી બેટરી ગ્રેડ લિથિયમનું ઉત્પાદન થશે.
- ✓ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2022 અંતર્ગત MOU કરાયા

**3. ભારતમાં કિશોર/બાળ રસીકરણ અભિયાનનો પ્રારંભ : તા.3 જાન્યુઆરી 2022**




રસીકરણ વિશે : વયમર્યાદા : **15 થી 18 વર્ષ**ના બાળકો

- ✓ ભારતમાં પ્રથમ દિવસે 41 લાખ કિશોરોને રસી અપાઇ
- ✓ પ્રથમ દિવસે સૌથી વધુ રસી આપનાર રાજ્ય : મધ્યપ્રદેશ (7.49 લાખ) તથા **બીજા ક્રમે ગુજરાત (5.50 લાખ)**
- ✓ ગુજરાતમાં બાળ રસીકરણ અભિયાનનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગરમાં કોબાવાલા હાઈસ્કૂલ-કોબાથી કરાયો

**ગુજરાતનો લક્ષ્યાંક :**

- ✓ રાજ્યમાં કુલ 36 લાખ કિશોરો 15થી 18 વર્ષની વયજૂથના છે. તેમને કોવેક્સિન રસીનો પ્રથમ ડોઝ આપવા માટે રાજ્ય સરકારે 7 જાન્યુઆરી સુધી મહાઅભિયાન શરૂ કર્યું છે. જેમાં 7 જાન્યુઆરીએ મેગા ડ્રાઇવ યોજાશે.

**4. EU : ફ્રાન્સને 6 માસ માટે યુરોપિયન યુનિયન (EU)નુ સભ્યપદ અપાયું**




**રાજધાની : પેરિસ**

**5. પેરિહેલિયન : તા. 3 કે 4 જાન્યુઆરીએ પૃથ્વી સૂર્યની નીકટથી પસાર થશે આ ખગોળકીય ઘટનાને પેરિહેલિયન કહે છે**



**વિગત :** તા.4 જાન્યુઆરીને 12.12 કલાકે મધ્ય રાત્રે પૃથ્વી સૂર્યની નિકટથી પસાર થયો. દર વર્ષે તા.3 કે 4 જાન્યુઆરીએ આ ઘટના બને છે.

- ✓ આ દિવસે આપણી પૃથ્વી વર્ષમાં એક વખત સૂર્યની તદ્દન નજીક રહીને પરિક્રમણ કરે છે.
- ✓ સૂર્યથી નિકટ હોવા છતાં આ સમયગાળામાં આપણા ભારત સહિતના ઉત્તર ગોળાર્ધના દેશોમાં ઠંડી અને શિયાળાની ઋતુ હોય છે. આવું કેમ બને ? આનું કારણ એ છે કે પૃથ્વીની અક્ષ નમેલી છે.
- ✓ આપણી પૃથ્વી વર્ષમાં એક વખત સૂર્યની તદ્દન નજીક રહીને પરિક્રમણ કરે છે. જેને પેરિહેલીયન એવું ખગોળીય નામ આપવામાં આવ્યું છે. ગ્રીક ભાષામાં પેરીનો અર્થ નજીક અને હેલીયોસનો અર્થ સૂર્ય થાય છે. એટલે કે સૂર્યનું તદ્દન નજીક હોવું.

**આ ઘટના શું છે ?**

- ✓ પૃથ્વી સૂર્યથી સરેરાશ 150 મિલિયન કિલોમીટરના અંતરે પરિભ્રમણ કરે છે. પરંતુ તા.4 જાન્યુઆરીએ મધ્ય રાતના સમયે આમાંથી પાંચ મિલિયન કિલોમીટર અંતર ઓછું રાખી પૃથ્વી સૂર્ય પાસેથી પસાર થશે. આને ખગોળીય ભાષામાં પેરિહેલિયન કહે છે.

**6. દિન વિશેષ : 03 જાન્યુઆરી**

**ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા : સાવિત્રીબાઈ ફુલે**




**જન્મ : 03 જાન્યુઆરી 1831** **અવસાન : 10 માર્ચ 1897**

- ✓ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા, 19માં સૈકાના મહાનાયિકા, મહારાષ્ટ્રમાં પહેલીવહેલી કન્યાશાળા શરૂ કરનાર, ભારતમાં પહેલી પેઢીનાં નારીવાદી કર્મશીલ અને મરાઠીના આધ કવયિત્રી સાવિત્રીબાઈ ફુલેનો જન્મદિન.
- ✓ મહારાષ્ટ્રના નાઈગાવમાં જન્મેલા સાવિત્રીબાઈના લગ્ન જોતિ રાવ ફુલે સાથે થયા હતા.
- ✓ લગ્ન પછી જોતિ રાવે તેમને ભણાવ્યા એટલું જ નહિ 1848માં પોતે સ્થાપેલી શાળામાં શિક્ષિકા તરીકે પણ નિયુક્ત કર્યા.
- ✓ પતિના સધિયારામાં બાળલગ્ન, વિધવાઓની કફોડી સ્થિતિ, વિધવા વિવાહની મનાઈ, અસ્પૃશ્યતા વગેરે જેવા લિંગ અને જ્ઞાતિને આધારે ચાલતા સામાજિક દૂષણો વિરુદ્ધ અવાજ બુલંદ કર્યો.
- ✓ વિધવાઓએ ફરજિયાત માથું મુંડાવવા જેવી કુરીતિઓ વિરુદ્ધ તો તેઓએ હજામો સામે પણ આંદોલન કર્યું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (03-01-2022)

**1.** ગુજરાત સરકારના ઊર્જા વિભાગ દ્વારા જાન્યુઆરી 2022માં જાહેર કરેલી નીતિ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. નવી વીજ ટ્રાન્સમિશન લાઇન-ટાવરને કારણે ખેડૂતોને નુકશાની વળતર માટે નવી નીતિ

2. નવીન વીજ ટ્રાન્સમિશન લાઇનો-ટાવર ઊભા કરવા અંગે જમીન, પાક, ફળાઉ ઝાડને થતા નુકશાન અંગે અગાઉ નિયત થયેલ વળતરમાં વધારો આપવાનો નિર્ણય

3. જમીનના ઉપયોગ બદલ વળતર પેટે જમીનના મૂલ્યના 7.5%ના બદલે બમણુ એટલે કે,15% લેખે ચૂકવણું કરાશે

4. ઓન લાઇન જંત્રી દરોને વાર્ષિક વધુમાં વધુ 10% વધારો ગણીને, વળતરની ગણતરી આખરી કરવાની રહેશે

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 1 અને 4 **(D) આપેલ તમામ**

**2.** ગુજરાતમાં લિથિયમ રિફાઇનરી સ્થાપવા અંગે કરાયેલા MOU સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. અંદાજે 300 મિલિયન ડોલરના રોકાણ કરાશે

2. દેશની પ્રથમ લિથિયમ રિફાઇનરી ગુજરાતમાં સ્થાપાશે

3. રિફાઇનરી સ્થાપવા મણીકરણ લિથિયમ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા રાજ્યના ઉદ્યોગ વિભાગ સાથે VGGS 2022 અંતર્ગત MOU

4. આ રિફાઇનરીમાં હાઇ પ્યોરિટી બેટરી ગ્રેડ લિથિયમનું ઉત્પાદન કરશે

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ભારતમાં તા.3 જાન્યુઆરી 2022ના રોજ શરૂ થયેલા કિશોર/બાળ રસીકરણ અભિયાન બાબતે નીચેના પૈકી ક્યા તથ્યો યોગ્ય છે

1. ભારતમાં પ્રથમ દિવસે 41 લાખ કિશોરોને રસી અપાઇ

2. બાળકોની વયમર્યાદા 15 થી 18 વર્ષ નક્કી કરાઇ

3. પ્રથમ દિવસે સૌથી વધુ રસી આપનાર રાજ્ય : મધ્યપ્રદેશ (7.49 લાખ) તથા બીજા ક્રમે ગુજરાત (5.50 લાખ)

4. ગુજરાતમાં CM શ્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગરમાં કોબાવાલા હાઇસ્કૂલ-કોબાથી અભિયાનનો પ્રારંભ

(A) 2 અને 3 (B) 3 અને 4 (C) 1 અને 4 **(D) આપેલ તમામ**

**4.** જાન્યુઆરી 2022માં નીચેનામાંથી ક્યા દેશને 6 માસ માટે યુરોપિયન યુનિયન (EU)નુ સભ્યપદ અપાયું

(A) સ્વિડન (B) ઈટાલી **(C) ફ્રાન્સ** (D) જર્મની

**5.** તા. 4 જાન્યુઆરીએ પૃથ્વી સૂર્યની નીકટથી પસાર થશે આ ખગોળકીય ઘટનાને ક્યા નામે ઓળખવામાં આવે છે

(A) હેલિયોસ **(B) પેરિહેલિયન** (C) હેલિયન (D) પરિક્રમણ

**6.** ખગોળીય ઘટના માટે વપરાતો પેરિહેલિયન કઈ ભાષાનો શબ્દ છે

**(A) ગ્રીક** (B) રૂસ (C) પર્સિયન (D) ફ્રેન્ચ

**7.** મહાનાયિકા સાવિત્રીબાઈ ફુલેનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો

(A) જલગાવ (મહારાષ્ટ્ર) તથા તા. 03 જાન્યુઆરી 1825

(B) ગુડગાવ (હરિયાણા) તથા તા. 03 જાન્યુઆરી 1827

(C) સુરત (ગુજરાત) તથા તા. 03 જાન્યુઆરી 1829

**(D) નાઈગાવ (મહારાષ્ટ્ર) તથા તા. 03 જાન્યુઆરી 1831**

## DATE : 04-01-2022

**1. નિમણૂક : ONGCમાં પ્રથમ મહિલા CMD તરીકે અલકા મિત્તલની નિમણૂક**




- ✓ CMD : ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેક્ટર
- ✓ ONGC : ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન
- ✓ સરકારી માલિકીની મહારત્ન કંપની
- ✓ મુખ્ય મથક : નવી દિલ્હી

**2. ભારતીય નેવી : સમુદ્રમાં ચીન સહિતના દેશો પર નજર રાખવા નેવીમાં બે નવા પોસેડોન એરક્રાફ્ટ સામેલ કરાયા**

**પોસેડોન વિશે :**

- ✓ એક પ્રકારના આધુનિક ડ્રોન
- ✓ સતત 35 કલાક હવામા રહીને પેટ્રોલિંગ માટે સક્ષમ
- ✓ ટાર્ગેટને શોધીને તોડી પાડવામાં સક્ષમ
- ✓ કંપની : **એરોસ્પેસ બોઇંગ-USA**

**3. ફ્રાંસ : કોરોનાનો નવો IHU વેરિઅન્ટ/ વાયરસ મળી આવ્યો**

**વૈજ્ઞાનિક નામ : B.1.640.2**

- ✓ **વેરિઅન્ટનો સબંધ : કેમરૂન, દક્ષિણ આફ્રિકા**




**વેરિઅન્ટ વિશે :**

- ✓ કોઈપણ વાઇરસની ગંભીરતા તેમાં થનારા મ્યૂટેશનના આધારે નક્કી થતી હોય છે અને કોરોનાનો નવો વાઇરસ કે જે ફ્રાન્સમાં મળી આવ્યો છે તેમાં 46 મ્યૂટેશન જોવાયા છે.
- ✓ તેના લીધે એક બાબત સ્પષ્ટ છે કે નવો વેરિઅન્ટ અત્યંત ખતરનાક સાબિત થઈ શકે છે.
- ✓ હાલના તબક્કે તેના પર સંશોધન થવાનું બાકી.
- ✓ શોધ : **ઇન્ફેક્શન યુનિવર્સિટી હોસ્પિટલ ઇન્સ્ટિટ્યૂટ (IHU) મેડિટર, ફ્રાંસ**

**4. વૈશ્વિક સિદ્ધિ : મહિલા સશક્તિકરણ**

**32 વર્ષીય ભારતીય મૂળની બ્રિટિશ મહિલા આર્મી ઓફિસર હરપ્રીત ચાન્ડીનો એકલા સ્કીઇંગ કરીને દક્ષિણ ધ્રુવ પહોચવાનો રેકોર્ડ**



**સાહસ ગાથા :**

- ✓ અંતર : 1127 કીલોમીટરનો પ્રવાસ
- ✓ બ્રિટનમાં જન્મેલી ભારતીય મૂળની શીખ મહિલા હરપ્રીત ચાન્ડીએ એકલા સ્કીઇંગ કરીને દક્ષિણ ધ્રુવ પહોંચવાનું સાહસ પાર પાડીને એકલી દક્ષિણ ધ્રુવ પર પહોંચનારી સૌપ્રથમ બિનગોરી મહિલા.




- ✓ દક્ષિણ ધ્રુવ જવા માટે હર્ક્યુલસ ઈલેટ છેલ્લું મથક છે. પ્રીત ચાન્ડી ગયા નવેમ્બરમાં કોઈનોય સપોર્ટ લીધા વગર એકલી સ્કીઇંગ કરતી નીકળી હતી.
- ✓ દક્ષિણ ધ્રુવ પહોંચવાની જાહેરાત : તા. 3 જાન્યુઆરી
- ✓ આ અગાઉ લિવ આર્નેસેન નામની નોર્વેજિયન મહિલાએ 1994માં આ સાહસ કર્યું હતું. તે પ્રથમ ગોરી મહિલા બની હતી. હરપ્રીત સૌપ્રથમ બિનગોરી મહિલા બની છે.

**5. ભારત-શ્રીલંકા સંબંધો : બંને દેશો વચ્ચે ત્રિન્કોમાલી ઓઇલ ટેન્કર કરાર**


- ✓ સ્થળ : ત્રિન્કોમાલી (શ્રીલંકા)

**કરાર વિશે :**

- ✓ કરાર અનુસાર **ત્રિન્કો પેટ્રોલિયમ ટર્મિનલ લિમિટેડ, સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન** ભેગા મળીને ત્રિન્કોમાલી વિસ્તારમાં 61 ઓઇલ ટેન્ક બનાવશે.
- ✓ આ સ્થળ ભારતના તામિલનાડુથી સૌથી નજીક હોવાથી વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે.
- ✓ ચીનની શ્રીલંકાના આ બંદર ઉપર લાંબા સમયથી નજર હતી. પરંતુ કોરોનાના અને ચીનના દેવાંના કારણે બદહાલ થઇ ગયેલા શ્રીલંકાએ આ કરાર ભારત સાથે કરવા સિવાય કોઇ વિકલ્પ બચ્યો નહોતો.

**ઓઇલ ટેન્કો બનાવવાનું સપનું પૂર્વ PM રાજીવ ગાંધીનું**

- ✓ આ ઓઇલ ટેન્ક બનાવવાનું સપનું સૌથી પહેલા સ્વ. રાજીવ ગાંધીએ જોયું હતું. 29 ઓક્ટોબર 1987ના રોજ થયેલા ભારત શ્રીલંકા સમજૂતી કરારમાં ભારત-શ્રીલંકા સહકારથી આ ઓઇલ ટેન્કો બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એ સમજૂતી ભારતના એ સમયના વડાપ્રધાન રાજીવ ગાંધી અને શ્રીલકાના રાષ્ટ્રપતિ જે. આર. જયવર્દને વચ્ચે થયો હતો.
- ✓ ગોટાબાયા રાજપક્સે સરકાર - શ્રીલંકા

**6. UN : UNSCના પાંચ કાયમી સભ્યો દ્વારા પરમાણુ શસ્ત્રોનો કદી પણ ઉપયોગ ન કરવાની બાહેધરી - સંયુક્ત નિવેદન જાહેર કરાયું**



**નિવેદનના મહત્વના અંશો :**


- ✓ પરમાણુ યુદ્ધ કદી જીતી શકાય એમ નથી અને પરમાણુ યુદ્ધ કદી પણ લડાવું ન જોઇએ.
- ✓ પાંચેય પરમાણુ સત્તાઓએ કહ્યું કે પરમાણુ શસ્ત્રોના પ્રસારને રોકવો જોઇએ. એ સાથે જ આ પાંચેય દેશોએ કદી પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ ન કરવાની બાંહેધરી પણ આપી છે.
- ✓ તાજેતરમાં રશિયા તેમજ પશ્ચિમી દેશો વચ્ચે તંગદીલી વધી છે એ સંજોગોમાં આ નિવેદન દુનિયાભરના લોકોને શાંતિ પ્રદાન કરનારું છે.

**ICN અભિયાન :**

- ✓ થોડા વર્ષો પહેલાં પરમાણુ હથિયારો નાબૂદ કરવાની દિશામાં **અભિયાન ચલાવતી ઇન્ટરનેશનલ કેમ્પેન ટુ અબોલિશ ન્યુક્લિયર વેપન્સ(આઇસીએન)**એ પરમાણુ હથિયારોના પ્રસારને રોકવા અનેક કેમ્પેન ચલાવ્યા હતાં જેના ફળસ્વરૂપે 2018માં યૂએન. ખાતે દુનિયાના 122 દેશોએ પરમાણુ હથિયારો પર પ્રતિબંધ મૂકતી નવી સંધિ અપનાવી હતી.
- ✓ અણુ હથિયારો ધરાવતા નવ દેશો એટલે કે અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન, ચીન, ભારત, પાકિસ્તાન, ઇઝરાયેલ અને ઉ.કોરિયાએ આ સંધિ પર હસ્તાક્ષર કર્યાં નથી.
- ✓ આઇસીએન કહે છે કે જો માત્ર એક પરમાણુ બોમ્બ કોઇ મોટા શહેર પર ઝીંકવામાં આવે તો લાખોની સંખ્યામાં લોકોના મૃત્યુ થઇ શકે છે અને દાયકાઓ સુધી કિરણોત્સર્ગની અસરો એ શહેરને બરબાદ કરી શકે છે.
- ✓ એક અંદાજ મુજબ પરમાણુ હથિયાર ધરાવતા 9 દેશો ભેગા મળીને ન્યુક્લિયર વેપન પાછળ વર્ષે આશરે 105 અબજ ડોલર જેટલો ખર્ચ કરે છે. જો આ શસ્ત્રો જ નાબૂદ કરી દેવામાં આવે તો આટલી મોટી રકમ આ દેશો પોતાના લોકોના સ્વાસ્થ્ય, શિક્ષણ અને કુદરતી આફતો સામે રક્ષણ કરવામાં વાપરી શકે એમ છે.
- ✓ UNSCના કાયમી સભ્ય દેશો : **USA, રશિયા ફ્રાન્સ, બ્રિટન અને ચીન**

✓ UNSC : **યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સીલ**

**7. દિન વિશેષ : 04 જાન્યુઆરી વિશ્વ બ્રેઇલ (લિપિ) દિવસ**




✓ પ્રજ્ઞાચક્ષુ માટેની બ્રેઇલ લિપિના શોધક લૂઇસ બ્રેઇલનો જન્મ દિવસ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (04-01-2022)

**1.** ONGC સંદર્ભે જાન્યુઆરી 2022ની સ્થિતિએ નીચેનામાંથી ક્યા વિધાનો સાચા છે

1. પ્રથમ મહિલા CMD તરીકે અલકા મિત્તલની નિમણૂક
2. ONGC સરકારી માલિકીની મહારત્ન કંપની
3. મુખ્ય મથક : નવી દિલ્હી
4. ONGC : ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.**જાન્યુઆરી 2022માં સમુદ્રમાં ચીન સહિતના દેશો પર નજર રાખવા ભારતીય નેવી દ્વારા સામેલ કરાયેલ બે નવા ડ્રોન સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. નેવીમાં બે નવા પોસેડોન એરક્રાફ્ટ સામેલ કરાયા
2. પોસેડોન એક પ્રકારના આધુનિક ડ્રોન
3. સતત 35 કલાક હવામા રહીને પેટ્રોલિંગ કરી શકે છે
4. ટાર્ગેટને શોધીને તોડી પાડવા સક્ષમ
5. કંપની : એરોસ્પેસ બોઇંગ-USA

(A) 1 અને 4 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**3.** જાન્યુઆરી 2022માં ફ્રાંસમાં મળી આવેલા કોરોનાના નવા વેરિઅન્ટ બાબતે ક્યા તથ્યો સાચા છે

1. નવો વેરિઅન્ટ : IHU
2. વૈજ્ઞાનિક નામ : B.1.640.2
3. વેરિઅન્ટનો સબંધ : કેમરૂન, દક્ષિણ આફ્રિકા
4. નવા વેરિઅન્ટમાં 46 મ્યૂટેશન જોવાયા
5. શોધ : ઇન્ફેકશન યુનિવર્સિટી હોસ્પિટલ ઇન્સ્ટિટયૂટ (IHU) મેડિટર, ફ્રાંસ

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**4.**જાન્યુઆરી 2022માં ત્રિન્કોમાલી ઓઇલ ટેન્કર કરાર બાબતે નીચેના ક્યા વિધાનો સાચા છે

1. ભારત-શ્રીલંકા વચ્ચે ત્રિન્કોમાલી ઓઇલ ટેન્કર કરાર
2. ત્રિન્કો પેટ્રોલિયમ ટર્મિનલ લિમિટેડ, સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન અને ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન સાથે મળીને ત્રિન્કોમાલી વિસ્તારમાં 61 ઓઇલ ટેન્ક બનાવશે
3. ત્રિન્કોમાલી ભારતના તામિલનાડુથી સૌથી નજીક હોવાથી વ્યૂહાત્મક મહત્ત્વ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**5.** જાન્યુઆરી 2022માં UNSCના ક્યા પાંચ કાયમી સભ્યોએ પરમાણુ શસ્ત્રોનો કદી પણ ઉપયોગ ન કરવાની બાહેધરી આપતુ સંયુક્ત નિવેદન જાહેર કર્યું હતુ

(A) USA, રશિયા ફ્રાન્સ, બ્રિટન અને ચીન

**(B) USA, રશિયા ફ્રાન્સ, બ્રિટન અને ચીન**

(C) USA, રશિયા ફ્રાન્સ, બ્રિટન અને ચીન

(D) USA, રશિયા ફ્રાન્સ, બ્રિટન અને ચીન

**6.** તા. 3 જાન્યુઆરી 2022ના દિવસે ક્યા 32 વર્ષીય ભારતીય મૂળની બ્રિટિશ મહિલા આર્મી ઓફિસરે એકલા 1127 કીલોમીટરનો સ્કીઇંગ કરીને દક્ષિણ ધ્રુવ પહોચવાનો રેકોર્ડ બનાવ્યો

(A) ઓમાન ચાન્ડી (B) હરપ્રિત કૌર
**(C) હરપ્રીત ચાન્ડી** (D) હરપ્રિત સંધૂ

**7.** પ્રજ્ઞાચક્ષુ માટેની બ્રેઇલ લિપિના શોધક લૂઇસ બ્રેઇલના જન્મ દિવસે ક્યારે વિશ્વ બ્રેઇલ લિપિ દિવસ મનાવાય છે

(A) 1 જાન્યુઆરી (B) 2 જાન્યુઆરી
(C) 3 જાન્યુઆરી **(D) 4 જાન્યુઆરી**

**DATE : 05-01-2022**

**1. VGGS 2022 : ઇન્ટરનેશનલ કોન્ફરન્સ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશન્સ વાયબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ 2022**

**તા. 5 અને 6 જાન્યુઆરી 2022**




**સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી SSIP 2.0નું લોન્ચ : જાન્યુઆરી, 2022 થી માર્ચ, 2027 સુધી અમલ**

**મુખ્ય મહેમાન :**

✓ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ - શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી

✓ સ્થળ : સાયન્સ સિટી, અમદાવાદ

**હેતુ :** સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી 2.0. ધો.-6થી પી.એચ.ડી. સુધીના બાળકો યુવાઓના નવોન્મેષ વિચારો અને સંશોધનને નવી રાહ ચીંધશે.

**SSIP 2.0 વિશે :**

✓ રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઇનોવેશન અને ઇન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના

✓ 1,000 ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને 10,000 સ્કૂલોના 50 લાખ વિદ્યાર્થીઓને ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા માટે જાગૃત કરાશે

✓ વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત 10,000 પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ (PoCs/ પ્રોટોટાઇપ)ને સહાય

✓ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવનાર 1,000 પ્રૂફ-ઓફ-કન્સેપ્ટ્સ (PoCs/ પ્રોટોટાઇપ)ને સહાય

✓ વિદ્યાર્થીઓને 5,000 IP ફાઇલિંગ માટે સહાય

✓ 500 શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની આવરી લઇને લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ-ઇન્ક્યુબેશન સપોર્ટ સિસ્ટમનું નિર્માણ

✓ 1500 વિદ્યાર્થી સ્ટાર્ટ-અપ્સ અને હાલના સ્ટાર્ટ-અપ્સને અપસ્કેલ કરવા

✓ i-Hub પર 500 સ્ટાર્ટ-અપ (ભૌતિક અને વર્ચ્યુઅલ) ઇન્ક્યુબેટ કરવા.

✓ i-Hub ખાતે સ્ટાર્ટ-અપ સૃજન સીડ સપોર્ટ હેઠળ 500 સ્ટાર્ટ-અપને સહાય

**લક્ષ્ય હાંસલ કરવા માટે અપાનારા પ્રોત્સાહનો :**

✓ રાજ્યની યુનિવર્સિટીઓ ઇન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઇનોવેશન વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં મહત્તમ પાંચ કરોડ સુધીનો લાભ મેળવી શકે છે.

- ✓ રાજ્યની સંસ્થાઓ ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે આગામી પાંચ વર્ષમાં બે કરોડ સુધીનો લાભ મેળવી શકે છે
- ✓ ઇનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે IP ફાઇલિંગ સપોર્ટ. (સ્થાનિક માટે 75,000 સુધી અને અન્ય દેશોમાં ફાઇલ કરવા માટે 1.5 લાખ સુધી)
- ✓ સ્ટાર્ટઅપ/ઇનોવેશન માટે મહત્તમ 10 લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને સીડ ગ્રાન્ટ
- ✓ યુનિવર્સિટીઓ/સંસ્થા/ઇન્ક્યુબેટરને જાગૃતિ કાર્યક્રમો/બૂટકેમ્પ/સેમિનાર/કોન્ફરન્સ હોસ્ટ કરવા માટે નાણાકીય સહાય ઓપન ઈનોવેશન ચેલેન્જ પ્રોગ્રામ દ્વારા ઇનોવેટર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને રૂ. 2.5 લાખ સુધીનો સપોર્ટ
- ✓ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા **વર્ષ 2017 થી પાંચ વર્ષ માટે અમલમાં મૂકાઇ હતી. જેનો સમયગાળો 10 જાન્યુઆરી, 2022ના રોજ પૂર્ણ થાય છે, જેથી હવે આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન પોલીસી (SSIP 2.0)ને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યુઆરી, 2022 થી માર્ચ, 2027 સુધી અમલમાં મુકાઈ**.
- ✓ છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાષ્ટ્રમાં સ્ટાર્ટઅપ પર્ફોર્મન્સ રેન્કિંગમાં ગુજરાત નંબર એક પર છે.
- ✓ નવી શિક્ષણ નીતિના દિશા-નિર્દેશનો રોડ મેપ લોન્ચ
- ✓ **સ્થળ : સાયન્સ સિટી, અમદાવાદ**

**2. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ : ચૂંટણીપંચ - ગુજરાત**

**ગુજરાતમાં છેલ્લાં એક વર્ષમાં 11.15 લાખ નવા મતદારો નોંધાયો**

State Election Commission, Gujarat
રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત

**મતદાર યાદી સુધારણા કાર્યક્રમની વિગતો :**

- ✓ ગુજરાતમાં કુલ : 4,84,72,764 મતદાર, જેમાં 11.15 લાખ નવા મતદારોનો વધારો થયો.
- ✓ પુરૂષ મતદારો : **2.50 કરોડ** - સ્ત્રી મતદારો : **2.33 કરોડ**
- ✓ ત્રીજી જાતિના મતદારો : **1288.**
- ✓ સુધારણા કાર્યક્રમ દરમિયાન 18-19 વર્ષની વયજૂથના 6.51 લાખ મતદારો નોંધાયા છે

**3. નિમણૂક : ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમે જર્કના ચેરમેન તરીકે હોદ્દો સંભાળ્યો**



- ✓ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે હોદ્દો અને ગુપ્તાના શપથ લેવડાવ્યા
- ✓ 61 વર્ષિય શ્રી અનિલ મુકિમ ચાર વર્ષ માટે હોદ્દો સંભાળશે.
- ✓ મહત્તમ વયમર્યાદા : 65 વર્ષ
- ✓ GERC : ગુજરાત વીજ નિયમન પંચ

**4. ગુજરાત સરકાર : રાજ્યમાં હિંસક વન્ય પ્રાણીઓથી થતાં માનવ નુકસાનીમાં વ્યક્તિ દીઠ સહાય વધારાઈ**

FOREST DEPARTMENT GOVT. OF GUJARAT — Gujarat Forest Department

**સહાયના નવા ધોરણો :**

- ✓ **માનવ મૃત્યુ** રૂ. 1 લાખથી વધારી રૂ. 5 લાખ
- ✓ **માનવ ઈજાના કિસ્સામાં :** 40 ટકાથી 60 ટકા અપંગતામાં રૂ. 1 લાખ અને 60 ટકાથી વધુ અપંગતામાં રૂ. 2 લાખનું વળતર
- ✓ **હિંસક પ્રાણીઓ :** સિંહ, વાઘ, દીપડા, રીંછ, મગર, વરુ, ઝરખ અને જંગલી ભૂંડ વગેરે

**પશુ મૃત્યુ સહાય :**

- ✓ **હિંસક પ્રાણીઓથી પશુ મૃત્યુમાં** ગાય, ભેંસ માટે રૂ. 50 હજાર
- ✓ **ઊંટ માટે** રૂ. 40 હજાર
- ✓ **ઘેટાં-બકરાં માટે** રૂ. 5 હજાર
- ✓ **વિભાગ :** વન અને પર્યાવરણ

**5. કૃત્રિમ સૂર્ય – ચીન :**

**કૃત્રિમ સૂર્ય બનાવતા ચીનના ન્યુક્લિયર રિએક્ટરનો 17 મિનિટ સુધી 7 કરોડ ડિગ્રી તાપમાન સર્જવાનો વિશ્વવિક્રમ**

- ✓ ચીનમાં હેફેઇ ખાતે કૃત્રિમ સૂર્યનું સર્જન કરવામાં લાગેલા ન્યુક્લિયર રિએક્ટરે 12.6 કરોડ ફેરનહીટ (7 કરોડ ડિગ્રી સેલ્સિયસ) તાપમાન 17 મિનિટ માટે સર્જવાનો વિશ્વવિક્રમ કર્યો છે. આ રેકોર્ડ 30મી ડિસેમ્બરના રોજ સર્જવામાં આવ્યો.




- ✓ પૃથ્વી પર કોઈપણ સ્થળે આ આટલા સમયગાળા માટે અત્યાર સુધી સર્જવામાં આવેલું અત્યંત ઉચ્ચમાં ઉચ્ચ તાપમાન છે.
- ✓ એક્સપરિમેન્ટલ એડવાન્સ્ડ સુપરકન્ડક્ટિંગ ટોકામાક (ઇસ્ટ) ફ્યુસન એનર્જી ડિરેક્ટર દ્વારા સર્જવામાં આવેલું ઊંચામાં ઊંચું તાપમાન છે.
- ✓ આ પહેલા ઇસ્ટે મેમાં 21.6 કરોડ ફેરનહીટ એટલે કે 12.6 કરોડ સેલ્સિયસ તાપમાન 101 સેકન્ડ માટે સર્જ્યું હતું. પણ આ વખતે તેણે આટલુ ઊંચુ તાપમાન 17 મિનિટ સુધી જાળવ્યું હતું.

**પ્રક્રિયા :**

- ✓ ન્યુક્લિયર ફ્યુઝન પાવર હાઇડ્રોજનના કણોને અથડાવીને હિલિયમ સર્જે છે. આ પ્રક્રિયા દરમિયાન વિપુલ પ્રમાણમાં ઊર્જા છૂટી પડે છે. આમ ચીને બીજા શબ્દોમાં કહીએ તો સૂર્ય પર ચાલતી પ્રક્રિયાને ધરતી પર કરીને બતાવી છે.
- ✓ આ વખતે પ્લાઝમા ઓપરેશન લાંબા સમય સુધી જળવાતા અમે 1056 સેકન્ડ એટલે કે લગભગ 17 મિનિટ સુધી સાત કરોડ ડિગ્રી સેલ્સિયસની નજીકનું તાપમાન સર્જી શક્યા.
- ✓ રિએક્ટરની ડિઝાઇન એ રીતે કરી છે કે તે સૂર્ય અને તારાઓની અંદર જ બનતી ક્રિયાઓ તેમા થાય તથા ઉર્જાનો અવિરત અને અમર્યાદિત તથા ક્યારેય ખુટે નહી તેવો પુરવઠો પૂરો પાડે.
- ✓ ચીનના આ રિએક્ટર દ્વારા ઉત્પન્ન કરવામાં આવતી જબરજસ્ત ગરમી અને ઊર્જાના લીધે તેને કૃત્રિમ સૂર્ય પણ કહેવાય છે.

**અગાઉ ફ્રાન્સનો રેકોર્ડ :**

- ✓ ફ્રાન્સ પણ આ દિશામાં ઇન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપરીમેન્ટલ રીએક્ટર (આઇટીઇઆર) પર કામ કરી રહ્યુ છે.
- ✓ આ રિએક્ટર 2035થી ઊર્જા પૂરી પાડતું થશે અને ત્યારે તે વિશ્વનું સૌથી મોટું રીએક્ટર હશે.

✓ સાઉથ કોરીયાએ પોતાનું કોરિયા સુપરકન્ડક્ટિંગ ડોકમાક્ એડવાન્સ્ડ રિસર્ચ (કેએસટીએઆર) બનાવ્યું છે. તેણે 20 સેકન્ડ માટે 18 કરોડ ફેરનહીટ (10 કરોડ સેલ્સિયસ)નું તાપમાન સર્જ્યુ હતું.

✓ ફ્યુઝન વાસ્તવમાં પરમાણુ શસ્ત્રોમાં પરમાણુ વિઘટનથી થતી વિપરીત સંયોજનની પ્રક્રિયા છે.

**6. દિન વિશેષ : 05 જાન્યુઆરી ક્રાંતિવીરઃ બારિન્દ્રકુમાર ઘોષ**

**જન્મ : 5 જાન્યુઆરી-1880 અવસાન : 18 એપ્રિલ 1959**



✓ ભારતમાં અંગ્રેજો વિરુદ્ધ આઝાદીની લડતની એક વિચારધારા ક્રાંતિકારી આંદોલન પણ હતું.

✓ 20મા સૈકાના પ્રારંભે જ આ બાબતે સક્રિય થનાર બારિન્દ્રકુમાર ઘોષનો આજે જન્મદિવસ. તેઓ બારિન ઘોષ તરીકે પણ જાણીતા છે.

✓ મહાન ક્રાંતિકારી અને અધ્યાત્મ પુરુષ શ્રી અરવિંદના નાના ભાઈ બારિન્દ્રનો જન્મ લંડન પાસે કોયડનમાં થયો હતો.

✓ 1902માં ક્રાંતિકારી ગતિવિધિઓમાં ઝંપલાવનાર બારિન્દ્ર 1906માં યુગાંતર પત્રના સ્થાપક બન્યા.

✓ આ જ ગાળામાં અનુશિલન સમિતિ સંસ્થા મારફતે બંગાળના ક્રાંતિવીરોને એક મંચ પર ભેગા કર્યા.

✓ આ સંસ્થાનો ઉદ્દેશ ખૂન કા બદલા ખૂન હતો. અંગ્રેજ અધિકારી કિંગ્સફોર્ડની હત્યાનું કાવતરું કે જે અલીપુર કાવતરા કેસ તરીકે જાણીતું છે તેમાં તેમની ધરપકડ થઇ.

✓ આ કેસમાં પ્રથમ તેમને ફાંસીની સજા થઇ પછી તે સજા જન્મટીપમાં ફેરવવામાં આવી.

✓ તેમણે અંદામાનની સેલ્યુલર જેલમાં સજા કાપી અને 1920માં છૂટ્યા પછી પત્રકારત્વ શરૂ કર્યું અને અરવિંદની આધ્યાત્મિકતાથી પ્રભાવિત રહ્યા

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (05-01-2022)

**1.** જાન્યુઆરી 2022માં લોન્ચ કરાયેલી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી SSIP 2.0 સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. સમયગાળો : જાન્યુઆરી, 2022 થી માર્ચ, 2027

2. ધો. 6થી પી.એચ.ડી. સુધીના બાળકો-યુવાઓ માટે નવા સંશોધનની તક

3. રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઇનોવેશન અને ઇન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના

4. રાજ્યની યુનિવર્સિટીઓ ઇન્ક્યુબેશન સેન્ટર સ્થાપવા આગામી પાંચ વર્ષમાં મહત્તમ પાંચ કરોડ જ્યારે સંસ્થાઓ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા આગામી પાંચ વર્ષમાં બે કરોડ સુધીનો લાભ મેળવી શકશે

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 1 અને 4 **(D) આપેલ તમામ**

**2.** મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં જાન્યુઆરી-2022ની સ્થિતિએ નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. ગુજરાતમાં છેલ્લાં એક વર્ષમાં 11.15 લાખ મતદારો નોંધાયા

2. ગુજરાતમાં કુલ મતદાર : 4,84,72,764

3. કુલ મતદારો પૈકી પુરૂષ-2.50 કરોડ, સ્ત્રી-2.33 કરોડ તથા ત્રીજી જાતિના 1288 મતદારો નોંધાયા

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**3.** ગુજરાત વન વિભાગ દ્વારા જાન્યુઆરી 2022માં રાજ્યમાં હિંસક વન્ય પ્રાણીઓથી થતાં માનવ નુકસાનીમાં વધારાયેલી વ્યક્તિ દીઠ સહાય અંગે કયા વિધાનો યોગ્ય છે

1. માનવ મૃત્યુ રૂ. 1 લાખથી વધારી રૂ. 5 લાખ

2. માનવ ઈજાના કિસ્સામાં : 40 ટકાથી 60 ટકા અપંગતામાં રૂ. 1 લાખ

3. માનવ ઈજાના કિસ્સામાં : 60 ટકાથી વધુ અપંગતામાં રૂ. 2 લાખનું વળતર

4. હિંસક પ્રાણીઓ : સિંહ, વાઘ, દીપડા, રીંછ, મગર, વરુ, ઝરખ અને જંગલી ભૂંડ વગેરે

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** ગુજરાત વન વિભાગ દ્વારા જાન્યુઆરી 2022માં રાજ્યમાં હિંસક વન્ય પ્રાણીઓથી થતાં પશુ મૃત્યુ સહાય અંગે કરાયેલી જાહેરાતમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. ગાય, ભેસ માટે રૂ. 50 હજાર 2. ઊંટ માટે રૂ. 40 હજાર

3. ઘેટાં-બકરાં માટે રૂ. 5 હજાર

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**5.** VGGS 2022 અંતર્ગત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી SSIP 2.0નું ક્યારે લોન્ચિંગ કરાયું

(A) તા. 2 જાન્યુઆરી 2022 (B) તા. 3 જાન્યુઆરી 2022

(C) તા. 4 જાન્યુઆરી 2022 **(D) તા. 5 જાન્યુઆરી 2022**

**6.** VGGS 2022 પ્રિ-સમિટના ભાગરૂપે ઇન્ટરનેશનલ કોન્ફરન્સ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશન્સ વાયબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ તા. 5 અને 6 જાન્યુઆરી 2022ના રોજ ક્યાં યોજાયુ

**(A) સાયન્સ સિટી, અમદાવાદ** (B)મહાત્મા મંદિર-ગાંધીનગર

(C) સાબરમતિ રિવર ફ્રન્ટ-અમદાવાદ

(D) ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ

**7.** તા. 30 ડિસેમ્બર 2021ના રોજ ક્યા દેશમાં હેફેઈ ખાતે કૃત્રિમ સૂર્ય બનાવતા ન્યુક્લિયર રિએક્ટરનો 17 મિનિટ સુધી 7 કરોડ ડિગ્રી તાપમાન સર્જવાનો વિશ્વવિક્રમ નોંધાયો

(A) સાઉથ કોરિયા (B) અમેરિકા (C) ભારત **(D) ચીન**

**8.** મહાન ક્રાંતિકારી અને અધ્યાત્મ પુરુષ શ્રી અરવિંદના નાનાભાઈ બારિન્દ્રનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

**(A) તા. 5 જાન્યુઆરી-1880 તથા લંડન પાસે કોયડન**

(B) તા. 4 જાન્યુઆરી-1877 તથા લંડન પાસે કોયડન

(C) તા. 3 જાન્યુઆરી-1874 તથા લંડન પાસે કોયડન

(D) તા. 2 જાન્યુઆરી-1870 તથા લંડન પાસે કોયડન

**DATE : 06-01-2022**

**1. ચિપ-ઇનેબલ્ડ ઇ-પાસપોર્ટની નવીન સુવિધા - વિદેશ મંત્રાલય, ભારત સરકાર**




**ઇ-પાસપોર્ટના ફાયદા :**

✓ ઇ-પાસપોર્ટ બાયોમેટ્રિક ડેટા સિક્યોર કરશે જે આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO)ના માપદંડો અનુસાર રહેશે અને તેનું ઉત્પાદન નાસિક સ્થિત ઇન્ડિયન સિક્યોરિટી પ્રેસ ખાતે કરવામાં આવશે.

- ✓ આગામી પેઢીનો ઇ-પાસપોર્ટ ભારતીય નાગરિકો માટે સુરક્ષિત બાયોમેટ્રિક ડેટા ધરાવશે. તેનાથી વિશ્વ સ્તરે ભારતીય નાગરિકો ઇમિગ્રેશન પોસ્ટ્સ પર સરળતાથી પસાર થઇ શકશે.
- ✓ આ પાસપોર્ટ ઇલેક્ટ્રિક માઇક્રોપ્રોસેસર ચિપથી સજ્જ હશે જેથી કરીને બનાવટી પાસપોર્ટ બનાવવો મુશ્કેલ રહેશે અને તેનાથી આંતરરાષ્ટ્રીય મુસાફરો ઝડપી રીતે ઇમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી શકશે.
- ✓ વર્તમાન પાસપોર્ટ સિસ્ટમમાં ઇ-પાસપોર્ટને સામેલ કરી લેવામાં આવે તે બાદ ભારતની તમામ 36 પાસપોર્ટ ઓફિસ ઇ-પાસપોર્ટ ઇશ્યૂ કરશે.

**ઈ-પાસપોર્ટ વિશે :**




**2. કેન્દ્રીય કેબિનેટના મહત્વના નિર્ણયો : ભારત સરકાર**

**(1) ઇન્ટ્રા સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ : ગ્રીન એનર્જી કોરિડોરના બીજા તબક્કાને મંજૂરી**

- ✓ કુલ ખર્ચ : રૂ. 12,031 કરોડ

**ગ્રીન એનર્જી કોરિડોરની વિશેષતાઓ :**

- ✓ ગ્રીન એનર્જી કોરિડોર પ્રોજેક્ટ હેઠળ દેશમાં 10,750 કિ.મી સર્કિટ ટ્રાન્સમિશન લાઇનનું નિર્માણ કરવામાં આવશે.




- ✓ **બીજા તબક્કામાં** ગુજરાત, હિમાચલપ્રદેશ, કર્ણાટક, કેરળ, ઉત્તરપ્રદેશ, તામિલનાડુ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. આમાં સાત રાજ્યોનાં ગ્રિડને એકીકૃત કરી 20,000 મેગાવોટ વીજળીનું ઉત્પાદન અને વિતરણ કરાશે.
- ✓ **ફેઝ-1**નું 80 ટકા કાર્ય પૂર્ણ થઇ ગયું છે. પ્રથમ તબક્કામાં રૂ. 10,142 કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો હતો.
- ✓ આ સ્કીમને કારણે **વર્ષ 2030 સુધીમાં 450 ગીગાવોટ ક્ષમતાનો લક્ષ્યાંક** હાંસલ કરવામાં મદદ મળશે.

**હેતુ :** સોલર અને પવન ઉર્જા જેવા પર્યાવરણને અનુકૂળ સ્ત્રોતોની મદદથી ઉત્પન્ન થતી વીજળીને ગ્રીડ દ્વારા પારંપરિક વીજળી સ્ટેશનો સુધી પહોંચાડવાનો.

- ✓ **મંત્રાલય :** ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી

**(2) ભારત-નેપાળ વચ્ચે મહાકાળી નદી પર પુલ બાંધવા MOUને મંજૂરી**

- ✓ ભારત-નેપાળ વચ્ચે મહાકાળી નદી પર ધારચુલા ખાતે એક પુલ બનાવાશે. આ અંગે MOU કરાશે. જેનાથી ઉત્તરાખંડ અને નેપાળનાં લોકોને લાભ થશે.
- ✓ બંને દેશો વચ્ચેનાં સંબંધો વધુ સુધરશે.

**3. સન્માન : મૈનપુરીની સૈનિક સ્કૂલને દેશના પ્રથમ CDS જનરલ બિપીન રાવત નામ અપાયું**




- ✓ રાજ્ય : ઉત્તર પ્રદેશ

**4. ભારતીય ચૂંટણી પંચ - નવી દિલ્હી : મોંઘવારી વધતાં ચૂંટણી ખર્ચ રૂ. 40 લાખ સુધી વધારાયો** **અપર લિમિટના નવા નિયમો :**

**(1) વિધાનસભાના ઉમેદવારો માટે :**

- ✓ નાના રાજ્યોમાં ઉમેદવાર દીઠ વિધાનસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 20 લાખથી વધારી રૂ. 28 લાખ કરાયો.
- ✓ મોટા રાજ્યોમાં વિધાનસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 28 લાખથી વધારી રૂ. 40 લાખ કરાયો.

**(2) લોકસભાના ઉમેદવારો માટે :**

- ✓ નાના રાજ્યોમાં ઉમેદવાર દીઠ લોકસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 54 લાખથી વધારી રૂ. 75 લાખ કરાયો
- ✓ મોટા રાજ્યોમાં લોકસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 70 લાખથી વધારી રૂ. 95 લાખ કરાયો

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (06-01-2022)

**1.** ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા આગામી સમયમાં નવીન સુવિધાના ભાગરૂપે અમલમાં આવનાર ચિપ-ઇનેબલ્ડ ઇ-પાસપોર્ટના સંદર્ભમાં ક્યા વિધાનો સાચાં છે

1. ઇ-પાસપોર્ટ બાયોમેટ્રિક ડેટા સિક્યોર કરશે
2. આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO)ના માપદંડો અનુસાર રહેશે
3. ઇન્ડિયન સિક્યોરિટી પ્રેસ નાસિક દ્વારા તૈયાર કરાશે
4. ઇલેક્ટ્રિક માઇક્રોપ્રોસેસર ચિપથી સજ્જ

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**2.** તા. 6 જાન્યુઆરી 2022 કેન્દ્રીય કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ ઇન્ટ્રા સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ : ગ્રીન એનર્જી કોરિડોર સંદર્ભે કઇ બાબતો યોગ્ય છે

1. ગ્રીન એનર્જી કોરિડોરના બીજા તબક્કાને મંજૂરી
2. અંદાજે ખર્ચ રૂ. 12,031 કરોડ
3. બીજા તબક્કામાં ગુજરાત, હિમાચલપ્રદેશ, કર્ણાટક, કેરળ, ઉત્તરપ્રદેશ, તામિલનાડુ અને રાજસ્થાનનો સમાવેશ
4. સાત રાજ્યોનાં ગ્રિડને એકીકૃત કરી 20,000 મેગાવોટ વીજળીનું ઉત્પાદન અને વિતરણ કરાશે
5. વર્ષ 2030 સુધીમાં 450 ગીગાવોટ ક્ષમતાનો લક્ષ્યાંક

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 2 અને 5 **(D) આપેલ તમામ**

**3.** જાન્યુઆરી 2022માં ભારતીય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ખર્ચની મર્યાદામાં કરાયેલા વધારા સંદર્ભે નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. નાના રાજ્યોમાં ઉમેદવાર દીઠ વિધાનસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 20 લાખથી વધારી રૂ. 28 લાખ કરાયો
2. મોટા રાજ્યોમાં ઉમેદવાર દીઠ વિધાનસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 28 લાખથી વધારી રૂ. 40 લાખ કરાયો
3. નાના રાજ્યોમાં ઉમેદવાર દીઠ લોકસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 54 લાખથી વધારી રૂ. 75 લાખ કરાયો
4. મોટા રાજ્યોમાં ઉમેદવાર દીઠ લોકસભાનો ચૂંટણી ખર્ચ રૂ. 70 લાખથી વધારી રૂ. 95 લાખ કરાયો

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** કેન્દ્રીય કેબિનેટ દ્વારા ભારત-નેપાળ વચ્ચે કઈ નદી પર પુલ બાંધવા MOUને મંજૂરી અપાઈ જેનાથી ઉત્તરાખંડ અને નેપાળનાં લોકોને લાભ થશે

(A) ગંગા **(B) મહાકાળી** (C) બ્રહ્મપુત્રા (D) કોસી

**5.** ઉત્તર પ્રદેશમાં કયા શહેરમાં આવેલી સૈનિક સ્કૂલને દેશના પ્રથમ CDS જનરલ બિપીન રાવત નામ અપાયું

(A) મેરઠ **(B) મૈનપુરી** (C) કાનપુર (D) લખનઉ

**DATE : 07-01-2022**

## 1.ગુજરાતમાં 'નવી શિક્ષણ નીતિ અમલીકરણ'નો રોડમેપ લોન્ચ : શિક્ષણ વિભાગ

ભારતમાં નેશનલ એજ્યુકેશન પોલિસી(NEP)નો અમલ 20 વર્ષમાં કરવાનો છે. પરંતુ ગુજરાતમાં NEPનો અમલ 10 વર્ષમાં એટલે કે વર્ષ 2030 સુધીમાં કરવાનો લક્ષ્યાંક




**ગુજરાતની તૈયારી :**

- ✓ ગુજરાતમાં નેશનલ એજ્યુકેશન પોલિસીનો સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. હવે તેનો અમલ રાજ્યમાં હયાત શિક્ષણ સંસ્થાઓએ કેવી રીતે કરવો તેનો રોડમેપ પ્રજા સમક્ષ ખુલ્લો મુકાયો.
- ✓ સરકારી યુનિવર્સિટીઓમાંથી સેનેટ-સિન્ડીકેટનું અસ્તિત્વ નહીં રહે તેના કારણે યુનિવર્સિટીઓની એફિલીએશનની સત્તા જતી રહેશે.

**નવી શિક્ષણ નીતિ એટ એ ગ્લાન્સ :**

- ✓ નવી શિક્ષણ નીતિ અંતર્ગત વિદ્યાર્થી અભ્યાસ કરવા માટે ગમે ત્યારે દાખલ થઈ શકશે અને ગમે ત્યારે છોડી શકશે
- ✓ ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વર્ષ 2035 સુધીમાં 50 ટકા કરવાનું લક્ષ્યાંક
- ✓ દરેક જિલ્લામાં એક યુનિવર્સિટી સ્થપાશે
- ✓ શિક્ષણ સંસ્થાઓને વધુ સ્વાયત્તતા અપાશે
- ✓ વર્ષ 2030 સુધીમાં ત્રણ પ્રકારની મલ્ટીડિસિપ્લીનરી સંસ્થા રહેશે.

1. મલ્ટીડિસીપ્લીનરી યુનિવર્સિટી,
2. ડિગ્રી એવોર્ડિંગ ઓટોનોમસ કોલેજીસ
3. હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન કલસ્ટર.

- ✓ અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ 3 થી 4 વર્ષના, સર્ટિફિકેટ કોર્સ 1 વર્ષના, ડિપ્લોમા 2 વર્ષના, ડિગ્રી કોર્સ 3 વર્ષના, ઓનર્સ ડિગ્રી, ડિગ્રી વીથ રિસર્ચ 4 વર્ષના થશે
- ✓ માસ્ટર-પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ 1 વર્ષ (4 વર્ષ યુજી અથવા યુજી વીથ રિસર્ચ), અથવા 2 વર્ષ (3 વર્ષ યુજી) અને 2 વર્ષ માસ્ટર્સ સેકન્ડ યર રિસર્ચ, ઈન્ટીગ્રેટેડ યુજી-પીજી ડિગ્રી 5 વર્ષ, માસ્ટર્સ પછી પીએચડી અથવા 4 વર્ષ યુજી ડિગ્રી વીથ રિસર્ચમાં મળશે. એમફિલ અભ્યાસક્રમ રદ
- ✓ હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટને કરિક્યુલમ, શિક્ષણ શીખવવાની પદ્ધતિ અને કરિક્યુલમનું ફ્રેમવર્ક નક્કી કરવામાં સંપૂર્ણ સ્વાયત્ત રહેશે
- ✓ ફેક્લ્ટી જ ટીચર, મેન્ટર અને ગાઈડ ગણાશે
- ✓ બીએડમાં વિષય આધારિત અને નેશનલ ટેસ્ટીંગ એજન્સીની એપ્ટીટ્યુડ ટેસ્ટ પાસ કર્યા બાદ એડમિશન

**NEPનો તબક્કાવાર અમલીકરણ પ્લાન :**

કયા સમયકાળમાં શું શરૂ થશે

**શોર્ટ ટર્મ (1 થી 3 વર્ષ) :**

- ✓ રિસર્ચ ઈન્ટેન્સીવ યુનિવર્સિટી ઓર ટીચીંગ ઈન્ટેન્સીવ યુનિવર્સિટી, ઈન્સ્ટિટ્યુટશનલ ડેવલોપમેન્ટ પ્લાન, ઈન્ટીગ્રેશન ઓફ વોકેશનલ એન્ડ એકેડેમિક એજ્યુકેશન, ઈમ્પ્રુવિંગ રિસર્ચ એન્ડ ઈનોવેશન, પ્રમોશન ઓફ ઈન્ડિયન નોલેજ સિસ્ટમ્સ, ઈન્ટરનેશનલાઈઝેશન, એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ, બ્લેન્ડેડ લર્નિંગ મોડ વીથ સીમલેસ એડટેક ઈન્ટીગ્રેશન, મલ્ટીપલ એન્ટ્રી એન્ડ એક્ઝિટ સિસ્ટમ, મલ્ટીડિસીપ્લીનરી પ્રોગ્રામ્સ ઈન એચઈઆઈ એન્ડ ક્રેડિટ બેઝ્ડ કોર્સિસ, મેકિંગ એકેડેમિક રિસોર્સીસ અવેલેબલ થ્રુ કોમન ફેસેલિટીસ એન્ડ કોલોબ્રેશન, સ્ટુડન્ટ આસિસ્ટન્સ એન્ડ સપોર્ટ

**મીડિયમ ટર્મ (4 થી 6 વર્ષ) :**

- ✓ મલ્ટીડિસીપ્લીનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટીસ, મલ્ટીડિસીપ્લીનરી યુનિવર્સિટીસ, એન્હેન્સમેન્ટ ઈન જીઈઆર, એક્રેડિટેશન એન્ડ ગ્રેડેડ ઓટોનોમી, એક્ઝામિનેશન રિફોર્મ્સ, એક્સેલન્સ ઈન ફેક્લ્ટી રિક્રુટમેન્ટ, પ્રમોશન એન્ડ કેપેસિટી બિલ્ડિંગ.

**લોંગ ટર્મ (7 થી 10 વર્ષ) :**

- ✓ ઓટોનોમસ ડિગ્રી-ગ્રાન્ટીંગ કોલેજ, ડી-એફિલીએશન ઓફ કોલેજીસ, અમેડમેન્ટ ટુ યુનિવર્સિટી એક્ટ ઓન ગવર્નનન્સ.
- ✓ શિક્ષણ મંત્રી : શ્રી જીતુભાઈ વાઘાણી

## 2.બાલકવચ કાર્યક્રમ : શ્રેષ્ઠ કામગીરી માટે અમદાવાદ જિલ્લાને રાષ્ટ્રીય કક્ષાનો "ગોલ્ડ સ્કોચ એવોર્ડ"

**એવોર્ડ વિશે :**

- ✓ બાલકવચ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લાને ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રીય કક્ષાનો ગોલ્ડ સ્કોચ એવોર્ડ એનાયત.
- ✓ આ એવોર્ડ 0થી 5 વર્ષના અને 6થી 18 વર્ષ સુધીના તમામ બાળકોનો હેલ્થ સર્વે બાલકવચ ફેઝ-1 અને ફેઝ-2 અંતર્ગત કરવામાં આવ્યો.
- ✓ જેમાં 4,19,182 બાળકો ખાસ કરીને કુપોષિત, કિડની, હ્રદય, કેન્સર, થેલેસેમિયા, ટી.બી. અને એચ.આઇ.વી. જેવી ગંભીર બીમારીથી પીડાતા 0થી 5 વર્ષની વયના બાળકોનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો.

## 3. NSO : વર્ષ 2021-22 માટે રાષ્ટ્રીય આવકના અંદાજો જાહેર – ભારત સરકાર




**વર્ષ 2021-22 માટે મહત્વના અંદાજો :**


- ✓ નાણાકીય વર્ષ 2021-22 માટે ભારતનું અર્થતંત્ર **GDP દર 9.2 ટકાને દરે વૃદ્ધિ પામે તેવો અંદાજ**
- ✓ અગાઉ વર્ષ 2020-21માં 7.3 ટકાનો વૃદ્ધિદરનો અંદાજ હતો

**વિગત :**તા.31 મે 2021ના રોજ વર્ષ 2020-21 માટે રૂ.135.13 ટ્રિલિયનના અંદાજીત જીડીપીના અંદાજો જાહેર કરવામાં આવ્યા હતા. તેને મુકાબલે વર્ષ 2021-22 માટે રૂ.147.54 ટ્રિલિયનનો જીડીપી અંદાજો છે.

**આગોતરા અંદાજોનું મહત્વ :**

- ✓ નાણા મંત્રાલય આગામી નાણાકીય વર્ષના અંદાજપત્રને તૈયાર કરવા માટે આંકડાનો ઉપયોગ કરી શકે તે હેતુસર એનએસઓ દ્વારા આગોતરા અંદાજો પૂરા પાડવામાં આવે છે.
- ✓ અંદાજપત્ર પણ એનએસઓ દ્વારા જારી થયેલા જીડીપીના આંકડાનો સ્વીકાર કરીને તૈયાર થતું હોય છે.
- ✓ **NSO : નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ, નવી દિલ્હી**

**4. ભારતમાં PG-NEET કાઉન્સેલિંગ 2021ની કામગીરી માટે સુપ્રીમ કોર્ટની મંજૂરી**




**OBC માટે 27 ટકા અને EWS માટે 10 ટકા અનામતને મંજૂરી અપાઈ**

**અન્ય બાબતો :**

✓ આ વર્ષે જુના નિયમો મુજબ પ્રવેશ અપાશે

✓ EWS કેટેગરીના વિદ્યાર્થીઓ માટે રૂ.8 લાખની વાર્ષિક આવકનો માપદંડ આ વર્ષે ચાલુ રહેશે.

**5.કોરોનાની નવી માર્ગદર્શિકા : કેન્દ્ર સરકાર**

**ભારતમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે 07 દિવસ હોમ કવોરન્ટાઇન અનિવાર્ય**

✓ અમલ : તા. 8 જાન્યુઆરી 2022થી

**6. ઓમિશ્યોર કીટ : ઓમિક્રોન વેરિએન્ટનું પરીક્ષણ કરવા ભારતમાં બનેલી પ્રથમ સ્વદેશી કિટ**




**7. નિમણૂક : ભારતીય IFS ટી.એસ. તિરુમૂર્તિ UNની આંતકવાદ વિરોધી સમિતિના નવા અધ્યક્ષ**




✓ **UNCTC : યુનાઇટેડ નેશન્સ કાઉન્ટર ટેરરિઝમ કમિટી :**

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (07-01-2022)

**1.** ગુજરાતમાં 'નવી શિક્ષણ નીતિ અમલીકરણ' સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1.વિદ્યાર્થી ગમે ત્યારે અભ્યાસમાં દાખલ થશે, ગમે ત્યારે છોડી શકશે

2. ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વર્ષ 2035 સુધીમાં 50 ટકા કરવાનો લક્ષ્યાંક

3. દરેક જિલ્લામાં એક યુનિવર્સિટી સ્થપાશે

4. ફેક્લ્ટી જ ટીચર, મેન્ટર અને ગાઈડ ગણાશે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**2.** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ગુજરાતમાં તબક્કાવાર અમલીકરણ પ્લાન સંદર્ભે કઈ બાબતો યોગ્ય છે

1. શોર્ટ ટર્મ કોર્ષ (1 થી 3 વર્ષ) 2. મીડિયમ ટર્મ કોર્ષ (4 થી 6 વર્ષ)

3. લોંગ ટર્મ કોર્ષ (7 થી 10 વર્ષ)

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**3.** બાળકવચ કાર્યક્રમ અંતર્ગત નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી

1. 0થી 5 વર્ષના અને 6થી 18 વર્ષ સુધીના તમામ બાળકોનો હેલ્થ સર્વે

2. 0થી 18 વર્ષના બાળકો માટે ફેઝ-1 અને ફેઝ-2 અંતર્ગત સર્વે કરાયો

3. સર્વેમાં ખાસ કરીને કુપોષિત, કિડની, હૃદય, કેન્સર, થેલેસેમિયા, ટી.બી. અને એચ.આઇ.વી. જેવી ગંભીર બીમારીથી પીડાતા બાળકોનો સમાવેશ

4. ગંભીર બિમારીથી પીડાતા બાળકોને સરકાર દ્વારા ખાસ આર્થિક સહાય અપાશે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) માત્ર 4**

**4.** ભારતમાં નેશનલ એજ્યુકેશન પોલિસી(NEP)નો અમલ 20 વર્ષમાં કરવાના લક્ષ્યાંકની સામે ગુજરાતમાં ક્યા વર્ષ સુધીમાં અમલ કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે

(A) વર્ષ 2024 (B) વર્ષ 2027 **(C) વર્ષ 2030** (D) વર્ષ 2035

**5.** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ગુજરાતમાં વર્ષ 2030 સુધીમાં કયા પ્રકારની મલ્ટીડિસીપ્લીનરી સંસ્થા રહેશે

(A) મલ્ટીડિસીપ્લીનરી યુનિવર્સિટી

(B) ડિગ્રી એવોર્ડિંગ ઓટોનોમસ કોલેજીસ

(C) હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુશન કલસ્ટર

**(D) આપેલ તમામ**

**6.** ગુજરાતમાં બાલકવચ કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે ક્યા જિલ્લાને રાષ્ટ્રીય કક્ષાનો "ગોલ્ડ સ્કોચ એવોર્ડ" જાન્યુઆરી 2022માં અપાયો

(A) આણંદ (B) ગાંધીનગર **(C) અમદાવાદ** (D) મહેસાણા

**7.** જાન્યુઆરી 2022માં NSO દ્વારા જાહેર કરાયેલા નાણાકીય વર્ષ 2021-22 માટે રાષ્ટ્રીય આવકના અંદાજો મુજબ ભારતનું અર્થતંત્ર કેટલા ટકાના દરે વૃદ્ધિ પામશે

(A 7.5 (B) 8.8 (C) 9.0 **(D) 9.2**

**8.** NSO દ્વારા નાણાકીય વર્ષ 2021-22 માટે કેટલા ટ્રિલિયનનો જીડીપી અંદાજો જાહેર કરવામાં આવ્યા છે

(A) રૂ.131.13 ટ્રિલિયન (B) રૂ.135.13 ટ્રિલિયન

**(C) રૂ.147.54 ટ્રિલિયન** (D) રૂ.149.51 ટ્રિલિયન

**9.** નાણા મંત્રાલય આગામી નાણાકીય વર્ષના અંદાજપત્રને તૈયાર કરવા માટે આંકડાનો ઉપયોગ કરી શકે તે હેતુસર કોના દ્વારા આગોતરા અંદાજો પૂરા પાડવામાં આવે છે

(A) PMO **(B) NSO** (C) RBI (D) નીતિ આયોગ

**10.** ભારતમાં PG-NEET કાઉન્સેલિંગ 2021ની કામગીરી શરૂ કરવા સુપ્રીમ કોર્ટ દ્વારા OBC માટે અને EWS માટે કેટલા ટકા અનામતની જાન્યુઆરી 2022માં મંજૂરી અપાઈ -

(A) 25 તથા 9 **(B) 27 તથા 10**

(C) 28 તથા 12 (D) 29 તથા 14

**11.** ભારતમાં PG-NEETમાં પ્રવેશ માટે EWS કેટેગરીના વિદ્યાર્થીઓની કેટલા લાખની વાર્ષિક આવકનો માપદંડ આ વર્ષે પણ ચાલુ રખાયો -

(A) રૂ.2 લાખ (B) રૂ.4 લાખ **(C) રૂ.8 લાખ** (D) રૂ.9 લાખ

**12.** તા. 8 જાન્યુઆરી 2022થી ભારતમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે કોરોનાની નવી માર્ગદર્શિકા મુજબ કેટલા દિવસનો હોમ કવોરન્ટાઈન અનિવાર્ય કરાયો -

(A) 5 દિવસ **(B) 7 દિવસ** (C) 10 દિવસ (D) 14 દિવસ

**13.** ઓમિક્રોન વેરિએન્ટનું પરીક્ષણ કરવા ભારતમાં કઈ પ્રથમ સ્વદેશી કિટ વિકસાવાઈ

**(A) ઓમિશ્યોર કિટ** (B) ઓમિક્રોન કિટ

(C) ઓમિક્વિક કિટ (D) ઓમિફાસ્ટ કિટ

**14.** જાન્યુઆરી 2022માં ક્યા ભારતીય IFSની UNની આંતકવાદ વિરોધી સમિતિના નવા અધ્યક્ષ તરીકે નિમણૂક કરાઈ

(A) ટી.એસ. સુબ્રમણ્યમ (B) ટી.એસ. શેખર

(C) ટી.એસ. નારાયણમૂર્તિ **(D) ટી.એસ. તિરુમૂર્તિ**

**1. ભારતીય ચૂંટણી પંચ – નવી દિલ્હી : ભારતના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી-2022ની જાહેરાત**

| રાજ્ય | કુલ બેઠકો | મતદાન તારીખ |
|---|---|---|
| ઉત્તરપ્રદેશ | 403 | 10, 14, 20, 23, 27 ફેબ્રુઆરી, 3 અને 7 માર્ચ |
| ઉતરાખંડ | 70 | 14 ફેબ્રુઆરી |
| મણિપુર | 60 | 27 ફેબ્રુઆરી અને 3 માર્ચ |
| પંજાબ | 117 | 14 ફેબ્રુઆરી |
| ગોવા | 40 | 14 ફેબ્રુઆરી |
| તમામ રાજ્યના પરિણામ 10 માર્ચે | | |




- ✓ **જાન્યુઆરી-2022ની સ્થિતિએ ઉત્તરપ્રદેશ, ઉતરાખંડ, ગોવા અને મણિપુરમાં ભાજપ જ્યારે પંજાબમાં કોંગ્રેસની સરકાર.**
- ✓ દરેક મતદાન કેન્દ્રો પર મતદારોની સંખ્યા 1500થી ઘટાડી 1250 કરાઈ
- ✓ પાંચ રાજ્યોના કુલ મતદાર : 18.34 કરોડ
- ✓ ઉત્તરપ્રદેશ વર્તમાન મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ
- ✓ પંજાબ વર્તમાન મુખ્યમંત્રી :ચરણજિતસિંહ ચન્ની
- ✓ ઉત્તરાખંડ વર્તમાન મુખ્યમંત્રી : પુષ્કરસિંહ ધામી
- ✓ ગોવા વર્તમાન મુખ્યમંત્રી : પ્રમોદ સાવંત
- ✓ મણિપુર વર્તમાન મુખ્યમંત્રી : એન. બિરેનસિંહ




**અન્ય બાબતો :**

- ✓ 24.9 લાખ મતદારો પહેલી વખત મતદાન કરશે
- ✓ 80 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો તેમજ કોરોના પોઝિટિવ નાગરિક પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે
- ✓ દરેક વિધાનસભા ક્ષેત્રમાં એક મતદાન મથકનું સંચાલન મહિલાઓ કરશે.
- ✓ cVIGIL એપ દ્વારા મતદાન પર નજર, મતદારની ફરિયાદ સામે 100 મિનિટમાં એક્શન
- ✓ મોટા રાજ્યોમાં દરેક ઉમેદવાર મહત્તમ રૂ. 40 લાખનો ચૂંટણી ખર્ચ કરી શકશે.
- ✓ તમામ રાજકીય પક્ષોએ તેના ઉમેદવાર જો ગુનાઇત ઇતિહાસ ધરાવતા હોય તો તેની માહિતી જાહેર કરવાની રહેશે.
- ✓ તમામ ઉમેદવારો ઓનલાઇન ઉમેદવારી પત્રક ભરી શકશે.
- ✓ સોશિયલ મીડિયાની પોસ્ટ પર પોઝિટિવ વ્યક્તિ પોસ્ટલ બેલેટથી નજર રખાશે. હેટ સ્પીચ ચલાવી લેવાશે નહીં.
- ✓ જ્યાં ચૂંટણી છે તેવા પાંચેય તમામ રાજકીય પક્ષોએ તેના રાજ્યોમાં મતદાનનો સમય એક કલાક લંબાવવામાં આવ્યો
- ✓ 15 જાન્યુઆરી સુધી રોડ શૉ, પદયાત્રા, રેલી કે વિજય સરઘસો પર પ્રતિબંધ
- ✓ પાંચેય રાજ્યોમાં આચાર સંહિતાનો તત્કાળ અમલ

**ચૂંટણી માટેના કોવિડ પ્રોટોકોલ**

- ✓ 15મી જાન્યુઆરી સુધી તમામ પ્રકારના રોડ શૉ, પદયાત્રા, સાઇકલ રેલી કે બાઇક રેલી અને વિજય સરઘસો પર પ્રતિબંધો 15મીએ સમીક્ષા પછી નવી સૂચના જાહેર કરાશે
- ✓ તમામ રાજકીય પક્ષો, ઉમેદવારોને ડિજિટલી કે વર્ચ્યુઅલી ચૂંટણી પ્રચાર કરવા તાકીદ.
- ✓ ડોર - ટુ- ડોર પ્રચારમાં ફક્ત 5 વ્યક્તિઓ જ ભાગ લઈ શકશે.
- ✓ રેલીને મંજૂરી આપવામાં આવે તો તમામ ઉમેદવારોએ રેલી પહેલાં કોવિડ પ્રોટોકોલના પાલન માટે શપથપત્ર આપવું પડશે.
- ✓ કોવિડ પ્રોટોકોલનો ભંગ કરનાર સામે કાનૂની પગલા લેવાશે.
- ✓ રાત્રે 8 વાગ્યાથી સવારે 8 સુધી કોઈ સભા યોજવા મંજૂરી અપાશે નહીં.
- ✓ જાહેર રસ્તા પર કે નુક્કડ પર કોઈ સભા યોજી શકાશે નહીં.
- ✓ ચૂંટણી પરિણામો જાહેર થાય તે પછી કોઇ વિજય સરઘસ કાઢી શકાશે નહીં.
- ✓ તમામ મતદાન મથકોએ સેનિટાઇઝર તેમજ માસ્કનો ઉપયોગ ફરજિયાત
- ✓ ચૂંટણી સાથે જોડાયેલા તમામ અધિકારી અને કર્મચારીને ફ્રન્ટલાઇન વર્કર્સ ગણાશે અને વેક્સિન આપવામાં આવશે.
- ✓ **ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર : શ્રી સુશિલચંદ્રા**

**2. પ્રજાસત્તાક પર્વ- 26 જાન્યુઆરી 2022**

**પ્રજાસત્તાક પર્વમાં ભારતના સૂચિત મુખ્ય અતિથિ તરીકે મધ્ય એશિયના પાંચ દેશના પ્રમુખ-વડાઓ રહેશે**

**મધ્ય એશિયન દેશોના નામ અને વડાઓ**

- ✓ **કઝાખિસ્તાન :** કાસીમ-જોમાર્ત તોકાયેવ
- ✓ **ઉઝબેકિસ્તાન :** શાવકત મિર્ઝિયોયેવ
- ✓ **તાજિકિસ્તાન :** ઈમોમઅલી રહમોન
- ✓ **તુર્કમેનિસ્તાન :** ગુરબાંગુલી બેર્દિમુહમ્મેદોવ
- ✓ **કિર્ગિસ્તાન :** સાદિર જાપારોવ

**ભારતમાં ગણતંત્ર દિવસની ઉજવણીઓમાં મુખ્ય અતિથિપદે બિરાજમાન મહાનુભાવો :**

- ✓ 2014માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી તેમણે વિવિધ રાષ્ટ્રોના વડાઓને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કર્યા છે.

**વર્ષ 2014થી ભારતમાં ગણતંત્ર દિવસના મુખ્ય અતિથિ**

- ✓ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા : 2015
- ✓ ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ફ્રેન્કોઇસ ઓલાંદ : 2016
- ✓ UAEના મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન : 2017
- ✓ 10 આશિયાન રાષ્ટ્રોના વડાઓ : 2018
- ✓ દક્ષિણ આફ્રિકન રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા : 2019
- ✓ બ્રાઝિલના રાષ્ટ્રપતિ જૈર બોલ્સોનારો : 2020

**3. બ્લોકચેઈન આધારિત રાષ્ટ્રીય રણનીતિ - ભારતના પ્રથમ સ્વદેશી સર્વર RUDRA લોન્ચિંગ**




- ✓ નેશનલ સ્ટ્રેટેજી ઓન બ્લોકચેઇન ઇલેક્ટ્રોનિક્સ અને વિવિધ 11 મંત્રાલયોના સંયુક્ત ઉપક્રમે બ્લોકચેઇન ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વિશ્વસનીય ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરાશે.

**ભારતનું પ્રથમ સ્વદેશી સર્વર રુદ્ર (RUDRA)**

- ✓ RUDRAને ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલય, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (DST) હેઠળ આવતા રાષ્ટ્રીય સુપરકમ્પ્યૂટિંગ મિશન (NSM) અંતર્ગત સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યૂટિંગ (C-DAC) દ્વારા નિર્માણ કરાયું

**RUDRA વિશે :**

- ✓ RUDRAએ 3.6 T1થી 34 T1 સુધીના કમ્પ્યુટિંગ પાવર સાથે હાફ-વિડ્થ 1U અને 2U ફોર્મ ફેક્ટર્સમાં કેન્દ્રીયકૃત પાવર સપ્લાય સાથેનું કોમ્પેક્ટ ફોર્મ ફેક્ટર સર્વર.

**ઉપયોગ :**

- ✓ RUDRA સર્વરના માધ્યમથી HPC (હાઇ પરફોર્મન્સ કમ્પ્યુટિંગ) સિસ્ટમ, હાયપર સ્કેલ ડેટા સેન્ટર, એજ કમ્પ્યૂટિંગ, બેંકિંગ અને કોમર્સ, મેન્યુફેક્ચરિંગ, ઓઇલ એન્ડ ઈન્ડસ્ટ્રી, હેલ્થકેર, એજયુકેશન, એન્ટરટેઇનમેન્ટ ઈન્ડસ્ટ્રી, ડિફેન્સ અને નેશનલ સિક્યોરિટીને ફાયદો થશે.
- ✓ આઝાદી કા ડિજિટલ મહોત્સવના ભાગરૂપે ઈલેક્ટ્રોનિક્સ અને IT રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર દ્વારા બ્લોકચેઇન અંગે રાષ્ટ્રીય નીતિ જાહેર

**4. IMO : ભારત B શ્રેણી દેશો અંતર્ગત વર્ષ 2022-2023 – બે વર્ષ માટે ઈન્ટરનેશનલ મેરીટાઇમ ઓર્ગેનાઈઝેશન કાઉન્સિલમાં પુન : ચૂંટાયુ**

**IMO કાઉન્સિલના ઉમેદવારો :**

**શ્રેણી A :**

- ✓ આંતરરાષ્ટ્રીય શિપિંગ સેવાઓ પ્રદાન કરવામાં આવી સૌથી વધુ રસ ધરાવતા 10 દેશો : ચીન, ગ્રીસ, ઈટાલી, જાપાન, નોર્વે, પનામા, કોરિયા ગણરાજ્ય, રશિયા સંઘ, યુનાઈટેડ કિંગ્ડમ અને અમેરિકા.

**શ્રેણી B :**

- ✓ આંતરરાષ્ટ્રીય સમુદ્રી વ્યાપારમાં સૌથી વધુ રસ ધરાવતા 11 દેશો ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ફ્રાન્સ, જર્મની, નેધરલેન્ડ, સ્પેન, સ્વીડન, સંયુક્ત આરબ અમીરાત

**શ્રેણી C :**

- ✓ 20 દેશો જેની સમુદ્રી પરિવહન અથવા નેવિગેશનમાં વિશેષ રુચિ છે અને જેની પરિષદ માટે પસંદગી વિશ્વના તમામ મુખ્ય ભૌગોલિક ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરશે. બહામાસ, બાંગ્લાદેશ, બેલ્જિયમ, પાકિસ્તાન, પેરુ વગેરે
- ✓ **IMO મુખ્ય મથક : લંડન, UK**

**5. ભારત-US : કૃષિ આયાત-નિકાસ**



**ભારતમાંથી નિકાસ :**

- ✓ આ વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરી મહિનાથી ભારત અમેરિકાને કેરી અને દાડમના દાણાની નિકાસ શરૂ કરશે. તેના કારણે દેશની કૃષિ નિકાસને વધારવામાં મદદ મળશે અને ખેડૂતોને પણ ફાયદો થશે.

**USમાંથી આયાત :**

- ✓ અલ્ફાફા ચારો અને ચેરીની અમેરિકાથી આયાત કરાશે.

**MOUની વિગત :**

- ✓ તા. 23 નવેમ્બર, 2021ના રોજ યોજાયેલી ભારત અમેરિકા વેપાર નીતિ મંચની બેઠક પ્રમાણે કૃષિ અને કિસાન કલ્યાણ વિભાગ તેમજ અમેરિકાના કૃષિ વિભાગ (યુએસડીએ) બે સામે બે કૃષિ બજાર પહોંચ મુદ્દાના અમલીકરણ માટે રૂપરેખા સમજૂતી પર હસ્તાક્ષર.

**6. દિન વિશેષ : 08 જાન્યુઆરી  સેવામૂર્તિ પરીક્ષિતલાલ મજમુદાર**



**જન્મ : 8 જાન્યુઆરી-1901   અવસાન : 12 સપ્ટેમ્બર-1965**

- ✓ પરીક્ષિતલાલનો જન્મ પાલિતાણામાં થયો હતો.
- ✓ 1920-22ના અસહકાર આંદોલનમાં હજારો યુવાનોની પેઠે સરકારી કોલેજનો ત્યાગ કરી અભ્યાસ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા, સ્નાતક થયા અને ગાંધી સરદારના પ્રભાવમાં સાબરમતી આશ્રમમાં જોડાયા અને હરિજન સેવાને જ જીવન વ્રત બનાવ્યું.
- ✓ નાગપુર ઝંડા સત્યાગ્રહ, સવિનય કાનૂન ભંગ આંદોલન જેવા અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ ભોગવ્યો હતો.
- ✓ દાંડીકૂચ વેળાએ પરીક્ષિતલાલને 2 વર્ષની સજા થઇ હતી.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (08-01-2022)

**1.** તા. 8 જાન્યુઆરી 2022ના રોજ ભારતીય ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાયેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોરોના સંદર્ભે જાહેર કરેલી માર્ગદર્શિકામાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. દરેક મતદાન કેન્દ્રો પર મતદારોની સંખ્યા 1500થી ઘટાડી 1250 કરાઈ
2. 80 વર્ષથી વધુ ઉમરના વરિષ્ઠ નાગરિકો તેમજ કોરોના પોઝિટિવ નાગરિક પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે
3. તમામ ઉમેદવારો ઓનલાઇન ઉમેદવારી પત્રક ભરી શકશે
4. ડોર - ટુ- ડોર પ્રચારમાં ફક્ત 5 વ્યક્તિઓ જ ભાગ લઈ શકશે તેમજ રાત્રે 8 વાગ્યાથી સવારે 8 સુધી કોઈ સભા યોજવા મંજૂરી અપાશે નહીં
5. cVIGIL એપ દ્વારા મતદાન પર નજર, મતદારની ફરિયાદ સામે 100 મિનિટમાં એક્શન

(A) 2 અને 3 (B) 3 અને 4 (C) 1 અને 5 **(D) આપેલ તમામ**

**2.** તા. 8 જાન્યુઆરી 2022ના રોજ ભારતીય ચૂંટણી પંચ દ્વારા ક્યા રાજ્યોની વિધાનસભા ચૂંટણી-2022ની જાહેરાત કરાઈ

(A) ઉત્તરપ્રદેશ અને ઉતરાખંડ   (B) મણિપુર અને ગોવા
(C) પંજાબ   **(D) આપેલ તમામ**

**3.** ભારતીય ચૂંટણીપંચ દ્વારા જાહેર કરાયેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો ક્યારે જાહેર કરાશે –

(A) 1 માર્ચ  (B) 5 માર્ચ  **(C) 10 માર્ચ**  (D) 11 માર્ચ

**4.** તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ-IT મંત્રાલય, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અને સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યૂટિંગ (C-DAC) દ્વારા ભારતનું ક્યુ એક પ્રથમ સ્વદેશી સર્વર લોન્ચ કરાયું

(A) આદિત્ય  (B) પરમ  (C) ધ્રુવ  **(D) રુદ્ર**

**5.** ઈન્ટરનેશનલ મેરીટાઇમ ઓર્ગેનાઈઝેશન કાઉન્સિલમાં ભારત કઇ શ્રેણીના દેશોમાં ક્યા વર્ષ માટે પુન : ચૂંટાયુ

(A) A તથા વર્ષ 2021-2022 **(B) B તથા વર્ષ 2022-2023**
(C) C તથા વર્ષ 2023-2024 (D) આપેલ પૈકી એક પણ નહીં

**6.** ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન કાઉન્સિલમાં B શ્રેણીમાં ક્યા દેશનો સમાવેશ થાય છે

(A) ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા અને બ્રાઝિલ

(B) કેનેડા, ફ્રાન્સ, જર્મની અને નેધરલેન્ડ

(C) સ્પેન, સ્વીડન અને સંયુક્ત આરબ અમીરાત

**(D) આપેલ તમામ**

**7.** IMOનું મુખ્ય મથક ક્યાં આવેલુ છે

(A) લંડન, UK (B) મોસ્કો, રશિયા

(C) પેરિસ, ફ્રાંસ (D)જિનિવા, સ્વિત્ઝર્લેન્ડ

**8.** કૃષિ આયાત-નિકાસ અંતર્ગત જાન્યુઆરી-ફેબ્રુઆરી, માર્ચમાં કઇ કૃષિ પેદાશની ભારતમાંથી અમેરિકામાં નિકાસ કરાઇ

(A) જામફળ અને જાંબુ **(B) કેરી અને દાડમના દાણા**

(C) કેરી અને જાંબુ (D) નારિયેળ અને જામફળ

**9.** મહાન રચનાત્મક પરીક્ષિતલાલ લલ્લુભાઈ મજમુદારનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 8 જાન્યુઆરી 1903 તથા દિયોદર

(B) તા. 8 જાન્યુઆરી 1902 તથા કાંકરેજ

**(C) તા. 8 જાન્યુઆરી 1901 તથા પાલિતાણા**

(D) તા. 8 જાન્યુઆરી 1900 તથા વિજાપુર

**DATE : 09-01-2022**

## 1. ગુજરાતનું ગૌરવ : જલસંચય અને કરકસરયુક્ત ઉપયોગ બદલ દેશના વેસ્ટઝોનની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે સાબરકાંઠાના તખતગઢ પંચાયતને પ્રથમ સ્થાન




**સિદ્ધિ :**

- ✓ કેન્દ્રીય જલશક્તિ મંત્રાલય દ્વારા જલસમૃધ્ધ ભારતના દ્રષ્ટિકોણને સાર્થક કરવા જે કોઇપણ સંસ્થા, વ્યક્તિ સંગઠન, જિલ્લો, રાજ્ય દ્વારા પ્રયાસ થયા હોય તેને રાષ્ટ્રીય જલપુરસ્કાર આપવાની ત્રણ વર્ષથી શરૂ કરાયેલ પરંપરા અંતર્ગત ગત 7 જાન્યુઆરીએ કેન્દ્રિય જલશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના તખતગઢ ગામના જલસંચય અને કરકસરયુક્ત ઉપયોગને ધ્યાને લઇ દેશના વેસ્ટઝોનની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે પ્રથમ સ્થાને પસંદગી કરતા તખતગઢ ગામે જિલ્લાનુ પણ ગૌરવ વધાર્યું.
- ✓ તખતગઢ ગુજરાતનું પ્રથમ મોડલ વાસ્મો અંતર્ગત 24x7 ઘેર ઘેર પીવાનું પાણી મીટર દ્વારા આપતું પ્રથમ સ્માર્ટ વિલેજ બન્યું છે. ગામનો કૃષિ વિકાસ પણ ઉડીને આંખે વળગે તેવો છે. પ્રગતિશીલ ખેડૂતોની આવડત અને કૌશલ્યથી એક સમયે તખતગઢને કપાસના ગઢ તરીકે ઓળખવામાં આવતું હતું.

**બેસ્ટ ગ્રામ પંચાયત એવોર્ડ**

- ✓ ગોકુળિયું ગ્રામ પુરસ્કાર - નિર્મળ ગ્રામ પુરસ્કાર
- ✓ સ્વર્ણિમ ગ્રામ પુરસ્કાર - સ્વચ્છગ્રામ પુરસ્કાર
- ✓ મહિલા પાણી સમિતિ સશક્તિકરણ પુરસ્કાર
- ✓ નાનાજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામસભા પુરસ્કાર
- ✓ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત

## 2. કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા ત્રીજા રાષ્ટ્રીય જળ પુરસ્કાર - 2020 જાહેર કરાયા




**પશ્ચિમ ઝોનમાં સર્વશ્રેષ્ઠ જિલ્લાની શ્રેણીમાં વડોદરા જિલ્લા બીજા ક્રમે**

- ✓ પંચ જલ સેતુ દ્વારા પાણીના સમુચિત પ્રબંધનના પાંચ વિવિધ પાસાઓના એક્સુત્રી સંકલન વડે આદર્શ જલ વ્યવસ્થાપનનું પ્રેરક મોડલ રજૂ કરનાર વડોદરા દેશનો પ્રથમ અને એકમાત્ર જિલ્લો.
- ✓ ભારતમાં સમગ્ર વિશ્વની કુલ વસ્તીના 18 ટકા લોકો રહે છે.જળ સમૃદ્ધ ભારતના લક્ષને હાંસલ કરવા માટે દેશભરમાં વિવિધ રાજ્યો, જિલ્લા, વ્યક્તિઓ, સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા પ્રેરક કાર્યો અને પ્રયાસોને પ્રોત્સાહિત કરવા **વર્ષ 2018થી વિવિધ 11 કેટેગરીમાં રાષ્ટ્રીય જળ પુરસ્કાર આપવાનો પ્રારંભ**

## 3. વીર બાળ દિવસ : જાહેરાત

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દર વર્ષે 26 ડિસેમ્બરે "વીર બાળ દિવસ" તરીકે ઉજવવાની જાહેરાત**

**દિવસનું મહત્વ :**

- ✓ વીર બાળ દિવસની ઉજવણી તે દિવસે જ કરવામાં આવશે, જે દિવસે સાહિબજાદા જોરાવર સિંહજી અને સાહિબજાદા તેહસિંહજીને એક દીવાલમાં જીવતા જ ચણી દેવામાં આવ્યા હતા. બંને મહાનુભાવોએ ડગ્યા વિના મોતને પસંદ કર્યું
- ✓ માતા ગુજરી, શ્રી ગુરુ ગોવિંદસિંહજી અને સાહિબજાદાઓની વીરતા અને આદર્શ લાખો લોકોને શક્તિ પ્રદાન કરે છે.




- ✓ વીર બાલ દિવસ ઉજવવાના નિર્ણયથી ચાર સાહેબજાદાઓની રાષ્ટ્રભક્તિથી કરોડો બાળકો પ્રેરણા લઈને રાષ્ટ્રસેવામાં પોતાનું યોગદાન આપી શકશે.
- ✓ વીર બાલ દિવસ ઉજવવાનાનો પ્રથમ પ્રારંભ : 26 ડિસેમ્બર 2022થી

## 4. નિમણૂક : RBIના પૂર્વ ગવર્નર શ્રી ઊર્જિત પટેલ AIIBના નવા ઉપપ્રમુખ તરીકે નિમાયા




- ✓ 58 વર્ષિય શ્રી પટેલનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે
- ✓ શ્રી પટેલ પાંચ ઉપપ્રમુખો પૈકીના એક હશે. તેઓ AIIBના વર્તમાન ઉપપ્રમુખ ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ શ્રી ડી.જે. પાંડિયનનું સ્થાન લેશે.

✓ આગામી મહિને હોદ્દો સંભાળશે

**AIIB વિશે :**

✓ AIIBના વર્તમાન પ્રમુખ ચીનના ઉપ નાણામંત્રી શ્રીયુત જિન લિકુઆન

✓ બહુદેશીય નાણાકીય સંસ્થાન એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)

✓ ભારત AIIBનું સંસ્થાપક સભ્ય છે. ચીન બાદ ભારત પાસે જ તેના બીજા સૌથી વધારે મતદાનના અધિકાર છે.

✓ બેન્કનું વડું મથક : બેઇજિંગ, ચીન

**5. સાયપ્રસ : નવો ખતરનાક વેરિઅન્ટ ડેલ્ટાક્રોન મળી આવ્યો**

✓ નવો વેરિઅન્ટ ડેલ્ટાક્રોન એ ઓમિક્રોન અને ડેલ્ટાનું મિક્સ સ્વરૂપ




**નવા વેરિઅન્ટ ડેલ્ટાક્રોન વિશે :**

✓ સાયપ્રસ યુનિવર્સિટીનાં જીવ વિજ્ઞાનનાં પ્રોફેસર લિયોન્ડિયોસ કોસ્ટ્રિક્સ દ્વારા તેને શોધવામાં આવ્યો છે અને ડેલ્ટાક્રોન નામ આપવામાં આવ્યું

✓ તે ઓમિક્રોન જેવા આનુવાંશિક લક્ષણો ધરાવે છે અને ડેલ્ટા જેવા જિનોમ ધરાવે છે.

✓ સાયપ્રસમાં ડેલ્ટાક્રોનનાં 25 જેટલા દર્દીઓ મળી આવ્યા છે. જો કે તે કેટલો ઘાતક છે અને કેવી અસરો જન્માવશે તે અંગે અત્યારથી કહેવું મુશ્કેલ છે.

✓ પ્રાથમિક ધારણા મુજબ ડેલ્ટાક્રોન કરતા ઓમિક્રોન વધુ સંક્રમણ ફેલાવતો હોવાનું જણાયું.

**6. ચાઈનીઝ કેલેન્ડર : વર્ષ 2022ને "ટાઈગર" વર્ષ તરીકે મનાવાશે**

✓ ભારતનું ચાઈનીઝ કેલેન્ડર વાહન- "પિગ"

**7. દિન વિશેષ : 09 જાન્યુઆરી**

**17મો પ્રવાસી ભારતીય દિવસ**

**9 જાન્યુઆરી, 2022ના રોજ 17માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવી.**




**પ્રારંભ :**

✓ વિદેશી ભારતીયોને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 2003થી દિવસ મનાવવામાં આવી રહ્યો છે.


**હેતુ :**

✓ વિદેશમાં વસતા ભારતીય (ડાયસ્પોરા)માં એકતાને પ્રોત્સાહન આપવા અને વિદેશી ભારતીયોના યોગદાનને બિરદાવવા.

**ઐતિહાસિક મહત્વ :**

✓ તા. 09 જાન્યુઆરી, 1915માં મહાત્મા ગાંધીજીનું દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આગમન.

**8. જન્મદિન દિન વિશેષ : 09 જાન્યુઆરી (1) ભારતના વૈજ્ઞાનિક અને નોબેલ વિજેતા ડો. હરગોવિંદ ખુરાનાની 100મી જન્મજયંતી**




**વિશેષ સિદ્ધિ :**

✓ વિશ્વનો પ્રથમ કૃત્રિમ જિન બનાવ્યો હતો

**ડો. હરગોવિંદ વિશેષ પરિચય :**

✓ ડો. હરગોવિંદનો જન્મ રાયપુર નામના એક ગામમાં થયો હતો જે હાલ પાકિસ્તાનમાં છે.

✓ વર્ષ 1943માં તેઓએ લાહોરની પંજાબ યુનિ.માંથી ગ્રેજ્યુએશન પૂરૂ કર્યું, બાદમાં અહીંથી જ પીજી પણ પૂર્ણ કર્યું.

✓ વર્ષ 1948માં તેઓએ પીએચડીની ડીગ્રી લીધી, જે બાદ તેમને ભારત સરકારે સ્કોલરશીપ આપી અને બ્રિટન વધુ અભ્યાસ માટે તેઓ ગયા. બ્રિટનની લિવરપૂલ યુનિ.માં વધુ અભ્યાસ કર્યો.

✓ વર્ષ 1952માં તેઓ કેનેડાની યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયા ગયા. અહીં જ તેઓએ બાયોલોજીમાં કામ શરૂ કર્યું. જેના થકી તેમને બાદમાં આ ક્ષેત્રમાં નોબેલ પુસ્કાર મળ્યો હતો. અહીં તેઓ વર્ષ 1959 સુધી રહ્યા. બાદમાં 1960માં તેઓ અમેરિકા પહોંચ્યા જ્યાં તેઓ વિસ્કોન્સિસ યુનિ. સાથે જોડાયા, તેમને અમેરિકાની નાગરિક્તા પણ મળી હતી. જેના બે વર્ષ બાદ તેઓને મેડિસિન ક્ષેત્રનો નોબેલ મળ્યો હતો.

✓ આ નોબેલ તેમને જેનેટિક કોડ અને પ્રોટીન સંશ્લેષણમાં તેમની ભૂમિકાની વ્યાખ્યા માટે મળ્યો હતો. તેમની અન્ય એક સિદ્ધી એ પણ છે કે તેઓએ પ્રથમ કૃત્રિમ જીનનું નિર્માણ કર્યું હતું. જે સિદ્ધી તેમણે વર્ષ 1972માં મેળવી હતી.

✓ તેઓને અમેરિકાએ નેશનલ એકેડમી ઓફ સાઇંસના સભ્ય બનાવ્યા હતા. જે સૃથાન અમેરિકાના માત્ર કેટલાક વૈજ્ઞાનિકોને જ મળ્યું છે. નવેમ્બર 2011માં તેઓએ અમેરિકામાં અંતિમ શ્વાસ લીધા હતા.

**(2) જન્મદિન દિન વિશેષ : 09 જાન્યુઆરી ચીપકો આંદોલનના પ્રણેતા - સુંદરલાલ બહુગુણા**

**જન્મ : તા. 09-01-1927 અવસાન : તા. 21-05-2021**




✓ મોટા ડેમોના વિરોધી, દેશના મોખરાના પર્યાવરણવિદ, ચીપકો આંદોલનના પ્રણેતા અને પહેલાં સ્વયંસેવક, હિમાલયની તળેટીના જંગલોના રક્ષક, પર્યાવરણના પ્રશ્ને લોકજાગૃતિ લાવનાર અને મોટાં ડેમોથી થતાં નુકસાનની સમજ લોકો અને સરકારને આપનાર

✓ માત્ર 13 વર્ષની વયે અસ્પૃશ્યતા નિવારણ અને સમાજ સુધારણાનું કાર્ય શરૂ કરનાર ગાંધીવાદી તેઓએ 4200 કિલોમીટરનો જંગલ પ્રવાસ પગપાળા કર્યો અને જંગલમાં આશ્રમ સ્થાપી રહેતા

✓ હિમાલયના પ્રવાસ દરમિયાન તેમણે ગામે ગામ પર્યાવરણની જાગૃતિ માટે સૂત્ર આપ્યું હતું કે, પર્યાવરણ એ જ કાયમી અર્થકારણ.

✓ વૃક્ષછેદનને રોકવા તેમણે ગ્રામવાસીઓને વૃક્ષના થડને ભેટવાની સલાહ, ચીપકો આપી વિરોધ કરવાનું કહ્યું હતુ, જેથી એ ચીપકો આંદોલન કહેવાયું, જેની પ્રેરણા તેમને તેમના પત્ની વિમલાએ આપી હતી.

✓ મોટા ડેમ અને ખાસ કરીને હિમાલયની તળેટીમાં બંધાતા ટહેરી ડેમથી પર્યાવરણીય સમતુલા ખોરવાય નહીં માટે તેમણે ટહેરી બંધનો સક્રિય વિરોધ કર્યો હતો.

✓ પદ્મશ્રી (જે નકાર્યું હતું), જમનાલાલ બજાજ એવોર્ડ અને પદ્મવિભુષણ એવોર્ડ મેળવનાર.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (09-01-2022)

**1.** જાન્યુઆરી 2022ની સ્થિતિએ એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB) સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે

1. RBIના પૂર્વ ગવર્નર શ્રી ઊર્જિત પટેલ AIIBના નવા ઉપપ્રમુખ તરીકે નિમાયા
2. શ્રી ઊર્જિત પટેલનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે
3. AIIBના વર્તમાન પ્રમુખ ચીનના ઉપ નાણામંત્રી શ્રીયુત જિન લિકુઆન
4. ભારત AIIBનું સંસ્થાપક સભ્ય છે. ચીન બાદ ભારત પાસે જ તેના બીજા સૌથી વધારે મતદાનના અધિકાર છે
5. બેન્કનું વડું મથક : બેઇજિંગ, ચીન
(A) 1 અને 5 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ભારતના વૈજ્ઞાનિક અને નોબેલ વિજેતા ડો. હરગોવિંદ ખુરાના સંદર્ભે ક્યા વિધાનો યોગ્ય છે
1. શ્રી ખુરાનાએ વર્ષ 1972માં વિશ્વનો પ્રથમ કૃત્રિમ જિન બનાવ્યો હતો
2. ડો. હરગોવિંદનો જન્મ રાયપુર નામના એક ગામમાં થયો હતો જે હાલ પાકિસ્તાનમાં છે
3. મેડિસિન ક્ષેત્રમાં નોબેલ પુસ્કાર વિજેતા
4. શ્રી ખુરાનાએ અમેરિકાની નાગરિક્તા મેળવી હતી
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** જલસંચય અને કરકસરયુક્ત ઉપયોગ બદલ દેશના વેસ્ટઝોનની શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે કેન્દ્રીય જલશક્તિ મંત્રાલય દ્વારા કોની પસંદગી કરાઇ
(A) પુંસરી, સાબરકાંઠા (B) વસઈ, સાબરકાંઠા
**(C) તખતગઢ, સાબરકાંઠા** (D) દલાનીમુવાડી, સાબરકાંઠા

**4.** કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા ત્રીજા રાષ્ટ્રીય જળ પુરસ્કાર-2020 અંતર્ગત પશ્ચિમ ઝોનમાં સર્વશ્રેષ્ઠ જિલ્લાની શ્રેણીમાં ગુજરાતના ક્યા જિલ્લાને બીજો ક્રમ અપાયો છે
(A) સુરત (B) ભરૂચ (C) આણંદ **(D) વડોદરા**

**5.** કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલય દ્વારા ક્યા વર્ષથી વિવિધ 11 કેટેગરીમાં રાષ્ટ્રીય જળ પુરસ્કાર આપવાનો પ્રારંભ કરાયો છે
(A) વર્ષ 2016 (B) વર્ષ 2017 **(C) વર્ષ 2018** (D) વર્ષ 2019

**6.** જાન્યુઆરી 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા દર વર્ષે ક્યા દિવસને વીર બાળ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરાઇ
(A) તા. 1 જાન્યુઆરી (B) તા. 26 જાન્યુઆરી
(C) તા. 14 નવેમ્બર **(D) તા. 26 ડિસેમ્બર**

**7.** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બાળકો પ્રેરણા લઈને રાષ્ટ્રસેવામાં પોતાનું યોગદાન આપી શકે તે હેતુસર ક્યા વીર બાળની યાદમાં દર વર્ષે 26 ડિસેમ્બરને "વીર બાળ દિવસ" તરીકે ઉજવવાની જાહેરાત કરી
(A) સાહિબજાદા જોરાવર સિંહજી
(B) સાહિબજાદા તેહસિંહજી
(C) ગુરુ ગોવિંદસિંહજી **(D) માત્ર A અને B**

**8.**જાન્યુઆરી 2022માં મળી આવેલો નવો ખતરનાક કોરોના વેરિઅન્ટ ડેલ્ટાક્રોન કયા વેરિઅન્ટનું મિક્સ સ્વરૂપ સ્વરૂપ છે
(A) ઓમિક્રોન (B) ડેલ્ટા (C) બીટા (D) **માત્ર A અને B**

**9.** કઈ યુનિવર્સિટીનાં જીવ વિજ્ઞાનનાં પ્રોફેસર લિયોન્ડિયોસ કોસ્ટ્રિક્સ દ્વારા નવો ખતરનાક કોરોના વેરિઅન્ટ શોધાયો જેને ડેલ્ટાક્રોન નામ અપાયુ
(A) કેમરૂન **(B) સાયપ્રસ** (C) અમેરિકા (D) દક્ષિણ આફ્રિકા

**10.** વર્ષ 2022ને ચાઈનીઝ કેલેન્ડર કયા વર્ષ તરીકે ઉજવે છે
**(A) ટાઈગર** (B) ડ્રેગન (C) લાઈન (D) હોર્સ

**11.** 09 જાન્યુઆરી 2022ના રોજ ભારતના વૈજ્ઞાનિક અને નોબેલ વિજેતા ડો. હરગોવિંદ ખુરાનાની કેટલામી જન્મજયંતી મનાવવામાં આવી
(A) 75 **(B) 100** (C) 125 (D) 150

**12.** ભારતમાં ચીપકો આંદોલનના પ્રણેતા પર્યાવરણવિદનું નામ જણાવો
(A) મેઘા પાટકર (B) મેઘા બહુગુણા
**(C) સુંદરલાલ બહુગુણા** (D) રીટા બહુગુણા

**13.** પ્રવાસી ભારતીય દિવસ કયારે ઉજવવામાં આવે છે
(A) 10 જાન્યુઆરી **(B) 9 જાન્યુઆરી**
(C) 8 જાન્યુઆરી (D) 7 જાન્યુઆરી

**14.** 9 જાન્યુઆરી, 2022ના રોજ કેટલામાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવી
(A) 15 (B) 16 **(C) 17** (D) 18

**15.** પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાનો પ્રારંભ કયા વર્ષથી કરવામાં આવ્યો
(A)વર્ષ-2000 (B) વર્ષ-2001 (C) વર્ષ-2002 **(D) વર્ષ-2003**

**DATE : 10-01-2022**

## 1. નાણા વિભાગ : ગુજરાત સરકાર સરકારી કર્મચારીઓને મકાન ખરીદવા માટે સરકારમાંથી રૂ. 25 લાખ સુધીની લોન- પેશગી 7.9 ટકાના દરે અપાશે




- ✓ ગુજરાત સરકારના નાણા વિભાગે સાતમા પગારપંચ મુજબ મકાન બાંધકામ અને મરામત માટેની પેશગીના ઠરાવોમાં ફેરફાર કર્યો.
- ✓ 6 વર્ષ પછી કરવામાં આવેલા આ ફેરફારથી સરકારી કર્મચારી, અધિકારીઓને નવુ મકાન ખરીદવા રૂ.25 લાખ અને રિપેરીંગ કરાવવા રૂ.10 લાખ જેટલી રકમ 7.9 ટકાના વ્યાજે સરકારમાંથી લોન મળી શકશે.

**ઠરાવની નવી જોગવાઇ :**

- ✓ સરકારમાંથી અત્યાર સુધી મકાન બાંધકામ માટે રૂ.15 લાખ અને રિપેરીંગ માટે રૂ. બે લાખ સુધીની જ પેશગી મળી શકતી હતી.
- ✓ નવા મકાન કે ફ્લેટના બાંધકામ માટે 7માં પગાર પંચના ધોરણે 34 મહિનાના મૂળ પગાર અથવા મકાન કે ફ્લેટની અપેક્ષિત કિંમત અથવા તો રૂપિયા 25 લાખ એ ત્રણમાંથી જે રકમ ઓછી હોય તે મંજૂર થશે.
- ✓ તેવી જ રીતે મકાન મરામત કે વિસ્તરણનો ખરેખર થનાર ખર્ચ અથવા તો રૂ.10 લાખ તે બેમાંથી ઓછી હોય તેટલી રકમ પેશગી તરીકે મંજૂર થઇ શકશે.
- ✓ સમગ્ર સેવાકાળ દરમિયાન ફક્ત એક જ વખત બાંધકામ પેશગી મળવાપાત્ર છે. જ્યારે રિપેરીંગ કે મરામતના કિસ્સામાં અગાઉ બાંધકામ પેશગી લીધી હોય અને તેની સંપૂર્ણ ભરપાઇ થઇ હોય તેવા કિસ્સામાં પણ એક જ વખત પેશગી મળી શકશે.

## 2. ગુજરાતમાં વાહન નંબર રિટેઇન માટે નવી પોલીસી જાહેર : ગુજરાત સરકાર

પોલિસી જાહેર કરનાર ગુજરાત દેશનું ચોથું રાજ્ય

**પોલિસીમાં મહત્વની જોગવાઇઓ :**

- ✓ રાજ્યમાં વાહન માટે પસંદગીનો નંબર ઊંચી કિંમત ચૂકવીને મેળવવાનો ક્રેઝ વાહનચાલકોમાં જોવા મળે છે ત્યારે વાહન વેચવા કે સ્ક્રેપમાં મોકલ્યા બાદ પણ વાહન માલિક વાહનનો તે જ નંબર નવા વાહન માટે રિટેઇન કરી શકે તેવી પોલિસીઝ રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી.



✓ નંબર રિટેઇન કરવા માટે વાહન માલિકે ફરીવાર સરકારને નિયત કેટેગરી માટે નક્કી કરેલી રકમ ચૂકવવી પડશે.

**ફીનું ધોરણ :**

✓ વાહન નંબર રીટેન્શન માટે અગાઉની જેમ ચોઇસ નંબર માટે નિયત કરેલી ફી મુજબ જ ટુ-વ્હીલરના ગોલ્ડન નંબર માટે રૂ.8 હજાર સિલ્વર નંબર માટે રૂ. 3500 અન્ય નબર માટે રૂ. 2000 જ્યારે ફોર વ્હીલર સહિત અન્ય વાહનો માટે ગોલ્ડન નંબરના રૂ. 40 હજાર, સિલ્વર નંબરના રૂ. 15 હજાર અને અન્ય નંબર માટે રૂ.8 હજાર મિનિમમ ચૂકવવાની રહેશે.

✓ વાહન માલિકે હરાજીમાં ઉંચી બોલી લગાવીને નંબર ખરીધો હશે તો તેને રિટેઇન કરવાના દર પણ એ પ્રકારે નિયત થશે.

✓ વાહનના નંબર માટે રિટેઇન પોલિસી જાહેર કરનાર ગુજરાત દેશનું ચોથું રાજ્ય બન્યું.

✓ હાલ દિલ્હી, ઉત્તરપ્રદેશ તથા પશ્ચિમ બંગાળમાં આ પ્રકારની પોલિસી અમલી.

✓ **વાહન વ્યવહાર મંત્રી : શ્રી પૂર્ણેશ મોદી**


**3. નિમણૂક : GPCBના નવા ચેરમેન તરીકે IAS શ્રી આર.બી. બારડની નિમણૂક**




✓ GPCB : ગુજરાત પોલ્યૂશન કંટ્રોલ બોર્ડ, ગાંધીનગર

**4.કરૂણા અભિયાન-2022: ગુજરાત સરકાર**

**સમયગાળો : તા.10થી 20 જાન્યુઆરી 2022**




**કરૂણા અભિયાન વિશે :**

✓ રાજ્યમાં વર્ષ 2017થી ઉત્તરાયણ પર્વ દરમ્યાન તા.10 જાન્યુઆરી થી 20 જાન્યુઆરી સુધી પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે "કરૂણા અભિયાન"ની ઉજવણી.

✓ કરૂણા અભિયાન રાજ્ય સરકારનો જીવદયા પ્રત્યે શ્રેષ્ટ અભિગમ દર્શાવતો એક આગવો કાર્યક્રમ.

✓ સમગ્ર દેશમાં માત્ર ગુજરાત રાજ્યમાં પક્ષી સંરક્ષણ માટેનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.

✓ કરૂણા અભિયાનમાં દરરોજ સવારે 7.00 કલાકથી સાંજે 6.00 કલાક સુધી તમામ તાલુકાઓમાં વન વિભાગ દ્વારા કન્ટ્રોલ રૂમ કાર્યરત રાખવા આયોજન.

✓ ચાલુ વર્ષે રાજયમાં 700થી વધારે પક્ષી નિદાન કેન્દ્રો, 620થી વધારે ડૉક્ટર તથા 6,000થી વધારે સ્વયંસેવકો કાર્યરત રહીને પક્ષી બચાવનું આયોજન.

✓ જિલ્લાવાર પક્ષી સારવાર કેન્દ્રોની વિગત **વોટ્સઅપ નં. 83200 02000 ઉપર "karuna"** મેસેજ ટાઈપ કરેથી અથવા વેબસાઇટ **https://bit.ly.karunaabhiyan** ઉપર કલીક કરવાથી મેળવી શકાશે

✓ **પશુપાલન વિભાગના હેલ્પલાઈન નંબર: 1962** ઉપર ઘાયલ પક્ષીઓને સારવાર માટે મદદ લઈ શકાશે.

✓ **આયોજન : વન અને પર્યાવરણ વિભાગ**

**5.સુપ્રીમ કોર્ટ : વડાપ્રધાન શ્રી મોદીની પંજાબમાં સુરક્ષામાં ચૂક બાબતે સુપ્રીમના નિવૃત્ત જજના વડપણ હેઠળ સમિતિ તપાસ કરશે**



**કેસની વિગતો :**

✓ પંજાબની મુલાકાતે ગયેલા પીએમ મોદીની સુરક્ષામાં ચૂકને મામલે સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો નિર્ણય લીધો. સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત જજનાં વડપણ હેઠળની સમિતિ હવે તપાસ કરશે.

**સમિતિમાં કોનો કોનો સમાવેશ :**

✓ આ સમિતિમાં NIAના IG, ચંડીગઢના DGP, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ તેમજ પંજાબના ADGP સિક્યોરિટીનો સમાવેશ.

**6. અદાણી ગ્રૂપ : ગ્રીન એનર્જી માટે નવી કંપનીનું સર્જન**

**નવું નામ : ANIL-અદાણી ન્યુ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ**




**નવી કંપની વિશે :**

✓ શ્રી મુકેશ અંબાણી પછી દેશના સૌથી ધનવાન ઉધોગપતિ શ્રી ગૌતમ અદાણીએ પોતાની નવી કંપનીને ANIL એટલે કે અદાણી ન્યુ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ નામ આપ્યું છે.

✓ 'અનિલ' નામની આ નવી કંપની અદાણી જૂથના ગ્રીન એનર્જી ક્ષેત્રમાં ગ્રીન હાઈડ્રોજન પરિયોજનાઓ હેઠળ વીજ ઉત્પાદન સાથે વિન્ડ ટર્બાઈન, સૌર મોડ્યુલ અને બેટરીનું ઉત્પાદન કરશે. આ પ્રકારની યોજનાઓથી કાર્બન ઉત્સર્જન પણ ઘટશે.

**7. Sea Dragon-2022 સૈન્ય અભ્યાસ**

**ઈન્ડો પેસિફિકના કુલ-6 દેશોનો યુદ્ધ અભ્યાસનો તા. 5 જાન્યુઆરીથી પ્રારંભ**




✓ નેતૃત્વ અને યજમાન : **USA**

✓ ભાગ લેનાર દેશો : **US, ભારત, ઓસ્ટ્રેલિયા, કેનેડા, જાપાન અને કોરિયા**

✓ નામ : **anti submarine warfare (ASW)**

**8. દિન વિશેષ : તા. 06 જાન્યુઆરી 2022**

**BISનો 75મો સ્થાપના દિવસ**

BUREAU OF INDIAN STANDARDS
भारतीय मानक ब्यूरो

✓ BIS: બ્યુરો ઑફ ઇંડિયન સ્ટાન્ડર્ડ્સ, નવી દિલ્હી

## 9. દિન વિશેષ : 10 જાન્યુઆરી    વિશ્વ હિન્દી દિવસ




**થીમ-2022 : "to make Hindi a part of public opinion"**

- ✓ પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975, સ્થળ - નાગપુર
- ✓ ભારત સિવાય પ્રથમ વિદેશમાં હિન્દી કોન્ફરન્સ - મોરેશિયસ
- ✓ દર વર્ષે વિશ્વ હિન્દી દિવસ ઊજવવાની જાહેરાત વર્ષ 2006માં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા કરવામાં આવી હતી.
- ✓ રાષ્ટ્રીય હિન્દી દિવસ : 14 સપ્ટેમ્બર

### વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (10-01-2022)

**1.** જાન્યુઆરી-2022ના ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા જાહેર કરાયેલ નવા ઠરાવ મુજબ સરકારી કર્મચારીઓને અપાતી મકાન પેશગી બાબતે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. મકાન રિપેરીંગ કરાવવા રૂ.10 લાખ જેટલી રકમ 7.9 ટકાના વ્યાજે સરકારમાંથી લોન મળશે
2. નવા મકાન કે ફ્લેટના બાંધકામ માટે 7માં પગાર પંચના ધોરણે 34 મહિનાના મૂળ પગાર અથવા રૂપિયા 25 લાખની લોન
3. સમગ્ર સેવાકાળ દરમિયાન ફક્ત એક જ વખત બાંધકામ અને એક જ વખત મરામત પેશગી મળવાપાત્ર
4. જૂની જોગવાઈ મુજબ મકાન બાંધકામ માટે રૂ.15 લાખ અને રિપેરીંગ માટે રૂ. બે લાખ સુધીની પેશગી મળતી હતી

(A) 1 અને 2(B) 2 અને 3(C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** તા. 10 જાન્યુઆરી-2022ના ગુજરાત વાહન વ્યવહાર વિભાગ દ્વારા વાહન નંબર રિટેઇન માટે જાહેર કરાયેલી નવી પોલીસી અંગે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. વાહન વેચવા કે સ્ક્રેપમાં મોકલ્યા બાદ પણ વાહન માલિક તે જ નંબર નવા વાહન માટે રિટેઇન કરી શકશે
2. વાહન માલિકે ફરીવાર સરકારને નિયત કેટેગરી માટે નક્કી કરેલી રકમ ચૂકવવી પડશે
3. દિલ્હી, ઉત્તરપ્રદેશ તથા પશ્ચિમ બંગાળ બાદ પોલિસી જાહેર કરનાર ગુજરાત દેશનું ચોથું રાજ્ય
4. વાહન વ્યવહાર મંત્રી : શ્રી પૂર્ણેશ મોદી

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) માત્ર 4 **(D) આપેલ તમામ**

**3.** ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા શરૂ કરાયેલા કરૂણા અભિયાન-2022 અંતર્ગત નીચેનામાંથી કયુ વિધાન યોગ્ય નથી

1. સમયગાળો : તા.10થી 20 જાન્યુઆરી 2022
2. રાજ્યમાં વર્ષ 2017થી આ અભિયાનનો પ્રારંભ
3. પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતાં બચાવવા માટે અને ઘાયલ પક્ષીઓને સારવાર આપવાનો મુખ્ય હેતુ
4. પશુપાલન વિભાગના હેલ્પલાઇન નંબર: 1961 ઉપર ઘાયલ પક્ષીઓને સારવાર માટે મદદ લઈ શકાશે
5. જિલ્લાવાર પક્ષી સારવાર કેન્દ્રોની વિગત વોટ્સએપ નં. 83200 02000 ઉપર "karuna" મેસેજ ટાઈપ કરેથી અથવા વેબસાઇટ https://bit.ly.karunaabhiyan ઉપર કલીક કરવાથી મેળવી શકાશે

(A) 1 અને 5 (B) 2 અને 3 **(C) માત્ર 4** (D) 1 અને 3

**4.** જાન્યુઆરી-2022ના ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા જાહેર કરાયેલ નવા ઠરાવ મુજબ સરકારી કર્મચારીઓને મકાન ખરીદવા માટે કેટલા રૂપિયા સુધીની લોન-પેશગી કેટલા ટકાના દરે અપાશે

(A) રૂ. 30 લાખ તથા 7 ટકા **(B) રૂ. 25 લાખ તથા 7.9 ટકા**

(C) રૂ. 22 લાખ તથા 9 ટકા (D) રૂ. 20 લાખ તથા 7.5 ટકા

**5.** જાન્યુઆરીમાં યોજાયેલી Sea Dragon-2022 સૈન્ય અભ્યાસમાં નીચેની કઈ બાબત યોગ્ય નથી

**(A) અન્ય નામ : anti submarine war (ASW)**

(B) નેતૃત્વ અને યજમાન : USA

(C) ભાગ લેનાર દેશો : US, ભારત, ઓસ્ટ્રેલિયા, કેનેડા, જાપાન અને કોરિયા

(D) ઈન્ડો પેસિફિકના કુલ-6 દેશોનો યુદ્ધ અભ્યાસનો પ્રારંભ

**6.** તા. 10 જાન્યુઆરી-2022ના રોજ ગુજરાત પોલ્યૂશન કંટ્રોલ બોર્ડ (GPCB)ના નવા ચેરમેન તરીકે ક્યા IASની નિમણૂક કરાઈ

(A) હાર્દિક શાહ **(B) આર.બી. બારડ**

(C) ડી.પી. દેસાઈ (D) રાજીવકુમાર ગુપ્તા

**7.** વડાપ્રધાન શ્રી મોદીની પંજાબમાં સુરક્ષામાં ચૂક બાબતે સુપ્રીમના નિવૃત્ત જજના વડપણ હેઠળ રચાયેલી તપાસ સમિતિમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A) NIAના IG તથા ચંડીગઢના DGP

(B) પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ

(C) પંજાબના ADGP સિક્યોરિટી **(D) આપેલ તમામ**

**8.** જાન્યુઆરી 2022માં અદાણી ગ્રૂપ દ્વારા ગ્રીન એનર્જી માટે કઈ નવી કંપની તૈયાર કરાઈ

**(A) અદાણી ન્યુ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

(B) ઓલ ન્યુ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(C) ન્યુ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(D) અદાણી ગ્રીન એનર્જી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

**9.** તા. 06 જાન્યુઆરી 2022ના રોજ બ્યુરો ઑફ ઇંડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)નો કેટલામો સ્થાપના દિવસ ઊજવાયો

(A) 50 (B) 60 **(C) 75** (D) 100

**10.** વિશ્વ હિન્દી દિવસ-2022ની થીમ જણાવો

(A) The make Hindi a part of public opinion

(B) to make Hindi a part of citizen opinion

(C) to make Hindi a part of public order

**(D) to make Hindi a part of public opinion**

**11.** વિશ્વ હિન્દી દિવસ કયારે ઉજવવામાં આવે છે

**(A) 10 જાન્યુઆરી** (B) 9 જાન્યુઆરી

(C) 8 જાન્યુઆરી (D) 7 જાન્યુઆરી

**12.** તારીખ 10 થી 12 જાન્યુઆરી 1975ના રોજ પ્રથમ વિશ્વ હિન્દી કોન્ફરન્સ કયારે યોજાઈ હતી

(A) મુંબઈ (B) કોલકત્તા **(C) નાગપુર** (D) વર્ધા

**13.** વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા દર વર્ષે વિશ્વ હિન્દી દિવસ ઊજવવાની જાહેરાત કયા વર્ષે કરવામાં આવી હતી

(A) વર્ષ 2004 (B) વર્ષ 2005 **(C) વર્ષ 2006** (D) વર્ષ 2007

**DATE : 11-01-2022**

## 1. AFSPA : મણિપુર રાજ્યમાં AFSPA વધુ એક વર્ષ લંબાવાયો




**વિગતો :** મણિપુરને અશાંત ક્ષેત્ર જાહેર કરાયું છે, જેથી રાજ્યમાં સશસ્ત્ર દળ વિશેષાધિકાર અધિનિયમ (અફસ્પા) 1 વર્ષ માટે લંબાયો જેમાંથી મણિપુર ટાઉનને બાકાત રખાયું છે.

**વિવાદ : અફસ્પા વિરુદ્ધ ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આંદોલન ચાલી રહ્યું છે.**

- ✓ રાજધાની : ઇમ્ફાલ

## 2. DRDO : બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલના એડવાન્સ સી વેરિયન્ટ-વર્ઝનનું INS વિશાખાપટ્ટનમ (જહાજ)ની મદદથી સફળ પરીક્ષણ





**વિશેષતાઓ :**

- ✓ બ્રહ્મોસ એરોસ્પેસ ભારત અને રશિયાનું સંયુક્ત સાહસ. તેની મદદથી ભારત સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ બનાવે છે, જે સબમરિન, યુદ્ધજહાજો, એરક્રાફ્ટ કે જમીન પરથી નિશ્ચિત સ્થળે લૉન્ચ કરી શકાય.
- ✓ આ મિસાઇલથી અગાઉથી નક્કી કરેલા લક્ષ્યાંક પર સફળતાપૂર્વક પ્રહાર કરવામાં આવ્યો હતો. આ મિસાઇલથી નૌસેનાની તાકાતમાં ઘણો વધારો થયો છે.
- ✓ પરીક્ષણનું સ્થળ : પૂર્વનો દરિયાકાંઠો

## 3. વિશ્વમાં તબીબી ક્ષેત્રે મોટી સિદ્ધિ :

**વિશ્વમાં પ્રથમવાર USમાં માનવ શરીરમાં સુવરના હૃદયનું સફળતાપૂર્વક પ્રત્યાર્પણ**



- ✓ US ડ્રગ કન્ટ્રોલર FDAA દ્વારા સર્જરી માટે મંજૂરી

**મેડિકલ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન : દર્દી : ડેવિડ બેનેટ (57) મેરિલેન્ડ**

- ✓ સર્જરી કરનાર સંસ્થા અને તબીબ : **યુનિવર્સિટી ઓફ મેરિલેન્ડ મેડિકલ સ્કૂલ : ડૉ. બાર્ટલે ગ્રિફિથ**
- ✓ 57 વર્ષીય વ્યક્તિના શરીરમાં આનુવંશિક રૂપે પરિવર્તિત એક સૂવરનું હૃદય સફળતાપૂર્વક પ્રત્યારોપિત કરીને ઇતિહાસ રચાયો
- ✓ સૂવરના હૃદયના પ્રત્યારોપણની આ ઇમરજન્સી મંજૂરી 57 વર્ષીય આ પીડિત વ્યક્તિનો જીવ બચાવવા માટે અંતિમ ઉપાય હતો.
- ✓ હૃદયના પ્રત્યારોપણના અહેવાલ મુજબ સૂવરનું હૃદય માનવીના શરીરમાં પ્રત્યારોપિત કરવા માટે યોગ્ય છે, પણ સૂવરના કોશમાં એક આલ્ફા-ગેલ શુગર સેલ હોય છે. માનવ શરીર આ કોશને સ્વીકારતું નથી. જેના કારણે દર્દીનું મોત થઇ શકે છે. આ સમસ્યાને દૂર કરવા માટે પહેલાં સૂવરને જિનેટિકલી મોડિફાઇડ કરાયું હતું.

## 4. ઓમિક્રોન વેરિઅન્ટના ત્રણ નવા સ્ટ્રેન :મૂળ સ્વરૂપ : B.1.1.529

**વિગત :** મૂળ વેરિઅન્ટ ઓમિક્રોન (B.1.1.529)ના ભાઇ જેવો સબ લીનિએજ અથવા સ્ટ્રેન BA.1 ઝડપથી મહારાષ્ટ્ર અને દેશના અન્ય ભાગોમાં પ્રસરી રહ્યો છે અને ડેલ્ટા વેરિઅન્ટનું સ્થાન લઇ રહ્યો છે.

- ✓ વાસ્તવમાં ઓમિક્રોન વેરિઅન્ટના ત્રણ સ્ટ્રેન છે. જેને આપણે ત્રણ ભાઇ જેમ માની શકીએ. તેનું મૂળ સ્વરૂપ B.1.1.529 છે જ્યારે તેના ત્રણ ભાઇ એટલે કે ત્રણ સ્ટ્રેનનું ટેકનિકલ નામ BA.1, BA.2 અને BA.3 છે. આ ત્રણેય ઓમિક્રોન કુળના જ.
- ✓ સંશોધન : ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીમાં ઇન્ડિયન SARS-CoV-2 જિનોમ કન્સોર્ટિયમના વૈજ્ઞાનિકો દ્વારા

## 5. હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ-2022 :

**જાપાન-સિંગાપુરનો પાસપોર્ટ સૌથી વધુ શક્તિશાળી : આ બંને દેશના મુસાફરો 192 દેશોનો પ્રવાસ કરી શકશે**




**રેન્કિંગ અને દેશ :**

**01. જાપાન અને સિંગાપુર** **02. જર્મની અને દક્ષિણ કોરિયા**

**03. ફિનલેન્ડ, ઇટાલી, લક્ઝમબર્ગ અને સ્પેન**

**83. ભારત**

- ✓ **ભારત :** ભારતના પાસપોર્ટ ધારકો 60 દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ કરી શકશે
- ✓ સર્વે કરનાર સંસ્થા : લંડન, UK

## 6. દિન વિશેષ : 11 જાન્યુઆરી

**પ્રકૃતિપ્રેમી-સાહિત્ય સર્જક : કુંદનિકા કાપડિયા**

**જન્મ : તા. 11-01-1927** **અવસાન : તા. 30-04-2020**




- ✓ **તખલ્લુસ : સ્નેહધનના**
- ✓ નારી સશક્તિકરણનાં પુરસ્કર્તા, સ્ત્રી સ્વાતંત્ર્યના પ્રખર હિમાયતી, તેમની બહુચર્ચિત નવલકથા સાત પગલાં આકાશમાંથી અતિ લોકપ્રિય, સમાજસેવક, નિબંધકાર, અનુવાદક અને ગુજરાતી નવલકથાકાર કુંદનિકા કાપડિયાનો જન્મ લીંબડીમાં થયો હતો.
- ✓ 1942માં ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો હતો.
- ✓ વર્ષ 1968માં કવિ મકરંદ દવે સાથે લગ્ન કરી, 1985માં સંયુક્ત રીતે સેવા અને સાહિત્યની સાધના માટે વલસાડ પાસે નંદિગ્રામ આશ્રમ સ્થાપ્યો.

**સાહિત્ય સર્જન :**

- ✓ પરોઢ થતાં પહેલાં, અગ્નિ પિપાસા, નારીવાદને પ્રોત્સાહક સૌથી લોકપ્રિય અને પ્રસિદ્ધ સાત પગલાં આકાશમાં, વાર્તાસંગ્રહ પ્રેમનાં આંસુ, કાગળની હોડી, જાવા દેશુ તમને, મનુષ્ય થવું, દ્વાર અને દીવાલ, આક્રંદ અને આક્રોશ, ઝરૂખે દીવા તથા પરમ સમીપે તેમનો લોકપ્રિય પ્રાર્થના સંગ્રહ.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (11-01-2022)

**1.** વિશ્વમાં પ્રથમવાર USમાં માનવ શરીરમાં કરાયેલા સુવરના હૃદયના સફળતાપૂર્વક પ્રત્યાર્પણ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. US ડ્રગ કન્ટ્રોલર FDAA દ્વારા સર્જરી માટે મંજૂરી
2. દર્દી : મેરિલેન્ડ 57 વર્ષીય નાગરિક ડેવિડ બેનેટ
3. સર્જરી કરનાર સંસ્થા અને તબીબ : યુનિવર્સિટી ઓફ મેરિલેન્ડ મેડિકલ સ્કૂલ : ડૉ. બાર્ટલે ગ્રિફિથ
4. સર્જરી પહેલાં સૂવરને જિનેટિકલી મોડિફાઇડ કરાયું હતું
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** લંડન સ્થિત સંસ્થા દ્વારા જાન્યુઆરીમાં પ્રકાશિત હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ-2022 સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે
1. સૌથી શક્તિશાળી પાસપોર્ટના ઇન્ડેક્સમાં ભારતનો 83મો ક્રમ
2. ભારતના પાસપોર્ટ ધારકો 60 દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ કરી શકશે
3. જાપાન-સિંગાપુરનો પાસપોર્ટ સૌથી વધુ શક્તિશાળી, આ બંને દેશના મુસાફરો 192 દેશોનો પ્રવાસ કરી શકશે
4. બીજા ક્રમે જર્મની અને દક્ષિણ કોરિયાનો પાસપોર્ટ
(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** તા. 11 જાન્યુઆરી-1927માં લિંબડીમાં જન્મનાર સાહિત્ય સર્જક કુંદનિકા કાપડિયા સંદર્ભે ક્યા વિધાનો સાચા છે
1. સમાજસેવક, નિબંધકાર, અનુવાદક અને નવલકથાકાર
2. તખલ્લુસ : સ્નેહધનના
3. બહુચર્ચિત નવલકથા સાત પગલાં આકાશમાં
4. વર્ષ 1968માં કવિ મકરંદ દવે સાથે લગ્ન કરી, 1985માં સંયુક્ત રીતે સેવા અને સાહિત્યની સાધના માટે વલસાડ પાસે નંદિગ્રામ આશ્રમ સ્થાપ્યો
(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 2 **(D) આપેલ તમામ**

**4.** જાન્યુઆરી 2022માં પૂર્વાંચલના ક્યા રાજ્યમાં સશસ્ત્ર દળ વિશેષાધિકાર અધિનિયમ (AFSPA)ને કેટલા વર્ષ લંબાવાયો
(A) મેઘાલય તથા 01 **(B) મણિપુર તથા 01**
(C) મિઝોરમ તથા 01 (D) ત્રિપુરા તથા 01

**5.** DRDO દ્વારા નિર્મિત બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઇલના એડવાન્સ સી વેરિયન્ટ વર્ઝનનું જાન્યુઆરી 2022માં ક્યા જહાજની મદદથી સફળ પરીક્ષણ કરાયું
(A) INS વિક્રાંત (B) INS વિરાટ
(C) INS કલવરી **(D) INS વિશાખાપટ્ટનમ**

**6.** ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીમાં ઇન્ડિયન SARS-CoV-2 જિનોમ કન્સોર્ટિયમના વૈજ્ઞાનિકો દ્વારા જાન્યુઆરી 2022માં ઓમિક્રોન વેરિઅન્ટના મૂળ સ્વરૂપ : B.1.1.529ના નવા શોધાયેલા સ્ટ્રેન સંદર્ભે નીચેનામાંથી ક્યા સ્ટ્રેનનો સમાવેશ થતો નથી
**(A) AB.1** (B) BA.1 (C) BA.2 (D) BA.3

**DATE : 12-01-2022**

**1. ગુજરાતમાં વિવિધ નવા કોરિડોર અને કોસ્ટલ હાઈ-વેની જાહેરાત:ગુજરાત સરકાર**




**(1) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકિનારાના પ્રવાસન સ્થળો વિકસાવવા માટે રૂ. 2440 કરોડના ખર્ચે કોસ્ટલ હાઇવે તૈયાર કરાશે**
**(2) સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી શબરીધામ-સાપુતારાને જોડતો 218 કિ.મી.નો નવો કોરિડોર આશરે રૂ. 1670 કરોડના ખર્ચે વિકસાવાશે**
**(3) કોસ્ટલ હાઈ-વે : દક્ષિણ ગુજરાતના ઉભરાટ, તિથલ, ચોરવાડને સાંકળતો વ્યૂહાત્મક કોસ્ટલ હાઈ-વે 135 કિ.મી.ની નવી લિંક સાથે વિકસાવાશે.**

- ✓ જેમાં ખાસ કરીને ભાવનગર-સૌરાષ્ટ્ર તરફના ટ્રાફિક અત્યારે બોરસદ, તારાપુર, વટામણ ચોકડી, ધોલેરા થઈને ભાવનગરને જાય છે તેને બદલે ખંભાત, કામતલાવ, આંબલી, પાટીયા સુધીની નવી લિંક બનાવાશે.
- ✓ જેનાથી ભાવનગર-સૌરાષ્ટ્ર જતો ટ્રાફિક વટામણ ચોકડી સુધી જવાના બદલે આ નવી લિંકનો ઉપયોગ કરીને **70થી 80 કિ.મી.નું અંતર ઘટશે**.
- ✓ આ કોસ્ટલ હાઇવેમાં ભીલાડથી વલસાડ, વલસાડથી નવસારી, નવસારીથી સુરત, સુરતથી ભરૂચ અને ભરૂચથી ખંભાતના દરિયાકિનારાને સાંકળીને બનાવાશે.

**2. નિમણૂક : ISROના 10માં નવા પ્રમુખ તરીકે વૈજ્ઞાનિક ડૉ. એસ. સોમનાથની નિમણૂક**



**ભારત સરકાર દ્વારા સોમનાથની અવકાશ વિભાગના સચિવ અને સ્પેસ કમિશનના અધ્યક્ષ તરીકે નિયુક્તિ તેઓ ઇસરોના હાલના અધ્યક્ષ કે સિવાનનું સ્થાન લેશે**

- ✓ કાર્યકાળ : ત્રણ વર્ષ

**પ્રદાન-કારકિર્દી :**

- ✓ આ પહેલા, તેઓ 22 જાન્યુઆરી 2018 થી અત્યાર સુધી વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટર (VSSC)ના ડિરેક્ટર પદે.
- ✓ સોમનાથની ગણતરી ભારતના સૌથી શક્તિશાળી સ્પેસ રોકેટ GSLV Mk-3 લોન્ચરના વિકાસ કાર્યનું નેતૃત્વ કરનારા.
- ✓ કારકિર્દીની શરૂઆતમાં તેમણે પોલર સેટેલાઇટ લોન્ચિંગ વ્હીકલ (PSLV) અને હાઇ-પ્રેશર સેમી ક્રાયોજેનિક એન્જિનના વિકાસમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- ✓ ચંદ્રયાન-2 લેન્ડરના એન્જિનને વિકસાવવા અને GSAT-9માં ફ્રીટ કરવામાં આવેલી ઇલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમની ફ્લાઇટને સફળ બનાવવાની કામગીરી.
- ✓ લૉન્ચ વાહનો માટે ડિઝાઇન સિસ્ટમમાં નિષ્ણાત, પીએસએલવીની એકીકરણ ડિઝાઇન તૈયાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન.
- ✓ જન્મ : 1963, અરૂર-અલપ્પુજહા-કેરળ

**3. યુવા દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા 25માં યુવા મહોત્સવનો વર્ચ્યૂઅલ માધ્યમથી પ્રારંભ કરાયો**

- ✓ સ્થાન : પોંડિચેરી (કેન્દ્રશાસિત પ્રદેશ)

**PM શ્રી મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ ભારત પાસે બે અસીમ તાકાત છે. એક ડેમોગ્રાફી અને ડેમોક્રસી. જે દેશ પાસે જેટલી યુવા શક્તિ હોય છે, દેશની ક્ષમતાને તેટલા પ્રમાણમાં વ્યાપક માનવામાં આવે છે. ભારત પાસે તે બન્ને તાકાત છે.'
- ✓ ન્યૂ ઇન્ડિયાનો મંત્ર છે,'મુકાબલો કરો અને જીતો.'



**ખાસ : ભારત માટે વર્ષ 2022નું મહત્વ :**

- ✓ તા. 23 જાન્યુઆરીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જયંતી.
- ✓ મહર્ષિ શ્રી અરબિંદોની 150મી જયંતી
- ✓ સ્થળ : પૉંડિચેરી - મહાકવિ સુબ્રમણ્યમ ભારતીજીની 100મી પુણ્યતિથિ.

**4. ખેલકૂદ : સિદ્ધિ**

**ગુજરાતની 16 વર્ષીય બેડમિંટન ખેલાડી તસ્નીમ મીર વર્લ્ડ બેડમિંટનના અંડર-19 ગર્લ્સ સિંગલ્સ રેન્કિંગમાં નંબર-1**




- ✓ તસ્નીમ મીર જુનિયર ગર્લ્સ સિંગલ્સમાં ટોચનું સ્થાન મેળવનારી સૌપ્રથમ ભારતીય ખેલાડી બની.
- ✓ 16 વર્ષની તસ્નીમે ગત વર્ષે ત્રણ ટાઇટલ્સ જીત્યા હતા અને આ સાથે તેણે વર્લ્ડ રેન્કિંગમાં ત્રણ સ્થાનની છલાંગ લગાવતા ટોચનો ક્રમ મેળવી લીધો હતો.
- ✓ અગાઉ ભારતની ડબલ ઓલિમ્પિક ગોલ્ડ મેડાલીસ્ટ પી.વી. સિંધુ અગાઉ અંડર-19ના રેન્કિંગમાં બીજા સ્થાન સુધી પહોંચી શકી હતી.
- ✓ **વતન : મહેસાણા**

**5. PM શ્રી મોદીની સુરક્ષામાં ચૂક : સુપ્રીમ કોર્ટે તપાસ માટે બનાવેલી પાંચ સભ્યોની સમિતિનું નેતૃત્વ નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી ઇન્દુ મલ્હોત્રા સંભાળશે**

**6. દિન વિશેષ : 12 જાન્યુઆરી**

**રાષ્ટ્રીય યુવા દિવસ : સ્વામિ વિવેકાનંદની 159મી જન્મજયંતિ**




**7. જન્મ દિન વિશેષ : 12 જાન્યુઆરી**

**નવ હિન્દુવાદના પ્રણેતા : સ્વામી વિવેકાનંદ**

**જન્મ : 12 જાન્યુઆરી- 1863 અવસાન : 4 જુલાઈ-1902**

- ✓ 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'નો જીવનમંત્ર આપનાર, શિકાગોની ધર્મસંસદમાં મારા વ્હાલા અમેરિકન બહેનો અને ભાઈઓથી પ્રવચનની શરૂઆત કરી શ્રોતાઓ અને પશ્ચિમને મંત્રમુગ્ધ કરનાર, ભારતીય દર્શન, વેદાંત અને યોગનું પશ્ચિમની પ્રજાને ઘેલું લગાડનાર, ભારતીય પ્રજાને સ્વાભિમાની અને સ્વનિર્ભર બનવાની શીખ આપનાર, સાચા ધર્મની ઓળખ આપનાર, ભારતીય સંત અને ફિલસૂફ સ્વામી વિવેકાનંદનો જન્મ અંગ્રેજોની જૂની રાજધાની કલકત્તામાં થયો હતો.
- ✓ વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત હતું. સંસારત્યાગ કરી તેઓ સ્વામી રામકૃષ્ણ પરમહંસના મુખ્ય શિષ્ય બન્યા અને તેમની સ્મૃતિમાં રામકૃષ્ણ મિશન તેમ જ રામકૃષ્ણ મઠ સ્થાપ્યા હતા. ગુરુ પાસેથી જનસેવા એ જ પ્રભુસેવાનો મહામંત્ર પામનાર તેઓ રામકૃષ્ણ પરમહંસના અવસાન પછી મઠાધિપતિ બન્યા પછી ભારતભ્રમણ કરીને ગુલામ ભારતીય પ્રજાની સાચી પરિસ્થિતિ પામ્યા.




- ✓ અદ્દભુત સ્મરણ શક્તિ ધરાવતા વિવેકાનંદે ભારતીય અને પશ્ચિમના દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. આ પૃષ્ઠભૂમિ પર તેઓએ વિશ્વને વેદાંત અને યોગ ફિલસૂફીથી અવગત કરાવ્યું.
- ✓ રાજયોગ, કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ વિશે સ્વામીજીએ ગહન ચિંતન રજૂ કર્યું છે. વિવેકાનંદે તા. 11 સપ્ટેમ્બરે 1893માં વિશ્વ ધર્મ પરિષદ, શિકાગો-USમાં વ્યાખ્યાનો આપ્યા પછી વૈશ્વિક પ્રસિદ્ધિ પામ્યા.
- ✓ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ, નવહિન્દુવાદનો ઝંડો બુલંદ કરનાર વિવેકાનંદને અમેરિકાની શિકાગો પરિષદ પછી તોફાની હિન્દુ કહેતા હતા.

**મહત્વના પુસ્તકો :**

- ✓ સંગીત કલ્પતરુ, રાજ્યોગ, કર્મયોગ, વેદાંત ફિલોસોફી, કોલંબોથી અલમોડાના પ્રવચનો, વર્તમાન ભારત, મારા ગુરુ, જ્ઞાનયોગ.

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (12-01-2022)**

**1.** તા. 12 જાન્યુઆરી 2022ના રોજ ગુજરાત સરકારની મંત્રીમંડળની કેબિનેટ બેઠકમાં ગુજરાતમાં વિવિધ નવા કોરિડોર અને કોસ્ટલ હાઇ-વે અંગે કરાયેલી જાહેરાતમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકિનારાના પ્રવાસન સ્થળો વિકસાવવા માટે રૂ. 2440 કરોડના ખર્ચે કોસ્ટલ હાઇવે તૈયાર કરાશે
2. સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી શબરીધામ-સાપુતારાને જોડતો 218 કિ.મી.નો નવો કોરિડોર આશરે રૂ. 1670 કરોડના ખર્ચે વિકસાવાશે
3. દક્ષિણ ગુજરાતના ઉભરાટ, તિથલ, ચોરવાડને સાંકળતો વ્યૂહાત્મક કોસ્ટલ હાઇ-વે 135 કિ.મી.ની નવી લિંક સાથે વિકસાવાશે
4. આ કોસ્ટલ હાઇવેમાં ભીલાડથી વલસાડ, વલસાડથી નવસારી, નવસારીથી સુરત, સુરતથી ભરૂચ અને ભરૂચથી ખંભાતના દરિયાકિનારાને સાંકળીને બનાવાશે

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** જાન્યુઆરી 2022માં ISROના 10માં નવા પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા વર્ષ 1963માં કેરળમાં જન્મેલા ડૉ. એસ. સોમનાથના અવકાશ ક્ષેત્રના પ્રદાન સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો યોગ્ય છે

1. કાર્યકાળ : ત્રણ વર્ષ
2. અવકાશ વિભાગના સચિવ અને સ્પેસ કમિશનના અધ્યક્ષ તરીકે નિયુક્તિ
3. તા. 22 જાન્યુઆરી 2018 થી અત્યાર સુધી વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC)ના ડિરેક્ટર પદે
4. GSLV Mk-3, પોલર સેટેલાઇટ લોન્ચિંગ વ્હીકલ (PSLV) અને હાઇ-પ્રેશર સેમી ક્રાયોજેનિક એન્જિનના વિકાસ મુખ્ય ભૂમિકા

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** જાન્યુઆરી 2022માં ISROના 10માં નવા પ્રમુખ તરીકે કયા વૈજ્ઞાનિકની નિમણૂક કરાઇ

(A) એ.એસ.કિરણકુમાર (B) એન. માધવન
(C) કે.સિવાન **(D)ડૉ. એસ. સોમનાથ**

**4.** તા. 12 જાન્યુઆરી 2022ના રોજ યુવા દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ પોંડિચેરીમાં કેટલામાં યુવા મહોત્સવનો વર્ચ્યૂઅલ માધ્યમથી પ્રારંભ કરાયો

**(A) 25** (B) 26 (C) 27 (D) 28

**5.** ભારતમાં ચાલુ વર્ષ 2022માં નેતાજી સુભાષચંદ્ર બોઝ, મહર્ષિ શ્રી અરબિંદો અને મહાકવિ સુબ્રમણ્યમ ભારતીજીની અનુક્રમે કેટલામી જન્મજયંતિ-પૂણ્યતિથિ મનાવાશે

(A) 75, 100 અને 125 (B) 100, 125 અને 150
**(C) 125, 150 અને 100** (D) 100, 150 અને 175

**6.** જાન્યુઆરી 2022માં મહેસાણા-ગુજરાતની કઈ 16 વર્ષીય બેડમિંટન ખેલાડીએ વર્લ્ડ બેડમિંટનના અંડર-19 ગર્લ્સ સિંગલ્સ રેન્કિંગમાં નંબર-1નું સ્થાન મેળવ્યુ

(A) માના પટેલ **(B) તસ્નીમ મીર**

(C) લજ્જા ગૌસ્વામી (D) અંકિતા રૈના

**7.** PM શ્રી મોદીની પંજાબમાં સુરક્ષામાં ચૂક મુદ્દે સુપ્રીમ કોર્ટે તપાસ માટે બનાવેલી પાંચ સભ્યોની સમિતિના અધ્યક્ષ તરીકે કયા નિવૃત્ત ન્યાયમૂર્તિની નિમણૂક કરાઈ

(A) અમિ યાજ્ઞિક (B) મંજૂલા સુબ્રહ્મણ્યમ

**(C) શ્રી ઈન્દુ મલ્હોત્રા** (D)માયાબેન ગોકલાણી

**8.** તા. 12 જાન્યુઆરી 2022ના રોજ સ્વામિ વિવેકાનંદની કેટલામી જન્મજયંતિ ઉજવાય

**(A) 158** (B) 159 (C) 160 (D) 161

**9.** ભારતમાં કયા મહાનુભાવના જન્મદિને 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે મનાવવામાં આવી છે

(A) સરદાર પટેલ (B) જવાહરલાલ નહેરુ

(C) ભગતસિંહ **(D) સ્વામી વિવેકાનંદ**

**10.** ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે

(A) તા. 10 જાન્યુઆરી (B) તા. 11 જાન્યુઆરી

**(C) તા. 12 જાન્યુઆરી** (D) તા. 13 જાન્યુઆરી

**11.** સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ જણાવો

(A) તા. 12 જાન્યુઆરી 1901 **(B) તા. 12 જાન્યુઆરી 1902**

(C) તા. 12 જાન્યુઆરી 1903 (D) તા. 12 જાન્યુઆરી 1904

## DATE : 13-01-2022

### 1. સ્માર્ટ ફોન સહાય યોજના : કૃષિ વિભાગ, ગુજરાત સરકાર

**ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદવા માટે મળતી સહાય 10 ટકાથી વધારી 30 કરાઈ**




**સહાયની વિગત :**

- ✓ આ વધારાથી હવે ખેડૂતોને રૂપિયા 15,000ના સ્માર્ટ ફોનની ખરીદી પર રૂપિયા 6,000ની સહાય મળશે
- ✓ જાહેરાત : કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

### 2. 10મી વાઇબ્રન્ટ ગુજરાત-ગ્લોબલ સમિટ 2022 અંતર્ગત રોકાણના MOU

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ગુજરાતમાં આગામી 10 વર્ષમાં રૂ. 5.95 લાખ કરોડનું રોકાણ કરશે**




**MOU વિશે :**

- ✓ દેશમાં નંબર વન ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ગુજરાતમાં આવતા 10 વર્ષમાં 100 ગીગાવોટ ક્ષમતાના રિન્યૂએબલ એનર્જી પાવર પ્લાન્ટ્સ સ્થાપશે તથા ગ્રીન હાઇડ્રોજન ઇકો સિસ્ટમ ઊભી કરશે, જેમાં કંપની દ્વારા કુલ રૂ. 5.95 લાખ કરોડનું રોકાણ થશે અને એના થકી 10 લાખ જેટલી નવી રોજગારીનું નિર્માણ થશે.
- ✓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આ એમઓયુ પછી રિન્યૂએબલ એનર્જી 100 ગીગાવોટના સોલાર તથા વિન્ડ પાવર પ્રોજેક્ટ સ્થાપશે.
- ✓ નવી ટેક્નોલોજીથી ગ્રીન હાઇડ્રોજનનું પોતાના વપરાશ માટે ઉત્પાદન કરશે તેમજ આ ઇનોવેશન અપનાવવા માટે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને સહાય પૂરી પાડી પ્રોત્સાહિત કરશે અને એમ ઇકો-સિસ્ટમ ડેવલપ કરશે.
- ✓ રિલાયન્સ વતી પરિમલ નથવાણી અને સરકાર વતી ડૉ. રાજીવ ગુપ્તાએ MOU પર હસ્તાક્ષર કર્યા

### 3. 10મી વાઇબ્રન્ટ ગુજરાત-ગ્લોબલ સમિટ 2022 અંતર્ગત અદાણી અને 'પોસ્કો ગ્રુપ સંયુક્ત રીતે રૂ. 37,500 કરોડના ખર્ચે કચ્છમાં પ્રોજેક્ટ સ્થાપશે




**MOUની વિગતો :**

- ✓ આ એમઓયુ અંતર્ગત અદાણી અને સ્ટીલ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે આગેવાન કોરિયન જાઈન્ટ કંપની 'પોસ્કો'નું કોલોબરેશન કચ્છ જિલ્લામાં મુંદ્રા ખાતે રૂ. 37,500 કરોડના જંગી મૂડીરોકાણથી ઇન્ટિગ્રેટેડ સ્ટીલ મિલ તથા અન્ય સહયોગી પ્લાન્ટ્સ સ્થાપશે.
- ✓ કોરિયન કંપની પોસ્કોના ટેકનિકલ સહયોગથી અદાણી જૂથ દ્વારા આ સ્ટીલ મિલ પ્રોજેક્ટ વર્ષ 2026 સુધીમાં વ્યાપારી ધોરણે ઉત્પાદન કાર્યરત કરશે, એટલું જ નહીં આ પ્લાન્ટ ગ્રીન એનર્જીથી ઉત્પાદન કરશે.
- ✓ આ સ્ટીલ મિલની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 50 લાખ ટનની રહેશે. આ સૂચિત રોકાણ દ્વારા 3,400થી વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારી મળશે.

### 4. ઈન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021

**ભારતના રાજ્યોમાં જંગલોની સ્થિતિ :**

- ✓ દેશમાં ફોરેસ્ટ અને ટ્રી કવર 81 મિલિયન હેક્ટરમાં ફેલાયેલું છે. જે દેશના ભૌગોલિક વિસ્તારના 24 ટકા જેટલું.




**ફોરેસ્ટ કવરમાં વધારો થયો હોય તેવા દેશના અગ્રણી રાજ્યો અને વિસ્તાર**

**1. આંધ્રપ્રદેશ (647 ચો.કિમી.)** **2. તેલંગાણા (632 ચો.કિમી)**

**3. ઓડિશા (537 ચો.કિમી.)** **4. કર્ણાટક (155 ચો.કિમી**

**5. ઝારખંડ (110 ચો.કિમી.)**

**વિસ્તાર પ્રમાણે દેશમાં સૌથી વધારે જંગલ ધરાવતા રાજ્યો**

- ✓ **મધ્યપ્રદેશ, અરૂણાચલપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, મહારાષ્ટ્ર.**

**ભૌગોલિક વિસ્તાર પ્રમાણે :**

- ✓ **મિઝોરમમાં 84 ટકા, અરૂણાચલ પ્રદેશમાં 80 ટકા, મેઘાલયમાં 76 ટકા, મણિપુરમાં 74 ટકા, નાગાલેન્ડમાં 73 ટકા ફોરેસ્ટ કવર.**

**ગુજરાતમાં જંગલોની સ્થિતિ :**

**ગુજરાતમાં ઓપન ફોરેસ્ટ સૌથી વધારે**

## જંગલનો પ્રકાર અને વિસ્તાર

- ✓ ગાઢ ફોરેસ્ટ : 377 ચો.કિમી.
- ✓ મધ્યમ પ્રકારના ફોરેસ્ટ : 5032 ચો.કિમી.
- ✓ ઓપન ફોરેસ્ટ : 9516 ચો.કિમી.
- ✓ **કુલ ફોરેસ્ટ કવર : 14925 ચો.કિમી.**

## સૌથી વધુ ફોરેસ્ટ કવર ધરાવતા જિલ્લાઓ અને વિસ્તાર

**જિલ્લો : વિસ્તાર : ફોરેસ્ટ કવર : ટકા : 2 વર્ષમાં ફેરફાર**

- ✓ ડાંગ : 1766 ચો.કિમી. : 1354 ચો.કિમી. : 77 : 8.54 ચો.કિમી
- ✓ વલસાડ : 3008 ચો.કિમી : 993 ચો.કિમી. : 33 : 6.89 ચો.કિમી
- ✓ નર્મદા : 2817 ચો.કિમી. : 927 ચો.કિમી. : 32 : 20.77 ચો.કિમી
- ✓ તાપી : 3139 ચો.કિમી. : 785 ચો.કિમી. : 25 : 7.07 ચો.કિમી
- ✓ જૂનાગઢ : 8831 ચો.કિમી : 1739 ચો.કિમી. : 20 : 45.52 ચો.કિમી

## જંગલ વિસ્તાર અંગે મહત્વના તથ્યો :

- ✓ દેશમાં ફોરેસ્ટ- ટ્રી કવરમાં 2 વર્ષમાં 2261 ચો. કિ.મી.નો વધારો. 1540 ચો.કિમીનો વધારો ફોરેસ્ટ કવરમાં જ્યારે 721 ચો.કિ.મીનો વધારો ટ્રી કવરમાં થયો છે. સૌથી મોટો વધારો આંધ્રપ્રદેશમાં 647 ચો.કિ.મી.નો..
- ✓ ગુજરાતમાં 2019ની સરખામણીએ ફોરેસ્ટ કવરમાં 69 ચો.કિ.મી.નો વધારો થયો છે. જ્યારે ટ્રી કવરમાં બે વર્ષમાં 1423 ચો.કિ.મીનો ઘટાડો થયો
- ✓ ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તાર 1.96 લાખ ચો.કિમી.માંથી 14926 ચો.કિમી. ફોરેસ્ટ કવર જ્યારે 5489 ચો. કિ.મી ટ્રી કવર છે.
- ✓ રાજ્યના ભૌગોલિક વિસ્તારના 2.80 ટકા ટ્રી કવર છે. 2019માં ફોરેસ્ટ કવર 14857 ચોરસ કિ.મી.અને ટ્રી કવર 6912 ચોરસ કિ.મી.હતું.
- ✓ ગુજરાતમાં ગાઢ જંગલોનું પ્રમાણ ઓછું છે. ફોરેસ્ટ કવર ભૌગોલિક વિસ્તારના 7.61 ટકા જેટલું છે.
- ✓ કચ્છ જિલ્લામાં બે વર્ષમાં 94 ચો.કિમી. અને જૂનાગઢ જિલ્લામાં 45 ચો.કિમી. ફોરેસ્ટ કવરમાં વધારો થયો છે. રાજ્યના 17 જિલ્લામાં ફોરેસ્ટ કવરમાં ઘટાડો જાવા મળ્યો છે.
- ✓ રાજ્યના 17 જિલ્લામાં ફોરેસ્ટ કવરમાં ઘટાડો.

## 5. ISRO : ગગનયાન માટે ISRO દ્વારા ક્રાયોજેનિક એન્જિનનું સફળ પરીક્ષણ

- ✓ પરીક્ષણ સ્થળ : **મહેન્દ્રગિરી પર્વત, તામિલનાડુ**




- ✓ 720 સેકન્ડના પરીક્ષણમાં એન્જિને તમામ લક્ષ્યો પ્રાપ્ત કર્યા હતાં. ભારતનું પ્રથમ માનવ અંતરિક્ષ મિશન ગગનયાન 2023માં લોન્ચ કરાશે. ભારત આવું કરનાર દુનિયાનો ચોથો દેશ બનશે.

## 6.ગોલ્ડન પાસપોર્ટ યોજના શું છે

- ✓ આ યોજના હેઠળ કોઈપણ વિદેશી આ દેશની નાગરિકતા ખરીદી શકે છે અને તે પ્રમાણે આ દેશમાં ઓછામાં ઓછા એક લાખ ત્રીસ હજાર અમેરિકન ડોલરનું રોકાણ કરીને પોતાનો પાસપોર્ટ બનાવી શકે છે.
- ✓ આ પ્રકારે હાંસલ કરેલા પાસપોર્ટને ગોલ્ડન પાસપોર્ટ કહેવામાં આવે છે. આ પાસપોર્ટ સાથે તે યુરોપિયન યુનિયનના 27 સભ્ય દેશોમાં આરામથી કોઈ વિઝા વગર યાત્રા કરી શકે છે.

## 7. ગેટ વે ટુ હેલ : તુર્કમેનિસ્તાનમાં આવેલો નરકના દરવાજા સમાન સળગતો ખાડો : પુન: એકવાર બંધ કરવાનો આદેશ



## ગેટ વે ટુ હેલ :

- ✓ ગેટ વે ટુ હેલ એક વિશાળ ખાડો છે જયાં છેલ્લા 50 વર્ષથી આગ લાગી છે જે હજુ સુધી બુઝાતી નથી. આ દેશનો 3.5 લાખ વર્ગ કિમી 70 ટકા વિસ્તાર કારાકુમ રેગિસ્તાનમાં છે જેની ઉત્તર દિશામાં ગેટ ક્રેટર નામનો એક વિશાળ ખાડો છે. 69 મીટર પહોળા અને 30 મીટર ઉંડા ખાડામાં આગ ભભૂકી રહી છે.
- ✓ ખાડામાંથી પ્રાકૃતિક રીતે મીથેનવાયુ નિકળે છે જેનાથી આગનો ગોળો સતત ચાલુ રહે છે.
- ✓ પર્યાવરણ અને સ્વાસ્થ્યના કારણોસર આગ પર કાબુ મેળવવાના ઉપાયો પર કામ કરવા આદેશ
- ✓ વર્ષ 2010માં પણ સરકારે નિષ્ણાતોને આગ ઓલવવાની ટેકનિક વિકસાવવા પર ભાર મુકયો હતો. તુર્કમેનિસ્તાન સોવિયત સંઘનો ભાગ હતું ત્યારે 1971માં રશિયાના સંશોધકો રણવિસ્તારમાં ક્રુડનો ભંડાર શોધતા હતા ત્યારે આ સ્થળે પ્રાકૃતિક ગેસ મળ્યો હતો.
- ✓ આ દરમિયાન જ જમીન ધસી પડતા વિશાળ ખાડા બની ગયા હતા. આ ખાડામાંથી મીથેનવાયુનું ગળતર થતું અટકાવવા ભૂ વૈજ્ઞાનિકોએ જ આગ લગાડી દીધી હતી.
- ✓ તુર્કમેનિસ્તાન રાષ્ટ્રપતિ : ગુરબાંગુલી બર્ડીમુખામેદોવે

### વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (13-01-2022)

**1.** ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021 અનુસાર સૌથી વધુ ફોરેસ્ટ કવર ધરાવતા જિલ્લાઓ અને વિસ્તાર સંદર્ભે ક્યુ વિધાન સાચુ છે

1. ડાંગ - 1354 ચો.કિમી. 2. વલસાડ - 993 ચો.કિમી.
3. નર્મદા - 927 ચો.કિમી. 4. તાપી - 785 ચો.કિમી.
5. જૂનાગઢ - 1739 ચો.કિમી.

(A) 1 અને 5 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021 બાબતે ફોરેસ્ટ કવરમાં વધારો થયો હોય તેવા દેશના અગ્રણી પાંચ રાજ્યોમાં કોનો સમાવેશ થતો નથી

(A) આંધ્રપ્રદેશ (647 ચો.કિમી.) તથા તેલંગાણા (632 ચો.કિમી)
(B) ઓડિશા (537 ચો.કિમી.) તથા કર્ણાટક (155 ચો.કિમી)
**(C) ગુજરાત (632 ચો.કિમી)** (D) ઝારખંડ (110 ચો.કિમી.)

**3.** ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021 વિસ્તાર પ્રમાણે દેશમાં સૌથી વધારે જંગલ ધરાવતા 5 રાજ્યોમાં ક્યુ ખોટુ છે

(A) મધ્યપ્રદેશ અને અરૂણાચલપ્રદેશ
(B) છત્તીસગઢ અને ઓડિશા (C) મહારાષ્ટ્ર **(D) આસામ**

**4.** ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021 મુજબ ગુજરાતમાં જંગલોના પ્રકાર અને વિસ્તાર સંદર્ભે ક્યુ વિધાન સાચુ નથી

**(A) માનવ સર્જીત ફોરેસ્ટ : 4035 ચો.કિમી.**
(B) ગાઢ ફોરેસ્ટ : 377 ચો.કિમી.
(C) મધ્યમ પ્રકારના ફોરેસ્ટ : 5032 ચો.કિમી.
(D) ઓપન ફોરેસ્ટ : 9516 ચો.કિમી.

**5.** ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત મળતી સહાય જાન્યુઆરી 2022માં મળતી સહાય 10 ટકાથી વધારી કેટલા ટકા કરાઇ

(A) 15 (રૂ. 3,000 સુધી) (B) 20 (રૂ. 4,000 સુધી)
(C) 25 (રૂ. 5,000 સુધી) **(D) 30 (રૂ. 6,000 સુધી)**

**6.** 10મી વાઇબ્રન્ટ ગુજરાત-ગ્લોબલ સમિટ 2022 અંતર્ગત રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ગુજરાતમાં આગામી 10 વર્ષમાં કેટલુ રોકાણ કરશે

**(A) રૂ. 5.95 લાખ કરોડ** (B) રૂ. 6.60 લાખ કરોડ
(C) રૂ. 6.80 લાખ કરોડ (D) રૂ. 6.90 લાખ કરોડ

**7.** રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ VGGS 2022 અંતર્ગત ગુજરાતમાં આવતા 10 વર્ષમાં કેટલા ગીગાવોટ ક્ષમતાના રિન્યૂએબલ એનર્જી પાવર પ્લાન્ટ્સ સ્થાપશે

(A) 25 ગીગાવોટ (B) 50 ગીગાવોટ

(C) 75 ગીગાવોટ **(D) 100 ગીગાવોટ**

**8.** 10મી વાઇબ્રન્ટ ગુજરાત-ગ્લોબલ સમિટ 2022 અંતર્ગત અદાણી અને પોસ્કો ગ્રુપ સંયુક્ત રીતે રૂ. 37,500 કરોડના ખર્ચે વર્ષ 2026 સુધીમાં ક્યા સ્થળે ઇન્ટિગ્રેટેડ સ્ટીલ મિલ-સહયોગી પ્લાન્ટ્સ સ્થાપશે

(A) સાંતલપુર (બનાસકાંઠા) (B) હજીરા (સુરત)

(C) પીપાવાવ (અમરેલી) **(D) મુંદ્રા (કચ્છ)**

**9.** જાન્યુઆરી 2022માં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ-2021 અંતર્ગત ભારતમાં દેશમાં ફોરેસ્ટ અને ટ્રી કવર વિસ્તારમાં ફેલાયેલું છે જે દેશના ભૌગોલિક વિસ્તારના 24 ટકા જેટલું છે

(A) 79 મિલિયન હેક્ટર **(B) 81 મિલિયન હેક્ટર**

(C) 82 મિલિયન હેક્ટર (D) 84 મિલિયન હેક્ટર

**10.** ISRO દ્વારા જાન્યુઆરી 2022માં ક્યા યાનનું મહેન્દ્રગિરી પર્વત ઉપર ક્રાયોજેનિક એન્જિનનું સફળ પરીક્ષણ કરાયુ

(A) ચંદ્રયાન (B) આદિત્યયાન

**(C) ગગનયાન** (D) મંગળયાન

**11.** ISRO દ્વારા ભારતનું પ્રથમ માનવ અંતરિક્ષ મિશન ગગનયાન સંભવિત ક્યા વર્ષે લોન્ચ કરાશે

**(A) વર્ષ 2023** (B) વર્ષ 2024 (C) વર્ષ 2025 (D) વર્ષ 2026

**12.** પાસપોર્ટની કઇ યોજના અંતર્ગત ઓછામાં ઓછા એક લાખ ત્રીસ હજાર અમેરિકન ડોલરનું રોકાણ કરીને યુરોપિયન દેશોની નાગરિકતા ખરીદે છે

**(A) ગોલ્ડન પાસપોર્ટ યોજના** (B) સિલ્વર પાસપોર્ટ યોજના

(C)પ્લેટેનિયમ પાસપોર્ટ યોજના (D) ડાયમંડ પાસપોર્ટ યોજના

**13.** જાન્યુઆરી 2022માં ક્યા દેશમાં આવેલો 50 વર્ષથી મિથેન ગેસથી સળગતા ગેટ વે ટુ હેલ નરકના દરવાજા સમાન સળગતો ખાડો પુન: એકવાર બંધ કરવાનો આદેશ કરાયો

(A) ઉઝબેકિસ્તાન **(B) તુર્કમેનિસ્તાન**

(C) કઝાકિસ્તાન (D) તાજિકિસ્તાન

**DATE : 14-01-2022**

## 1. લીમડાવન : ગુજરાત સરકાર

**નીમ પ્રોડક્ટ્સનું ઉત્પાદન વધારવા 15 જિલ્લામાં લીમડા વન બનાવવા GNFC અને GLPC વચ્ચે MOU**



**MOUની વિગતો :**

- ✓ રાજ્યમાં લીમડાના સૌથી વધુ વૃક્ષો ધરાવતા કચ્છ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના 15 જિલ્લાઓમાં તાલુકા સ્તરે લીમડાના વન ઉભા કરશે

**GNFCનું હાલનું ઉત્પાદન :**

- ✓ ગુજરાત સરકારનું સાહસ એવી જીએનએફસી કંપની હાલ નીમ પ્રોજેક્ટ હેઠળ નીમ સાબુ, શેમ્પુ, સેનિટાઇઝર અને નીમ ખાતર સહિત હેલ્થકેરનું ઉત્પાદન કરે છે.
- ✓ આ બનાવટો જેનાથી તૈયાર થાય છે તે લીમડાના વૃક્ષો પરની લીંબોળીને એકત્ર કરવાનું કામ આદિવાસી વિસ્તારની હજારો મહિલાઓ કરી રહી છે.
- ✓ આ મહિલાઓને રોજગારની તક મળે અને તેઓ પગભર થાય તે હેતુથી આ બન્ને કંપનીઓએ લીમડા વન ઉભા કરવાનો કરાર કર્યો.
- ✓ લીંબોળી એકત્રીકરણ, ખરીદ વ્યવસ્થા તેમજ જીએનએફસીની બનાવટોનું સ્વસહાય જૂથો દ્વારા વેચાણ કરવામાં આવશે.
- ✓ અત્યારે રાજ્યમાં અને દેશના બીજા રાજ્યોમાં જીએનએફસીએ માર્કેટમાં પોતાના સ્ટોર ખોલ્યા છે જેના થકી નીમ પ્રોડક્ટ્સ વેચાઇ રહી છે. બીજી તરફ આ સરકારી કંપનીએ નીમ કોટેડ યુરિયા ખાતરનું ઉત્પાદન પણ શરૂ કર્યું છે.
- ✓ આ કરારથી આ ઉત્પાદનોને બળ મળશે અને આદિવાસી મહિલાઓને રોજગારી આપી શકાશે.
- ✓ GNFC MD : પંકજ જોશી
- ✓ GNFC : ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ
- ✓ GLPC : ગુજરાત લાઇવલી ફૂડ પ્રમોશન કંપની

## 2. સન્માન : ટોક્યો ગેમ્સ 2020ની બ્રોન્ઝ મેડાલિસ્ટ મહિલા બોક્સર લવલીના બોરેગોહેનની આસામ પોલીસમાં તાલીમી DSP તરીકે નિયુક્તિ:

- ✓ આસામના મુખ્ય મંત્રી શ્રી હેમંત બિસ્વા દ્વારા જાહેરાત

## 3. સૂર્ય નમસ્કાર કાર્યક્રમ : આયુષ મંત્રાલય, ભારત સરકાર




- ✓ મકરસંક્રાતિ નિમિતે વિશ્વભરમાં એક કરોડથી વધુ લોકો સૂર્ય નમસ્કાર કરશે.
- ✓ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 75 લાખ સૂર્ય નમસ્કાર કરવાનો લક્ષ્યાંક

## 4. માઘ મેળો : પ્રયાગરાજ (ઉત્તરપ્રદેશ)

**તા.14 જાન્યુઆરી મકરસંક્રાતિથી પ્રયાગરાજ ખાતે દોઢ મહિના સુધી ચાલનારા માઘમેળાનો પ્રારંભ**




**માઘમેળા વિશે :**

- ✓ પ્રયાગરાજ સંગમ તટે 650 એકર જમીનમાં માઘ મેળાનું આયોજન
- ✓ કુલ-6 મોટા સ્નાન : કુંભ પછી સૌથી મોટો મેળો
- ✓ અંદાજે 2 કરોડ લોકો સ્નાનનો લાભ લેશે.

## 5. દિન વિશેષ : 13 જાન્યુઆરી

**સૂર્યના ઉતરાયણના પર્વનો ભારતભરમાં તા. 13 જાન્યુઆરીથી પ્રારંભ**




- ✓ સૂર્યનું ઉત્તરાયણ થવા સાથે દાન-પુણ્યના પર્વની શરૂઆત લોહડીથી થશે.
- ✓ બીજા દિવસે મકરસંક્રાતિ, પોંગલ, બિહૂ.
- ✓ પંજાબમાં માતા સતી સાથે અગ્નિપૂજનના પર્વ લોહડી પર

- ✓ દ.ભારતમાં નવા વર્ષની શરૂઆત પોંગલથી થશે.




- ✓ બેલગામ બળદોને પકડવાની જલીકટ્ટુની રમતના આયોજન થઇ શકશે.

**6. દિન વિશેષ : 14 જાન્યુઆરી**

Unity in Diversity.. That's India .. Jai Hind




**મકરસંક્રાંતિ પર્વની ભારતભરમાં અલગ અલગ નામથી રીત-રિવાજથી ઉજવણી**

**નામ અને રાજ્ય**

- ✓ શિશુર સંક્રાંત – જમ્મુ-કાશ્મીર
- ✓ માઘી/લોહરી – હરિયાણા, હિમાચલપ્રદેશ, પંજાબ
- ✓ મકર સંક્રાત – બિહાર, ઝારખંડ
- ✓ મકર સંક્રાતિ – મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓડિશા
- ✓ ઉતરાયણ – ગુજરાત, રાજસ્થાન
- ✓ માઘ/બિહુ/મોગલી -આસામ, ઉત્તર પૂર્વના રાજયો
- ✓ કિચેરી – ઉત્તરપ્રદેશ
- ✓ પોશ સંક્રાતિ – પશ્ચિમ બંગાળ - મકર સંક્રમાના – કર્ણાટક
- ✓ મકારા વિલાક્કુ – કેરળ - પેડ્ડા પંડુયા – આંધ્રપ્રદેશ
- ✓ પોંગલ – તામિલનાડુ




**7. પૂર્વના રાજ્યો : માઘ બિહુ/મોગલી બિહુ તહેવારનો પ્રારંભ : આસામ**



- ✓ ભારતના પૂર્વોત્તર રાજ્ય અસમમાં માઘ બિહુનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે. જેને અસમની પ્રચલિત ભાષામાં મોગલી બિહુ કહેવામાં આવે છે.
- ✓ માઘ બિહુનો ઉત્સવ પાકની કાપણી પુરી થયા બાદ ઉજવવામાં આવે છે.
- ✓ એક અઠવાડિયું ચાલતા આ તહેવાર દરમિયાન લોકો દ્વારા ઘાસ અને સૂકા પાનમાંથી અસ્થાયી મકાન બનાવવામાં આવે છે, જેને ભેલા ઘર તરીકે આળખવામાં આવે છે.
- ✓ આ વખતે આ તહેવાર દરમિયાન નગોંવ જિલ્લામાં કારોના રસીકરણની થીમ આધારિત ભેલા ઘર તૈયાર કરવામાં આવ્યું છે.

**8. જન્મદિન વિશેષ : 14 જાન્યુઆરી હાસ્ય સાહિત્યકાર : વિનોદ ભટ્ટ**

**જન્મ : 14 જાન્યુઆરી-1938 અવસાન : 2018**

- ✓ ગુજરાતી ભાષાના દિગ્ગજ હાસ્યકાર વિનોદ ભટ્ટ અને કવિ લાભશંકર ઠાકરનો જન્મદિવસ તથા નરસિંહરાવ દિવેટિયાની પુણ્યતિથિ.




- ✓ નાનપણમાં વિનોદ તોફાની બાળક તરીકેની છાપ ધરાવતા વિનોદ ભટ્ટે કોલેજની ચૂંટણીમાં ગધેડાના ગળામાં હું વિનોદ ભટ્ટને મત નથી આપવાનો જેવા રમૂજી તુક્કાઓ પણ કરેલા.
- ✓ ગુજરાતી ભાષાના ગણમાન્ય દૈનિકો અને સામયિકોમાં વિનોદ ભટ્ટે નિયમિતપણે લખ્યું હતું.

**મહત્વના પુસ્તકો :**

- ✓ પહેલું સુખ તે મૂંગી નારથી પોતાની હાસ્ય સર્જન યાત્રા શરૂ કરનારા વિનોદ ભટ્ટ વિનોદના પ્રેમપત્રો, ઈદમ તૃતીયમ, ઈદમ ચતુર્થમ, સુનો ભાઇ સાધો, વિનોદની નજરે અને હવે ઈતિહાસ, આંખ આડા કાન, ગ્રંથની ગરબડ, વિનોદ વિમર્શ, ભૂલચૂક લેવીદેવી અને જેવા અનેક પુસ્તકો દ્વારા ગુજરાતી હાસ્ય સાહિત્યને રળિયાત કર્યું છે.
- ✓ **આત્મકથા - એવા રે અમે એવા**
- ✓ વિનોદની નજરે પુસ્તકનું ચરિત્ર ચિત્રણ શૈલીના પુસ્તકોમાં જોટો જડે તેમ નથી. તો વિનોદ વિમર્શ હાસ્ય મીમાંસાનું તેમનું ઉત્તમ પુસ્તક છે.

**સન્માન :**

- ✓ કુમાર ચંદ્રક, જ્યોતીન્દ્ર પારિતોષિક, નીલકંઠ પુરસ્કાર વગેરેથી સન્માન.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (14-01-2022)

**1.** ગુજરાતમાં નીમ પ્રોડક્ટ્સનું ઉત્પાદન વધારવા કચ્છ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલા જિલ્લાઓમાં તાલુકા સ્તરે લીમડાના વન ઉભા કરવા GNFC અને GLPC વચ્ચે MOU કરાયા

(A) 10 **(B) 15** (C) 18 (D) 20

**2.** ગુજરાતમાં કઇ સરકારી કંપનીએ ખેડૂતો માટે નીમ કોટેડ યુરિયા ખાતરનું ઉત્પાદન શરૂ કર્યું છે

(A) GLPC **(B) GNFC** (C) IFFCO (D) GSFC

**3.** ટોક્યો ગેમ્સ 2020ની બ્રોન્ઝ મેડાલિસ્ટ મહિલા બોક્સર લવલીના બોરેગોહેનની કયા રાજયની પોલીસમાં તાલીમી DSP તરીકે નિયુક્તિ કરાઇ

(A) ત્રિપુરા (B) મેઘાલય (C) મણિપુર **(D) આસામ**

**4.** આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આયુષ મંત્રાલય દ્વારા મકરસંક્રાતિ નિમિતે આયોજિત સૂર્ય નમસ્કાર કાર્યક્રમમાં વિશ્વભરમાંથી કેટલા લોકોનો એક સાથે સૂર્ય નમસ્કાર કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો હતો

(A) 25 લાખ (B) 50 લાખ **(C) 75 લાખ** (D) 99 લાખ

**5.** તા.14 જાન્યુઆરી મકરસંક્રાતિથી ઉતરપ્રદેશના કયા સ્થળે દોઢ મહિના સુધી ચાલનારા માઘમેળાનો પ્રારંભ થયો

(A) ત્રિવેણી સંગમ **(B) પ્રયાગરાજ** (C) વારાણસી (D) કાશી

**6.** દક્ષિણ ભારતમાં નવા વર્ષની શરૂઆત ક્યા ઉત્સવથી થાય છે

(A) બિહૂ (B) લોહડી **(C) પોંગલ** (D) મકરસંક્રાંતિ

**7.** 14 જાન્યુઆરી-મકરસંક્રાંતિ પર્વ સંદર્ભે વિવિધ રાજ્યોમાં ઉજવાતા ઉત્સવ અંગે નીચેના પૈકી કયુ જોડકું યોગ્ય છે

(A) શિશુર સંક્રાંત – જમ્મુ-કાશ્મીર તથા માઘી/લોહરી – હરિયાણા, હિમાચલપ્રદેશ, પંજાબ

(B) માઘ/બિહુ/ભોગલી -આસામ, ઉત્તર પૂર્વના રાજયો તથા મકર સંક્રાત – બિહાર, ઝારખંડ

(C) મકર સંક્રાતિ – મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓડિશા તથા ઉતરાયણ – ગુજરાત, રાજસ્થાન

**(D) આપેલ તમામ**

**8.** 14 જાન્યુઆરી-મકરસંક્રાંતિ પર્વ સંદર્ભે વિવિધ રાજ્યોમાં ઉજવાતા ઉત્સવ અંગે નીચેના પૈકી કયુ જોડકું યોગ્ય છે

(A) કિચેરી – ઉત્તરપ્રદેશ તથા પોશ સંક્રાતિ – પશ્ચિમ બંગાળ

(B) મકર સંક્રમાના – કર્ણાટક તથા મકારા વિલાક્કુ – કેરળ

(C) પેડ્ડા પંડુગા – આંધ્રપ્રદેશ તથા પોંગલ – તામિલનાડુ

**(D) આપેલ તમામ**

**9.** હાસ્ય સાહિત્યકાર વિનોદ ભટ્ટનો જન્મદિવસ જણાવો

(A) તા. 14 જાન્યુઆરી-1936 (B) તા. 14 જાન્યુઆરી-1937

**(C) તા. 14 જાન્યુઆરી-1938** (D) તા. 14 જાન્યુઆરી-1939

**10.** હાસ્ય લેખક વિનોદ ભટ્ટની આત્મકથાનું નામ જણાવો

**(A) એવા રે અમે એવા** (B) અમે બધા

(C) બિલો ટીલો ટચ (D) વિનોદતૃત્યમ

**DATE : 15-01-2022**

## 1. નેશનલ સ્ટાર્ટઅપ્સ ડે : દર વર્ષે ભારતમાં 16 જાન્યુઆરીએ નેશનલ સ્ટાર્ટઅપ્સ ડે ઉજવવામાં આવશે

**PM શ્રી નરેન્દ્ર મોદી દ્વારા મહત્વની જાહેરાત**



**ભારતમાં સ્ટાર્ટઅપ્સની સ્થિતિ :**

- ✓ દેશમાં 60,000થી વધુ સ્ટાર્ટઅપ છે. તેમાંથી 42 યુનિકોર્ન છે. એક અબજ ડૉલર (આશરે 7415 કરોડ રૂપિયા)થી વધુ મૂલ્યાંકનવાળા સ્ટાર્ટઅપને યુનિકોર્ન કહેવાય છે.
- ✓ વર્ષ 2013-14માં જ્યાં ચાર હજાર પેટન્ટને મંજૂરી મળી હતી. ગત વર્ષે તેમની સંખ્યા 28 હજારથી વધુ થઇ ચૂકી છે.
- ✓ વર્ષ 2013-14માં ટ્રેડમાર્કના 70,000 રજિસ્ટ્રેશન થયા હતા.
- ✓ વર્ષ 2020-21માં 2.5 લાખ ટ્રેડમાર્કનું રજિસ્ટ્રેશન થયું. વર્ષ 2020-21માં આ સંખ્યા 16,000ને વટાવી ગઇ હતી.

## 2. માર્ગ સુરક્ષા માટે મહત્વનો નિર્ણય : કેન્દ્ર સરકાર હવે દરેક પેસેન્જર કારમાં 6 એરબેગ ફરજિયાત કરાઈ

- ✓ અમલ : તા. 01/10/2022થી નવા બનનારા વાહનોમાં નિયમ લાગુ પડશે
- ✓ તા. 01/01/2019થી ડ્રાઈવર ફ્રિટેડ એરબેગ અને વર્ષ 2022થી કો-પેસેન્જર એરબેગ ફરજિયાત બનાવાઇ

**લાભ અને કારની વિવિધ કેટેગરી :**

- ✓ કારમાં 6 એરબેગને ફરજિયાત કરવા માટે મંજૂરી આ સેગમેન્ટની કારોમાં પેસેન્જરની સુરક્ષા સુનિશ્ચિત થઇ શકશે.
- ✓ કારની કિંમત અને વેરિઅન્ટને તેની સાથે કોઇ લેવા-દેવા નહીં રહે. સરકારના આ નિર્ણય બાદ કારો સુરક્ષિત બનશે.
- ✓ માર્ગ સુરક્ષા માટે મહત્ત્વનો આ નિર્ણય M1 કેટેગરીની કાર માટે લેવાયો. M1 કેટેગરીમાં 5થી 8 સીટર કાર સામેલ હોય છે. આમ હવે આ પ્રકારની મિડ રેન્જની તમામ કારોમાં 6 એરબેગ ફરજિયાત રહેશે.
- ✓ હવે કારમાં બે સાઇડ એરબેગ અને બે સાઇડ કરટેન પણ લાગશે જેનાથી કારમાં પાછળ બેસેલા મુસાફરોની સુરક્ષા થશે.

**કારની કિંમત વધી શકશે :**

- ✓ સરકારના આ નિર્ણય બાદ નિશ્ચિત રીતે જ કાર કંપનીઓનો ખર્ચ વધશે. એક એરબેગની કિંમત રૂ. 1,800થી 2,000 હોય છે. તેવામાં 6 એરબેગ માટે 10થી 12 હજારનો ખર્ચ થશે. સરકારના અંદાજ પ્રમાણે એરબેગની ડિમાન્ડ વધતા તેનો ખર્ચ ઘટશે.
- ✓ જાહેરાત : કેન્દ્રીય માર્ગ, પરિવહન અને હાઇ-વે મંત્રી શ્રી નીતિન ગડકરી

## 3. મહિલા પોલીસ વોલન્ટિયર (MPV) યોજના : આ યોજના પોલીસ અને પીડિત મહિલા વચ્ચે કડીનું કામ કરશે




- ✓ દેશનાં તમામ રાજ્યોમાં MPVની નિમણૂક થશે
- ✓ કુલ 13માંથી 7 રાજ્યોને ફંડ અપાયું
- ✓ **ગુજરાત સહિત છત્તીસગઢ, હરિયાણા, આંધ્રપ્રદેશ, મિઝોરમ, ત્રિપુરા અને આંદામાન-નિકોબાર એમ 7 રાજ્યમાં એમપીવીની નિમણૂકનો પ્રારંભ**

**MPV યોજના : એટ એ ગ્લાન્સ**

**મહિલા પોલીસ વોલન્ટિયર આ રીતે કામ કરશે**

- ✓ દરેક રાજ્ય તમામ જિલ્લાના દરેક ગામમાં અને શહેરોના દરેક વોર્ડમાં એક-એક એમપીવીની નિમણૂક કરશે. જે-તે વિસ્તારની સામાજિક કાર્યકર મહિલાને એમપીવી બનાવાશે.
- ✓ દરેક એમપીવીને તે માટે ચોક્કસ માનદ વેતન અપાશે. જિલ્લા તંત્ર એમપીવીને ઓળખપત્ર આપશે. નજીકના પોલીસમથકમાં એમપીવીની વિગતો હશે.
- ✓ એમપીવી કોઇ મહિલા વિરુદ્ધના ગુના કે અત્યાચારની પોલીસને પીડિતા વતી જાણ કરી શકશે. તે ફરિયાદના આધારે પોલીસે તત્કાળ કાર્યવાહી કરવાની રહેશે.
- ✓ એમપીવી પીડિત મહિલાઓનું કાઉન્સેલિંગ પણ કરશે, જેથી પીડિત મહિલા માનસિક રીતે પણ મજબૂત બની શકે.
- ✓ મહિલાઓ તેમની સાથે થતા ગુના વિરુદ્ધ અવાજ ન ઊઠાવી શકતી હોવાની ફરિયાદો સામાન્ય છે. ઘણા કિસ્સામાં ગુનાની જાણ ન થતાં પોલીસ પણ મદદ નથી કરી શકતી. આવી મહિલાઓની સમસ્યા સમજીને કેન્દ્રીય મહિલા-બાળ વિકાસ મંત્રાલયે મહિલા સશક્તિકરણની દિશામાં નવી યોજના ઘડી છે. કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને મહિલા પોલીસ વોલન્ટિયર (એમપીવી)ની નિમણૂકનો આદેશ

**વર્ષ 2016માં પ્રાયોગિક ધોરણે હરિયાણામાં પ્રારંભ**

- ✓ મહિલા-બાળ વિકાસ મંત્રાલયે હરિયાણાના બે જિલ્લામાં યોજનાના પ્રાયોગિક ધોરણે નક્કી કરેલા મોડલ સફળ રહેતાં આ નિર્ણય લીધો છે.

- ✓ <u>હરિયાણાના મહેન્દ્રગઢ અને કરનાલ જિલ્લા</u>ઓમાં આ યોજના 2016માં પ્રાયોગિક ધોરણે શરૂ કરાઇ હતી. ત્યાં તે 4 વર્ષ સુધી સફળતાપૂર્વક ચાલ્યા બાદ તેના માધ્યમથી મળેલી ફરિયાદો અને કેસોના નિકાલ સંબંધી વિવિધ પાસાંનું વિશ્લેષણ કરાયું.
- ✓ દેશભરમાં આ યોજના લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે. તે માટે રાજ્યોને કોઇ સમયમર્યાદા નથી આપી.
- ✓ <u>મંત્રાલય : કેન્દ્રીય મહિલા-બાળ વિકાસ મંત્રાલય</u>

**<u>4. ભારતીય ભૂમિદળ : ભારતીય જવાનો માટે નવો "કોમ્બેટ" યુનિફોર્મ લોન્ચ કરાયો : નવી દિલ્હી</u>**



- ✓ કેન્ટ સ્થિત કરિયપ્પા પરેડ ગ્રાઉન્ડમાં પેરા- એસએફ (સ્પેશિયલ ફોર્સ)ના કમાન્ડોની ટીમ દ્વારા નવા યુનિફોર્મ લોન્ચ કરાયો.
- ✓ યુદ્ધના મેદાન અને ફિલ્ડ પોસ્ટિંગ દરમિયાન હવે જવાનો આ નવો યુનિફોર્મ પહેરશે.
- ✓ ડિઝાઇન બનાવનાર સંસ્થા : ભારતીય સૈન્યના નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી (એનએફઆઇટી)

**<u>યુનિફોર્મની વિશેષતા :</u>**

- ✓ દેશના રણ, જંગલ અને પર્વત જેવી અલગ અલગ ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ **<u>મલ્ટી ટેરેન પેટર્નનો યુનિફોર્મ</u>** તૈયાર કરાયો છે. ભૂમીદળે નવા કોમ્બેટ યુનિફોર્મ પર એક સ્ટડી ગ્રુપની રચના કરી હતી.
- ✓ આ ગ્રુપે એક વર્ષમાં અનેક દેશોના સૈન્યના યુનિફોર્મ અંગે અભ્યાસ કરીને નવો કોમ્બેટ યુનિફોર્મ તૈયાર કર્યો છે. આ સૈન્યનો કોમ્બેટ યુનિફોર્મ છે. અન્ય ઓફિસ યુનિફોર્મ અને સેરેમોનિયલ વગેરે યુનિફોર્મ પહેલાંની જેમ જ રહેશે.
- ✓ નવો યુનિફોર્મ અમેરિકન સૈન્યના કોમ્બેટ યુનિફોર્મની જેમ તૈયાર કરાયો છે. નવા યુનિફોર્મનું ફેબ્રિક પહેલાંના યુનિફોર્મ કરતાં લાઇટ હોવા છતાં વધુ મજબૂત છે.
- ✓ જવાનોએ આ જેકેટ જેવા યુનિફોર્મના ગોળ ગળાની કોમ્બેટ ટી-શર્ટ પણ પહેરવી પડશે. આ સિવાય કેપ પણ નવી ડિઝાઇન કરાઇ છે.
- ✓ ભૂમી દળના પ્રમુખ : જનરલ મનોજ મુકુંદ નરવણે

**<u>5. નવી જાહેરાત : કેન્દ્ર સરકાર</u>**

**<u>ભારતમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો પ્રારંભ હવે તા. 23 જાન્યુઆરીથી કરાશે</u>**




**<u>મહત્વ :</u>**

- ✓ પ્રજાસત્તાક દિનની ઉજવણી હવેથી 23 જાન્યુઆરીએ નેતાજી સુભાષચન્દ્ર બોઝની જન્મજયંતીની **<u>'પરાક્રમ દિવસ'</u>** તરીકે ઊજવીને આરંભ કરવામાં આવશે.
- ✓ અત્યાર સુધી પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો આરંભ 24 જાન્યુઆરીથી થતો હતો.

**<u>ભારતમાં નવા જાહેર કરાયેલા દિવસો :</u>**

- ✓ 14 ઓગસ્ટ : ભારત-પાકિસ્તાનના ભયાનક ભાગલાનો સ્મૃતિ દિન - **<u>વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ</u>** <u>(વર્ષ-2021થી પ્રારંભ)</u>
- ✓ 31 ઓક્ટોબર : સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી - **રાષ્ટ્રીય એકતા દિવસ**
- ✓ 26 ડિસેમ્બર : ગુરુ ગોવિંદસિંહના ચાર સાહિબજાદાની શ્રદ્ધાંજલિ સ્વરૂપે – **વીર બાળ દિવસ** <u>(વર્ષ-2021થી પ્રારંભ)</u>

**<u>6. દિન વિશેષ : 15 જાન્યુઆરી</u>**

**<u>74મો ભારતીય સેના દિવસ</u>**




- ✓ ભારતીય સેનાનો 74માં સ્થાપના દિવસની નવી દિલ્હી ખાતે ઉજવણી

**<u>15 જાન્યુઆરીનું ઐતિહાસીક મહત્વ :</u>**

- ✓ 15 જાન્યુઆરી 1949ના રોજ ફિલ્ડ માર્શલ કે.એમ. કરિઅપ્પાએ પ્રથમ ભારતીય કમાન્ડર ઇન ચીફ તરીકે સેનાની કમાન સંભાળી હતી.
- ✓ તેમણે આ કાર્યભાર અંતિમ બ્રિટિશ કમાન્ડર ઇન ચીફ ફ્રાન્સિસ બૂચર પાસેથી ગ્રહણ કર્યો હતો.
- ✓ આ દિવસની યાદમાં સેના દિવસ મનાવાય છે.
- ✓ દર વર્ષે આર્મી કમાન્ડના મુખ્યમથક અને રાષ્ટ્રીય રાજધાનીમાં અનેક લશ્કરી શો સહિત લશ્કર પરેડનું આયોજન કરીને ઉજવવામાં આવે છે.
- ✓ વર્તમાન વડા જનરલ : એમ.એમ. નરવણે
- ✓ વડુ મથક : નવી દિલ્હી

**<u>7. જન્મદિન વિશેષ : 15 જાન્યુઆરી સંગીતકાર ઓ. પી. નૈયર</u>**

**<u>જન્મ : 15 જાન્યુઆરી-1926 અવસાન : 2007</u>**

- ✓ <u>આજના પાકિસ્તાનમાં લાહોરમાં જન્મેલા ઓ. પી. નૈયરનું આખું નામ ઓમકાર પ્રસાદ નૈયર</u> હતું.



- ✓ તેમની પહેલી ફિલ્મ 1949ની કનીજમાં બેકગ્રાઉન્ડ સંગીતથી સંગીતયાત્રા શરૂ કરનારા નૈયરની કમ્પોઝિશનમાં શમશાદ બેગમ, ગીતા દત્ત અને મોહમ્મદ રફીએ ગીતો ગાયા હતા.

**<u>ફિલ્મ કારકિર્દી :</u>**

- ✓ બાઝ, આરપાર, મહેબૂબા, મિસ કોકાકોલા, મુસાફિરખાના, મિ. એન્ડ મિસેઝ 55, સબ સે બડા રૂપૈયા, ભાગમભાગ, સી. આઇ. ડી., હમ સબ ચોર હૈ, નયા અંદાજ, શ્રીમતી 420, નયા દૌર, તુમસા નહિ દેખા, ઉસ્તાદ, ફરિસ્તા, મુજરિમ, ફાગુન, રાગિણી, દો ઉસ્તાદ, જાલી નોટ, કાશ્મીર કી કલી જેવી અનેક ફિલ્મોમાં ઓ.પી. નૈયરે સંગીત આપ્યું હતું.
- ✓ કજરા મોહબ્બતવાલા, યહ દેશ હૈ વીર જવાનો કા, એક પરદેશી મેરા દિલ લે ગયા, લે કે પહેલા પહેલા પ્યાર, બાબુજી ધીરે ચલના કભી આર કભી પાર જેવા અનેક કર્ણપ્રિય ગીતો નૈયર સાહેબે આપ્યા છે.
- ✓ સન્માન : ફિલ્મ ફેર એવોર્ડ

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (15-01-2022)</u>

**1.** કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા જાન્યુઆરી 2022માં માર્ગ સુરક્ષા માટે લેવાયેલા મહત્વના નિર્ણય બાબતે નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી

1. દરેક પેસેન્જર કારમાં 6 એરબેગ ફરજિયાત કરાઇ
2. તા. 01/10/2022થી નવા બનનારા વાહનોમાં એરબેગનો નિયમ લાગુ પડશે
3. આ નિર્ણય M1 કેટેગરીની કાર માટે લેવાયો
4. M1 કેટેગરીમાં 5થી 7 સીટર કાર સામેલ હોય છે
(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** મહિલા પોલીસ વોલન્ટિયર (MPV) યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો યોગ્ય છે
1. દેશનાં તમામ રાજ્યોમાં MPVની નિમણૂક કરાશે
2. ગુજરાત સહિત છત્તીસગઢ, હરિયાણા, આંધ્રપ્રદેશ, મિઝોરમ, ત્રિપુરા અને આંદામાન-નિકોબાર એમ 7 રાજ્યમાં એમપીવીની નિમણૂકનો પ્રારંભ
3. વર્ષ 2016માં હરિયાણાના મહેન્દ્રગઢ અને કરનાલ જિલ્લાઓમાં પ્રાયોગિક ધોરણે પ્રારંભ કરાઇ હતી
4. દરેક રાજ્ય તમામ જિલ્લાના દરેક ગામમાં અને શહેરોના દરેક વોર્ડમાં એક-એક એમપીવીની નિમણૂક કરશે
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ભારતીય સેનાના જવાનો માટે જાન્યુઆરી 2022માં લોન્ચ કરાયેલા નવા "કોમ્બેટ" યુનિફોર્મ સંદર્ભે કઇ વિગતો યોગ્ય છે
1. નવી દિલ્હીના કરિયપ્પા પરેડ ગ્રાઉન્ડ- પેરા- એસએફ (સ્પેશિયલ ફોર્સ)ના કમાન્ડોની ટીમ દ્વારા નવા યુનિફોર્મ લોન્ચ કરાયો
2. ભારતીય સૈન્યના નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી (NIFT) દ્વારા ડિઝાઇન તૈયાર કરાઇ
3. દેશના રણ, જંગલ અને પર્વત જેવી અલગ ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને મલ્ટી ટેરેન પેટર્નનો યુનિફોર્મ તૈયાર કરાયો
(A) 1 અને 2 (B) 2 અને 3 (C) માત્ર 2 **(D) આપેલ તમામ**

**4.** ભારતમાં જાહેર કરાયેલા નવા દિવસો સંદર્ભે નીચેના પૈકી કયુ જોડકુ યોગ્ય છે
1. 23 જાન્યુઆરી : પરાક્રમ દિવસ
2. 14 ઓગસ્ટ : વિભાજન વિભિષિકા સ્મૃતિ દિવસ
3. 31 ઓક્ટોબર : રાષ્ટ્રીય એકતા દિવસ
4. 26 ડિસેમ્બર : વીર બાળ દિવસ
(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**5.** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ 2022થી દર વર્ષે ભારતમાં ક્યા દિવસને નેશનલ સ્ટાર્ટઅપ્સ ડે તરીકે ઉજવવાની જાહેરાત કરાઇ
**(A) તા. 16 જાન્યુઆરી** (B) તા. 20 જાન્યુઆરી
(C) તા. 23 જાન્યુઆરી (D) તા. 25 જાન્યુઆરી

**6.** કેન્દ્રીય મહિલા-બાળ વિકાસ મંત્રાલય દ્વારા જાન્યુઆરી 2022માં પોલીસ અને પીડિત મહિલા વચ્ચે કડીરૂપ યોજના ભારતભરમાં લોન્ચ કરાઇ
(A) પોલીસ મહિલા વોલન્ટિયર (PMV)
(B) પોલીસ મહિલા મિત્ર (PMM)
**(C) મહિલા પોલીસ વોલન્ટિયર (MPV)**
(D) મહિલા પોલીસ મિત્ર (MPM)

**7.** ભારતમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીનો પ્રારંભ તા.24 જાન્યુઆરીના બદલે હવે કઇ તારીખથી કરવાની જાન્યુઆરી-2022માં જાહેરાત કરાઇ
(A) તા. 21 જાન્યુઆરી (B) તા. 22 જાન્યુઆરી
**(C) તા. 23 જાન્યુઆરી** (D) તા. 25 જાન્યુઆરી

**8.** ભારતીય સેના દિવસ ક્યારે ઉજવવામાં આવે છે
**(A) તા. 15 જાન્યુઆરી** (B) તા. 16 જાન્યુઆરી
(C) તા. 17 જાન્યુઆરી (D) તા. 18 જાન્યુઆરી

**9.** તા. 15 જાન્યુઆરી 2022 કેટલામો ભારતીય સેના દિવસ ઉજવાયો
**(A) 74** (B) 75 (C) 76 (D) 77

**10.** ભારતીય સેનાનું વડુ મથક ક્યાં આવેલું છે
(A) લદ્દાખ (B) બેંગ્લોર **(C) નવી દિલ્હી** (D) મુંબઇ

**11.** સંગીતકાર ઓમકાર પ્રસાદ નૈયરનો જન્મ દિવસ જણાવો
(A) તા. 12 જાન્યુઆરી-1923 (B) તા. 13 જાન્યુઆરી-1924
(C) તા. 14 જાન્યુઆરી-1925 **(D) તા. 15 જાન્યુઆરી-1926**

**DATE : 16-01-2022**

**1. કોરોના વેક્સિનેશન ઝુંબેશ : ભારતમાં એક વર્ષ પૂર્ણ**
**તા. 16 જાન્યુઆરી 2021ના રોજ પ્રથમ કોરોના વેક્સીન અપાઇ હતી**

✓ તા.16 જાન્યુઆરી 2022ની સ્થિતિએ અત્યાર સુધીમાં 156.76 કરોડ વેક્સિનના ડોઝ અપાયા
✓ **ખાસ : વિશ્વની સૌથી મોટી વેક્સિનેશન ઝુંબેશના એક વર્ષ પૂર્ણ નિમિતે રૂ. 5ની વિશેષ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરાઇ**




**2. ભારત-રશિયન નેવીની બે દિવસીય સંયુક્ત યુદ્ધ અભ્યાસ : અરબ સાગર**





**વિગત :** ભારત વતી સ્વદેશી નિર્મિત વિનાશિકા INS કોચી અને રશિયા વતી એડમિરલ ટ્રિબ્યુટ્સે કવાયતમાં ભાગ લીધો

✓ બે દિવસના આ યુદ્ધાભ્યાસમાં બંને દેશની નેવી વચ્ચેની સુસંગતતા અને આંતરકાર્યક્ષમતાનું નિદર્શન જોવા મળ્યું.
✓ રશિયન નેવીના જહાજ સાથે બે અન્ય જહાજ મિસાઇલ ક્રૂઝર વાયંગ અને રશિયન ટેન્કર બોરિસ બુટોમા પણ આવ્યું

**3. ખેલકૂદ : ઇન્ડિયા ઓપન-2022 મેન્સ સિંગલ્સ બેડમિન્ટન**



**ખિતાબ વિજેતા અને દેશ** લક્ષ્ય સેન : ભારત
**ઉપવિજેતા અને દેશ :** લોહ કીન ટીવ : સિંગાપુર
✓ **યજમાન :** નવી દિલ્હી

**4. ખેલકૂદ : ઇન્ડિયા ઓપન-2022 મેન્સ ડબલ્સ બેડમિન્ટન**




**ખિતાબ વિજેતા અને દેશ**

✓ ભારતીય જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાંઇરાજ રંકી રેડ્ડી

**ઉપવિજેતા અને દેશ :**

✓ મોહમ્મદ અહસાન અને હૈડ્રા સેતિયાવાન : ઈન્ડોનેશિયા

**5. અલાસ્કાથી 10 હજાર કિમી દૂર હંગા ટોંગા-હોપાઈ જ્વાળામુખી સક્રિય**

✓ ન્યૂઝીલેન્ડની નજીક એક ટાપુ પર આવેલા દેશ ટોંગાની નજીક સમુદ્રમાં જ્વાળામુખીમાં ભયાનક વિસ્ફોટ થયો હતો. તેના કારણે જાપાન અને પશ્ચિમ અમેરિકામાં સુનામીનો ખતરો ઊભો થયો

✓ જ્વાળામુખીમાં વિસ્ફોટને કારણે પ્રશાંત મહાસાગરમાં તટીય ક્ષેત્રોમાં 4 ફૂટથી પણ ઊંચા મોજા ઊછળી રહ્યા છે.







**જ્વાળામુખીની અસરો :**

✓ ટોંગા નજીક સમુદ્રમાં પાણી નીચે જ્વાળામુખી વિસ્ફોટક એટલો શક્તિશાળી હતો કે તે દુનિયાભરમાં અનુભવાયો.

✓ આ જ્વાળામુખી વિસ્ફોટકને કારણે એક સુનામીની શરૂઆત થઇ છે જેના લીધે જાપાણથી માંડીને અમેરિકાના પેસિફિક કિનારાના વિસ્તારોમાં પાણી ભરાઇ ગયું છે.

✓ સેટેલાઈટ ઇમેજમાં બતાવાયું છે કે અલાસ્કાથી 10000 કિ.મી.(6000 માઇલ) દૂર સમુદ્રમાં હંગા ટોંગા- હંગા હાપાઈ જ્વાળામુખીમાં ભારે ગર્જના સાથે વિસ્ફોટ થયો હતો. તેના લીધે હવામાં ધૂમાડો અને રાખ ફેલાઈ ગઇ હતી.

✓ અમેરિકી જિયોલોજિક સરવે અનુસાર જ્વાળામુખી વિસ્ફોટની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.8ની તીવ્રતાના ભૂકંપ સમાન હતી.

**6. સતત બીજા વર્ષે વર્લ્ડ ઇકોનોમિક ફોરમના દાવોસ સમિટનું ઓનલાઇન આયોજન**

**દાવોસ સમિટ વિશે :**

✓ વર્લ્ડ ઇકોનોમિક ફોરમ(ડબ્લ્યુઇએફ)ના આયોજિત થનારા પાંચ દિવસના ઓનલાઇન દાવોસ એજન્ડા સમિટના પ્રથમ દિવસ સોમવારે વડાપ્રધાન મોદી અને ચીનના પ્રમુખ જિનપિંગ વિશ્વ સ્થિતિ વિષય પર વિશેષ સંબોધન કરશે.

✓ દાવોસ એજન્ડા સમિટનું આયોજન સતત બીજા વર્ષે ઓનલાઇન કરવામાં આવી રહ્યું છે. સમિટની શરૂઆત સોમવારે જિનપિંગના સંબોધનની સાથે થશે. ત્યારબાદ બે વર્ચ્યુઅલ સેશન હશે જેમાં પ્રથમ કાવિડ-19 પર અને બીજું ચોથી ઔદ્યોગિક ક્રાંતિમાં ટેકનોલોજી સહયોગ પર હશે.

**વિવિધ મહાનુભાવોના સંબોધન :**

✓ PM મોદી, યુએનના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસ, ઇઝરાયેલના વડાપ્રધાન નફતાલી બેનેટ અને જાપાનના વડાપ્રધાન કિશિદા ફુમિયો, જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કૂલ્ઝ, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લિયેન અને ઇન્ડોનેશિયાના પ્રમુખ જોકો વિકોકો.

**દાવોસ એજન્ડા 2022 વિશે :**

✓ WEFએ જણાવ્યું હતું કે દાવોસ એજન્ડા 2022 એવું પ્રથમ વૈશ્વિક મંચ છે જ્યાં વિશ્વના અગ્રણી નેતાઓ 2022 માટે પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરશે. આ કાર્યક્રમનો વિષય વિશ્વની સ્થિતિ છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (16-01-2022)

**1.** ભારતમાં કોરોના વેક્સિનેશન ઝુંબેશ સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો સાચા છે

1. તા. 16 જાન્યુઆરી 2021ના રોજ પ્રથમ કોરોના વેક્સીન અપાઇ હતી
2. તા.16 જાન્યુઆરી 2022ની સ્થિતિએ 156.76 કરોડ વેક્સિનના ડોઝ અપાયા
3. વિશ્વની સૌથી મોટી વેક્સિનેશન ઝુંબેશના એક વર્ષ પુર્ણ નિમિતે રૂ. 5ની વિશેષ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરાઇ

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** જાન્યુઆરી 2022માં ભારત-રશિયન નેવી વચ્ચે યોજાયેલા યુદ્ધ અભ્યાસ અંગે નીચેનામાંથી કઇ બાબત યોગ્ય છે

1. અરબ સાગરમાં બંને દેશો વચ્ચે બે દિવસીય સંયુક્ત યુદ્ધ અભ્યાસ
2. ભારત વતી સ્વદેશી નિર્મિત વિનાશિકા INS કોચીએ કવાયતમાં ભાગ લીધો
3. રશિયા વતી એડમિકલ ટ્રિબ્યુટ્સે કવાયતમાં ભાગ લીધો

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) માત્ર 2 **(D) આપેલ તમામ**

**3.** ઇન્ડિયા ઓપન-2022 મેન્સ સિંગલ્સ બેડમિન્ટન અંગે કયા વિધાનો યોગ્ય છે

1. ભારતીય ખેલાડી લક્ષ્ય સેન ખિતાબ વિજેતા
2. સિંગાપુરનો ખેલાડી લોહ કીન ટીવ ઉપવિજેતા
3. યજમાન : નવી દિલ્હી

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**4.** ઇન્ડિયા ઓપન-2022 મેન્સ ડબલ્સ બેડમિન્ટન સંદર્ભે કયા વિધાનો યોગ્ય છે

1. ભારતીય જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાંઇરાજ રંકી રેડ્ડી ખિતાબ વિજેતા
2. ઇન્ડોનેશિયાની જોડી મોહમ્મદ અહસાન અને હૈડ્રા સેતિયાવાન ઉપવિજેતા
3. યજમાન : નવી દિલ્હી

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) આપેલ તમામ**

**5.** વર્લ્ડ ઇકોનોમિક ફોરમના દાવોસ સમિટ 2022 સંદર્ભે નીચેનામાંથી કઇ બાબતો યોગ્ય છે

1. સતત બીજા વર્ષે દાવોસ સમિટનું ઓનલાઇન આયોજન
2.દાવોસ એજન્ડા 2022 એવું પ્રથમ વૈશ્વિક મંચ, જ્યાં વિશ્વના અગ્રણી નેતાઓ 2022 માટે પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરશે
3. કાર્યક્રમનો વિષય : ‘વિશ્વની સ્થિતિ’
4. ભારત, જાપાન અને ઇઝરાયેલના વડાપ્રધાન તેમજ યુએનના સેક્રેટરી જનરલ, જર્મનીના ચાન્સેલર, યુરોપિયન કમિશનના પ્રમુખ અને ઇન્ડોનેશિયાના પ્રમુખ સહિતના મહાનુભાવોનું સમિટમાં સંબોધન

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**6.** ન્યૂઝીલેન્ડની નજીક એક ટાપુ પર આવેલા દેશ ટોંગાની નજીક સમુદ્રમાં જ્વાળામુખીમાં ભયાનક વિસ્ફોટ થયો હતો

(A) ચંગા ચેન્નાર-ડેકાઇ **(B) હંગા ટોંગા-હોપાઈ**
(C) વિકા સેંગા-હુપર (D) ડેકા કેંડા-હુનાઇ

**DATE : 17-01-2022**

**1. શિક્ષણ વિભાગ – ગુજરાત સરકાર**

**જૂન-2022થી ગુજરાતમાં બાલવાટિકા-KG શરૂ કરવાનો નિર્ણય**

**6 વર્ષ સુધીના બાળકોને એડમિશન મળશે**

- ✓ ગુજરાત સરકાર નવા શૈક્ષણિક સત્રથી રાજ્યની 54 હજાર સરકારી શાળાઓમાં જ પ્રિ-પ્રાયમરી અર્થાત પૂર્વ પ્રાથમિક શિક્ષણનો અમલ કરવા આગળ વધી રહી છે.

**હાલની વ્યવસ્થા :**

- ✓ ગુજરાતમાં હાલમાં પ્રિ-પ્રાયમરી શિક્ષણ માટે પ્રાઈવેટ ક્ષેત્રે ચાલતી નર્સરી-KG એ જ એકમાત્ર વિકલ્પ છે. જો કે, ભારત સરકારની નવી શિક્ષણ નીતિ હેઠળ ત્રણથી 6 વર્ષ સુધીના બાળકોની કેળવણી માટે વ્યવસ્થા કરવાની માર્ગદર્શિકા છે.
- ✓ ત્રણથી પાંચ વર્ષ સુધીના બાળકને ઘરથી તદન નજીકના વિસ્તારમાં આંગણવાડી થકી કેળવણી અને પાંચથી છ વર્ષના બાળકને ગામ કે શહેરની સરકારી શાળાઓમાં બાલવાટિકા થકી પૂર્વ પ્રાથમિક શિક્ષણ અપાશે.
- ✓ બાલવાટિકાઓને ધોરણ- 1 અને 2 સુધી સળંગ એક એકમ સ્વરૂપ ગણીને શિક્ષણ અપાશે.
- ✓ 1લી જૂન– 2023થી 6 વર્ષ પૂર્ણ થશે તેને જ પહેલા ધોરણમાં પ્રવેશ

**2. નિધન : કથક નૃત્યના પર્યાય ગણાતા કથક સમ્રાટ પંડિત બિરજુ મહારાજનું 83 વર્ષની ઉંમરે દિલ્હીમાં અવસાન**



**પરિચય : મૂળ નામ :** પંડિત બ્રિજમોહનનાથ મિશ્ર.

- ✓ **જન્મ :** તા. 4 ફેબ્રુઆરી 1938 **જન્મ સ્થળ :** લખનઉ
- ✓ **ઘરાના : કથક નૃત્યના કાલકા બિંદાદીન ઉપનામ : 'મહારાજજી'**

**કારકિર્દી-સન્માન :**

- ✓ તેઓ કથક નૃત્યની સાથે શાસ્ત્રીય ગાયન પણ કરતા હતા. તેમને 1983માં પદ્મ વિભૂષણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**3. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દાવોસ-2022 (ઓનલાઇન)**

**સમયગાળો : તા.17 થી 21 જાન્યુઆરી 2022**




**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ ભારતમાં રોકાણ કરવાનો અત્યારે શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે. ભારત પાસે હાલમાં વિશ્વની સૌથી મોટી, સુરક્ષિત અને સફળ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ છે.
- ✓ છેલ્લા એક મહિનામાં ભારતમાં યુપીઆઈ દ્વારા 4.4 અબજ વ્યવહારો નોંધાયા હતા. ભારત આજે વિશ્વમાં ત્રીજા નંબરનો સૌથી મોટો ફાર્માસ્યુટિકલ ઉત્પાદન કરતો દેશ છે. ભારત વન અર્થ વન હેલ્થમાં માને છે.
- ✓ વિશ્વના ઘણા દેશોને જરૂરી દવા અને વેક્સિન આપીને કરોડો લોકોની જિંદગી બચાવી છે. કોવિડના ત્રીજા વેવનો પણ ભારત સફળતાપૂર્વક સામનો કરી રહ્યું છે અને સાથે જ આર્થિક વિકાસ પણ સાધી રહ્યું છે.
- ✓ ભારતે વિશ્વને એક આશા આપી છે. ક્રિપ્ટો અંગે સમગ્ર વિશ્વ સર્વગ્રાહી અભિગમ અપનાવે તે જરૂરી છે.
- ✓ ભારતમાં આજે 60 હજારથી વધુ સ્ટાર્ટઅપ છે. તેમાંથી 10 હજાર તો છેલ્લા છ મહિનામાં જ નોંધાયા છે. 50 લાખથી વધુ સોફ્ટવેર ડેવલોપર ભારતમાં કામ કરી રહ્યા છે.

**4. જન્મ દિન વિશેષ : 17 જાન્યુઆરી એમ.જી. રામચંદ્રન**




**જન્મ : 17 જાન્યુઆરી -1917 અવસાન : 24 ડિસેમ્બર-1987**

- ✓ શ્રીલંકાના કેન્ડીમાં જન્મેલા રામચન્દ્રનનો પરિવાર મહાત્મા ગાંધીથી પ્રભાવિત હતો.
- ✓ તેઓની પહેલી ઓળખ અભિનેતા તરીકેની છે. 1936માં સાથી લીલાવથી ફિલ્મથી ફિલ્મોમાં પ્રવેશ કરનાર એમ. જી. આર 1950માં મન્થીરકુમારી ફિલ્મ દ્વારા તમિલ ફિલ્મોમાં પ્રકાશમાં આવ્યા હતા.
- ✓ વર્ષ 1972માં તેમને ફિલ્મફેર એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. તમિલ ફિલ્મોના ક્ષેત્રે અભૂતપૂર્વ સફળતાના પાયા પર તેઓ રાજનીતિમાં સક્રિય થયા હતા.
- ✓ ડીએમકે પક્ષના સભ્ય, ધારાસભ્ય, એઆઇડીએમકે (ઓલ ઇન્ડિયા દ્રવિડ મુનેત્ર કઝગમ) પક્ષની સ્થાપના અને તમિલનાડુના મુખ્યમંત્રી વગેરે એમ. જી. આરની રાજકીય વિકાસ અવસ્થાઓ હતી.
- ✓ તેઓ પહેલા અભિનેતા હતા જેઓ મુખ્યમંત્રી બન્યા હોય. તેમના મુખ્યમંત્રી કાળ (1977-1987) દરમિયાન રામચન્દ્રના કન્યાઓ માટે સ્કૂલ બસ અને મધ્યાહન ભોજન યોજનાઓ અસ્તિત્વમાં આવી હતી.
- ✓ લોકકલ્યાણકારી યોજનાઓને કારણે એમ. જી. આર મક્કલ થીલાગમ (લોકોના રાજા) તરીકે જાણીતા બન્યા હતા.
- ✓ એમ. જી. રામચન્દ્રનનું 24 ડિસેમ્બર 1987ના રોજ કિડની ફેલ થવાથી મદ્રાસમાં અવસાન થયું હતું.

**5. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃતવ હેઠળની સરકારના 121 દિવસ દરમિયચાન લેવાયેલા મહત્વના નિર્ણયો**


**લોકાભિમુખ વહીવટ**

- દેશના તમામ રાજ્યો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટીવ રેન્કમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ.
- રાજ્યમાં સુશાસન સપ્તાહની વિશેષ ઉજવણી. ૧,૧૮૩ સમરસ ગ્રામ પંચાયતોને રૂા.૬૩ કરોડથી વધુનું પ્રોત્સાહક અનુદાન. મનરેગા યોજના અન્વયે રાજ્યમાં રૂા. ૧૨૮ કરોડના ખર્ચે ૧૭,૮૩૫ જનહિતલક્ષી કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયા
- સેવા સેતુ અંતર્ગત ૨,૫૦૦ કાર્યક્રમો દ્વારા ૧૩ વિભાગોની ૨૮૦ જેટલી સેવાઓ નાગરિકોને ઘરઆંગણે ઉપલબ્ધ કરાવાઈ. ૭૩,૨૨,૪૮૭ અરજીઓનો નિકાલ.

**શિક્ષિત ગુજરાત**

- નવી શિક્ષણ નીતિના દિશાદર્શનના રોડમેપ અને SSIP 2.0નું લોન્ચીંગ.
- દેશના સૌથી મોટા પ્રોજેક્ટ મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ માટે વર્લ્ડ બેંક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ૫૦૦ મિલિયન ડોલરનું ફંડ મંજૂર કરાયું આ પ્રોજેક્ટ માટે ગુજરાતને ૧ બિલિયન ડોલરનું ફંન્ડીંગ મળશે.
- અમદાવાદમાં "કૌશલ્યા સ્કીલ" યુનિવર્સિટીની સ્થાપના કરાશે. સ્કીલ ઈન્ડિયા સાથે સ્કીલ ગુજરાત મિશનને સાકાર કરવાનો નવતર અભિગમ.

**યુવા વિકાસ : હર હાથને કામ**

- કોરોનાકાળમાં યુવાનો નોકરીની તકથી વંચિત ન રહી જાય એવા અભિગમ સાથે સરકારી નોકરીમાં ભરતી માટેની મર્યાદામાં એક વર્ષની છૂટછાટ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય.
- નોકરી દાતા અને રોજગારવાંચ્છુ યુવાનો વચ્ચે સેતુ રૂપ "અનુબંધમ" પોર્ટલ અને મોબાઈલ એપ કાર્યરત. શ્રમિકોના ઉત્કર્ષ માટે ૪૫ લાખ જેટલા શ્રમિકોની ઈ-શ્રમ પોર્ટલ હેઠળ નોંધણી.

## ગુજરાતના શહેરો-સ્માર્ટ સિટી

- અમદાવાદ, સુરત, ભાવનગર અને પાટણની આઠ ટાઉન પ્લાનીંગ સ્કીમ અને વડોદરા, સુરત અને અમદાવાદની વધુ ૬ ટાઉન પ્લાનીંગ સ્કીમ મળીને કુલ ૧૮ ટી.પી. સ્કીમને મંજૂરી.
- ક્લીન ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના ૩૧ ગામો, નગરો અને શહેરોમાં સ્વચ્છ ભારત, સુંદર ભારત, અમૃત ૨.૦ અંતર્ગત વિવિધ કામો હાથ ધરાયા.
- ૬૨ હજાર શેરી ફેરીયાઓને પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ અપાયા. પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત ૧.૦૯ લાખ શેરી ફેરીયાઓને લોન આપવાની પરિણામલક્ષી કામગીરી.

## પાણીનું પાણીદાર આયોજન

- 'નલ સે જલ'ના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર. બોટાદ, આણંદ, મહેસાણા, પોરબંદર અને ગાંધીનગર જિલ્લા પછી વડોદરા ૧૦૦ ટકા 'નલ સે જલ' મેળવનાર છઠ્ઠો જિલ્લો બન્યો.
- વડોદરા, સાવલી, ડેસર અને કરજણ તાલુકાના ૨૧૧ ગામો માટે રૂા. ૩૬૪ કરોડની પાંચ નવી જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત. ૪.૩૫ લાખ ગ્રામીણ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળશે.

## નારી ગૌરવ

- મહિલાઓના ૧.૧૩ લાખ સ્વસહાય જૂથોને આર્થિક રીતે સક્ષમ બનાવાયા. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ૧૩,૫૦૦ જેટલા સ્વસહાય જૂથોને લોન અપાઈ.
- કોરોનાના સમયમાં પણ રાજ્યના નાગરિકોને ભોજનની અસુવિધા ઉભી ન થાય તે માટે એક લાખથી વધુ પરિવારોના અંદાજે ૪.૮૨ લાખ નાગરિકોને અન્ન સુરક્ષા પુરી પાડવામાં આવી.
- પાત્રતા ધરાવતી ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ રૂા.૧૨૫૦ની આર્થિક સહાય સીધી લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવી છે.

## ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની શ્રૃંખલા અંતર્ગત ૧૩૫ જેટલા એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરાયા.
- લોજિસ્ટિક્સ — માલ સામાનની સરળતાથી હેરફેરની કાર્યક્ષમતા LEADS ઈન્ડેક્ષમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે.
- પી.એમ. ગતિશક્તિ પ્રોજેક્ટના અમલીકરણમાં ગુજરાત અગ્રણી.

## ખુશહાલ ખેડૂત-હરિયાળું ગુજરાત

- ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જીલ્લો જાહેર કરાયો.
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૨માં ૫૭.૪૯ લાખ ખેડૂતોના ખાતામાં રૂા.૧,૧૯૯.૬૦ કરોડની રકમ સીધી જમા કરવામાં આવી.
- સપ્ટેમ્બર-૨૦૨૧માં પડેલા ભારે વરસાદથી ખેડૂતોને થયેલા પાક નુકશાન સામે પ્રથમ તબક્કામાં રૂા.૫૪૬ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું બીજા તબક્કામાં રૂા.૫૩૧ કરોડનું રાહત પેકેજ.
- દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં અંદાજે ૨.૩૪ લાખથી વધુ ખેડૂતોને દેશી ગાયની નિભાવણી માટે સહાય.

## માર્ગ નિર્માણ

- દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘટાડતા તારાપુરથી વાસદ વચ્ચેના ૪૮ કિલોમીટર લંબાઈનો રૂા. ૧૦૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત સિક્સલેન માર્ગ જનતાને સમર્પિત.
- સરખેજ-ગાંધીનગર-ચિલોડા નેશનલ હાઈ-વેના માર્ગ પર વધુ એક ફલાયઓવર બ્રિજ જનતાને સમર્પિત.
- ફાટકમુક્ત ગુજરાતની નેમ સાથે રેલ્વે ઓવરબ્રિજ અને અન્ડર બ્રિજના ૩૦ કામો માટે રૂા.૮૯૦ કરોડના પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી.

## વંચિતો વિકાસની વાટે

- વન્ય અધિકાર અધિનિયમ અંતર્ગત ૧૬,૫૭૨ વનબંધુઓને જમીનના અધિકારો અપાયા.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૩૮.૬૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ. ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતા આશરે ૪૬.૯૭ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય અપાઈ.
- દિવ્યાંગજનોને દિવ્યાંગતાનું પ્રમાણપત્ર લાઈફ ટાઈમ માટે માન્ય કરવાનો મહત્વનો નિર્ણય કરાયો.

## શાંત, સલામત અને સુરક્ષિત ગુજરાત

- ગૃહ વિભાગ હસ્તકની વિવિધ પોલીસ સંવર્ગની ૨૭,૮૪૭ જગ્યાઓ ભરવાનો મહત્વપૂર્ણ નિર્ણય.
- રાજ્યના યુવાનોનો કેફી દ્રવ્યોના નશાની ચુંગાલમાંથી મુક્ત કરવા અને કેફી દ્રવ્યોના પેડલરોને નેસ્તનાબૂદ કરવા રાજ્ય સરકારે લીધાં આક્રમક પગલાં.
- કેફી દ્રવ્યો અંગે બાતમી આપનાર બાતમીદારો અને પોલીસ અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા રાજ્યમાં સૌ પ્રથમવાર નાર્કો રિવોર્ડ પોલીસીનો સુદ્રઢ અમલ કરવામાં આવ્યો છે.
- રાજ્યમાં નાગરિકો સાઈબર ફ્રોડના ભોગ ન બને અને સાઈબર ક્રાઈમ સામે જનજાગૃતિ લાવવા સાઈબર સેઈફ મિશન લોંચ કરવામાં આવ્યું છે.

## સરળ, ઝડપી અને પારદર્શક મહેસૂલી સેવાઓ

- બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમય મર્યાદા દૂર કરવામાં આવી.
- નિયત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ આપી. સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવાનો ઐતિહાસિક નિર્ણય.
- વર્ષ ૨૦૧૯થી નોંધાયેલ દસ્તાવેજોની ડિજિટલી સાઈન્ડ નકલ ઓનલાઈન ઉપલબ્ધ કરાવાઈ.
- PMJAY-'મા' યોજનાના લાભાર્થીને અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો મહત્વનો નિર્ણય અમલી.
- વહીવટી તંત્રમાં પારદર્શિતા લાવવા અને કાર્યક્ષમતા વધારવાના હેતુથી ઈ-સરકાર પોર્ટલ-એપ્લિકેશનનો શુભારંભ.

## સુખ, સમૃદ્ધિ અને સુવિધાસંપન્ન ગ્રામજીવન

- આત્મનિર્ભર ગ્રામયાત્રા અંતર્ગત ૧૨ વિભાગોના રૂા.૧,૫૭૭ કરોડથી વધુના ખર્ચે ૪૨,૯૫૦ જેટલા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું. ૧,૯૨, ૫૭૫થી વધુ લાભાર્થીઓને લોન સહાયના ચેકનું વિતરણ કરાયું.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ૧.૪૪ લાખ પાકા આવાસોનું નિર્માણ અને શહેરી યોજના અંતર્ગત ૨૨ હજાર નવા આવાસોના બાંધકામ મંજૂર કરાયા. ૨૩ હજાર આવાસોની કામગીરી પૂર્ણ. ૧૫,૯૦૦ આવાસો લાભાર્થીઓને ફાળવી દેવાયા.

`વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (17-01-2022)

**1.** જાન્યુઆરી 2022માં ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા નવી શિક્ષણ નીતિ અંતર્ગત પ્રિ-પ્રાયમરી અંગે લેવાયેલા નિર્ણય સંદર્ભે નીચેનામાંથી કઈ બાબતો યોગ્ય છે

1.જૂન-2022થી ગુજરાતમાં બાલવાટિકા-KG શરૂ કરવાનો નિર્ણય

2. 6 વર્ષ સુધીના બાળકોને એડમિશન મળશે

3. બાલવાટિકાઓને ધોરણ- 1 અને 2 સુધી સળંગ એક એકમ સ્વરૂપ ગણીને શિક્ષણ અપાશે.

4. પાંચથી છ વર્ષના બાળકને ગામ કે શહેરની સરકારી શાળાઓમાં બાલવાટિકા થકી પૂર્વ પ્રાથમિક શિક્ષણ અપાશે

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 1 અને 4 **(D) આપેલ તમામ**

**2.** તા. 17 જાન્યુઆરી 2022ના રોજ અવસાન પામનાર કથક નૃત્યના પર્યાય ગણાતા કથક સમ્રાટ પંડિત બિરજુ મહારાજ અંગે ક્યા વિધાન સાચા છે

1. 83 વર્ષની ઉંમરે દિલ્હીમાં અવસાન

2. મૂળ નામ : પંડિત બ્રિજમોહનનાથ મિશ્ર તથા ઉપનામ : 'મહારાજજી'

3. જન્મ સ્થળ અને ઘરાના : લખનઉના વિખ્યાત કથક નૃત્યના કાલકા બિંદાદીન ઘરાણાના પરિવારમાં

4. 1983માં પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દાવોસ-2022 (ઓનલાઈન)નો સમયગાળો જણાવો

(A) તા. 14 થી 18 જાન્યુઆરી 2022

(B) તા. 15 થી 19જાન્યુઆરી 2022

(C) તા. 16 થી 20 જાન્યુઆરી 2022

**(D) તા. 17 થી 21 જાન્યુઆરી 2022**

**4.** પ્રસિદ્ધ તામિલ અભિનેતા તેમજ રાજકીય નેતા એમ.જી.રામચંદ્રનનો જન્મદિવસ જણાવો

(A) તા. 15 જાન્યુઆરી -1915 (B) તા. 16 જાન્યુઆરી -1916

**(C) તા. 17 જાન્યુઆરી -1917** (D) તા. 18 જાન્યુઆરી -1918

**5.** પ્રસિદ્ધ તામિલ અભિનેતા એમ.જી. રામચંદ્રન કયા રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા

(A) કેરળ **(B) તામિલનાડુ** (C) કર્ણાટક (D) પશ્ચિમ બંગાળ

**DATE : 18-01-2022**

### 1. ગુજરાતી ભાષામાં ઇજનેરી અભ્યાસક્રમની નવતર પહેલ : હવે એન્જિનિયરિંગનો કોર્સ ગુજરાતી ભાષામાં પણ ભણી શકાશે :

- ✓ ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા ભારતમાં હિન્દી, મરાઠી, કન્નડ, તમિલ, તેલુગુ, બંગાળી ભાષાઓમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમને માન્યતા
- ✓ આગામી સમયમાં એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ ગુજરાતી, પંજાબી અને ઓડિયા ભાષામાં પણ ભણાવાશે
- ✓ હાલમાં એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ માત્ર અંગ્રેજી ભાષામાં જ ભણાવવામાં આવી રહ્યો છે.
- ✓ એઆઇસીટીઇના અધ્યક્ષ પ્રો. અનિલ સહસ્ત્રબુધ્ધેએ કહ્યું કે અમે પ્રાદેશિક ભાષાઓમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમ શરૂ કરવા માગતી કૉલેજોની વધતી જતી રુચિ જોઇ રહ્યાં છીએ.

**ફાયદાઓ :**

- ✓ આનાથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધશે. જર્મની, જાપાન અને કોરિયા બધા આ પેટર્નને અનુસર્યા છે.
- ✓ પ્રાદેશિક ભાષાની શાળાઓના વિદ્યાર્થીઓને ભાષાના મુદ્દાઓ સાથે સંઘર્ષ કર્યા વિના, વ્યાવસાયિક શિક્ષણમાં આકર્ષિત કરશે.

**ગુજરાતમાં ડિપ્લોમા કોર્સમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ**

- ✓ ગુજરાતમાં ડિપ્લોમા કોર્સમાં 2008થી ગુજરાતી ભાષામાં ભણાવવામાં આવે છે. જે તે સમયે જીટીયુએ ફક્ત અંગ્રેજી ભાષામાં ભણાવવાનો આદેશ કર્યો હતો. તેની સામે પિટિશન થતા જીટીયુએ છૂટ આપી હતી. ત્યારથી ડિપ્લોમાની બ્રાંચના પેપર અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં નીકળે છે.

### 2. સંરક્ષણ નિકાસમાં આત્મનિર્ભર ભારત

**ફિલિપાઈન્સ ભારત પાસેથી બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલ ખરીદશે**




- ✓ બ્રહ્મોસ મિસાઇલ માટે આ પ્રથમ વિદેશી ઓર્ડર
- ✓ આ સોદો 374.9 મિલિયન યુએસ ડોલરનો છે
- ✓ વિશ્વના લગભગ 42 દેશોને ભારત શસ્ત્રો નિકાસ કરે છે.

### 3. નિમણૂક :

**(1) વિક્રમ દેવ દત એર ઈન્ડિયાના ચેરમેન-MD તરીકે નિમાયા**



- ✓ IAS-1993ની બેચ
- ✓ તેમનો હોદ્દો એડિશનલ સેક્રેટરી સ્તરનો હશે.

**(2) નેશનલ હાઈ-વે એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે 1992ની બેચના બિહાર કેડરના ચંચલ કુમારની નિયુક્તિ**

### 4. રાષ્ટ્રીય મહિલા પંચ : મહિલા ઘરેલુ હિંસા અહેવાલ-2021

**અહેવાલના મહત્વના તથ્યો :**

- ✓ વર્ષ 2020ની સરખામણીમાં વર્ષ 2021માં ઘરેલું હિંસાના મામલે મહિલાઓ દ્વારા થયેલી ફરિયાદોમાં 26 ટકાનો વધારો જોવા મળ્યો.
- ✓ વર્ષ 2021માં મહિલાઓ વિરુદ્ધ થતાં અત્યાચારમાં 30 ટકાનો વધારો નોંધાયો.
- ✓ વર્ષ 2020માં મહિલા પંચને 23,722 ફરિયાદો મળી હતી જ્યારે વર્ષ 2021માં 30,864 કેસ નોંધાયા.

National Commission for Women, India
राष्ट्रीय महिला आयोग

**મહિલાઓ પર અત્યાચારના મામલે યૂપી-દિલ્હી અગ્રેસર**

- ✓ મહિલાઓ વિરુદ્ધ અત્યાચારના 51 ટકા જેટલા કેસ સાથે ઉત્તરપ્રદેશમાં પ્રથમ ક્રમે જ્યારે દેશની રાજધાની દિલ્હી 10.8 ટકા સાથે બીજા સ્થાને.
- ✓ ભારતમાં વર્ષ 2005થી ડોમેસ્ટિક વાયોલન્સ વિરુદ્ધ કાયદો લાગુ છે.
- ✓ લૉકડાઉન દરમિયાન ડોમેસ્ટિક વાયોલન્સના કેસો ઘણાં વધી ગયાં.

### 5. બેસ્ટ ફીફા એવોર્ડ્સ-2021 જાહેર



**એવોર્ડ વિશે :**

- ✓ **સર્વશ્રેષ્ઠ ફૂટબોલર :** બાયર્ન મ્યુનિખ અને પોલેન્ડનો સ્ટ્રાઈકર રોબર્ડ લેવાનડોસ્કી બીજા વર્ષે દુનિયાનો સર્વશ્રેષ્ઠ ફૂટબોલર પસંદ થયો.
- ✓ બેસ્ટ ફીફા એવોર્ડ્સમાં 33 વર્ષના લેવાનડોસ્કીને 2021નો 'મેન્સ પ્લેયર ઓફ ધ યર' પસંદ કરાયો, તેણે છેલ્લી સિઝનમાં 69 ગોલ કર્યા હતા.
- ✓ બાર્સિલોનાની એલેક્સિયા પુટેલાસ 'વીમેન્સ પ્લેયર ઓફ ધ યર' બની.
- ✓ માન્ચેસ્ટર યુનાઇટેડ-પોર્ટુગલના સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને 'ઈન્ટરનેશનલ ઓલ ટાઈમ ટોપ સ્કોરર'નો સ્પેશિયલ એવોર્ડ અપાયો.

**ચેલ્સીની મહિલા-પુરુષ બંને કોચ સર્વશ્રેષ્ઠ રહ્યા**

- ✓ ઈંગ્લિશ ક્લબ ચેલ્સીના થોમસ ટુચેલને બેસ્ટ મેન્સ કોચનો એવોર્ડ અપાયો. તે જાન્યુઆરીમાં ક્લબ સાથે જોડાયા હતા અને મે મહિનામાં ટીમ

ચેમ્પિયન્સ લીગ ચેમ્પિયન બની હતી. ચેલ્સીની જ એમા હાયેસ બેસ્ટ ફીફા વીમેન્સ કોચ પસંદ થઈ છે.

**અન્ય એવોર્ડ :**

- ✓ બેસ્ટ પુરુષ ગોલકીપ : **એડુઅર્ડ મેન્ડી (ચેલ્સી, સેનેગલ)**
- ✓ બેસ્ટ મહિલા ગોલકીપર : **ક્રિસ્ટિયાન એન્ડલર (લિયોન, ચિલી)**
- ✓ બેસ્ટ વીમેન્સ સ્પેશિયલ એવોર્ડ : **ક્રિસ્ટીન સિંક્લેયર (પોર્ટલેન્ડ થોર્ન્સ, કેનેડા)**
- ✓ પુસ્કાર એવોર્ડ (બેસ્ટ ગોલ) : **એરિક લામેલા (આર્સનલ વિ. ટોટેનહમ)**
- ✓ ફેરપ્લે એવોર્ડ : **ડેનમાર્ક ટીમ/ ડેનિશ મેડિકલ ટીમ અને કોચિંગ સ્ટાફ**
- ✓ ફેન એવોર્ડ : **ડેનમાર્ક અને ફિનલેન્ડ ફેન**

**6. દાવોસ શિખર સંમેલન-2022 : વિવિધ મોરચે વિશ્વના દેશોના મહત્વના તારણો**

- ✓ વિભિન્ન દેશોમાં જનતાની વચ્ચે એનજીઓ, બિઝનેસ, સરકારો અને મીડિયા ઉપર ભરોસાના મામલે ચીન પ્રથમ સ્થાન પર રહ્યું હતું. જ્યારે ભારતને આ મોરચે ચોથું સ્થાન મળ્યું છે જ્યારે રશિયા છેલ્લા ક્રમ પર છે.




- ✓ એક દેશમાં નોકરીદાતા ઉપરના ભરોસાના મોરચે ઇન્ડોનેશિયા પ્રથમ અને ભારત બીજા સ્થાન પર રહ્યું હતું. આ યાદીમાં ચીન ત્રીજા સ્થાન પર અને દક્ષિણ કોરિયા છેલ્લા સ્થાન પર રહ્યું હતું.
- ✓ દર વર્ષે વર્લ્ડ ઇકોનોમિક ફોરમના દાવોસ શિખર સંમેલન દરમિયાન જાહેર કરવામાં આવતા એડલમેન ટ્રસ્ટ બેરોમીટર રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે.
- ✓ સરકારમાં ભરોસાના મોરચે ચીન, સંયુક્ત આરબ અમિરાત, સાઉદી અરબ અને ઇન્ડોનેશિયા પછી ભારતનો પાંચમો ક્રમ આવે છે.

**7. જન્મ દિન વિશેષ : 18 જાન્યુઆરી**

**સમાજ સુધારક અને સ્વાતંત્ર્ય સેનાની ન્યાયમૂર્તિ : મહાદેવ ગોવિંદ રાનડે**




**જન્મ : 18 જાન્યુઆરી-1842 અવસાન : 16 જાન્યુઆરી-1901**

- ✓ મહાત્મા ગાંધીના ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે અને તેમના ગુરુ મહાદેવ ગોવિંદ રાનડેનો આજે જન્મદિવસ છે.
- ✓ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના નિફાડ ગામે જન્મેલા એમ.જી રાનડેના પૂર્વજો પેશવાઈ વખતમાં ઉચ્ચ હોદ્દા પર હતા.
- ✓ અક્કલકોટ અને કોલ્હાપુર રાજ્યમાં દિવાન તરીકે પણ રહ્યા હતા.તે પછી મુંબઈની એલ્ફીન્સ્ટન્ટ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા.
- ✓ 1883મા મુંબઈ હાઇકોર્ટમાં ન્યાયધીશ બન્યા પછી તેઓ "ન્યાયમૂર્તિ" તરીકે જાણીતા બન્યા.
- ✓ મહાદેવ ગોવિંદ રાનડેની પ્રવૃતિઓ સમાજ સુધારા, આર્થિક ચિંતન જેવી અનેક બાબતો સાથે સંકળાયેલી છે. સૌપ્રથમ તો પત્ની રમાબાઈને શિક્ષણ આપી સમાજ સુધારક બનાવ્યા હતા.
- ✓ 31 માર્ચ 1867ના રોજ પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી.આર્થિક ચિંતન ક્ષેત્રે તેઓએ અનેક લેખો થકી પરાધીન ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદની ભૂમિકા તૈયાર કરી હતી.
- ✓ "મરાઠી સત્તાનો ઉદય "નામનો તેમનો ઇતિહાસ ગ્રંથ આજે પણ મરાઠી ઈતિહાસ માટે પ્રમાણભૂત ગણાય છે.
- ✓ તેમની સમાજ સુધારાની ઝુંબેશ તેમના પત્ની રમાબાઇ રાનડેએ જલતી રાખી હતી.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (18-01-2022)

**1.** સંરક્ષણ નિકાસમાં આત્મનિર્ભર ભારત સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો યોગ્ય છે

1.ફિલિપાઈન્સ ભારત પાસેથી બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલ ખરીદશે

2. બ્રહ્મોસ મિસાઈલ માટે આ પ્રથમ વિદેશી ઓર્ડર

3. વિશ્વના લગભગ 42 દેશોને ભારત દ્વારા શસ્ત્રોની નિકાસ

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** જાન્યુઆરી 2022માં રાષ્ટ્રીય મહિલા પંચ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા મહિલા ઘરેલુ હિંસા અહેવાલ-2021 સંદર્ભે કયા તથ્યો યોગ્ય છે

1. વર્ષ 2020ની સરખામણીમાં વર્ષ 2021માં ઘરેલુ હિંસાની ફરિયાદોમાં 26 ટકાનો વધારો

2. વર્ષ 2021માં મહિલાઓ વિરુદ્ધ થતાં અત્યાચારમાં 30 ટકાનો વધારો નોંધાયો

3. મહિલાઓ વિરુદ્ધ અત્યાચારના 51 ટકા જેટલા કેસ સાથે ઉત્તરપ્રદેશમાં પ્રથમ તથા દિલ્હી 10.8 ટકા સાથે બીજા સ્થાને

4. ભારતમાં વર્ષ 2005થી ડોમેસ્ટિક વાયોલન્સ વિરુદ્ધ કાયદો લાગુ કરાયો

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** જાન્યુઆરી 2022માં બેસ્ટ ફીફા એવોર્ડ્સ-2021માં એવોર્ડ વિજેતા ખેલાડીઓમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

1. સર્વશ્રેષ્ઠ ફૂટબોલર : બાયર્ન મ્યુનિખ અને પોલેન્ડનો સ્ટ્રાઈકર રોબર્ડ લેવાનડોસ્કી

2. મેન્સ પ્લેયર ઓફ ધ યર : રોબર્ડ લેવાનડોસ્કી

3. વીમેન્સ પ્લેયર ઓફ ધ યર : બાર્સિલોનાની એલેક્સિયા પુટેલાસ

4. બેસ્ટ મેન્સ કોચ : ઈંગ્લિશ ક્લબ ચેલ્સીના થોમસ ટુચેલ

5. બેસ્ટ વિમેન્સ કોચ : ઈંગ્લિશ ક્લબ ચેલ્સીની એમા હાયેસ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**4.** દાવોસ શિખર સંમેલન-2022ના અહેવાલ મુજબ સરકાર પર ભરોસાના મામલે નીચેના પૈકી ક્યા દેશનો ક્રમ યોગ્ય છે

1. ચીન પ્રથમ ક્રમે 2. સંયુક્ત આરબ અમિરાત બીજા ક્રમે

3. સાઉદી અરબ ત્રીજા ક્રમે 4. ઇન્ડોનેશિયા ચોથા ક્રમે

5. ભારત પાંચમા ક્રમે

(A) 1 અને 5 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**5.** આગામી સમયમાં ગુજરાતમાં કઈ ભાષામાં ઈજનેરી અભ્યાસક્રમ શરૂ કરવાની નવતર પહેલ કરાશે

(A) કચ્છી **(B) ગુજરાતી** (C) સંસ્કૃત (D) હિન્દી

**6.** AICTEના અહેવાલ મુજબ કયા દેશોએ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમની પ્રાદેશિક ભાષાની પેટર્ન અપનાવી સફળતા મળી છે

(A) જર્મની (B) જાપાન (C) કોરિયા **(D) આપેલ તમામ**

**7.** જાન્યુઆરી 2022માં એર ઈન્ડિયાના ચેરમેન-MD તરીકે કોની નિમણૂક કરાઈ

**(A) વિક્રમ દેવ દત** (B) કે.શ્રીનિવાસન

(C) અરુણકુમાર (D) ચંચલ કુમાર

**8.** જાન્યુઆરી 2022માં નેશનલ હાઇ-વે એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરાઇ

(A) એસ. અપર્ણા (B) કે. કૈલાસનાથન

(C) જૈનુ દેવન **(D) ચંચલ કુમાર**

**9.** દાવોસ શિખર સંમેલન-2022ના અહેવાલ મુજબ આર્થિક આશાવાદના મોરચે પ્રથમ ક્રમે ચીન જ્યારે ભારતનો ક્રમ જણાવો

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો **(D) ચોથો**

**10.** વર્લ્ડ ઇકોનોમિક ફોરમનું વડુમથક દાવોસ કયા દેશમાં આવેલું છે

(A) ફ્રાંસ (B) ઇટાલી **(C) સ્વિત્ઝર્લેન્ડ** (D) નોર્વે

**11.** 31 માર્ચ 1867ના રોજ પ્રાર્થના સમાજની સ્થાપના કોણે કરી હતી

**(A) મહાદેવ ગોવિંદ રાનડે** (B) જયોતિબા ફૂલે

(C) રમાબાઇ રાનડે (D) ગોવિંદ વલ્લભ પંત

**12.** ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ દિવસ જણાવો

(A) તા. 17 જાન્યુઆરી-1841 **(B) તા. 18 જાન્યુઆરી-1842**

(C) તા. 19 જાન્યુઆરી-1843 (D) તા. 20 જાન્યુઆરી-1844

**DATE : 19-01-2022**


## 1. પ્રજાસત્તાક પર્વ-26 જાન્યુઆરી

### રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી ગીર સમોનાથ ખાતે




- ✓ કોરોનાની મહામારીને કારણે સતત બીજા વર્ષે પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમો ઉપર અંકુશ મુકાયો છે અને ધ્વજવંદનના કાર્યક્રમો કોરોનાની એસઓપી હેઠળ સવારે 8.58 વાગે શરૂ કરી 9.19 વાગે પૂર્ણ કરવાની અને પ્રવચન માત્ર 15 મિનિટમાં પાર પાડવાની સૂચના રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવી.
- ✓ ધ્વજવંદનના કુલ 21 મિનિટના કાર્યક્રમ બાદ કોરોના વોરિયર્સને પ્રિકોશન ડોઝ તથા વૃક્ષારોપણ સિવાય કોઇ કાર્યક્રમ નહીં યોજાઇ

## 2.સિનિયર સિટિઝન્સ માટે નેશનલ હેલ્પલાઇન નંબર 14567 શરૂ કરાયો-ગુજરાત સરકાર




**મુખ્ય હેતુ :**

- ✓ હેલ્પલાઇન શરૂ કરવા પાછળનો ઉદ્દેશ દરેક વરિષ્ઠ નાગરિક સુધી પહોંચવાનો, તેમને સરકારી યોજનાઓની જાણકારી આપવાનો

**અન્ય વિગત :**

- ✓ વરિષ્ઠ નાગરિકોની ફરિયાદો સાંભળવા અને તેનું નિવારણ કરવા રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે હેલ્પ એજ ઇન્ડિયાના સહયોગ ટેલિફોન નંબર 14567 ઉપર હેલ્પલાઇન શરૂ કરી. .
- ✓ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી : શ્રી પ્રદીપ પરમાર

## 3. પારંપારિક ‘નૌકા સ્પર્ધા’ : સુરતના હજીરાથી મગદલ્લા સુધીની 25 કિ.મી.ની ‘નૌકા સ્પર્ધા’



**નૌકા સ્પર્ધા વિશે :**

- ✓ દર વર્ષની જેમ ચાલુ વર્ષે મગદલ્લા ગામ ખાતે નેશનલ ફાઇટર દ્વારા હોડી સ્પર્ધા યોજાઇ. જેમાં સઢવાળી 9 હોડીના નાવિકોએ ભાગ લીધો હતો. એક હોડીમાં 8 નાવિકો ભાગ લઇ શકે છે.
- ✓ હજીરા ખાતેના આલીયા બેટથી હોડી સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી અંદાજે 25 કિ.મી. લાંબી હોડી સ્પર્ધામાં મગદલ્લા અને તેની આજુબાજુના વિસ્તારના લોકો જોડાય છે.

**સ્પર્ધાઓમાં વિજેતાઓના નામ :**

- ✓ પહેલો નંબર : જલ તાપી – કલ્પેશ ઇશ્વર
- ✓ બીજો નંબર : દીક્ષીતા પ્રસાદ - કનુ નરસિંહ
- ✓ ત્રીજો નંબર : ન્યુ લક્ષ્મી - રાજેશ સિમકા

## 4. સંરક્ષણ ક્ષેત્રે ભારતની નિકાસ :

### ભારતીય HAL કંપની દ્વારા મોરેશિયસમાં એડવાન્સ લાઇટ વેઇટ હેલિકોપ્ટરની નિકાસ માટે કરાર

- ✓ મિત્ર દેશોમાં સંરક્ષણ ક્ષેત્રની નિકાસોને વેગ આપવાના કેન્દ્ર સરકારના દૃષ્ટિકોણને અનુરૂપ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડએ દ્વીપ રાષ્ટ્ર મોરેશિયસના પોલીસ દળ માટે એક એડવાન્સ લાઇટવેઇટ હેલિકોપ્ટરની નિકાસ માટે મોરેશિયસ સરકાર સાથે કરાર કર્યા છે.
- ✓ HALએ કહ્યું કે કરારની સાથે મોરેશિયસ સરકારે 3 દાયકાથી ચાલી આવતા સંબંધોને વધુ મજબૂત કરાયા છે.




**HAL લાઇટ એડવાન્સ હેલિકોપ્ટર વિશે :**

- ✓ ALH Mk-III 5.5 ટન શ્રેણીના એકથી વધારે ભૂમિકા ધરાવતા, મલ્ટિમિશન, મલ્ટિપર્પઝ હેલિકોપ્ટર.
- ✓ 5.5 ટનની કેટેગરીમાં ALH-MK-3 અનેક ભૂમિકા અને અનેક મિશન માટે ઉપયોગી હેલિકોપ્ટર છે. તેણે ભારત અને વિદેશોમાં પ્રાકૃતિક આપત્તિઓ દરમિયાન અનેક જીવન રક્ષક મિશનમાં પોતાની ભૂમિકા સાબિત કરી છે.
- ✓ હેલિકોપ્ટરનો ઉપયોગ ત્યાંની પોલીસ કરશે. મોરેશિયસ સરકાર પહેલાથી HAL-નિર્મિત ALH અને DO-228 વિમાનનું સંચાલન કરે છે.
- ✓ HAL: હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, બેંગલુરૂ

## 5. બટાટાં સંગ્રહ માટે નવી પદ્ધતિની શોધ -CPRI

### કેન્દ્રીય બટાટાં સંશોધન સંસ્થાન (સીપીઆરઆઇ)ના વિજ્ઞાનીઓએ આઠ માસ સુધી બટાટાં સંગહ માટે ખાદ્ય તેલોના છંટકાવ સ્પ્રેની નવી સફળ પદ્ધતિ શોધાઇ




**સંશોધન વિશે :**

✓ દેશના ખેડૂતો હવે આઠ મહિના સુધી બટાટાં સંગ્રહ સરળતાથી કરી શકશે, બટાટાંમાં આઠ મહિના સુધી અંકુર નહીં ફૂટે અને બટાટાનો સ્વાદ પણ ખરાબ નહીં થાય.

✓ પેટન્ટ મળી ગયા પછી બટાટાં ઉત્પાદકો માટે આ નવીન સ્પ્રે ઉપલબ્ધ થઈ જશે.

✓ ખાદ્ય તેલોની મદદથી સ્પ્રે તૈયાર કર્યું.

**અંદાજિત ખર્ચ :**

✓ સ્પ્રે બનાવવાની નવી પદ્ધતિ ભલે થોડી ખર્ચાળ હોય, પરંતુ તેમાં આરોગ્ય સંબંધી ખતરો નથી હોતો બટાટાના સંગ્રહ માટે જૂની પદ્ધતિથી તૈયાર કરતા ખર્ચ ઓછો છે, પરંતુ આરોગ્ય સંબંધી જોખમ વધુ હોય છે.

✓ નવી પદ્ધતિ થકી સ્પ્રે તૈયાર કરવા જતા પ્રતિ કિલો દોઢ રૂપિયો ખર્ચ આવે છે. તો જૂની પદ્ધતિમાં પ્રતિ કિલો 20 પૈસા ખર્ચ આવતો હતો.

✓ નવા સ્પ્રેનો છંટકાવ એકવાર અને જૂના સ્પ્રેનો છંટકાવ બે વાર કરવો પડતો હતો.

✓ **કેન્દ્રીય બટાટાં સંશોધન સંસ્થાન (સીપીઆરઆઇ)-સિમલા**

**6 સારથી એપ : સેબી દ્વારા રોકાણકારો માટે સારથી એપ લોન્ચ કરાઈ**

**એપ હિન્દી અને અંગ્રેજીમાં ઉપલબ્ધ**

**એપનો હેતુ :**

✓ રોકાણકારોમાં સિક્યોરિટી માર્કેટ, કેવાયસી પ્રોસેસ, ટ્રેડિંગ એન્ડ સેટલમેન્ટ, મ્યુચ્યુઅલ ફંડ, માર્કેટ ડેવલપમેન્ટ્સ, ઈન્વેસ્ટર્સની ફરિયાદનો નિકાલ વગેરે મુદ્દે જાગૃકતા લાવવાનો




✓ **SEBI : સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા, મુંબઈ**

**7. ICC : વૂમેન્સ T-20 ટીમ ઓફ ધ યર-2021**




***વિમેન્સ ટી20 ટીમ ઓફ ધ યર***

✓ આઇસીસીએ પોતાની વિમેન્સ ટી20 ટીમ ઓફ ધ યર જાહેર કરી છે. ઇંગ્લેન્ડની નેટ સિવરને સુકાની બનાવવામાં આવી છે. આ ટીમમાં ભારતની એકમાત્ર ખેલાડી સ્મૃતિ મંધાનાને સ્થાન મળ્યું છે.

**8. વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલૂક-2022 : ILO**

**વર્ષ 2022માં 5.20 કરોડ નોકરી ઘટશે, વધુ 2.10 કરોડ બેકાર થશે**

International Labour Organization

**અહેવાલના મહત્વના તથ્યો :**

✓ 2022માં કામના કુલ કલાકોમાં 2 ટકા જેટલો ઘટાડો નોંધાવાની સંભાવના.

✓ વર્ષ 2022માં વૈશ્વિક સ્તરે 207 મિલિયન લોકો બેરોજગાર રહેશે તેવી આગાહી કરી છે. જે 2019ની તુલનામાં લગભગ 2.10 કરોડ કરતા વધારે રહેશે. જ્યારે 2022માં કામના કુલ કલાકો પણ મહામારી પહેલાના સ્તર કરતાં 2 ટકા જેટલા નીચા અથવા તો 5.20 કરોડ જેટલી પૂર્ણ સમયની નોકરીઓની ખાધ જેટલો રહેશે.

**રોજગારી ઘટવાનું કારણ :**

✓ મહામારીનો દરેક તબક્કો આંચકો લાવે છે. મહામારી પહેલાં પ્રાપ્ત થયેલા ઘણાં ફાયદાઓ પર મહામારીએ નોંધપાત્ર અસર કરી છે અને પહેલાથી જ અસ્તિત્વમાં રહેલી કામની ખાધ ઘણા ક્ષેત્રોમાં રિકવરીની સંભાવનાઓને નબળી બનાવે છે.

**વર્ષ 2023માં પણ રિકવરીને સ્થાન નથી**

✓ વિશ્વના તમામ ક્ષેત્રોમાં વર્ષ 2023 સુધી મહામારીને કારણે લાગેલા ફટકાથી સંપૂર્ણપણે રિકવર થવાની આશા ઠગારી જ નીવડશે.

✓ હાલ ચાલી રહેલી કોરોના મહામારીને કારણે લગભગ તમામ ક્ષેત્રોમાં પ્રભાવિત લેબર માર્કેટ નીચું જવાની સંભાવના.

✓ ILO : આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન

**9. ઇન્ડોનેશિયા : ગ્લોબલ વોર્મિંગને કારણે ડૂબી રહેલા જકાર્તાની જગ્યાએ નવી રાજધાની નુસંતારાને મંજૂરી**



✓ જકાર્તા ઇન્ડોનેશિયામાં દરિયાની સપાટી ઝડપથી વધી રહી છે. તેની અસરથી જાવા ટાપુ સ્થિત રાજધાની જકાર્તા ઝડપથી ડૂબવાની આશંકા છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે જકાર્તાની જગ્યાએ નુસંતરાને નવી રાજધાની તરીકે વિકસાવવા મંજૂરી આપી.

✓ નેશનલ કેપિટલ ઓથોરિટીની રચનાને મંજૂરી આપી દેવાઇ છે. નવી રાજધાની બનાવવા પાછળ 32 અબજ ડોલર (અંદાજે 2.4 લાખ કરોડ રૂ.) ખર્ચાશે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (19-01-2022)

**1.** ભારતીય HAL કંપની દ્વારા જાન્યુઆરી 2022માં એડવાન્સ લાઇટ વેઇટ હેલિકોપ્ટરની નિકાસ માટે કરાર કરાયો તે સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. દ્વીપ રાષ્ટ્ર મોરેશિયસ સાથે હેલિકોપ્ટર અંગે કરાર

2. મોરેશિયસના પોલીસ દળ માટે એડવાન્સ લાઇટવેઇટ હેલિકોપ્ટરની નિકાસ કરાશે

3. ALH Mk-III 5.5 ટન શ્રેણીના એકથી વધારે ભૂમિકા ધરાવતા હેલિકોપ્ટર

4. મોરેશિયસ સરકાર પહેલાથી HAL-નિર્મિત ALH અને DO-228 વિમાનનું સંચાલન કરે છે

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**2.** જાન્યુઆરી 2022માં બટાટાં સંગ્રહ માટે નવી પદ્ધતિ શોધાઈ તે અંગે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. શોધ કરનાર સંસ્થા : કેન્દ્રીય બટાટાં સંશોધન સંસ્થાન(CPRI), સીમલા

2. આઠ માસ સુધી બટાટાં સંગ્રહ માટે ખાદ્ય તેલોના છંટકાવ સ્પ્રેની નવી પદ્ધતિ શોધાઈ

3. બટાટાંમાં આઠ મહિના સુધી અંકુર નહીં ફૂટે અને બટાટાનો સ્વાદ પણ ખરાબ નહીં થાય

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**3.** ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક પર્વ-26 જાન્યુઆરી-2022ની રાજ્યકક્ષાનો સમારોહ ક્યાં યોજાશે

(A) જૂનાગઢ (B) દેવભૂમિ દ્વારકા

**(C) વેરાવળ, ગીર સમોનાથ** (D) પોરબંદર

**4.** ગુજરાતમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેલ્પ એજ ઇન્ડિયાના સહયોગથી સિનિયર સિટિઝન્સ માટે કયો નેશનલ હેલ્પલાઇન નંબર શરૂ કરાયો-

(A) 14565 (B) 14566 **<u>(C) 14567</u>** (D) 14568

**5.** દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતમાં કયા બે સ્થળોએ સમુદ્રમાં પારંપારિક 'નૌકા સ્પર્ધા' યોજાઈ

**<u>(A) સુરતના હજીરાથી મગદલ્લા</u>** (B) માંડવીથી મુંદ્રા

(C) નવલખીથી સિક્કા (D) દ્વારકાથી બેટ દ્વારકા

**6.** જાન્યુઆરી 2022માં સેબી દ્વારા રોકાણકારોના ફરિયાદના નિકાલ માટે હિન્દી અને અંગ્રેજીમાં કઈ નવી એપ લોન્ચ કરાઈ

(A) ઇન્વેસ્ટર્સ હેલ્પ **<u>(B) સારથી</u>** (C) મદદ (D) સેતુ

**7.** ICC વૂમેન્સ T-20 ટીમ ઓફ ધ યર-2021માં કઈ એકમાત્ર ભારતીય ખેલાડીને સ્થાન અપાયું

**<u>(A) સ્મૃતિ મંધાના</u>** (B) અંજૂ ચોપરા

(C) હરપ્રિત સંધૂ (D) ઝુલન ગૌસ્વામી

**8.** જાન્યુઆરી 2022માં ILO દ્વારા જાહેર કરાયેલા વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલૂક-2022 મુજબ ચાલુ વર્ષે કેટલા કરોડ નોકરી અને કામના કલાકોમાં કેટલા ટકા ઘટાડો નોંધાવાની સંભાવના દર્શાવાય છે

(A) 9.20 કરોડ તથા 4 ટકા (B) 7.20 કરોડ તથા 3 ટકા

**<u>(C) 5.20 કરોડ તથા 2 ટકા</u>** (D) 2.20 કરોડ તથા 1 ટકા

**9.** કયા દેશમાં ગ્લોબલ વોર્મિંગને કારણે ડૂબી રહેલા જકાર્તાની જગ્યાએ નવી રાજધાની નુસંતારાને જાન્યુઆરી 2022માં મંજૂરી અપાઈ

(A) શ્રીલંકા (B) માલદિવ **<u>(C) ફિલિપાઈન્સ</u>** (D) ઇન્ડોનેશિયા

**DATE : 20-01-2022**

**<u>1. DRDO : અવાજ કરતાં ત્રણ ગણી ઝડપે શત્રુ ટાર્ગેટ પર ત્રાટકી શકતી બ્રહ્મોસ મિસાઇલના નવા સંસ્કરણનું સફળ પરીક્ષણ</u>**



- ✓ ભારત અને રશિયાના જોઇન્ટ વેન્ચર બ્રહ્મોસ એરોસ્પેસ દ્વારા નિર્મિત સુપર સોનિક બ્રહ્મોસ ક્રૂઝ મિસાઇલના નવા સંસ્કરણનું ઓડિશાના બાલાસોર કાંઠેથી તા.20 જાન્યુઆરીએ સફળ પરીક્ષણ
- ✓ <u>પરીક્ષણ સ્થળ : ITR ચંદીપુર, બાલાસોર-ઓડિશા</u>

**<u>બ્રહ્મોસ મિસાઈલના નવા સંસ્કરણ વિશે :</u>**

- ✓ <u>જહાજ, વિમાન, જમીન કે સબમરીનમાંથી પરથી લોન્ચ કરી શકાય છે</u>
- ✓ નિયંત્રણ સિસ્ટમ અને નવી ટેકનોલોજી સાથે સુપરસોનિક બ્રહ્મોસ મિસાઇલનું ચાંદીપુર એકીકૃત પરીક્ષણ રેન્જ લોન્ચ પેડ પરથી પરીક્ષણ થયું હતું.
- ✓ <u>બ્રહ્મોસને પાણીની નીચેથી પણ છોડી શકાય તેવી આવૃત્તિ પણ તૈયાર કરવામાં આવી છે. જે ભારતની સબમરીનોમાં ગોઠવવામાં આવી રહી છે. તેની મિત્ર દેશોમાં નિકાસ પણ કરાઈ છે.</u>
- ✓ <u>ભારતે સંપૂર્ણતઃ સ્વનિર્મિત તેવી તેની પહેલી અણુ સબમરીન અરિહન્ત પણ કાર્યરત કરી છે.</u>
- ✓ આ પૂર્વે ભારતે આ જ મિસાઇલનું એક પરીક્ષણ યુદ્ધ નૌકા વિશાખાપટ્ટનમ ઉપરથી તા. 11મી જાન્યુઆરીએ કર્યું હતું અને તે પણ સફળ રહ્યું હતું. અને મિસાઇલ તેના નિર્ધારિત નિશાન ઉપર ત્રાટક્યું હતું.

**<u>બ્રહ્મોસ મિસાઇલ પ્રોજેક્ટ વિશે :</u>**

- ✓ આ બ્રહ્મોસ મિસાઇલ <u>ભારત અને રૂસ વચ્ચે થયેલા કરારો પ્રમાણે</u> ભારતમાં જ બનાવવામાં આવે છે. તેનું <u>નામ ભારતની બ્રહ્મપુત્રા નદી અને રશિયાની મોરકોવા નદીના બ્રહ-મોસ નામને જોડી રાખવામાં આવ્યું છે. તેની સમગ્ર સંરચના ભારતના ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO)</u> એ કરી છે.

**<u>2. નિર્ણય : નવી દિલ્હીમાં ઇન્ડિયા ગેટ પર સ્થાપિત અમર જવાન જ્યોતની મશાલ તા.21 જાન્યુઆરીએ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની જ્વાળામાં સમાવી દેવાશે. ત્યાર પછી 50 વર્ષથી પ્રજ્વલિત અમર જવાન જ્યોત કાયમ માટે બુઝાવી દેવાશે</u>**




**<u>અમર જવાન જ્યોત વિશે :</u>**

- ✓ <u>વર્ષ 1914થી 1921 વચ્ચે શહીદ થનારા બ્રિટિશ ભારતીય સૈનિકોની યાદમાં અમર જ્યોત રખાઈ છે.</u>
- ✓ બ્રિટીશ સરકારે ઇન્ડિયા ગેટ સ્મારકની સ્થાપના કરી હતી. બાદમાં <u>1971માં પાકિસ્તાન વિરુદ્ધ ભારતની ઐતિહાસિક જીતની યાદમાં ઇન્ડિયા ગેટ સ્મારકમાં અમર જ્યોત પ્રજ્વલિત કરાઈ</u> હતી. એ યુદ્ધમાં પાકિસ્તાનના 93 હજાર સૈનિકોએ ભારતીય સેના સમક્ષ સમર્પણ કર્યું હતું.
- ✓ હવે ઇન્ડિયા ગેટ પરિસરમાં નવા રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું નિર્માણ કરાયું છે. તેનું <u>ઉદઘાટન 2019માં કરાયું</u> હતું. ત્યારપછી સેનાની બીજી યોજનાઓને પણ તેની સાથે સાંકળી લેવાઈ હતી.
- ✓ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં એ તમામ ભારતીય શહીદોના નામ છે, જેમણે <u>પાકિસ્તાન સામેના 1947-48ના યુદ્ધથી માંડીને ચીન સાથેના ઘર્ષણમાં બલિદાન આપ્યું</u> છે.
- ✓ આ સ્મારકની દીવાલો પર પણ આતંકવાદ વિરોધી ઓપરેશનોમાં શહીદ થનારા સૈનિકોના નામ કોતરવામાં આવ્યા છે.

**<u>3. ખેલકૂદ : ICC - મેન્સ & વૂમેન્સ ટીમ ઓફ ધ યર-2021</u>**

**<u>મેન્સ ટેસ્ટ ટીમ ઓફ ધ યર-2021</u>**




- ✓ <u>ભારતીય ક્રિકેટ ખેલાડી રોહિત શર્મા, ઋષભ પંત અને રવિચંદ્રન અશ્વિનનો સમાવેશ</u>
- ✓ ન્યુઝીલેન્ડના કેન વિલિયમ્સનને સુકાની બનાવવામાં આવ્યો.

**<u>આઇસીસી મેન્સ ટેસ્ટ ટીમ ઓફ ધ યર</u>**

- ✓ દિમુથ કરુણારત્ને, રોહિત શર્મા, માર્નલ લાબુશેન, જોઇ રુટ, કેન વિલિયમ્સન (સુકાની), ફવાદ આલમ, રિષભ પંત (વિકેટકીપર), આર. અશ્વિન, કેયલ જેમિસન, હસન અલી, શાહિદ શાહ આફ્રિદી.

**<u>વૂમેન્સ વન-ડે ટીમ ઓફ ધ યર-2021</u>**





- ✓ ભારતીય સુકાની મિતાલી રાજ અને સિનિયર પેસ બોલર ઝૂલન ગોસ્વામીને સ્થાન.
- ✓ ઇંગ્લેન્ડની વર્લ્ડ કપ વિજેતા સુકાની હિધર નાઇટને ટીમની સુકાની બનાવવામાં આવી.

**આઇસીસી વિમેન્સ વન-ડે ટીમ ઓફ ધ યર**

- ✓ લિઝેલ લી, એલિસા હિલી (વિકેટકીપર), ટેમી બ્યૂમોન્ટ, મિતાલી રાજ, હિધર નાઇટ (સુકાની), હેલી મેથ્યૂઝ, મારિઝાન કેપ, શબનમ ઇસ્માઇલ, ફાતિમા સના, ઝૂલન ગોસ્વામી, અનીસા મોહમ્મદ.

**4. ભારત-મોરેશિયસ સંબંધો :**

**PM નરેન્દ્ર મોદી અને મોરેશિયસના PM પ્રવિન્દ્ર જગન્નાથે મોરીશિયસમાં ભારતના સહકારથી નિર્માણ પામેલા હાઉસિંગ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ રીતે ઉદઘાટન કર્યું**




- ✓ **મોરેશિયસના મુખ્ય મેટ્રો સ્ટેશનનું નામ મહાત્મા ગાંધી સ્ટેશન રખાયું**

**અન્ય પ્રોજેક્ટ વિશે :**

- ✓ બંને દેશોએ સંયુક્તરૂપથી મોરેશિયસમાં ભારતની સહાયતા પ્રાપ્ત સામાજિક આવાસ એકમ પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું.
- ✓ સિવિલ સર્વિસ કોલેજ અને 8 મેગાવોટ સોલર પીવી ફાર્મ પ્રોજેક્ટનું પણ ઉદઘાટન.
- ✓ આ બંને પ્રોજેક્ટ પણ ભારતના સહકારથી તૈયાર કરવામાં આવ્યા છે.

**અન્ય સમજૂતિ :**

- ✓ આ પ્રસંગે મેટ્રો એક્સપ્રેસ પ્રોજેક્ટ અને અન્ય ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ માટે ભારત દ્વારા મોરીશિયસને 19 કરોડ ડોલરની લોન સુવિધા આપવા માટેની સમજૂતી.

**વડાપ્રધાન મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ ભારત અને મોરેશિયસનો ઇતિહાસ, સંસ્કૃતિ, ભાષા અને હિન્દ મહાસાગરના જળ દ્વારા એકજૂટ છે.
- ✓ આજે આપણી મજબૂત વિકાસ ભાગીદારી આપણા ઘનિષ્ટ સંબંધોના એક પ્રમુખ સ્તંભના રૂપમાં ઊભરી છે.
- ✓ મેરિટાઇમ સુરક્ષા સહિતના ક્ષેત્રોમાં ભારત અને મોરીશિયસ વચ્ચે સહકાર વધી રહ્યું છે.
- ✓ મોદીએ પોતાના વર્ષ-2015ના મોરીશિયસના પ્રવાસને યાદ કરતા જણાવ્યું હતું કે આ મુલાકાત પછી બંને દેશો વચ્ચે સુરક્ષા સહિતના ક્ષેત્રમાં સહકાર વધ્યો છે.
- ✓ **મોરીશિયસ પ્રથમ દેશ હતો જેને ભારતમાંથી વેક્સિન મોકલવામાં આવી હતી.**

**મોરેશિયસ વિશે :**

- ✓ રાજધાની : પોર્ટ લુઇસ ચલણ : મોરેશિયન રૂપી
- ✓ વસ્તી : અંદાજે 12.7 લાખ

**5. ભારત શ્રીલંકા સંબંધો : ભારત દ્વારા શ્રીલંકાને આર્થિક મદદ**




- ✓ ભારત નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલા શ્રીલંકાની મદદ કરશે. ભારતે શ્રીલંકાને વિદેશી દેવું ચૂકવવા અને વ્યાપારમાં નાણાકીય અવરોધો દૂર કરવા 2.415 અબજ ડોલર (અંદાજે 18 હજાર કરોડ રૂ.) આપશે.
- ✓ અગાઉ ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે શ્રીલંકાના નાણામંત્રી તુલસી રાજપક્સે સાથે ઓનલાઇન મીટિંગ કરી, જેમાં તેમણે ભારત દ્વારા બનતી તમામ મદદની ખાતરી આપી હતી.

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (20-01-2022)**

**1.** તા.20 જાન્યુઆરીએ DRDO દ્વારા સુપર સોનિક બ્રહ્મોસ ક્રૂઝ મિસાઇલના નવા સંસ્કરણના કરાયેલા સફળ પરીક્ષણ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. અવાજ કરતાં ત્રણ ગણી ઝડપે શત્રુ ટાર્ગેટ પર ત્રાટકી શકવાની ક્ષમતા
2. પરીક્ષણ સ્થળ : ITR ચંદીપુર, બાલાસોર-ઓડિશા
3. જહાજ, વિમાન, જમીન કે સબમરીનમાંથી પરથી લોન્ચ કરી શકાય છે
4. ભારત અને રશિયા વચ્ચે થયેલા કરારો પ્રમાણે ભારતમાં જ નિર્માણ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પર સ્થાપિત અમર જવાન જ્યોતની મશાલ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. તા.21 જાન્યુઆરી 2022ના રોજ અમર જવાન જ્યોતની મશાલ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની જ્વાળામાં સમાવી દેવાશે
2. વર્ષ 1914થી 1921 વચ્ચે શહીદ થનારા બ્રિટિશ ભારતીય સૈનિકોની યાદમાં અમર જ્યોત
3. 1971માં પાકિસ્તાન વિરુદ્ધ ભારતની ઐતિહાસિક જીતની યાદમાં ઈન્ડિયા ગેટ સ્મારકમાં અમર જ્યોત પ્રજ્વલિત કરાઈ હતી
4. ઈન્ડિયા ગેટ પરિસરમાં નવા રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું વર્ષ 2019માં ઉદઘાટન કરાયું હતું
5. ભારતીય રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં ભારતીય શહીદ સૈનિકોના નામ કંડારવામાં આવ્યા છે

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**3.** તા. 20 જાન્યુઆરી 2022ના રોજ PM નરેન્દ્ર મોદી અને મોરેશિયસના PM પ્રવિન્દ્ર જગન્નાથની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મોરેશિયસમાં ભારતની સહાયથી નીચેનામાંથી ક્યા પ્રોજેક્ટ્સનું ઉદઘાટન તેમજ સમજૂતિ કરાઇ

1. સામાજિક આવાસ એકમ પ્રોજેક્ટ
2. સિવિલ સર્વિસ કોલેજ
3. 8 મેગાવોટ સોલર પીવી ફાર્મ પ્રોજેક્ટ
4. મેટ્રો એક્સપ્રેસ પ્રોજેક્ટ અને અન્ય ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ માટે ભારત દ્વારા મોરીશિયસને 19 કરોડ ડોલરની લોન સુવિધા આપવા માટે સમજૂતી

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** ICC દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી મેન્સ ટેસ્ટ ટીમ ઓફ ધ યર-2021માં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A) ન્યુઝીલેન્ડના કેન વિલિયમ્સનને સુકાની

(B) ભારતીય ક્રિકેટ ખેલાડી રોહિત શર્મા

(C) ભારતીય ક્રિકેટ ખેલાડી ઋષભ પંત અને રવિચંદ્રન અશ્વિન

**(D) આપેલ તમામ**

**5.** ICC દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી વિમેન્સ વન-ડે ટીમ ઓફ ધ યર-2021માં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે

(A)ઇંગ્લેન્ડની વર્લ્ડ કપ વિજેતા સુકાની હિધર નાઇટ ટીમની કપ્તાન

(B) ભારતીય સુકાની મિતાલી રાજ

(C) ભારતીય સિનિયર પેસ બોલર ઝૂલન ગોસ્વામી

**(D) આપેલ તમામ**

**6.** તા. 20 જાન્યુઆરી 2022ના રોજ PM નરેન્દ્ર મોદી અને મોરેશિયસના PM પ્રવિન્દ્ર જગન્નાથની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મોરીશિયસના મુખ્ય મેટ્રો સ્ટેશનને ક્યુ નવું નામ આપાયુ

(A) લાલબહાદૂર શાસ્ત્રી સ્ટેશન (B) સુભાષચંદ્ર બોઝ સ્ટેશન

(C) ભગતસિંહ સ્ટેશન **(D) મહાત્મા ગાંધી સ્ટેશન**

**7.** ભારત તરફથી સૌપ્રથમ કયા દેશને કોરોના વેક્સિન મોકલવામાં આવી હતી

(A) ઈન્ડોનેશિયા **(B) મોરીશિયસ**


(C) શ્રીલંકા (D) બાંગ્લાદેશ

**8.** ભારત સરકારે તાજેતરમાં ક્યા દેશને વિદેશી દેવું ચૂકવવા અને વ્યાપારમાં નાણાકીય અવરોધો દૂર કરવા 2.415 ડોલર અબજ (અંદાજે રૂ.18 હજાર કરોડ)ની આર્થિક મદદ કરશે

**(A) શ્રીલંકા** (B) બર્મા (C) બાંગ્લાદેશ (D) ભૂટાન

**DATE : 21-01-2022**

## 1. ઈન્ડિયા ગેટ અને અમર જવાન જ્યોત : શહીદોની યાદગીરીનો રોમાંચક ઈતિહાસ



**ઈન્ડિયા ગેટ અને અમર જવાન જ્યોતિનો ઈતિહાસ :**

- ✓ ભારતના અંદાજે 90,000 કરતાં વધારે જવાનોની યાદગીરી અને શૌર્યના માનમાં બ્રિટિશ સરકાર દ્વારા ઈન્ડિયા ગેટનું નિર્માણ
- ✓ ઈન્ડિયા ગેટ પર સ્થાપિત છે અમર જવાન જ્યોતિ, સેનાના સૈનિકોની યાદમાં પ્રજ્વલિત થાય છે જ્યોતિ
- ✓ ઈન્ડિયા ગેટનું નિર્માણ અંગ્રેજોએ કરાવ્યું હતું. તે બ્રિટિશ સરકાર દ્વારા બ્રિટિશ ભારતીય સેનાના સૈનિકોની યાદમાં બનાવવામાં આવ્યું હતું જેમણે 1914 અને 1921ની વચ્ચે પોતાનો જીવ ગુમાવ્યો હતો.
- ✓ 1914થી 1918 સુધીના પ્રથમ વિશ્વ યુદ્ધમાં અને 1919માં ત્રીજા એંગ્લો-અફઘાન યુદ્ધમાં 90 હજારથી વધુ ભારતીય સૈનિકો શહીદ થયા હતા. તે તેમને શ્રદ્ધાંજલિ આપવા ઈન્ડિયા ગેટનું નિર્માણ. જેની ડિઝાઇન એડવિન લ્યુટિયન્સ દ્વારા બનાવવામાં આવી હતી.
- ✓ શિલાન્યાસ 10 ફેબ્રુઆરી 1921ના રોજ કરવામાં આવ્યો હતો. તે 10 વર્ષમાં પૂર્ણ થયું હતું. ઈન્ડિયા ગેટનું ઉદ્ઘાટન 12 ફેબ્રુઆરી 1931ના રોજ તત્કાલિન વાઈસરોય લોર્ડ ઈર્વિન દ્વારા કરવામાં આવ્યું હતું.
- ✓ 1971ના યુદ્ધમાં ભારતીય સેનાના 3,843 જવાનો શહીદ થયા હતા. આ શહીદોની યાદમાં અમર જવાન જ્યોતિને પ્રગટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- ✓ આ પછી ઈન્ડિયા ગેટની નીચે એક સ્મારક બનાવવામાં આવ્યું જેના પર અમર જવાન લખેલું છે. તેની પર L1A1 સેલ્ફ લોડિંગ રાઈફલ પણ રાખવામાં આવી છે. આ રાઈફલ પર એક સૈનિકનું હેલ્મેટ પણ લગાવવામાં આવ્યું છે.
- ✓ આ સ્મારકનું ઉદ્ઘાટન 26 જાન્યુઆરી 1972ના રોજ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કર્યું હતું. સ્મારકમાં એક જ્યોત પણ પ્રગટી રહી છે. 2006 સુધી, એલપીજીનો ઉપયોગ આ જ્યોતને પ્રગટાવવા માટે થતો હતો. પરંતુ બાદમાં તેમાં સીએનજીનો ઉપયોગ થવા લાગ્યો.

રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક :

- ✓ હવે આ જ્યોત રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં પ્રગટાવવામાં આવશે. નેશનલ વૉર મેમોરિયલ ઈન્ડિયા ગેટથી 400 મીટરના અંતરે બનેલ છે. જ્યોત અહીં પણ પ્રગટી રહી છે. આ સ્મારક 40 એકરમાં બનેલ છે. તેની દીવાલો પર શહીદ થયેલા જવાનોના નામ લખેલા છે.
- ✓ 26 જાન્યુઆરી 2022 એ 1972 પછીનો પહેલો ગણતંત્ર દિવસ હશે, જ્યારે ઈન્ડિયા ગેટ પર અમર જવાન જ્યોતિ પ્રગટાવવામાં આવશે નહીં. તા. 21 જાન્યુઆરીએ બપોરે અમર જવાન જ્યોતિનો એક ભાગ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર લઈ જવામાં આવશે અને બપોરે 3.30 વાગ્યે બંને જ્યોતનો વિલીનીકરણ સમારોહ યોજાયો.
- ✓ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું ઉદ્ઘાટન 25 ફેબ્રુઆરી 2019ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. અહીં 25,942 સૈનિકોના નામ સુવર્ણ અક્ષરોમાં લખાયેલા છે.

## 2. નિકાસ લક્ષ્યાંક : ભારત સરકાર

ભારત સરકાર દ્વારા આગામી નાણાકીય વર્ષ 2022-23ના માટે 500 અબજ ડોલરની નિકાસનો લક્ષ્યાંક નક્કી કરાયો




નવ મહિનામાં 301.38 અબજ ડોલરની નિકાસ

- ✓ ડિસેમ્બર 2021ના અંતે ભારતની નિકાસ સમગ્ર વર્ષમાં સૌથી વધુ વધીને 37.8 અબજ ડોલર
- ✓ ચાલુ નાણાકીય વર્ષમાં 400 અબજ ડોલરની નિકાસના લક્ષ્યાંક સામે નવ મહિના દરમિયાન 301.38 અબજ ડોલરની નિકાસ.
- ✓ વર્ષ 2027 સુધીમાં એક લાખ કરોડ ડોલરની નિકાસનો લક્ષ્યાંક.

## 3. વૈશ્વિક સિદ્ધિ : લોકપ્રિય 13 વર્લ્ડ લીડર્સની યાદી-2022 જાહેર : સૌથી વધુ 71 ટકા રેટિંગ સાથે ભારતના PM મોદી નંબર-1




મહાનુભાવ, દેશ અને રેટિંગ :

**1.** નરેન્દ્ર મોદી (ભારત) : 71 ટકા 2. લોપેઝ ઑબ્રાદર (મેક્સિકો ) : 66 ટકા
3. મારિયા ડ્રાધી (ઇટાલી) : 60 ટકા 4. ફુમિયો કિશિદા (જાપાન) : 48 ટકા
5. ઓલ્ફ સ્કોલઝ (જર્મની) : 44 ટકા 6. જો બાઇડેન (અમેરિકા) : 43 ટકા
5. જસ્ટિન ટ્રુડો (કેનેડા) : 43 ટકા 8. સ્કોટ મોરિસન (ઓસ્ટ્રેલિયા) : 41 ટકા
7. પેડ્રો સાન્ચેઝ(સ્પેન) : 40 ટકા 10.મૂન જેઈ ઈન(સાઉથ કોરિયા) : 38 ટકા
11. જેર બોલ્સોનારો (બ્રાઝિલ) : 37 ટકા 12. ઈમાનુએલ મેક્રૉ : 34 ટકા
13. બોરિસ જોન્સન (બ્રિટન) : 26 ટકા

- ✓ 13થી 19 જાન્યુઆરી વચ્ચે રેટિંગ માટે સર્વે કરાયો

**2020ની સરખામણીમાં આ વખતે રેટિંગ ઘટ્યું**

- ✓ 2020ની સરખામણીમાં આ વખતે મોદીના રેટિંગમાં ઘટાડો થયો હતો. મોર્નિંગ કન્સલ્ટ દ્વારા મે 2020માં મોદીને 84 ટકા રેટિંગ મળ્યું હતું જ્યારે મે 2021માં તે ઘટીને 63 ટકા થયું હતું.

✓ રેટિંગ આપનાર સંસ્થા : **મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ-USA**

**4.ICC T-20 વર્લ્ડકપ-2022નો કાર્યક્રમ જાહેર**

✓ યજમાન : **ઓસ્ટ્રેલિયાના સાત શહેર મેચોની યજમાની કરશે**




✓ સમયગાળો : **તા. 16મી ઓક્ટોબરથી 13મી નવેમ્બર-2022**

✓ **16 ટીમો વચ્ચે કુલ 45 મુકાબલા રમાશે : ભારત અને પાકિસ્તાન સહિત 12 ટીમો ડાયરેક્ટ સુપર-12 રાઉન્ડમાં રમશે**

✓ ફાઈનલ : 13 નવેમ્બર, મેલબોર્ન

✓ ICC : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ

✓ વડુમથક : દુબઈ


**5. દિન વિશેષ : તા. 21 જાન્યુઆરી**

**મેઘાલય, મણિપુર,ત્રિપુરા રાજ્યનો 50મો સ્થાપના દિવસ**

✓ સ્થાપના : તા. 21 જાન્યુઆરી 1972

**રાજ્ય-રાજધાની :**

✓ મણિપુર : ઈમ્ફાલ મેઘાલય : શિલોંગ ત્રિપુરા : અગરતાલા




**6. જન્મ દિન વિશેષ : 21 જાન્યુઆરી**

**લોકહિત ચિંતક:દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી**




**જન્મ : 21 જાન્યુઆરી-1820** **અવસાન : 25 માર્ચ-1898**

✓ જન્મ સ્થળ : વઢવાણ.

**સાહિત્ય સર્જન :**

✓ દલપત કાવ્ય, બાપાની પીપર, વેન ચરિત્ર, હુન્નરખાનની ચઢાઈ, ફાર્બસ વિલાસ, ફાર્બસ વિરહ, હરીલીલામૃત, લક્ષ્મી, મિથ્યાભિમાન, ભૂત નિબંધ, જ્ઞાતિ નિબંધ, દલપત પિંગળ, કાવ્યદોહન, તાર્કિક બોધ.

**અન્ય પ્રદાન :**

✓ બુદ્ધિપ્રકાશ સામયિકના સંપાદક, હોપ વાંચનમાંળા અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મંત્રી તરીકે.

✓ બ્રિટિશ શાસને દલપતરામનું સીઆઈઈ જેવા અનેક ઇલ્કાબોથી સન્માન કર્યું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (21-01-2022)

**1.** જાન્યુઆરી 2022માં ચર્ચામાં રહેલાં નવી દિલ્હી સ્થિત ઈન્ડિયા ગેટ અને અમર જવાન જ્યોત સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. ભારતના અંદાજે 90,000 કરતાં વધારે જવાનોની યાદગીરીમાં બ્રિટિશ સરકાર દ્વારા 12 ફેબ્રુઆરી 1931ના રોજ ઇન્ડિયા ગેટનું નિર્માણ

2.ઈન્ડિયા ગેટની ડિઝાઈન તૈયાર કરનાર-એડવિન લ્યુટિયન્સ

3.શહીદોની યાદમાં અમર જવાન જ્યોતિને પ્રગટાવવાનો નિર્ણય

4. અમર જવાન સ્મારકનું ઉદ્ઘાટન 26 જાન્યુઆરી 1972ના રોજ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કર્યું

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** જાન્યુઆરી 2022ની સ્થિતિએ ભારતની નિકાસ અંગે ક્યા વિધાનો યોગ્ય છે

1. આગામી નાણાકીય વર્ષ 2022-23ના માટે 500 અબજ ડોલરની નિકાસનો લક્ષ્યાંક

2. ચાલુ નાણાકીય વર્ષમાં 400 અબજ ડોલરની નિકાસના લક્ષ્યાંક સામે નવ મહિના દરમિયાન 301.38 અબજ ડોલરની નિકાસ

3. વર્ષ 2027 સુધીમાં એક લાખ કરોડ ડોલરની નિકાસનો લક્ષ્યાંક

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**3.** મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ-USA દ્વારા જાન્યુઆરીમાં જાહેર કરાયેલી વર્લ્ડ લીડર્સ યાદી-2022 સંદર્ભે નીચેનામાંથી ક્યા તથ્યો યોગ્ય છે

1. વિશ્વના લોકપ્રિય 13 વર્લ્ડ લીડર્સની યાદી જાહેર કરાઇ

2. સૌથી વધુ 71 ટકા રેટિંગ સાથે ભારતના PM મોદી નંબર-1

3. 66 ટકા રેટિંગ સાથે મેક્સિકોના વડા લોપેઝ ઑબ્રાદર બીજા ક્રમે

4. 60 ટકા રેટિંગ સાથે ઇટાલીના વડા મારિયા દ્રાધી ત્રીજા ક્રમે

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** ICC T-20 વર્લ્ડકપ-2022 સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો સાચા છે

1. યજમાન : ઓસ્ટ્રેલિયાના સાત શહેર

2. સમયગાળો : તા. 16મી ઓક્ટોબરથી 13મી નવેમ્બર-2022

3. 16 ટીમો વચ્ચે કુલ 45 મુકાબલા

4. ફાઈનલ : 13 નવેમ્બર, મેલબોર્ન

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**5.** તા. 21 જાન્યુઆરી 2022ના રોજ ક્યા રાજ્યનો 50મો સ્થાપના દિવસ મનાવવામાં આવ્યો નથી

(A) ત્રિપુરા **(B) આસામ** (C) મણિપુર (D) મેઘાલય

**6.** દલપતરામનો જન્મ દિવસ જણાવો

**(A) તા.21 જાન્યુઆરી-1820** (B) તા.22 જાન્યુઆરી-1821

(C) તા.23 જાન્યુઆરી-1822 (D) તા.24 જાન્યુઆરી-1823

**7.** અર્વાચીન ગુજરાતી સાહિત્યની પ્રથમ કવિતા બાપાની પીંપરની રચના કોણે કરી છે

(A) કવિ ન્હનાલાલ (B) કવિ નર્મદ

**(C) કવિ દલપતરામ** (D) કવિ બોટાદકર

**DATE : 22-01-2022**

**1. 'સિંગલ સાઈન ઓન સર્વિસ' પોર્ટલ/એપ : ભારત સરકાર**

**કેન્દ્ર-રાજ્ય સરકારની યોજના માટે એક ડિજિટલ પ્રોફાઈલ માટે સૂચિત ઓગસ્ટ 2022થી'સિંગલ સાઈન ઓન સર્વિસ' શરૂ કરાશે**

**સિંગલ સાઈન ઓન સર્વિસ વિશે :**

- ✓ આ સેવામાં નાગરિકોના વેરિફિકેશનની એક એવી પ્રક્રિયા છે જેમાં એક જ આઈડીના માધ્યમથી દરેક પ્રકારની સરકારી સેવાનો લાભ લઈ શકાશે. એટલે કે હવે વારંવાર વેરિફિકેશનની પ્રક્રિયામાંથી પસાર નહીં થાય. તેના પછી અલગ અલગ સેવાઓ અને યોજનાઓ સાથે જોડાવા માટે અનેક લોગઈન આઈડી-પાસવર્ડ યાદ રાખવાની જરૂર નહીં હોય.
- ✓ આ પોર્ટલ પર એકવાર સાઈન ઓન કરવાનું હશે. પછી યુઝર ઓથેન્ટિકેશન થશે. તેના પછી જીવનભર આ એક આઈડીના માધ્યમથી દરેક પ્રકારની યોજનાનો લાભ લઈ શકાશે.

**સૂચિત સુવિધાઓ/ફાયદાઓ :**

- ✓ અત્યાર સુધી પાસપોર્ટ, આધાર, પાનકાર્ડ, વોટર આઈડી કાર્ડ, ગેસ કનેક્શન, ડ્રાઈવિંગ લાઇસન્સ, રેશન કાર્ડ, મેરેજ બર્થ-ડેથ સર્ટિફિકેટ, પીએફ, આર્મ લાઈસન્સ, ટ્રેડ લાઈસન્સ જેવા દસ્તાવેજ જારી કરવા માટે અલગ અલગ ઓફિસોની એપ કે વેબસાઈટ પર અરજી કરવી પડે છે. અલગ અલગ વેબસાઈટો પર અલગ અલગ લોગઈન અને પાસવર્ડનો ઉપયોગ થાય છે.
- ✓ આ સેવાઓ ઉપલબ્ધ થવાથી નાગરિકની સંપૂર્ણ વિગતો સેવાના ફોર્મમાં સંપૂર્ણ વિગતો આપમેળે ભરાઈ જશે.
- ✓ સૌથી મહત્વપૂર્ણ ફીચર પ્રી-ફિલ્ડ ફોર્મ હશે. એટલે કે જેવા જ તમે કોઈ સુવિધા માટે અરજી કરવા ઈચ્છશો તો ફોર્મ ખુલતા જ અલગ અલગ કોલમમાં અરજદાર સંબંધિત તમામ સૂચનાઓ આપમેળે ભરાઈ જશે. તમારે ફક્ત ઓકે બટન પર ક્લિક કરવું પડશે
- ✓ તૈયાર કરનાર મંત્રાલય : ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલય

**2. નેશનલ રજિસ્ટ્રેશન ઓફ લાર્જ ડેમ અહેવાલ-ભારત સરકાર : મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર બાદ 632 જળાશય સાથે ગુજરાત ત્રીજા ક્રમે**

**હેતુ :** ચોમાસામાં ભારે વરસાદના કારણે આવતાં પૂર અને ભૂકંપની સ્થિતિને લઇ દેશના 5745 જળાશયોની સુરક્ષાને ધ્યાને રાખી ગત ડિસેમ્બર માસમાં કેન્દ્રમાં એક બિલ પાસ કરાયું : જેમાં આ જળાશયોનું ચોમાસા પહેલાં અને પછી એમ બે વખત સરવે કરાશે. જેનો રિપોર્ટ કેન્દ્ર સરકારને આપવાનો રહેશે.



**સુરક્ષા સમિતિ :**

- ✓ આ માટે સુરક્ષા સમિતિઓની રચના કરાશે. સમિતિમાં કુલ 20 સદસ્યો રહેશે. જેમાં 10 કેન્દ્ર સરકારના અને 7 રાજ્યના સાથે 3 નિષ્ણાતો સમિતિના સદસ્યો રહેશે.

**અહેવાલના મહત્વના તારણો :**

- ✓ નેશનલ રજીસ્ટ્રેશન ઓફ લાર્જ ડેમના રિપોર્ટ મુજબ, દેશના કુલ 5745 પૈકી 632 જળાશયો (11%) ગુજરાતમાં છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર બાદ દેશમાં સૌથી વધુ જળાશયોમાં ગુજરાત ત્રીજા ક્રમે છે. રાજ્યના 632 પૈકી 12 જળાશયો બાંધકામ હેઠળ છે.

**દેશનાં મહત્વનાં 70 જળાશયોમાં રાજ્યનાં 4 જળાશયો સમાવિષ્ટ**

- ✓ 1987માં બનેલો **કરજણ ડેમ** નંબર-1 ઉપર છે. જેની ઊંચાઇ 100 મીટરની અને સંગ્રહ ક્ષમતા 53.90 કરોડ ઘનમીટર પાણીની છે. આ ઉપરાંત **ઉકાઇ ડેમ, કડાણા ડેમ અને સરદાર સરોવરનો** સમાવેશ થાય છે.

**વરસાદ અને વાતાવરણમાં આવતાં ફેરફારનો રિયલ ટાઇમ ડેટા મેળવી શકાશે**

- ✓ 30 મીટરથી વધુ ઉંચાઇ ધરાવતાં જળાશયો પર ભૂકંપમાપક કેન્દ્ર બનાવાશે. તેમજ 15 મીટરથી વધુ ઉંચાઇ ધરાવતાં જળાશયો પર જળ મૌસમ કેન્દ્ર બનાવાશે. જેનાથી વરસાદ અને વાતાવરણમાં આવતાં ફેરફારનો રિયલ ટાઇમ ડેટા મેળવી શકાશે.

**3. 'સ્ટેચ્યૂ ઑફ ઇક્વલિટી : સંત રામાનુજાચાર્યની સ્મૃતિમાં બનેલી 216 ફૂટ ઊંચી વિશ્વની બીજી સૌથી ઊંચી પ્રતિમા**



**પ્રતિમા વિશે :**

- ✓ તેલંગાણાના શમશાબાદમાં 11મી સદીના વૈષ્ણવ સંત રામાનુજાચાર્યની સ્મૃતિમાં બનેલા 216 ફૂટ ઊંચા 'સ્ટેચ્યૂ ઑફ ઇક્વલિટી'નું 5 ફેબ્રુઆરીએ અનાવરણ થશે. બેઠેલી મુદ્રામાં આ વિશ્વની બીજી સૌથી ઊંચી પ્રતિમા.
- ✓ મ્યાનમારની 256 ફૂટની ભગવાન બુદ્ધની પ્રતિમા પ્રથમ ક્રમે છે. 45 એકર ક્ષેત્રમાં રૂ. 1 હજાર કરોડના ખર્ચે બનેલા પરિસરમાં સંત રામાનુજાચાર્યની આ પ્રતિમાનું સંભવત ફેબ્રુઆરીમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અનાવરણ.

**4. ભારતના આકાંક્ષી જિલ્લાઓ : નીતિ આયોગ-ભારત સરકાર**

- ✓ **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના 142 આકાંક્ષી જિલ્લાઓમાં મહત્વની સરકારી યોજનાઓના ઝડપી અમલીકરણ માટે જિલ્લા કલેક્ટર્સ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ**

**આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ વિશે :**

- ✓ આકાંક્ષી જિલ્લાઓમાં થયેલા કેન્દ્રીત કામને અનુરૂપ, પસંદ કરાયેલા 142 જિલ્લાઓને આગળ લાવવાનાં મિશન સાથે ગ્રામીણ વિકાસ મંત્રાલય કાર્યરત
- ✓ કેન્દ્ર અને રાજ્ય આ ઓળખી કઢાયેલા જિલ્લાઓની ઉન્નતિ માટે વિકાસ નથી થયો એવા ક્ષેત્રોના સમાધાન માટે ભેગાં મળી કામ કરશે. 15 મંત્રાલયો અને વિભાગોને લગતા 15 ક્ષેત્રો ઓળખી કાઢવામાં આવ્યા છે.
- ✓ આ ક્ષેત્રોમાં, ચાવીરૂપ દેખાવ સૂચકો- કી પર્ફોર્મન્સ ઇન્ડિકેટર્સ (કેપીઆઇ) ઓળખી કાઢવામાં આવ્યા છે. સરકારનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે પસંદગી પામેલા જિલ્લાઓમાં કેપીઆઇ આગામી એક વર્ષમાં રાજ્યની સરેરાશને વટાવી જાય અને તેઓ બે વર્ષમાં રાષ્ટ્રીય સરેરાશની સમકક્ષ આવી જાય. દરેક સંબંધિત મંત્રાલય/વિભાગે એના કેપીઆઇની શ્રેણીઓ ઓળખી કાઢી છે, એના આધારે જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે.
- ✓ આ પહેલનો ઉદ્દેશ તમામ હિતધારકો સાથે એક કેન્દ્રબિંદુએ આવીને આ જિલ્લાઓમાં મિશન મોડ પર વિવિધ વિભાગો દ્વારા વિવિધ યોજનાઓની સંતૃપ્તિ હાંસલ કરવાનો છે. વિવિધ મંત્રાલયો અને વિભાગોના સચિવોએ તેમનાં મંત્રાલયો કેવી રીતે આ લક્ષ્યાંકો સિદ્ધ કરવા આગળ વધશે એના વિશેની કાર્ય યોજનાની રૂપરેખા રજૂ કરી હતી.

**5. ઈન્ડોનેશિયા : બાલીના મહારાજ અનક અગુંગની એક મહિના બાદ અંત્યેષ્ટિ**



- ✓ હિન્દુઓની બહુમતીવાળા બાલીના મહારાજ અનક અગુંગ નુરાહ માણિક પારાશરની રાજકીય સન્માન સાથે અંત્યેષ્ટિ કરાઇ.

**6. TOI-2180-B અવકાશ ગ્રહ : નાસા (USA)**

**પૃથ્વીથી 379 પ્રકાશ વર્ષ દૂર ગુરૂ કરતાં ત્રણ ગણો મોટો વાયુનો મહાકાય ગ્રહ મળ્યો**

**નાસાના સહયોગી વિજ્ઞાનીઓ દ્વારા વિશિષ્ટ એક્ઝોપ્લેનેટ શોધાયો**



**શોધાયેલા નવા ગ્રહ વિશે :**

- ✓ સૌર મંડળ બહારના ટીઓઆઇ-2180-બી સંજ્ઞા ધરાવતા ગ્રહનું એક વર્ષ 261 દિવસનું.
- ✓ આપણી સૂર્યમાળાના મહાકાય ગ્રહ ગુરૂ કરતાં ત્રણ ગણું વધુ દળ(માસ) ધરાવતો ગ્રહ શોધ્યો.
- ✓ આપણા સૂર્ય મંડળ બહાર મળી આવેલો TOI-2180-B સંજ્ઞા ધરાવતો ગ્રહ પૃથ્વીથી 379 પ્રકાશ વર્ષ દૂરના અંતરે.
- ✓ આ ગ્રહના પિતૃ તારા( ગ્રહ જે તારા ફરતે ગોળ ગોળ ફરતો હોય તેને પિતૃ તારો કહેવાય છે)નું દળ આપણા સૂર્યના દળ જેટલું છે. આપણી સૌરમાળા બહારના ગ્રહોને ખગોળશાસ્ત્રીઓ એક્ઝોપ્લેનેટ કહે છે.
- ✓ આ ગ્રહનું દળ પણ ગુરૂના દળ કરતાં ત્રણ ગણું વધુ છે. બીજા શબ્દોમાં કહીએ તો કુલ 79 ઉપગ્રહો ધરાવતા ગુરૂનું દળ આપણી પૃથ્વીના દળ કરતાં 317.83 ગણું વધુ છે. આ નવા અને વિરાટ ગ્રહનું દળ પૃથ્વીના દળ કરતાં 105 ગણું વધુ હોવાની શક્યતા પણ છે.
- ✓ આ ગ્રહનું સરેરાશ તાપમાન 170 ડિગ્રી ફેરનહીટ (76.66 ડિગ્રી સેલ્સિયસ) છે. જે ગુરૂ અને શનિ બંને ગ્રહો કરતાં વધુ ગરમ છે.
- ✓ સંસ્થા : નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA), USA

**7. 'ડીપ સ્પેસ ફૂડ ચેલેન્જ' : સ્પેસ એજન્સી નાસાની વિશ્વ સમક્ષ અનોખી ચેલેજન્સ**

**સ્પેસ સ્ટેશન, ચંદ્ર કે મંગળ પર અવકાશયાત્રીઓને નડતી ભોજનની સમસ્યા ઉકેલવા માટે પહેલ**

- ✓ **અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ** ડીપ સ્પેસ ફૂડ ચેલેન્જની જાહેરાત કરી છે. આ ચેલેન્જ અંતર્ગત જે વ્યક્તિ સ્પેસમાં અંતરિક્ષયાત્રી માટે સસ્ટેનેબલ આહારનો આઇડિયા આપશે તેને નાસા 10 લાખ ડોલરનું માતબર ઇનામ આપશે.
- ✓ સ્પેસ સ્ટેશન કે ભવિષ્યમાં ચંદ્ર-મંગળ જેવા ગ્રહો ઉપર અવકાશયાત્રીઓને નડતી ભોજનની સમસ્યા ઉકેલવા માટે આ પ્રયોગ હાથ ધરાયો.

**8. જન્મ દિન વિશેષ : 22 જાન્યુઆરી આચાર્ય આનંદશંકર ધ્રુવ**




**જન્મ : 22 જાન્યુઆરી-1869 અવસાન : 1942**

- ✓ અમદાવાદમાં જન્મેલા આનંદશંકરે MA, LLB સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.
- ✓ 1893માં અમદાવાદની ગુજરાત કોલેજથી સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે શૈક્ષણિક કારકિર્દી શરુ કરનાર પ્રોફે.ધ્રુવ 1936મા બનારસ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ પદે પણ રહ્યા હતા.

**સાહિત્યિક પ્રદાન :**

- ✓ ગુજરાતના વિદ્યાજગતમાં તેઓ "સુદર્શન અને "વસંત" જેવા સાહિત્યિક સામયિકોના તંત્રી તરીકે જાણીતા છે
- ✓ "આપણો ધર્મ", "હિંદુ ધર્મની બાળપોથી", "હિંદુ (વેદ) ધર્મ", "સાહિત્ય વિચાર", "કાવ્યતત્વ વિચાર", "દિગ્દર્શન", "વિચાર માધુરી" જેવા અનેક ચિંતન ગ્રંથો તેમણે લખ્યા છે.
- ✓ ભારતીય તત્વજ્ઞાન પરિષદ અને ગુજરાત સાહિત્ય પરિષદ જેવી અનેક પરિષદો અને સંસ્થાઓના તેઓ પ્રમુખ પણ રહ્યા હતા.
- ✓ ગુજરાતી પ્રજાએ એક સ્વતંત્ર યુનિવર્સિટી સ્થાપવાનું કામ જાતે ઊપાડી લેવું જોઇએ તેવા આહવાન સાથે ગુજરાત યુનિ.ની સ્થાપનાનું બીડું પણ તેમણે ઉઠાવ્યું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (22-01-2022)

**1.** ભારત સરકારના તાજેતરના નેશનલ રજિસ્ટ્રેશન ઓફ લાર્જ ડેમના અહેવાલમાં નીચેના પૈકી ક્યા તથ્યો યોગ્ય છે

1. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર બાદ 632 જળાશય સાથે ગુજરાત ત્રીજા ક્રમે

2. પૂર અને ભૂકંપની સ્થિતિને લઇ દેશના 5745 જળાશયોની સુરક્ષા માટે ડિસેમ્બર-2021માં બિલ પસાર

3. આ બિલ મુજબ જળાશયોનું ચોમાસા પહેલાં અને પછી એમ બે વખત સરવે કરાશે

4. જળાશયોની સુરક્ષા માટે કેન્દ્ર સરકારના 10, રાજ્યના 7 અને 3 નિષ્ણાતો સહિત 20 સદસ્યોની સુરક્ષા સમિતિ

5. દેશનાં મહત્વનાં 70 જળાશયોમાં ગુજરાતના કરજણ, ઉકાઇ, કડાણા અને સરદાર સરોવર ડેમનો સમાવેશ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**2.** કેન્દ્ર-રાજ્ય સરકારની યોજના માટે એક ડિજિટલ પ્રોફાઇલ માટે ભારત સરકાર દ્વારા સૂચિત ઓગસ્ટ 2022થી કયુ પોર્ટલ/એપ શરૂ કરાશે -

(A) સિંગલ વિન્ડો સર્વિસ (B) વન સ્ટેપ સોલ્યુશન

**(C) સિંગલ સાઇન ઓન સર્વિસ**(D) વન નેશન વન સર્વિસ

**3.** તેલંગાણાના શમશાબાદમાં 11મી સદીના વૈષ્ણવ સંત રામાનુજાચાર્યની સ્મૃતિમાં બેઠેલી મુદ્રામાં વિશ્વની બીજી સૌથી ઊંચી 216 ફૂટ ઊંચી પ્રતિમા ક્યા નામથી ઓળખાય છે

(A) સ્ટેચ્યૂ ઑફ રિલિજિયન **(B) સ્ટેચ્યૂ ઑફ ઇક્વલિટી**

(C) સ્ટેચ્યૂ ઑફ જસ્ટિસ (D) સ્ટેચ્યૂ ઑફ રામાનુજાચાર્ય

**4.** ભારત સરકારના નીતિ આયોગ દ્વારા મહત્વની સરકારી યોજનાઓના ઝડપી અમલીકરણ માટે કેટલા પછાત જિલ્લાઓને આકાંક્ષી જિલ્લાઓ તરીકે જાહેર કરાયા છે

(A) 140 (B) 141 **(C) 142** (D) 143

**5.** જાન્યુઆરી 2022માં નાસાના વૈજ્ઞાનિકો દ્વારા પૃથ્વીથી 379 પ્રકાશ વર્ષ દૂર ગુરૂ કરતાં ત્રણ ગણો મોટો વાયુનો ક્યો મહાકાય ગ્રહ શોધાયો

(A) TOI-2180-A **(B) TOI-2180-B**

(C) TOI-2181-C (D) TOI-2170-D

**6.** વિશ્વની કઇ સ્પેશ એજન્સીએ સ્પેસ સ્ટેશન, ચંદ્ર કે મંગળ પર અવકાશયાત્રીઓને નડતી ભોજનની સમસ્યા ઉકેલવા માટે 'ડીપ સ્પેસ ફૂડ ચેલેન્જ'ની જાહેરાત કરી જેમાં અવકાશયાત્રીઓ માટે સસ્ટેનેબલ આહારનો આઇડિયા આપનારને 10 લાખ ડોલરનું માતબર ઇનામ અપાશે

(A) ઇસરો (B) ઇએસએ **(C) નાસા** (D) સીએસએ

**7.** ગુજરાતી સાહિત્યકાર આચાર્ય આનંદશંકર ધ્રુવનો જન્મદિવસ જણાવો

**(A) તા. 22 જાન્યુઆરી-1869** (B) તા. 22 જાન્યુઆરી-1870

(C) તા. 22 જાન્યુઆરી-1872 (D) તા. 22 જાન્યુઆરી-1875

**8.** ગુજરાતી સાહિત્યકાર આચાર્ય આનંદશંકર ધ્રુવે કયા સાહિત્યિક સામયિકોના તંત્રી તરીકે સેવા આપી છે -

(A) વીસમી સદી (B) સુદર્શન (C) વસંત **(D) માત્ર B અને C**

**DATE : 23-01-2022**

**1. સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતિ :**

**નેતાજી સુભાષચંદ્ર બોઝના હોલોગ્રામ સ્ટેચ્યૂનું ઈન્ડિયા ગેટ ખાતે PM શ્રી મોદીના હસ્તે અનાવરણ : નવી દિલ્હી**

- ✓ આ સ્થળે આગામી સમયમાં નેતાજીની ગ્રેનાઇટથી બનેલી 28 ફુટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરાશે.



**હોલોગ્રામ સ્ટેચ્યૂ વિશે :**

- ✓ હોલોગ્રામ ટેક્નિક માત્ર પ્રોજેક્શન છે. તેમાં ઇમેજ આભાસી હોય છે પણ અસલી લાગે છે.
- ✓ તેમાં પ્રોજેક્ટર દ્વારા સ્ક્રીન પર 3D ઇમેજ દર્શાવાય છે, જે 3D ચશ્મા વિના પણ જોઇ શકાય છે.




- ✓ જેના પર ઇમેજ દેખાય છે તે સ્ક્રીન 90% પારદર્શક હોય છે. દર્શકોને ત્યાં ખરેખર સ્ટેચ્યૂ હોય તેવું લાગે છે.
- ✓ સ્ટેચ્યૂ ચારેય તરફથી જોઇ શકાય છે.
- ✓ નેતાજીનું હોલોગ્રામ સ્ટેચ્યુ 28 ફુટ ઊંચું અને 6 ફૂટ પહોળું છે.

**2. સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર-2022 એનાયત : નવી દિલ્હી**




- ✓ નેતાજી સુભાષચંદ્ર બોઝની તા. 23મી જાન્યુઆરીના રોજ જન્મ જયંતિ નિમિત્તે વર્ષ 2019, 2020 અને 2021ના વિજેતાઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે દિલ્હી ખાતે 'સુભાષ ચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર' એનાયત કરાયા.

**એવોર્ડ વિજેતા :**

**(1) જાપાનના પૂર્વ PM શિન્ઝો આબેને નેતાજી એવોર્ડ**

- ✓ જાપાનના પૂર્વ વડાપ્રધાન શિન્ઝો આબેને નેતાજી રિસર્ચ બ્યૂરોએ નેતાજી એવોર્ડ 2022 આપ્યો. કોલકાતામાં જાપાનના કોન્સ્યુલ જનરલે આ એવોર્ડ સ્વીકાર્યો.

**(2)સંસ્થાગત શ્રેણીમાં GIDM-ગાંધીનગરને એવોર્ડ**

- ✓ ગુજરાતમાંથી ગુજરાત ઇન્સ્ટિટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ(GIDM), ગાંધીનગરને સંસ્થાગત શ્રેણીમાં સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર-2022 એનાયત કરવામાં આવ્યો

**(3) વ્યક્તિગત શ્રેણીમાં GIDMના પ્રોફેસર વિનોદ શર્માને એવોર્ડ**

- ✓ વ્યક્તિગત શ્રેણીમાં ગુજરાત ઇન્સિટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંસ્થાના પ્રોફેસર વિનોદ શર્માને સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર-2022 એનાયત કરવામાં આવ્યો.

**પ્રોફેસર વિનોદ શર્માનું પ્રદાન**



- ✓ પ્રૉ.વિનોદ શર્મા "ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન"માં પ્રોફેસર તથા સિક્કિમ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના વાઇસ પ્રેસિડેન્ટ પદે કાર્યરત છે.
- ✓ તેઓ 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ" સ્થાપક સંયોજક પણ છે. ડિઝાસ્ટર રિસ્ક રીડકશન ક્ષેત્રે તેમણે કરેલા અવિરત પ્રયાસોથી તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઇ.
- ✓ પ્રો.વિનોદ શર્માને પણ વ્યક્તિગત શ્રેણીમાં પુરસ્કાર અપાયો
- ✓ આ પ્રસંગે તેમણે સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ પણ આપ્યા.

**એવોર્ડનો હેતુ :**

- ✓ આપત્તિ વ્યવસ્થાપનમાં દેશમાં વ્યક્તિગત તથા સંસ્થાગત સ્તરેથી અમૂલ્ય યોગદાન તેમજ નિ:સ્વાર્થ સેવા કરનારને ઉચિત ઓળખ અને સન્માન પ્રાપ્ત થાય તે હેતુસર ભારત સરકાર દ્વારા 'સુભાષ ચંદ્ર બૉસ આપદા પ્રબંધન પુરસ્કાર' ના નામથી પુરસ્કાર સ્થાપિત કરવામાં આવ્યો છે.

**ઈનામી રકમ :**

- ✓ આ સન્માન અંતર્ગત સંસ્થાને રૂ.51 લાખ રોકડ રકમ તથા પ્રમાણપત્ર તથા વ્યક્તિગત શ્રેણીમાં રૂ.5 લાખની રોકડ રકમની સાથે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

**3.ઓમિક્રોન વિશ્વમાં SARS CoV-2નો સૌથી વધુ ઝડપથી ફેલાતો વાઇરસ : INSACOG**




- ✓ ઓમિક્રોનનો દેશમાં પહેલો કેસ તા.2 ડિસેમ્બરે મળી આવ્યો હતો તે પછી માત્ર 7 અઠવાડિયામાં તે કોમ્યુનિટી ટ્રાન્સમિશનનાં સ્ટેજમાં આવી ગયો છે અને દેશભરમાં ભરડો લઈને ચિંતા વધારી છે.
- ✓ ફક્ત એક અઠવાડિયામાં તે આખી દુનિયામાં ફેલાઇ ગયો છે. હવે તે આખા વિશ્વમાં SARS-CoV-2નો સૌથી વધુ ઝડપથી ફેલાતો વાઈરસ થઇ ગયો છે.
- ✓ દુનિયામાં સૌથી વધુ ઝડપથી ફેલાતો વાઇરસ મિઝલ્સ છે, જેનાથી વર્ષ 2019માં 90 લાખથી વધુ લોકો સંક્રમિત થયા હતા પણ ઓમિક્રોને તેનો રેકોર્ડ તોડ્યો છે.

**4. સૈયદ મોદી ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટૂર્નામેન્ટ-2022 : લખનઉ (ઉત્તરપ્રદેશ)**




**(1) વિમેન્સ સિંગલ્સ**

**વિજેતા : બે વારની ઓલિમ્પિક મેડલ વિનર પીવી સિંધૂ**

- ✓ ભારતની યુવાન શટલર માલવિકા ખંસોડ

**યજમાન :** લખનઉ (ઉત્તરપ્રદેશ)

**(2) મિક્સ ડબલ્સ**

**વિજેતા :** ભારતના ઇશાન ભટનાગર અને તનિષા ક્રાસ્તોની જોડી



**ઉપવિજેતા :** ટી હેમા નાગેન્દ્ર અને શ્રીવૈધ્ય

**5. દિન વિશેષ : 23 જાન્યુઆરી બીજો 'પરાક્રમ દિવસ'**




**6. જન્મ દિન વિશેષ : 23 જાન્યુઆરી સુભાષચંદ્ર બોઝ**




**જન્મ : 23 જાન્યુઆરી-1897 અવસાન : 1945**

- ✓ જય હિન્દનો નારો આપનારા સુભાષચંદ્ર બોઝનો જન્મદિન.
- ✓ ઓરિસ્સાના કટકમાં જન્મેલા સુભાષ કલકતા યુનિ. અને કેમ્બ્રિજમાં ભણ્યા હતા.
- ✓ યુવાવસ્થાથી સ્વામિ વિવેકાનંદ અને મહાન બંગાળી નેતા ચિતરંજન દાસનો તેઓ પર ગાઢ પ્રભાવ હતો.
- ✓ એપ્રિલ 1921મા ICS (હાલમાં IAS)ની નોકરી છોડી પોતાનું જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.
- ✓ નેતૃત્વના અફાટ ગુણો તો તેમનામાં ભરેલા જ હતા. તેનો ભરપુર ઉપયોગ આઝાદીના આંદોલનોમાં કર્યો હતો.અનેક વખત જેલમાં ગયા.
- ✓ 1938મા સુરત જિલ્લામાં હરિપુરામાં કોંગ્રેસના 51મા અધિવેશનમાં પ્રમુખ બન્યા.
- ✓ અધિવેશનમાં આવવા મધ્યપ્રદેશની સરહદથી ગુજરાતમાં પ્રવેશલા સુભાષબાબુનું ગુજરાતીઓએ જે રીતે ઠેરઠેર સ્વાગત કર્યું તે અભૂતપૂર્વ હતું.
- ✓ અધિવેશનના સ્થળે તેઓને 51 બળદગાડાની સવારી સાથે દોરી જવામાં આવ્યા હતા.
- ✓ આજ સમયે ગુજરાતના હળપતિ આદિવાસીઓની સમસ્યાઓ માટે લડી રહેલા કિસાન સભાવાદીઓ કેટલાક નેતાઓને હવનમાં હાડકા નાંખનારા લાગ્યા અને તેમના સરઘસ પર પ્રતિબંધ મુકવાની વાત કરી તેઓ ખ્યાલ સુભાષબાબુને આવતા તેમણે બાઈજ્જત એ સરઘસને વિઠ્ઠલનગરમાં ઘૂમવાની છૂટ આપી એટલું જ નહિ તેમની સાથે વાર્તાલાપ પણ કર્યો.
- ✓ આવા મુક્ત અભિગમના કારણે ગુજરાતમાં સુભાષ બાબુનો વિશાળ અનુયાયી વર્ગ તૈયાર થયો હતો.
- ✓ નેતાજી સુભાષચંદ્ર બોઝનું 1945માં વિવાદાસ્પદ રીતે અવસાન થયું.
- ✓ માત્ર 48 વર્ષની સુભાષબાબુની રાષ્ટ્રવાદી કારકીર્દિએ આજે પણ તેમના તરફ આપણા આદર અને સન્માન જાળવી રાખ્યા છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (23-01-2022)

**1.** નેતાજીના હોલોગ્રામ સ્ટેચ્યૂ વિશે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. હોલોગ્રામ ટેક્નિક માત્ર પ્રોજેક્શન છે. તેમાં ઇમેજ આભાસી હોય છે પણ અસલી લાગે છે

2. હોલોગ્રામમાં પ્રોજેક્ટર દ્વારા સ્ક્રીન પર 3D ઇમેજ દર્શાવાય છે, જે 3D ચશ્મા વિના પણ જોઇ શકાય છે

3. જેના પર ઇમેજ દેખાય છે તે સ્ક્રીન 90% પારદર્શક હોય છે, દર્શકોને ત્યાં ખરેખર સ્ટેચ્યૂ હોય તેવું લાગે છે

4. હોલોગ્રામ સ્ટેચ્યૂ ચારેય તરફથી જોઇ શકાય છે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ નિમિત્તે PM શ્રી મોદી દ્વારા નવી દિલ્હી ખાતે એનાયત કરાયેલા સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર-2022 સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો સાચા છે

1. વર્ષ 2019, 2020 અને 2021ના વિજેતાઓને પુરસ્કાર એનાયત કરાયા

2. જાપાનના પૂર્વ PM શિન્ઝો આબેને નેતાજી રિસર્ચ બ્યૂરોએ નેતાજી એવોર્ડ 2022 આપ્યો

3. ગુજરાતમાંથી ગુજરાત ઇન્સ્ટિટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ(GIDM), ગાંધીનગરને સંસ્થાગત શ્રેણીમાં એવોર્ડ

4. વ્યક્તિગત શ્રેણીમાં GIDMના પ્રોફેસર વિનોદ શર્માને સુભાષચંદ્ર બોઝ આપદા પ્રબંધન પુરસ્કાર-2022 એનાયત

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** જાન્યુઆરી-2022માં યોજાયેલ સૈયદ મોદી ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટૂર્નામેન્ટ બાબતે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. વિમેન્સ સિંગલ્સ વિજેતા : પીવી સિંધૂ

2. વિમેન્સ સિંગલ્સ ઉપવિજેતા : શટલર માલવિકા ખંસોડ

3. મિક્સ ડબલ્સ વિજેતા : ભારતના ઇશાન ભટનાગર અને તનિષા ક્રાસ્તો

4. યજમાન : લખનઉ (ઉત્તરપ્રદેશ)

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**4.** સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતિ નિમિત્તે વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે ક્યા સ્થાને નેતાજી સુભાષચંદ્ર બોઝના હોલોગ્રામ સ્ટેચ્યૂનું અનાવરણ કરાયુ

(A) રાજઘાટ (B) ગેટવે ઓફ ઇન્ડિયા

(C) રાજપથ **(D) ઈન્ડિયા ગેટ**

**5.** આગામી સમયમાં નવી દિલ્હીના ઈન્ડિયા ગેટ ખાતે નેતાજીની ગ્રેનાઇટથી બનેલી કેટલા ફૂટ ઊંચી અને પહોળી ભવ્ય પ્રતિમા સ્થાપિત કરાશે

(A) 26 ફુટ તથા 4 ફૂટ (B) 27 ફુટ તથા 5 ફૂટ

**(C) 28 ફુટ તથા 6 ફૂટ** (D) 29 ફુટ તથા 7 ફૂટ

**6.** આપત્તિ વ્યવસ્થાપનમાં દેશમાં વ્યક્તિગત તથા સંસ્થાગત સ્તરેથી અમૂલ્ય યોગદાન તેમજ નિ:સ્વાર્થ સેવા કરનારને ઉચિત ઓળખ અને સન્માન પ્રાપ્ત થાય તે હેતુસર ભારત સરકાર દ્વારા તા. 23 જાન્યુઆરીએ કયો પુરસ્કાર એનાયત કરવામાં આવે છે

(A) સુભાષ ચંદ્ર બૉઝ પ્રબંધન પુરસ્કાર

**(B) સુભાષ ચંદ્ર બૉઝ આપદા પ્રબંધન પુરસ્કાર**

(C) સુભાષ ચંદ્ર બૉઝ આપદા પુરસ્કાર

(D) PM આપદા પ્રબંધન પુરસ્કાર

**7.** જાન્યુઆરી 2022ની સ્થિતિએ વિશ્વમાં સૌથી વધુ ઝડપથી ફેલાતા વાઈરસમાં કોનો સમાવેશ કરાયો છે

(A) મિઝલ્સ (B) આલ્ફા (C) ડેલ્ટા **(D) ઓમિક્રોન**

**8.** તા. 23-01-2022ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝની કેટલામી જન્મજયંતિની ઉજવણી કરાઈ હતી

(A) 128 (B) 127 (C) 126 **(D) 125**

**9.** દેશભરમાં પ્રથમવાર ક્યારથી પરાક્રમ દિવસ ઉજવવાનો પ્રારંભ થયો

(A) તા.23 જાન્યુઆરી-2022 **(B) તા.23 જાન્યુઆરી-2021**

(C) તા.23 જાન્યુઆરી-2020 (D) તા.23 જાન્યુઆરી-2019

**10.** નેતાજી સુભાષ ચંદ્ર બોઝનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 12 જાન્યુઆરી 1890 તથા કાનપુર, ઉત્તરપ્રદેશ

(B) તા. 20 જાન્યુઆરી 18974 તથા વરાણસી, ઉત્તરપ્રદેશ

**(C) તા. 23 જાન્યુઆરી 1897 તથા કટક, ઓરિસ્સા**

(D) તા. 25 જાન્યુઆરી 1899 તથા ટંકારા, ગુજરાત

**11.** બારડોલીના હરિપુરા ગામે તા. 19, 20 અને 21મી ફેબ્રુઆરી-1938 દરમિયાન સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે કોંગ્રેસનું કેટલામુ રાષ્ટ્રીય અધિવેશન મળ્યું હતું

(A) 50 **(B) 51** (C) 52 (D) 55

**DATE : 24-01-2022**

## 1. મહિલાઓ માટેનો સરોગસી કાયદો :

**તા. 25 જાન્યુઆરીથી અમલી**



**કાયદાની મુખ્ય જોગવાઈઓ :**

- ✓ એક્ટ મુજબ હવેથી મહિલા જીવનમાં એક જ વાર સેરોગેટ મધર બની શકશે.
- ✓ જે મહિલા પરિણીત હોય, બાળકો હોય તે જ કૂખ એક રીતે ભાડે આપી શકશે. આ માટે તે રૂપિયા પણ નહીં લઇ શકે અને આવી માતાનો 36 મહિનાનો વીમો લેવો પણ ફરજિયાત કરી દેવાયો
- ✓ નિયમોનું ભંગ થશે તો 10 લાખનો દંડ અને 10 વર્ષની સજાની જોગવાઇ છે.

**અગાઉ રોકટોક નહોતી**

- ✓ અગાઉ કૂખ ભાડે આપનારી મહિલાઓ મળી રહેતી. કૂખ ભાડે લેનાર દંપતી ચાર્જ ચૂકવતા બાદમાં બાળક દંપતીને આપી દેવાતું હતું.

**કયાં-ક્યાં નિયમ અમલી બનાવાયા**

- ✓ હવેથી ધંધાદારી સરોગસી નિષેધ
- ✓ અલ્ટ્ર્યુસ્ટિક સરોગસી જ કાયદાકીય કે જેમાં મેડિકલ ખર્ચ તથા 36 મહિનાના વીમા સિવાય કોઈપણ ચાર્જ, ફી, વળતરનો સમાવેશ થતો નથી.
- ✓ સરોગસી ક્લિનિકનું રજિસ્ટ્રેશન ફરજિયાત

**ધંધાદારી પ્રવૃત્તિ પર લગામ**

- ✓ સરોગસી કાયદાનો ભંગ કરનારને 10 વર્ષની સજાની જોગવાઇ, ક્લિનિકનું રજિસ્ટ્રેશન પણ ફરજિયાત
- ✓ અત્યારસુધી સરોગસી મામલે કોઇ રોકટોક ન હોવાથી પ્રોફેશનલ્સ પણ એક્ટિવ હતા. હવે આ દરેક બાબતે નિયમ આવી ગયા છે.

## 2.પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર (PMRBP-2022) :

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે ગયા વર્ષના 32 અને આ વર્ષે 29 પ્રતિભાશાળી બાળકોને સમ્માનિત કરાયા – નવી દિલ્હી**

- ✓ કુલ 61 બાળકોને પુરસ્કાર એનાયત.
- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે વિજેતા બાળકોને 'બ્લોક ચેઇન ટેકનોલોજી' દ્વારા એવોર્ડ તથા **રૂપિયા એક લાખની ધનરાશિ** એનાયત કરવામાં આવી.



**ગુજરાતની સિદ્ધિ :**

**સુરતની "રબર ગર્લ" અને યોગ સ્પર્ધામાં વિજેતા અન્વી ઝાંઝરૂકિયાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આર્ટ એન્ડ કલ્ચર કેટેગરીમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-2022 એનાયત**




- ✓ સુરત અને ગુજરાતનું ગૌરવ વધારનારી આ દિકરીને આગામી પ્રજાસત્તાક દિવસ 26મી જાન્યુઆરી 2022 એ ગીર સોમનાથ જિલ્લામાં યોજાનારા રાજ્યકક્ષાના સમારોહમાં સન્માનિત કરવામાં આવશે

**અન્વીની યોગમાં અનેક સિદ્ધિઓ :**

- ✓ અન્વીએ અનેક શારીરિક સમસ્યાઓ અને મર્યાદાઓ છતાં પણ મક્કમ મનોબળ અને સખત પરિશ્રમ થકી યોગમાં રાજ્ય અને રાષ્ટ્રીયકક્ષાની અનેકવિધ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ્સ જીત્યા છે.
- ✓ તેણે છેલ્લા ત્રણ વર્ષોમાં રાષ્ટ્રીય સ્તરની યોગ સ્પર્ધાઓમાં 3 સુવર્ણ ચંદ્રકો અને 2 કાંસ્ય ચંદ્રકો જીત્યા છે.
- ✓ કુલ 42 યોગ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે, અને 51 જેટલા મેડલો મેળવ્યા છે. અન્વી 112 કરતાં પણ વધુ આસનો કરી શકે છે. એટલું જ નહિ, અન્વીએ સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર બે લાખથી વધુ લાઇક પણ મેળવી છે.

**અન્ય એવોર્ડ :**

- ✓ 13 વર્ષની અન્વી ઝાંઝરૂકિયાને યોગાસનમાં વિશિષ્ટ પ્રદાન કરવા બદલ તા.3 ડિસે.2021-વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદના હસ્તે કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા 'ક્રિએટિવ ચાઇલ્ડ વિથ ડિસેબિલીટી કેટેગરી'માં નેશનલ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો

**રાષ્ટ્રીય બાલ પુરસ્કાર વિશે :**

- ✓ **1996માં આ પુરસ્કાર શરૂ કરવામાં આવ્યો હતો**. તે સમયે બાળકોને મેડલની સાથે કેશ ભેટ પણ આપવામાં આવતી. **2018થી આ પુરસ્કારનું નામ બદલીને બાળ શક્તિ પુરસ્કાર** કરી દેવામાં આવ્યું છે. તેમાં બહાદુરી વિભાગના બાળકોને પણ સામેલ કરાયા છે.

**કયા બાળકોને મળે છે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર**

- ✓ રાષ્ટ્રીય બાળ પુરસ્કાર મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની તરફથી આપવામાં આવે છે. આ પુરસ્કાર કોને મળશે તેને માટે મંત્રાલયની એક ગાઈડલાઈન છે. ગાઈડલાઈનના આધારે આ પુરસ્કાર એ બાળકોને મળશે જે ભારતના નાગરિક છે. ભારતમાં રહે છે અને **તેમની ઉંમર 5 વર્ષથી વધારે અને 18 વર્ષથી ઓછી** હોય છે.

**વિવિધ 6 કેટેગરીમાં પુરસ્કાર :**

**(1) ઈનોવેશન :**

વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનમાં ઉપલબ્ધિ મેળવનારા બાળકો, તેમાં ઈનોવેશનથી વ્યક્તિની સાથે જીવજંતુ અને પર્યાવરણ પર કોઈ પ્રભાવ પડ્યો હોય.

**(2) સામાજિક કામ**

- ✓ બાળ વિવાહ, યૌન શોષણ, દારુનું સેવન જેવી સામાજિક બુરાઈના વિરોધમાં સમાજને પ્રેરિત કરાયા હોય કે સંગઠિત કરવામાં આવ્યા હોય.

**(3) શિક્ષા** રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સતત ઉપલબ્ધિ મળી હોય તેમનો પણ સમાવેશ કરાય છે.

**(4) રમત** રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રમતમાં સતત ઉપલબ્ધિ મળી હોય તેમને પણ આ ખાસ પુરસ્કાર આપવામાં આવે છે.

**(5) આર્ટ એન્ડ કલ્ચર**

- ✓ મ્યુઝિક, ડાન્સ, પેન્ટિંગ કે આર્ટ્સ અને કલ્ચરની સાથે જોડાયેલી અનેક વિધામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધિ મળી હોય તેમનો સમાવેશ કરાય છે.

**(6) બહાદુરી**

- ✓ પોતાનો જીવ જોખમમાં મૂકીને નિસ્વાર્થ સેવા કરનારા બાળકોને તેમાં સામેલ કરાય છે. એવા બાળકો જે પ્રાકૃતિક કે માનવ નિર્મિત કોઇ પણ સ્થિતિમાં સાહસનું કામ કરે છે કે પછી એવા બાળકો જે કોઇ પણ ખતરાની સ્થિતિમાં પોતાની બુદ્ધિમત્તા અને માનસિક શક્તિનો અસાધારણ ઉપયોગ કરે છે તેમને આ એવોર્ડ મળે છે.

**ઈનામી રકમ વિશે :**

- ✓ Pradhan Mantri Rashtriya Bal Puraskar જીતનારા વિજેતાને મેડલ અને પ્રમાણપત્રના સિવાય 1 લાખ રૂપિયાનું રોકડ ઇનામ મળે છે.
- ✓ આ વખતે બ્લોકચેન ટેક્નોલોજીની મદદથી બાળકોને ડિજિટલ સર્ટિફિકેટ આપવામાં આવશે. આ બાળકો રાજપથી પર થનારી ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લે છે.
- ✓ આ પુરસ્કારો રાષ્ટ્રપતિ ભવનમાં એક સમારોહમાં માનનીય રાષ્ટ્રપતિ દ્વારા એનાયત કરવામાં આવે છે. માનનીય વડાપ્રધાન દર વર્ષે આ પુરસ્કાર વિજેતાઓ સાથે પણ વાતચીત કરે છે. પીએમઆરબીપીના પુરસ્કાર વિજેતાઓ દર વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં પણ ભાગ લે છે.

**3. પર્યાવરણ લક્ષી નવતર પહેલ : ભારતના ગણતંત્ર દિવસની પરેડના આમંત્રણ કાર્ડમાં Seed Paper/Plantable પેપરની નવતર પહેલ : રક્ષા મંત્રાલય – નવી દિલ્હી**




**આમંત્રણ કાર્ડની વિશેષતા :**

- ✓ 'કાગજ કે ફૂલ' - 1959 માં નિર્મિત ગુરુદત્તની આ ક્લાસિક ફિલ્મનું શીર્ષક 63 વર્ષમાં માત્ર ઉપમા નહીં રહેતાં વાસ્તવિક સ્વરૂપ ધારણ કરશે
- ✓ આજે આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં ભારતમાં ખરેખર કાગળના 'ફૂલ' માત્ર નહીં, કાગળના આખેઆખા ઝાડવાં જડ્યાં છે !!!
- ✓ **ભારત સરકારના રક્ષા મંત્રાલય તરફથી 26 મી જાન્યુઆરી, ગણતંત્ર દિવસની પરેડનું આમંત્રણ કાર્ડ લખ્યું છે,** आंवला का पौधा उगाने के लिए इस कार्ड को बोएं **I Sow this card to grow an Amla Plant.**
- ✓ આ કાર્ડ વાવીએ એટલે આમળાનું વૃક્ષ ઉગે એમ..???
- ✓ કલ્પના કરવી પણ કઠિન છે એવી કમાલ ભારતે કરી દેખાડી છે, એટલું જ નહીં સામૂહિક સ્તરે સાકાર પણ કરી છે.
- ✓ ગણતંત્ર દિવસની પરેડનું આમંત્રણ કાર્ડ Seed Paper એટલે કે બિયારણ મિશ્રિત પેપરમાંથી, એટલે કે બિયારણ જેમાં અંતર્નિહિત છે એવા પેપરમાંથી બનેલું છે. આ પેપરને Plantable એટલે કે વાવી શકાય એવું પેપર પણ કહેવાય છે.
- ✓ બોટનિકલ અને ટેકનિકલ ભાષામાં કહીએ તો આ બાયોડિગ્રેડેબલ ઇકો પેપર છે. એવો કાગળ કે જેના તમામ તત્વો પ્રાકૃતિક રૂપે પૃથ્વીના તત્વોમાં સમાઇ જાય છે. કાંઇ જ શેષ નથી બચતું. પર્યાવરણની જાળવણી માટે આનાથી શ્રેષ્ઠ અને ઉદાહરણીય બીજું શું હોઇ શકે !
- ✓ પ્રજાસત્તાક દિવસની પરેડનું આ આમંત્રણ કાર્ડ ભેજવાળા માટીના પાતળા લેયરમાં દાટી દેવાનું, થોડા પાણી અને સૂર્યપ્રકાશ વચ્ચે જતનપૂર્વક જોતા રહેવાનું.
- ✓ જોતજોતામાં આ પત્રિકા પાંગરશે, આ આમંત્રણ કાર્ડમાંથી અંકુર ફૂટશે...જે મોટું થઇને આમળા આપશે અને તંદુરસ્તી વધારશે... ગર્વ થાય છે આવા વિકાસશીલ દેશના નાગરિક હોવાનું.

**3. ICC એવોર્ડ્સ 2021 : વનડે, ટેસ્ટ અને T-20 શ્રેણીમાં 'ક્રિકેટર ઓફ ધ યર'નો ખિતાબ જાહેર**

**મહિલા ક્રિકેટર ઓફ ધ યર-2021 :**

**(1) ભારતની સ્મૃતિ મંધાનાને વર્ષ 2018 બાદ બીજીવાર મહિલા ક્રિકેટર ઓફ ધ યરનો ખિતાબ**

**વિશેષતાઓ :**

- ✓ સ્મૃતિને રાચેલ હેહો ફ્લિન્ટ ટ્રોફી અપાશે.
- ✓ તે ઓસ્ટ્રેલિયાની એલિસે પેરી બાદ આ એવોર્ડ બે વખત જીતનાર વિશ્વની બીજી ખેલાડી.




- ✓ ગત વર્ષે 22 આંતરરાષ્ટ્રીય મેચમાં સ્મૃતિએ 855 રન કર્યા હતા.
- ✓ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પિન્ક બોલ ટેસ્ટમાં તેણે 127 રનની ઈનિંગ્સ રમી હતી.

**પુરુષ ક્રિકેટર ઓફ ધ યર-2021 :**

**(2) પાકિસ્તાનના બોલર શાહિન શાહ આફ્રિદીને 2021નો પુરુષ ક્રિકેટર ઓફ ધ યર**




- ✓ 21 વર્ષીય શાહિન સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી જીતનાર સૌથી યુવા ખેલાડી, આ એવોર્ડ જીતનાર પ્રથમ પાક. ખેલાડી.

**પુરુષ ક્રિકેટ ઓફ ધ યર-2021 :**

**(1) ઈંગ્લેન્ડનો જો રુટ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર બનનાર ઈંગ્લેન્ડનો બીજો ખેલાડી**

**(2) પાકિસ્તાનનો બાબર વન-ડેનો સર્વશ્રેષ્ઠ ખેલાડી**

**(3) પાકિસ્તાનનો રિઝવાન ટી-20નો સર્વશ્રેષ્ઠ ખેલાડી**

**મહિલા ક્રિકેટ ઓફ ધ યર-2021 :**

- ✓ **દ.આફ્રિકાની લિજેલ લીને મહિલા વન-ડે ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ : ICC એવોર્ડ જીતનાર પોતાના દ.આફ્રિકાની પ્રથમ મહિલા ક્રિકેટર બની**
- ✓ **ICC અમ્પાયર ઓફ ધ યર : મરૈસ ઈરાસ્મસ**

**4. આયશા મલિક પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા જજ બન્યા**



- ✓ આયશા મલિક લાહોર હાઇકોર્ટના જજ હતા, જેને હવે સુપ્રીમ કોર્ટમાં કામ કરવાનો મોકો મળ્યો છે. પાકિસ્તાનના ન્યાયિક ઈતિહાસમાં આ એક મહત્વપૂર્ણ ક્ષણ માનવામાં આવે છે.

**5. દિન વિશેષ : 24 જાન્યુઆરી     રાષ્ટ્રીય બાલિકા દિવસ**




- ✓ **પ્રથમ પ્રારંભ : વર્ષ 2008**
- ✓ કેન્દ્ર સરકારે તા. 22 જાન્યુઆરી 2015ના રોજ બેટી બચાવો, બેટી પઢાઓ યોજના લોન્ચ કરી હતી. તેને પગલે દેશમાં મહિલા સશક્તીકરણ સંબંધી પ્રશ્નો હલ થયા હતા.
- ✓ કેન્દ્ર સરકારની આ યોજનાએ કન્યાઓના જાતિ ગુણોત્તરને પણ પ્રભાવિત કર્યો છે.

**રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વેક્ષણ(2019-2021) :**

- ✓ સર્વેક્ષણ અનુસાર **ભારત પ્રતિ 1000 પુરુષે 1020** મહિલા ધરાવે છે. વીતલા પાંચ વર્ષમાં ભારતે જાતિ ગુણોત્તર મુદ્દે ભારે પ્રગતિ સાધી છે.
- ✓ **વર્ષ 2015-16માં ભારતમાં પ્રતિ 1000 પુરુષે 991 મહિલા હતી.**
- ✓ મંત્રાલય : મહિલા અને બાળ કલ્યાણ, ભારત સરકાર

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (24-01-2022)

**1.** સરોગસી રેગ્યુલેશન એક્ટની જોગવાઇમાં નીચેના ક્યા વિધાનો યોગ્ય છે

1. મહિલા જીવનમાં એક જ વાર સેરોગેટ મધર બની શકશે
2. જે મહિલા પરિણીત હોય, બાળકો હોય તે જ કૂખ એક રીતે ભાડે આપી શકશે, આ માટે તે રૂપિયા પણ નહીં લઇ
3. શકે અને આવી માતાનો 36 મહિનાનો વીમો લેવો પણ ફરજિયાત કરી દેવાયો
4. નિયમોનું ભંગ થશે તો 10 લાખનો દંડ અને 10 વર્ષની સજાની જોગવાઇ
5. હવેથી ધંધાદારી સરોગસી નિષેધ તથા સરોગસી ક્લિનિકનું રજિસ્ટ્રેશન ફરજિયાત

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ICC એવોર્ડ્સ 2021 : વનડે, ટેસ્ટ અને T-20 શ્રેણીમાં નીચેના પૈકી કયા નામ યોગ્ય છે

1. ભારતની સ્મૃતિ મંધાનાને વર્ષ 2018 બાદ બીજીવાર મહિલા ક્રિકેટર ઓફ ધ યરનો ખિતાબ, તેને રાચેલ હેહો ફ્લિન્ટ ટ્રોફી અપાશે
2. પાકિસ્તાનના બોલર શાહિન શાહ આફ્રિદીને 2021નો પુરુષ ક્રિકેટર ઓફ ધ યર, બાબર વન-ડેનો સર્વશ્રેષ્ઠ ખેલાડી તથા રિઝવાન ટી-20નો સર્વશ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ
3. દ.આફ્રિકાની લિજેલ લીને મહિલા વન-ડે ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ
4. ICC અમ્પાયર ઓફ ધ યર : મરૈસ ઇરાસ્મસ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 4 અને 5 **(D) આપેલ તમામ**

**3.** ભારતમાં મહિલાઓ માટેનો સરોગસી રેગ્યુલેશન એક્ટના અમલ ક્યારથી થયો

(A) તા. 24મી જાન્યુઆરી 2022 **(B) તા. 25મી જાન્યુઆરી 2022**
(C) તા. 26મી જાન્યુઆરી 2022 (D) તા. 27મી જાન્યુઆરી 2022

**4.** રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી મોદીના હસ્તે ગયા વર્ષ અને આ વર્ષના કેટલા પ્રતિભાશાળી બાળકોને સમ્માનિત કરાયા

**(A) ગયા વર્ષના 32 તથા આ વર્ષે 29 બાળકો**
(B) ગયા વર્ષના 30 તથા આ વર્ષે 30 બાળકો
(C) ગયા વર્ષના 32 તથા આ વર્ષે 32 બાળકો
(D) ગયા વર્ષના 31 તથા આ વર્ષે 30 બાળકો

**5.** રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી મોદીના હસ્તે ગુજરાતના સુરતની કઇ દિકરીને કઇ કેટેગરીમાં રાષ્ટ્રીય બાલ પુરસ્કારની સન્માનિત કરાઇ

(A) અવની પટેલ તથા શિક્ષા કેટેગરી
(B) અમી ઝીંઝુવાડિયા તથા ઇનોવેશન કેટેગરી
**(C) અન્વી ઝાંઝરૂકિયા તથા આર્ટ એન્ડ કલ્ચર કેટેગરી**
(D) અમી ઝાંઝકિયા તથા રમત કેટેગરી

**6.** રાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે રાષ્ટ્રીય બાલ પુરસ્કાર નીચેના પૈકી કઇ કેટેગરીમાં આપાતો નથી

**(A) આર્થિક તથા રાજકીય** (B) ઇનોવેશન તથા સામાજિક કામ
(C) શિક્ષા તથા રમત (D) આર્ટ એન્ડ કલ્ચર તથા બહાદુરી

**7.** 5 વર્ષથી 18 વર્ષના બાળકોની વિશિષ્ટ સિદ્ધિ બદલ ભારતમાં ક્યા વર્ષથી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર આપવાનો પ્રારંભ કરાયો

(A) વર્ષ 1986 **(B) વર્ષ 1996** (C) વર્ષ 2008 (D) વર્ષ 2014

**8.** પર્યાવરણ લક્ષી નવતર પહેલના ભાગરૂપે આ વર્ષે ભારતના ગણતંત્ર દિવસની પરેડના આમંત્રણ કાર્ડમાં કયા વિશેષ પેપરનો ઉપયોગ કરાયો જે કાર્ડ વાવવાથી આમળાનું વૃક્ષ તૈયાર થાય છે

(A) સીડ પેપર (B) પ્લાન્ટેબલ પેપર
(C) બોટનિકલ પેપર **(D) A અને B બંને**

**9.** જાન્યુઆરી 2022માં આયશા મલિક ક્યા દેશની સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા જજ બન્યા

(A) ઇરાન (B) ઇન્ડોનેશિયા **(C) પાકિસ્તાન** (D) બાંગ્લાદેશ

**10.** રાષ્ટ્રીય બાલિકા દિવસ કયારે મનાવવામાં આવે છે

**(A) તા. 24 જાન્યુઆરી** (B) તા. 21 જાન્યુઆરી
(C) તા. 18 જાન્યુઆરી (D) તા. 16 જાન્યુઆરી

**11.** રાષ્ટ્રીય બાલિકા દિવસ ઉજવવાનો પ્રથમ પ્રારંભ કયારે થયો હતો

(A) વર્ષ 2005 (B) વર્ષ 2006 **(C) વર્ષ 2008** (D) વર્ષ 2009

## 25-01-2022

**1. પ્રજાસત્તાક પર્વ નિમિતે : ગુજરાતના 19 પોલીસ અધિકારી પ્રેસિડેન્ટ અને પોલીસ મેડલથી સન્માનિત**

**2. પદ્મ એવોર્ડ 2022 :**

**ભારત સરકાર દ્વારા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ જુદા જુદા ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપનારા કુલ 128 મહાનુભાવોની પદ્મ એવોર્ડ માટે પસંદગી**

| | |
|---|---|
| પદ્મ વિભૂષણ | 004 |
| પદ્મ ભૂષણ | 017 |
| પદ્મશ્રી | 107 |




- ✓ **કુલ 8 ગુજરાતીઓને પદ્મ એવોર્ડ માટે પસંદ કરાયા**
- ✓ 13 મહાનુભાવોને મરણોપરાંત, 34 મહિલાઓ તેમજ 10 NRI અને વિદેશીઓનાં નામ સામેલ.



| નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|
| **પદ્મ વિભૂષણ** | | |
| **પ્રભા અત્રે** | કળા | મહારાષ્ટ્ર |
| **જન. બિપિન રાવત(મરણોત્તર)** | સિવિલ સર્વિસ | ઉત્તરાખંડ |
| **રાધેશ્યામ ખેમકા (મરણોત્તર)** | સાહિત્ય-શિક્ષણ | ઉત્તર પ્રદેશ |
| **કલ્યાણ સિંહ (મરણોત્તર)** | જાહેર જીવન | ઉત્તર પ્રદેશ |
| **પદ્મ ભૂષણ** | | |
| ગુલામ નબી આઝાદ | જાહેર જીવન | જમ્મુ-કાશ્મીર |
| વિક્ટર બેનરજી | કળા | પશ્ચિમ બંગાળ |
| ગુરમીત બાવા (મરણોત્તર) | કળા | પંજાબ |
| બુદ્ધદેવ ભટ્ટાચાર્ય | જાહેર | પશ્ચિમ બંગાળ |
| નટરાજન ચંદ્રશેખરન | ઉદ્યોગ | મહારાષ્ટ્ર |
| કૃષ્ણ ઈલા, સુચિત્રા ઈલા | ઉદ્યોગ | તેલંગાણા |
| મધુર જાફરી | અન્ય-કલિનરી | અમેરિકા |
| દેવેન્દ્ર ઝાઝરિયા | રમત | રાજસ્થાન |
| રશિદ ખાન | કળા | ઉત્તર પ્રદેશ |
| રાજીવ મહર્ષિ | સિવિલ સર્વિસ | રાજસ્થાન |
| સત્યા નડેલા | ઉદ્યોગ | અમેરિકા |
| સુંદર પિચાઈ | ઉદ્યોગ | અમેરિકા |
| સાયરસ પૂનાવાલા | ઉદ્યોગ | મહારાષ્ટ્ર |
| સંજય રાજારામ (મરણોત્તર) | વિજ્ઞાન-એન્જિનિયરિંગ | મેક્સિકો |
| પ્રતિભા રે | સાહિત્ય-શિક્ષણ | ઓડિશા |
| **સ્વામી સચ્ચિદાનંદ** | **સાહિત્ય-શિક્ષણ** | **ગુજરાત** |
| વશિષ્ઠ ત્રિપાઠી | સાહિત્ય-શિક્ષણ | ઉત્તર પ્રદેશ |




## પદ્મ એવોર્ડથી સન્માનિત ગુજરાતીઓ

### (1) સ્વામી સચ્ચિદાનંદ- પદ્મભૂષણ (સાહિત્ય-શિક્ષણ)



- ✓ ઉત્તર ગુજરાતમાં મોતી ચાંદુર ગામે 22 એપ્રિલ 1932માં જન્મેલા સ્વામી સચ્ચિદાનંદ સ્વામીને પદ્મભૂષણ જાહેર કરવામાં આવ્યું છે. સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે તેમને આ પદ્મભૂષણ એવોર્ડ જાહેર કરાયો છે.
- ✓ તેમનું પુર્વાશ્રમનું નામ નાનાલાલ મોતીલાલ ત્રિવેદી છે. આજે 89 વર્ષની ઉંમરે પણ તેઓ સમાજ સુધારક, માનવ કલ્યાણના કામોમાં પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે.
- ✓ ગાંધીનગરમાં કોબા ખાતેના તેમના આશ્રામમાં વ્યસન મુક્તિના અભિયાન થકી અનેક લોકોને વ્યસનથી મુક્તિ અપાવી છે.

### (2) સ્વ. ખલીલ ધનતેજવી-પદ્મશ્રી (સાહિત્ય-કળા-શિક્ષણ)




- ✓ વડોદરાના દિવંગત ગઝલકાર અને સાહિત્યકાર ખલીલ ધનતેજવીને સાહિત્યક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન બદલ પદ્મશ્રી એવોર્ડ આપવાની જાહેરાત કરાઇ.
- ✓ ખલીલ ધનતેજવીનું મૂળ નામ ખલીલ ઇસ્માઇલ મકરાણી હતું. તા. 4 એપ્રિલ-2021ના રોજ 85 વર્ષની વયે તેમનું અવસાન થયું હતું.
- ✓ તેમનો જન્મ વડોદરા જિલ્લાના ધનતેજ ગામે થયો હતો. તેઓ સાહિત્યની સાથે-સાથે પત્રકારત્વ, અને ફિલ્મ નિર્માણ સાથે પણ સંકળાયેલાં હતા.

### (3) ડૉ.લતાબેન દેસાઇ-પદ્મશ્રી (મેડિસિન)

- ✓ વર્ષ 1980માં ગરીબ છેવાડાના માનવીને મેડિકલ સેવા પુરી પાડવા માટે ડો. અનિલ દેસાઇ અને ડો. લતાબેન દેસાઇએ વર્ષ 1980માં સેવા રૂરલની શરૂઆત કરી હતી.
- ✓ વર્ષ 1986માં ગરીબ બહેનોને પગભર કરવા તેમણે સેવા રૂરલની ભગીની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટીની શરૂઆત કરી, જેમાં પાપડ વિભાગ અને નાસ્તા વિભાગની શરૂઆત કરાઇ હતી. જે બાદ અન્ય સમાજ ઉપયોગી સેવાઓ જેવા કે ટેકનીકલ તાલિમ કેન્દ્ર, સિવણ, નર્સિંગ તાલિમ સહિતની સેવા શરૂ કરી હતી.

### (4) માલજીભાઇ દેસાઇ-પદ્મશ્રી (જાહેર બાબતો)

- ✓ ચાણસ્મા તાલુકાના લણવાના વતની અને લોક સેવક માલજીભાઇ દેસાઇને પદ્મશ્રી એવોર્ડ જાહેર કરાયો છે.
- ✓ પ્રખર ગાંધીવાદી વિચારધારા થકી હંમેશા સત્ય અને સાદગીને જીવનમંત્ર બનાવીને માલજીભાઇએ ઉ.ગુજરાતમાં સેવાદળ, પછાત વર્ગોના

છાત્રાલયો, આશ્રામ શાળાઓ, સર્વોદય, વિવિધ ખાદીગ્રામોધોગ, દૂધસાગર ડેરી સહિતની સહકારી સંસ્થાઓ તેમજ ઝીલીયા ગાંધી આશ્રામના સંચાલક અને બુનિયાદી શિક્ષણ સહિતની શૈક્ષણિક પ્રવૃત્તિઓના હિમાયતી રહ્યા.

**(5) રમીલાબેન ગામીત-પદ્મશ્રી (સામાજિક કાર્ય)**

- ✓ સોનગઢ તાલુકા મથકથી 20 કિમી દુર આવેલા અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારમાં આવેલા ટાપરવાડામાં અનુ. સુચિ, જનજાતિના લોકો વધુ છે. રમીલાબેને ગામમાં મહિલાઓના સંગઠનમાં સિંહફાળો આપ્યો છે.
- ✓ મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા તેમજ ગામોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવા માટે તેમણે બીડુ ઝડપ્યુ હતુ.
- ✓ મહિલાઓ માટે તેમના બાળકોના ભણતર તેમજ મેડિકલ સારવાર માટે સુવિધા ઉભી કરવાની દીશામાં પણ પહેલ કરી.

**(6) ગુરુપ્રસાદ મહાપાત્ર-પદ્મશ્રી (જાહેર સેવાઓ)**

- ✓ ગુજરાત કેડરના સ્વર્ગસ્થ આઇએએસ ડૉ. ગુરુપ્રસાદ મહાપાત્રને સિવિલ સર્વિસિસ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ પદ્મશ્રી એવોર્ડ
- ✓ જાન્યુઆરી-2021માં એમનું અવસાન થયું હતું, ત્યારે તેઓ કેન્દ્રીય વાણિજ્ય અને ઉધોગ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટર્નલ ટ્રેડના સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા.
- ✓ મૂળે ઓડિશાના કટક ખાતેના વતની એવા 1986 બેચના આઇએએસ ડૉ. ગુરુપ્રસાદ મહાપાત્ર જુલાઈ-2016માં કેન્દ્રીય ડેપ્યુટેશન ઉપર દિલ્હી ગયા.
- ✓ અગાઉ તેઓ રાજ્યમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, રાજ્ય વેરા વિભાગના મુખ્ય કમિશનર જેવી હાઇ પ્રોફાઇલ જગ્યાઓ ઉપર ફરજ બજાવી ચૂક્યા હતા.
- ✓ દિલ્હીમાં ડેપ્યુટેશન ઉપર એમણે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન તરીકે નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

**(7) ડો. જે.એમ. વ્યાસ-પદ્મશ્રી (સાયન્સ-એન્જિનિયરિંગ)**

- ✓ ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અને ફોરેન્સિક સાયન્સ લેબના એકમાત્ર વડા ડો. જે.એમ. વ્યાસનું નામ ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશનમાં દેશ અને દુનિયામાં ખ્યાતિ પ્રાપ્ત છે.
- ✓ તેમના વડપણ હેઠળ એફએસએલમાં ભારતના અનેક રાજ્યો ઉપરાંત વિશ્વના 70 જેટલા દેશોમાંથી અનેક જટિલ ગુનાઓના ફોરેન્સિક ઉકેલ માટે કેસ મોકલવામાં આવ્યા અને તેનું સફળ નિરાકરણ આવ્યું છે. તેમનું પદ્મક્ષી માટે નામ જાહેર કરાયું.

**(8) સવજીભાઇ ધોળકિયા-પદ્મશ્રી(સામજિક કાર્ય)**

- ✓ સુરતના જાણીતા હીરા ઉધોગપતિ સવજી ધોળકિયા મૂળ અમરેલીના લાઠી તાલુકાના દૂધાળા ગામના વતની.
- ✓ તેઓ 8000 ઉપરાંતનો કર્મચારીગણ ધરાવે છે. દિવાળી જેવા તહેવારો પર પોતાના કર્મચારીઓને ક્યારેક કાર, સોનાની ચેન કે ક્યારેક ફ્લેટ જેવા બોનસ આપનારા ઉધોગપતિ જનસેવાના કાર્યો થકી પણ ખ્યાતિ ધરાવે છે.
- ✓ સૌરાષ્ટ્રમાં પાણી બચાવો અભિયાનમાં મહત્વપૂર્ણ યોગદાન.

**પદ્મશ્રી એવોર્ડ વિજેતા ક્ષેત્ર અને રાજ્ય :**

| | | |
|---|---|---|
| Shri Prahlad Rai Agarwala | Trade and Industry | West Bengal |
| Prof. Najma Akhtar | Literature and Education | Delhi |
| Shri Sumit Antil | Sports | Haryana |
| Shri T Senka Ao | Literature and Education | Nagaland |
| Ms. Kamalini Asthana and Ms. Nalini Asthana* (Duo) | Art | Uttar Pradesh |
| Shri Subbanna Ayyappan | Science and Engineering | Karnataka |
| Shri J K Bajaj | Literature and Education | Delhi |
| Shri Sirpi Balasubramaniam | Literature and Education | Tamil Nadu |
| Srimad Baba Balia | Social Work | Odisha |
| Ms. Sanghamitra Bandyopadhyay | Science and Engineering | West Bengal |
| Ms. Madhuri Barthwal | Art | Uttarakhand |
| Shri Akhone Asgar Ali Basharat | Literature and Education | Ladakh |
| Dr. Himmatrao Bawaskar | Medicine | Maharashtra |
| Shri Harmohinder Singh Bedi | Literature and Education | Punjab |
| Shri Pramod Bhagat | Sports | Odisha |
| Shri S Ballesh Bhajantri | Art | Tamil Nadu |
| Shri Khandu Wangchuk Bhutia | Art | Sikkim |
| Shri Maria Christopher Byrski | Literature and Education | Poland |

| | | |
|---|---|---|
| Acharya Chandanaji | Social Work | Bihar |
| Ms. Sulochana Chavan | Art | Maharashtra |
| Shri Neeraj Chopra | Sports | Haryana |
| Ms. Shakuntala Choudhary | Social Work | Assam |
| Shri Sankaranarayana Menon Chundayil | Sports | Kerala |
| Shri S Damodaran | Social Work | Tamil Nadu |
| Shri Faisal Ali Dar | Sports | Jammu and Kashmir |
| Shri Jagjit Singh Dardi | Trade and Industry | Chandigarh |
| Dr. Prokar Dasgupta | Medicine | United Kingdom |
| Shri Aditya Prasad Dash | Science and Engineering | Odisha |
| Dr. Lata Desai | Medicine | Gujarat |
| Shri Malji bhai Desai | Public Affairs | Gujarat |
| Ms. Basanti Devi | Social Work | Uttarakhand |
| Ms. Lourembam Bino Devi | Art | Manipur |
| Ms. Muktamani Devi | Trade and Industry | Manipur |
| Ms. Shyamamani Devi | Art | Odisha |
| Shri Khalil Dhantejvi (Posthumous) | Literature and Education | Gujarat |
| Shri Savaji Bhai Dholakia | Social Work | Gujarat |
| Shri Arjun Singh Dhurve | Art | Madhya Pradesh |
| Dr. Vijaykumar Vinayak Dongre | Medicine | Maharashtra |
| Shri Chandraprakash Dwivedi | Art | Rajasthan |
| Shri Dhaneswar Engti | Literature and Education | Assam |
| Shri Om Prakash Gandhi | Social Work | Haryana |
| Shri Narasimha Rao Garikapati | Literature and Education | Andhra Pradesh |
| Shri Girdhari Ram Ghonju (Posthumous) | Literature and Education | Jharkhand |
| Shri Shaibal Gupta (Posthumous) | Literature and Education | Bihar |
| Shri Narasingha Prasad Guru | Literature and Education | Odisha |
| Shri Gosaveedu Shaik Hassan (Posthumous) | Art | Andhra Pradesh |
| Shri Ryuko Hira | Trade and Industry | Japan |
| Ms. Sosamma Iype | Others - Animal Husbandry | Kerala |
| Shri Avadh Kishore Jadia | Literature and Education | Madhya Pradesh |

| | | |
|---|---|---|
| Ms. Sowcar Janaki | Art | Tamil Nadu |
| Ms. Tara Jauhar | Literature and Education | Delhi |
| Ms. Vandana Kataria | Sports | Uttarakhand |
| Shri H R Keshavamurthy | Art | Karnataka |
| Shri Rutger Kortenhorst | Literature and Education | Ireland |
| Shri P Narayana Kurup | Literature and Education | Kerala |
| Ms. Avani Lekhara | Sports | Rajasthan |
| Shri Moti Lal Madan | Science and Engineering | Haryana |
| Shri Shivnath Mishra | Art | Uttar Pradesh |
| Dr. Narendra Prasad Misra (Posthumous) | Medicine | Madhya Pradesh |
| Shri Darshanam Mogilaiah | Art | Telangana |
| Shri Guruprasad Mohapatra (Posthumous) | Civil Service | Delhi |
| Shri Thavil Kongampattu A V Murugaiyan | Art | Puducherry |
| Ms. R Muthukannammal | Art | Tamil Nadu |
| Shri Abdul Khader Nadakattin | Others - Grassroots Innovation | Karnataka |
| Shri Amai Mahalinga Naik | Others - Agriculture | Karnataka |
| Shri Tsering Namgyal | Art | Ladakh |
| Shri A K C Natarajan | Art | Tamil Nadu |
| Shri V L Nghaka | Literature and Education | Mizoram |
| Shri Sonu Nigam | Art | Maharashtra |
| Shri Ram Sahay Panday | Art | Madhya Pradesh |
| Shri Chirapat Prapandavidya | Literature and Education | Thailand |
| Ms. K V Rabiya | Social Work | Kerala |
| Shri Anil Kumar Rajvanshi | Science and Engineering | Maharashtra |
| Shri Sheesh Ram | Art | Uttar Pradesh |
| Shri Ramachandraiah | Art | Telangana |
| Dr. Sunkara Venkata Adinarayana Rao | Medicine | Andhra Pradesh |
| Ms. Gamit Ramilaben Raysingbhai | Social Work | Gujarat |
| Ms. Padmaja Reddy | Art | Telangana |
| Guru Tulku Rinpoche | Others - Spiritualism | Arunachal Pradesh |
| Shri Brahmanand Sankhwalkar | Sports | Goa |

| | | |
|---|---|---|
| Shri Vidyanand Sarek | Literature and Education | Himachal Pradesh |
| Shri Kali Pada Saren | Literature and Education | West Bengal |
| Dr. Veeraswamy Seshiah | Medicine | Tamil Nadu |
| Ms. Prabhaben Shah | Social Work | Dadra & Nagar Haveli and Daman and Diu |
| Shri Dilip Shahani | Literature and Education | Delhi |
| Shri Ram Dayal Sharma | Art | Rajasthan |
| Shri Vishwamurti Shastri | Literature and Education | Jammu and Kashmir |
| Ms. Tatiana Lvovna Shaumyan | Literature and Education | Russia |
| Shri Siddhalingaiah (Posthumous) | Literature and Education | Karnataka |
| Shri Kaajee Singh | Art | West Bengal |
| Shri Konsam Ibomcha Singh | Art | Manipur |
| Shri Prem Singh | Social Work | Punjab |
| Shri Seth Pal Singh | Others - Agriculture | Uttar Pradesh |
| Ms. Vidya Vindu Singh | Literature and Education | Uttar Pradesh |
| Baba Iqbal Singh Ji | Social Work | Punjab |
| Dr. Bhimsen Singhal | Medicine | Maharashtra |
| Shri Sivananda | Others - Yoga | Uttar Pradesh |
| Shri Ajay Kumar Sonkar | Science and Engineering | Uttar Pradesh |
| Ms. Ajita Srivastava | Art | Uttar Pradesh |
| Sadguru Brahmeshanand Acharya Swami | Others - Spiritualism | Goa |
| Dr. Balaji Tambe (Posthumous) | Medicine | Maharashtra |
| Shri Raghuvendra Tanwar | Literature and Education | Haryana |
| Dr. Kamlakar Tripathi | Medicine | Uttar Pradesh |
| Ms. Lalita Vakil | Art | Himachal Pradesh |
| Ms. Durga Bai Vyam | Art | Madhya Pradesh |
| Shri Jyantkumar Maganlal Vyas | Science and Engineering | Gujarat |
| Ms. Badaplin War | Literature and Education | Meghalaya |

**3. ગણતંત્ર દિવસના અવસરે રાષ્ટ્રપતિ દ્વારા જવાનોને વિવિધ વીરતા પુરસ્કારોની જાહેરાત**

- ✓ શૌર્ય ચક્ર : 12 - પરમ વિશિષ્ટ સેવા મેડલ : 29
- ✓ ઉત્તમ યુદ્ધ સેવા મેડલ : 4 - અતિ વિશેષ સેવા મેડલ : 53
- ✓ યુદ્ધ સેવા મેડલ : 13 - વિશિષ્ટ સેવા મેડલ : 122
- ✓ સેના મેડલ (શૌર્ય) : 81 - વાયુ સેના મેડલ : 02
- ✓ સેના મેડલ : 40 - નેવી મેડલ : 08
- ✓ વાયુ સેના મેડલ (Devotion to Duty) : 14
- ✓ **ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચનાર સ્ટાર ખેલાડી નીરજ ચોપરાને પરમ વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરાશે.**



**939 બહાદૂર જવાનોને 'Gallantry Award'**

- ✓ આ વખતે કુલ 939 પોલીસ કર્મચારીઓને તેમની બહાદુરી બદલ વીરતા પુરસ્કારથી સન્માનિત
- ✓ 189 વીરોને પોલીસ મેડલ એનાયત.
- ✓ 88 વીરોને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ (PPM)
- ✓ 662ને પ્રશંસનીય સેવા માટે પોલીસ મેડલ (PM).

## આંતરરાષ્ટ્રીય બાબતો

### 4. વર્લ્ડ ઇકોનોમી આઉટલુક રિપોર્ટ 2022- IMF : ભારતનો GDP ગ્રોથ અંદાજ વધારીને 9 ટકા કર્યો

- ✓ 2023માં પણ ભારત વિશ્વમાં સૌથી ઝડપી વૃદ્ધિવાળું અર્થતંત્ર રહેશે
- ✓ ઇન્ટરનેશનલ મોનેટરી ફંડે (આઇએમએફ) વર્ષ 2022 માટે વિશ્વના મોટા અર્થતંત્ર- અમેરિકા અને ચીનના જીડીપી ગ્રોથ અંદાજ ઘટાડ્યા છે જ્યારે ભારતનો ગ્રોથ અંદાજ વધારીને 9% કર્યો છે, જે ગત ઓક્ટોબરમાં 8.5% આંકવામાં આવ્યો હતો.
- ✓ આઇએમએફે 2023માં ભારતનો ગ્રોથ રેટ 7.1% રહેવાનો અંદાજ આપ્યો, જે વિશ્વમાં સૌથી વધુ છે.
- ✓ ભારતમાં નાણાકીય ક્ષેત્રના અનુમાનથી સારા દેખાવને કારણે ક્રેડિટ ગ્રોથમાં સુધારાની આશા છે, જેના ફળ સ્વરૂપે રોકાણ અને ખર્ચમાં વૃદ્ધિ થશે.

**વર્ષ 2022-23 માટે ગ્રોથનો અંદાજ**

| | જૂનો | નવો | કારણ |
|---|---|---|---|
| **દુનિયા** | **4.9%** | **4.4 %** | અમેરિકા-ચીનમાં ઘટાડો |
| **અમેરિકા** | **5.2 %** | **4.0%** | **મોંઘવારીથી વ્યાજવૃદ્ધિ** |
| **ચીન** | **5.6%** | **4.8%** | **રિયલ એસ્ટેટ સંકટ** |
| **ભારત** | **8.5%** | **9.0%** | **ક્રેડિટ ગ્રોથમાં સુધારો** |

**વર્ષ 2023-24માં ગ્રોથ અનુમાન**

- ✓ વિશ્વ 3.8%     અમેરિકા 2.6%
- ✓ ચીન 5.2%     ભારત 7.1%
- ✓ IMFનાં ચીફ ઇકોનોમિસ્ટ : **ભારતીય ગીતા ગોપીનાથ**


### 5. દિન વિશેષ : 25 જાન્યુઆરી (1) 12મો રાષ્ટ્રીય મતદાતા દિવસ

- ✓ થીમ-2022 : **"ચાલો ચૂંટણી પ્રક્રિયાને સમાવિષ્ટ, સુગમ અને સહભાગી બનાવીએ".**




- ✓ **હેતુ : લોકતાંત્રિક ચૂંટણી પ્રક્રિયામાં દરેક પાત્ર નાગરિકને સહભાગી બનાવવા, દરેક પાત્ર નાગરિકને મતદાર તરીકે નોંધણી કરાવવા અને ચૂંટણી વખતે મતદાન કરીને પોતાનો સક્રિય અને અર્થપૂર્ણ ફાળો આપવા માટે પ્રેરિત કરવાના હેતુ**
- ✓ રાષ્ટ્રીય મતદાતા દિવસ 2011 થી દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ (જે ભારતના ચૂંટણી પંચનો સ્થાપના દિવસ પણ છે) ઉજવાય છે.
- ✓ **ભારતીય ચૂંટણી પંચ સ્થાપના દિવસ : તા.25.01.1950**

**(2) ભારતીય રાષ્ટ્રીય પર્યટન દિવસ**




- ✓ **થીમ-2022 : 'Rural and Community Centric Tourism'**

**(3) હિમાચલ પ્રદેશનો સ્થાપના દિવસ**




- ✓ ઉનાળાની રાજધાની : સિમલા     - શિયાળાની રાજધાની : ધર્મશાલા

### 6. જન્મ દિન વિશેષ : 25 જાન્યુઆરી

**બાળ સાહિત્યકાર : રમણલાલ સોની**

**જન્મ : 25 જાન્યુઆરી 1908     અવસાન : 20 સપ્ટેમ્બર 2006**



- ✓ રમણલાલ પીતાંબરદાસ સોની, જેઓ તેમના ઉપનામ સુદામો વડે પણ ઓળખાતા હતા,
- ✓ જાણીતા બાળસાહિત્યકાર, અનુવાદક અને સામાજીક કાર્યકર હતા. તેમણે મુખ્યત્વે ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન કર્યું હતું.
- ✓ જન્મ મોડાસા તાલુકાના કોકાપુર ગામમાં થયો.
- ✓ 1932માં સત્યાગ્રહની લડત દરમિયાન તેઓ યરવડા જેલમાં બંગાળી ભાષા શીખ્યા હતા.
- ✓ તેમણે ખેડૂતો તથા હરિજનોના ઉદ્ધાર માટે અનેક પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું હતું. 1952થી 1957 સુધી તેઓ મુંબઇ ધારાસભાના સભ્ય રહ્યા હતા.

**સાહિત્યક પ્રદાન :**

- ✓ શિશુકથા, શિશુસંસ્કારમાળા, ગલબા શિયાળનાં પરાક્રમો, શિશુભારતી ગ્રંથમાળા, ખવડાવીને ખાવું-જિવાડીને જીવવું, ખાટી દ્રાક્ષ, પૂંછકટ્ટો, રોહત અને નંદિય, ધનોતપનોતની ધડાધડ, ભોળા ભાભા, ચટકચંદ ચટણી વગેરે મૌલિક અને અનૂદિત-રૂપાંતરિત બાળવાર્તા પુસ્તકો એમણે આપ્યાં.
- ✓ રામાયણ કથામંગલ, ઉપનિષદ કથામંગલ, ભાગવત કથામંગલ, રામરાજ્યના મોતી વગેરે પુસ્તકોમાં પૌરાણિક વાર્તાઓને બાળભોગ્ય શૈલીમાં નિરૂપી છે.
- ✓ સિંહાસનબત્રીસી, અરેબિયન નાઇટ્સની વાતો, વીર વિક્રમ, ઇસપની બાલવાતો વગેરેમાં બાળ વાર્તામાળાઓ છે.
- ✓ ભારતની કહાણી, ચમત્કારો આજે પણ બને છે, અનંતના યાત્રીઓ, શ્રીકૃષ્ણપ્રેમ વગેરે એમનાં અન્ય અનુવાદ પુસ્તકો છે.

**એવોર્ડ-પુરસ્કાર**

- ✓ 1996માં તેમને ગુજરાતી સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.
- ✓ 1999માં તેમને ગુજરાત સરકાર તરફથી ગુજરાત ગૌરવ પુરસ્કાર મળ્યો હતો.

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (25-01-2022)**

**1.** પદ્મ વિભૂષણ 2022 મહાનુભાવોના નામ, ક્ષેત્ર અને રાજ્ય સંદર્ભે નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે

1. પ્રભા અત્રે-કળા-મહારાષ્ટ્ર
2. જન. બિપિન રાવત(મરણોત્તર)-સિવિલ સર્વિસ-ઉત્તરાખંડ
3. રાધેશ્યામ ખેમકા (મરણોત્તર)-સાહિત્ય-શિક્ષણ-ઉત્તર પ્રદેશ

4. કલ્યાણ સિંહ (મરણોત્તર)-જાહેર જીવન-ઉત્તર પ્રદેશ

(A) 1 અને 3 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** પદ્મ એવોર્ડ 2022થી સન્માનિત ગુજરાતીઓના પદ્મ એવોર્ડ-ક્ષેત્ર સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. સ્વામી સચ્ચિદાનંદ-પદ્મભૂષણ (સાહિત્ય-શિક્ષણ) તથા સ્વ. ખલીલ ધનતેજવી-પદ્મશ્રી (સાહિત્ય-કળા-શિક્ષણ)

2. ડૉ.લતાબેન દેસાઇ-પદ્મશ્રી (મેડિસિન) તથા માલજીભાઇ દેસાઇ-પદ્મશ્રી (જાહેર બાબતો)

3. રમીલાબેન ગામીત-પદ્મશ્રી (સામાજિક કાર્ય) તથા ગુરુપ્રસાદ મહાપાત્ર-પદ્મશ્રી (જાહેર સેવાઓ)

4. ડો. જે.એમ. વ્યાસ-પદ્મશ્રી (સાયન્સ-એન્જિનિયરિંગ) તથા સવજીભાઇ ધોળકિયા-પદ્મશ્રી(સામજિક કાર્ય)

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**3.** ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દ્વારા જાન્યુઆરીમાં પ્રસિદ્ધ કરાયેલા વર્લ્ડ ઇકોનોમી આઉટલુક રિપોર્ટ-2022 સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો સાચા છે

1. વર્ષ 2022-2023માં ભારતનો GDP ગ્રોથ અંદાજ 8.5%થી વધારી 9 ટકા કરાયો

2. વર્ષ 2023-2024માં ભારતનો ગ્રોથ રેટ 7.1% રહેવાનો અંદાજ

3. વર્ષ 2022-2023માં વિશ્વનો ગ્રોથ રેટ 4.4 તથા વર્ષ 2023-2024માં 3.8 ટકા રહેવાનો અનુમાન

4. IMFનાં ચીફ ઇકોનોમિસ્ટ : ભારતીય ગીતા ગોપીનાથ

(A) 1 અને 2 (B) 1 અને 3 (C) 1 અને 4 **(D) આપેલ તમામ**

**4.** 25 જાન્યુઆરી-રાષ્ટ્રીય મતદાતા દિવસ-2022 સંદર્ભે નીચેનામાંથી ક્યા તથ્યો યોગ્ય છે

1. થીમ : ચાલો ચૂંટણી પ્રક્રિયાને સમાવિષ્ટ, સુગમ અને સહભાગી બનાવીએ

2. 12મો રાષ્ટ્રીય મતદાતા દિવસ

3. ભારતીય ચૂંટણી પંચ સ્થાપના દિવસ : તા.25.01.1950

4. રાષ્ટ્રીય મતદાતા દિવસનું પ્રારંભ વર્ષ - 2011

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**5.** પ્રજાસત્તાક પર્વ 2022 નિમિતે રાષ્ટ્રપતિના હસ્તે ગુજરાતના કેટલા પોલીસ અધિકારીને પ્રેસિડેન્ટ અને પોલીસ મેડલથી સન્માનિત કરાયા

(A) 18 **(B) 19** (C) 20 (D) 22

**6.** ભારત સરકાર દ્વારા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ જુદા જુદા ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપનારા કેટલા મહાનુભાવોની પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ તથા પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરાઇ

(A) 7, 13 તથા 111 (B) 6, 15 તથા 105

(C) 5, 16 તથા 108 **(D) 4, 17 તથા 107**

**7.** ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચનાર સ્ટાર ખેલાડી નીરજ ચોપરાને પ્રજાસત્તાક પર્વ 2022 નિમિતે ક્યા મેડલથી સન્માનિત કરાશે

(A) અતિ વિશિષ્ટ સેવા મેડલ **(B) પરમ વિશિષ્ટ સેવા મેડલ**

(C) વિશિષ્ટ સેવા મેડલ (D) પરમ સેવા મેડલ

**8.** ભારત સરકારના ક્યા મંત્રાલય દ્વારા ભારતરત્ન, પદ્મ એવોર્ડ અને જવાનોને વિવિધ વિરતા એવોર્ડ આપી સન્માનિત કરાઈ છે

(A) ગૃહ મંત્રાલય (B) કલા અને સાંસ્કૃતિક મંત્રાલય

(C) માહિતી અને પ્રસારણ મંત્રાલય (D) રમત મંત્રાલય

**9.** ભારતીય રાષ્ટ્રીય પર્યટન દિવસ-2022ની થીમ જણાવો

(A) Urban and Community Centric Tourism

(B) Village and Community Centric Tourism

(C) Rural and Community Centr Tourism

**(D) Rural and Community Centric Tourism**

**10.**ભારતીય રાષ્ટ્રીય પર્યટન દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 20 જાન્યુઆરી (B) તા. 22 જાન્યુઆરી

**(C) તા. 25 જાન્યુઆરી** (D) તા. 28 જાન્યુઆરી

**11.** હિમાચલ પ્રદેશનો સ્થાપના દિવસ જણાવો

(A) તા. 20 જાન્યુઆરી (B) તા. 22 જાન્યુઆરી

**(C) તા. 25 જાન્યુઆરી** (D) તા. 28 જાન્યુઆરી

**12.** તા.25 જાન્યુઆરી-2022ના રોજ કેટલામો રાષ્ટ્રીય મતદાતા દિવસ મનાવવામાં આવ્યો

(A) 10મો (B) 11મો **(C) 12મો** (D) 13મો

**13.** ભારતમાં મતદારો માટેનો હેલ્પ લાઈન નંબર જણાવો

(A) 1955 **(B) 1950** (C) 1948 (D) 1947

**14.** ગુજરાતી બાળ સાહિત્યકાર રમણલાલ સોનીનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 21 જાન્યુઆરી 1901 તથા કોકાપુર ગામ, તા. મોડાસા

(B) તા. 23 જાન્યુઆરી 1903 તથા કોકાપુર ગામ, તા. મોડાસા

(C) તા. 24 જાન્યુઆરી 1904 તથા કોકાપુર ગામ, તા. મોડાસા

**(D) તા.25 જાન્યુઆરી 1908 તથા કોકાપુર ગામ, તા. મોડાસા**

**15.** સાહિત્યકાર રમણલાલ સોનીને કયા વર્ષે રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરાયા હતા

(A) વર્ષ 1995 **(B) વર્ષ 1996**

(C) વર્ષ 1997 (D) વર્ષ 1998

## DATE : 26-01-2022

**1. 73મો પ્રજાસત્તાક દિન : રાજ્યકક્ષાના પર્વની પ્રભાસપાટણ-ગીર સોમનાથ ખાતે ઉજવણી : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ધ્વજ વંદન**




- ✓ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શ્રી સોમનાથ મહાદેવને ત્રિરંગાનો શ્રૃંગાર
- ✓ મુખ્યમંત્રીશ્રીએ 73માં પ્રજાસત્તાક પર્વ નિમિતે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિજેતા સુરતની દિકરી અન્વી ઝાંઝરૂકીયા અને કરુણા અભિયાનના સેવારત કર્મયોગીઓનુ સન્માન કર્યુ
- ✓ ગીર સોમનાથ જિલ્લાના વિકાસ કાર્યો માટે રૂ. 5 કરોડની જાહેરાત
- ✓ સોમનાથ મંદિર ટ્રસ્ટે ગીર સોમનાથ જિલ્લામાં વિશેષ સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે 11 લાખ વૃક્ષોરોપણનો સંકલ્પ લીધો.
- ✓ તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પર્યાવરણ સુરક્ષામાં ગુજરાતની અગ્રેસરતા આગળ વધારતા એક દાયકા પૂર્વે **સોમનાથમાં હરિહર વન**નુ નિર્માણ કરાવ્યું હતું.

## 2. 73મા પ્રજાસત્તાક પર્વ : નવી દિલ્હીના રાજપથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં સાબરકાંઠાના પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરોની કથાઓ ઉજાગર કરતો ટેબ્લો- ઝાંખી રજૂ કરાઇ



**ટેબ્લોની થીમ :**

- 'ગુજરાતના આદિવાસી ક્રાંતિવીરો' વિષયક ટેબ્લોમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પાલ અને દઢવાવ ગામમાં અંગ્રેજોએ જલિયાંવાલા બાગ કરતાં પણ વધુ ભીષણ હત્યાકાંડ સર્જ્યો હતો, જેમાં 1200 જેટલા આદિવાસીઓ શહીદ થયા હતા.
- અત્યાર સુધી અજાણી રહેલી આ ઐતિહાસિક ઘટનાને આગામી માર્ચમાં 100 વર્ષ પૂર્ણ થશે.

**જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ પાલ-દઢવાવની આ ઐતિહાસિક ઘટના શું છે ? :**



**અંગ્રેજો સામે વિરોધ**

- આજથી 100 વર્ષ પહેલાંની આ વાત... **તા. 7મી માર્ચ 1922.** ગુજરાતના અંતરિયાળ વિસ્તાર - સાબરકાંઠા જિલ્લામાં ભીલ આદિવાસીઓની વસ્તીવાળા ગામો પાલ, દઢવાવ, ચિતરીયાના ત્રિભેટે હરણાવ નદીના કાંઠે ભીલ આદિવાસીઓ જમીન મહેસૂલ વ્યવસ્થા, જાગીરદારો અને રજવાડાના કાયદાઓનો વિરોધ કરવા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એકત્ર થયા હતા.

**મોતીલાલ તેજાવતનો પરિચય-'કોલિયારીના ગાંધી' તરીકે :**

- આદિવાસી બહુમતીવાળા કોલિયારી ગામમાં, વણિક પરિવારમાં જન્મેલા શ્રી મોતીલાલ તેજાવત કરુણા, આત્મીયતા અને નિર્મળ પ્રેમના ગુણો ધરાવતા સાહસિક અને સ્વાભિમાની વ્યક્તિ હતા.
- આદિવાસીઓ પર થતા બેસુમાર અત્યાચાર અને શોષણના વિરોધમાં તેમનામાં સંવેદનાની સરવાણી ફૂટી હતી.
- સત્ય, વફાદારી, સમર્પણ અને વિશ્વાસ જેવા તેમના સદ્દગુણો આદિવાસીઓને સ્પર્શી ગયા હતા.
- આદિવાસી કિસાનોમાં એકતા માટે, તેમનામાં રહેલા સામાજિક દુષણોને નાથવા માટે શ્રી મોતીલાલ તેજાવતે પ્રયત્નો કર્યા હતા.

**મોતીલાલ તેજાવતનુ નેતૃત્વ :**

- બ્રિટિશ તંત્ર અને દેશી રજવાડાઓને શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં ભીલ આદિવાસીઓની એકતા અને પ્રવૃત્તિઓ વિઘાતક લાગી હતી.
- 1919ની 13મી એપ્રિલે પંજાબના અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં 600 જેટલા નિર્દોષ નાગરિકોની હત્યા થઈ હતી.
- 1920માં કલકત્તામાં પૂ. ગાંધીજીએ અસહકાર આંદોલનની શરૂઆત કરી દીધી હતી. સમગ્ર દેશમાં આઝાદીના સંગ્રામનાની શરૂઆત થઇ ગઇ હતી.
- તેવી જ રીતે ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં, અરવલ્લીની ગિરિમાળાઓમાં ખુમારીભર્યું જીવન જીવતા ભીલ આદિવાસીઓમાં પણ અંગ્રેજો અને સામંતોના શોષણ, આકરા કરવેરા તથા વેઠપ્રથા સામે વિરોધનો સૂર પ્રગટ્યો હતો.
- હોળીના દિવસો નજીક હતા... તે દિવસે આમલકી અગિયારસ હતી. 'કોલિયારીના ગાંધી' તરીકે ઓળખાતા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં આઝાદી ઝંખતા આદિવાસી પ્રજાજનો મેળે મળ્યા હતા, જંગી સભા સ્વરૂપે ભેગા થયા હતા... ત્યાં જ મેવાડ ભીલ કોર્પ્સ (એમ. બી. સી.) નામના બ્રિટિશ અર્ધલશ્કરી દળના હથિયારબંધ જવાનો જરામરાની ટેકરીઓ પર ગોઠવાઈ ગયા.
- એમ.બી.સી. ના અંગ્રેજ ઓફિસર મેજર એચ.જી. સટર્ને હજ્જારોની સંખ્યામાં એકત્ર થયેલા આદિવાસીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. લગભગ 1200 જેટલા નિર્દોષ આદિવાસીઓ ગોળીએ વીંધાઇ ગયા.
- આદિવાસીઓના નર્તન અને ઢોલના નાદ મશીનગનમાંથી છૂટથી ગોળીઓના અવાજમાં કાયમ માટે વિલાઇ ગયા... ચોમેર લાશોના ઢગલા ખડકાઇ ગયા. લડાઇના મેદાનની જેમ આખું મેદાન લાશોથી ભરાઇ ગયું હતું.
- બાજુમાં આવેલા ઢેખડીયા કુવા અને દુધિયા કૂવા 1200 જેટલા નિર્દોષ આદિવાસીઓના મૃતદેહોથી ઉભરાઇ ગયા હતા. શ્રી મોતીલાલ તેજાવતને પણ બે ગોળી વાગી હતી, તેમના સાથીદારો તેમને ઊંટ પર નાખીને નદી માર્ગે ડુંગરા તરફ લઇ ગયા હતા.
- આજે પણ આ વિસ્તારના આદીવાસીઓ પોતાના લગ્ન ગીતોમાં આ ઘટનાના ગાણા ગૌરવભેર ગાય છે.

**ઘટનાને ઉજાગર કરવામાં શ્રી નરેન્દ્રભાઇ મોદીની ભૂમિકા :**

- જલિયાંવાલા બાગની ઘટનાના ત્રણ વર્ષ પછી ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં બનેલી આ ભીષણ ઘટનાને ઇતિહાસે ભૂલાવી દીધી હતી, પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ઇતિહાસના આ પૃષ્ઠને દુનિયા સમક્ષ ઉજાગર કર્યું હતું.
- આ વિસ્તારમાં શહીદ સ્મૃતિ વન અને શહીદ સ્મારક આ હત્યાકાંડના સાક્ષી સમા ઉભા છે.

**'ગુજરાતના આદિવાસી ક્રાન્તિવીરો': ગુજરાતના આ ટેબ્લોની વિશેષતા શું છે? :**

- પ્રજાસત્તાક દિવસની પરેડમાં નવી દિલ્હીના રાજપથ પર પ્રસ્તુત થયેલા ગુજરાતના 45 ફૂટ લાંબા, 14 ફૂટ પહોળા અને 16 ફૂટ ઊંચા આ ટેબ્લોમાં પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરો પર અંગ્રેજોના અંધાધૂંધ ગોળીબારની ઘટનાને પ્રસ્તુત કરવામાં આવી.
- આદિવાસી નાગરિકો જેને 'કોલીયારીનો ગાંધી' કહે છે તે શ્રી મોતીલાલ તેજાવતનું સાત ફૂટનું આબેહૂબ સ્ટેચ્યુ ટેબ્લોની ગરિમા વધારે છે.
- ઘોડેસવાર અંગ્રેજ અમલદાર એચ.જી.સટર્નનું સ્ટેચ્યુ પણ શિલ્પકલાનું બેનમૂન ઉદાહરણ છે.
- ટેબ્લો પર અન્ય છ સ્ટેચ્યૂ છે. ટેબ્લો પર છ લાઇવ આર્ટિસ્ટ પણ હતા, જે સ્ટેચ્યુ સાથે ઓતપ્રોત થઇને પોતાના જીવંત અભિનયથી ઘટનાની ગંભીરતાનો આબેહૂબ ચિતાર રજૂ કર્યો.
- ટેબ્લોની ફરતે પાંચ મ્યુરલ છે. શિલ્પકલા અને ચિત્રકલાના અદ્ભુત સમન્વયસમા આ મ્યુરલ આદિવાસી ક્રાંતિવીરોની સભાના દ્રશ્યોને અસરકારક રીતે પ્રસ્તુત કરે છે. ટેબ્લો પર બન્ને તરફ બે કુવા છે, ઢેખળીયો કૂવો અને દુધિયો કુવો; કે જે શહીદ આદિવાસીઓની લાશોથી ભરાઇ ગયા હતા તેનું નિરુપણ કરે છે.
- ટેબ્લોના અગ્રભાગમાં હાથમાં મશાલ લઈને ક્રાંતિની મિશાલ આપતા ચાર આદિવાસી ક્રાંતિવીરોના સ્ટેચ્યુ છે. ચાર ફૂટ ઊંચા આ સ્ટેચ્યુ સ્વાધીનતા સંગ્રામમાં આદિવાસીઓના શૌર્ય, સાહસ અને સમર્પણને ઉજાગર કરે છે.
- સાબરકાંઠા જિલ્લાના આ વિસ્તારમાં આદિવાસી નાગરિકો પોતાની મનોકામના પૂર્ણ થાય તેવા ઉદ્દેશથી દેવને માટીના ઘોડા ભક્તિભાવપૂર્વક અર્પણ કરે છે. માટીકલાના વિશિષ્ટ નમૂનારૂપ વિશેષ પ્રકારના આ ઘોડા

સાબરકાંઠા જિલ્લાની ઓળખ છે. ટેબ્લોની બન્ને તરફ આવા બે-બે ઘોડા પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

- ✓ ટેબ્લો સાથે સાબરકાંઠા જિલ્લાના જ આદિવાસી કલાકારો નવી દિલ્હીમાં પરંપરાગત ગેર નૃત્ય પ્રસ્તુત કર્યું. પરંપરાગત પોષાકોમાં સજ્જ આ 10 જેટલા આદિવાસી કલાકારો પોશીના તાલુકાના છે. પોતાના પૂર્વજોના બલિદાનની આ અભૂતપૂર્વ ઘટનાની પ્રસ્તુતિમાં તેઓએ પણ પોતાનું યોગદાન આપ્યું.
- ✓ **ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ પ્રસ્તુત કરાતા આ ટેબ્લોના નિર્માણ કરવામાં આવે છે.**
- ✓ **આ ટેબ્લોનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ પ્રાઈવેટ લિમિટેડના શ્રી સિદ્ધેશ્વર કાનુગાએ કર્યું.**

### 3. INS ખુકરી 32 વર્ષની સેવા બાદ સેવાનિવૃત્ત

### તા. 26 જાન્યુઆરીએ INS ખુકરી દીવ પ્રશાસનને સોંપાઈ : પ્રવાસીઓ માટે સંગ્રહાલય બનાવાશે




### INS ખુકરી વિશે :

- ✓ ભારતીય નૌકાદળનું ખુકરી વર્ગનું ઘરઆંગણે નિર્મિત સરફેસ-ટુ-સરફેસ મિસાઈલ ફ્રિટેડ વહાણ આઈએનએસ ખુકરી 32 વર્ષની સેવા બાદ સેવામાંથી નિવૃત્ત કરાયું.જે 26મી જાન્યુઆરીના રોજ દીવ પ્રશાસનને સોંપાયું.
- ✓ મઝગાવ ડોક શિપબિલ્ડર્સ દ્વારા નિર્મિત આ જહાજને 23 ઓગસ્ટ, 1989માં મુંબઈમાં તત્કાલીન રક્ષામંત્રી કૃષ્ણ ચંદ્ર પંત અને સ્વ. કેપ્ટન મહેન્દ્ર નાથ મુલ્લાનાં પત્ની સુધા મુલ્લા દ્વારા લીલી ઝંડી બતાવ્યા પછી સેવામાં દાખલ કરાયું હતું.
- ✓ જહાજ ક્યારેય મૃત પામતું નથી એવું કહેવાય છે. આ જ રીતે તેનો નવા અવતારમાં પુનર્જન્મ થયો છે. આઈએનએસ ખુકરી નામ ધારણ કરનાર નેવીનું આ બીજું જહાજ છે.
- ✓ પ્રથમ દીવ દરિયાકાંઠે 1971ના ભારત- પાક યુદ્ધમાં ગુમાવ્યું હતું. દીવ પ્રશાસને 2019માં આ જહાજ જાહેર પ્રદર્શન માટે ભેટ આપવા સંરક્ષણ મંત્રાલયને વિનંતી કરી હતી.
- ✓ નેવી દ્વારા વિશાખાપટ્ટનમથી ટોવ કરીને તેને દીવમાં 14 જાન્યુઆરી, 2022ના રોજ લાવવામાં આવ્યું હતું.
- ✓ ભારતના 73મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના સમયે દીવમાં ખુકરી સ્મારક ખાતે એક ખાસ સમારંભમાં દીવ પ્રશાસનને આ જહાજ સોંપાયું.
- ✓ દીવ પ્રશાસને આ જહાજને ઉચ્ચ સ્તરના સંગ્રહાલયમાં ફેરવવાનો નિર્ણય લીધો.
- ✓ આમ, આ ભૂમિકામાં પણ તે રાષ્ટ્રના લોકોને તેના સૂત્ર બાલ, સાહસ, જોશ ઔર દમ, ખુકરી નહિ કિસી સે કમને સાર્થક કરતાં પ્રેરિત કરશે.

### 4. ભારતના ગણતંત્રની શક્તિ અને પ્રેરણા સમાન ધ્યેય વાક્યો :



- ✓ ગણતંત્રના ત્રણ સ્તંભ- સંસદ, કાર્યપાલિકા અને ન્યાયતંત્રનાં આદર્શ વાક્યો સંસદ સહિત દેશને ચલાવનારી મહત્વની સંસ્થાઓ ચોક્કસ મુદ્રાલેખના આધારે ચાલે છે. તે ધ્યેયવાક્યોમાંથી પ્રેરણા લે છે. આ સૂત્રો આપણી પ્રાચીન સંસ્કૃતિનો હિસ્સો છે.

### દેશનો મંત્ર - સત્યમેવ જયતે

- ✓ આ **ભારત સરકારનું ધ્યેય વાક્ય** છે. મુંડકોપનિષદમાંથી લીધેલા આ વાક્યનો અર્થ છે- છેવટે સત્યની જીત થાય છે, અસત્યની નહીં. સત્ય જ સૌથી મોટાં લક્ષ્યો સુધી પહોંચાડે છે.

### સંસદનું પથપ્રદર્શક ધર્મચક્ર પ્રવર્તનાય

- ✓ આ વાક્ય સંસદભવનમાં અંકિત છે. તેનો અર્થ છે- ભારતના શાસકધર્મના રસ્તે આગળ વધ્યા. બુદ્ધે સારનાથમાં જે પહેલો ઉપદેશ આપ્યો હતો તેને ધર્મચક્ર પ્રવર્તન કહે છે. આ વાક્ય ત્યાંથી જ લેવાયું છે.

### શિક્ષણનો સંકલ્પ : અસતો મા સદગમય

- ✓ **CBSE**નું ધ્યેય વાક્ય બૃહદારણ્યક ઉપનિષદમાંથી લેવાયું છે. તેનો અર્થ છે- અમને અસત્યથી સત્ય તરફ લઈ જાઓ.

### 'જ્ઞાન-વિજ્ઞાન વિમુક્તયે' :

- ✓ **UGCનું** ધ્યેય વાક્ય છે- 'જ્ઞાન-વિજ્ઞાન વિમુક્તયે' એટલે કે જ્ઞાન જ જડતાનો નાશ કરે.

### આરોગ્યનું લક્ષ્ય : શરીરમાધં ખલુધર્મસાધનમ્

- ✓ આ અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા **(AIIMS)**નું ધ્યેય વાકય છે. તેનો અર્થ છે - શરીર તમામ ફરજો પુરુ કરવાનું સાધન છે. આ પંક્તિ કાલિદાસની રચના 'કુમાર સંભવ' મહાકાવ્યમાંથી લેવાઈ છે.

### ન્યાયની શક્તિયતો ધર્મસ્તતો જય:

- ✓ **આ સુપ્રીમકોર્ટનું ધ્યેયવાક્ય છે.** તેનો અર્થ છે- જ્યાં ધર્મ છે, ત્યાં જીત છે. આ વાક્ય 'મહાભારત'માંથી લેવાયું છે. આ મૂળ શ્લોક છે- 'યત: કૃષ્ણસ્તતો ધર્મો યતો ધર્મસ્તતો જય:' એટલે કે વિજય હંમેશા ધર્મના પક્ષમાં હોય છે.

### જ્ઞાનની પ્રાર્થનાતત્ ત્વં પૂષન્ અપાવૃણુધર્મો રક્ષતિ રક્ષિત:

- ✓ **આ કેન્દ્રીય વિદ્યાલયનું ધ્યેયવાક્ય છે,** જે ઈશા ઉપનિષદમાંથી લેવાયું છે. તેનો અર્થ છે- સત્યનું મોં સોનેરી ઢાંકણાથી ઢાંકેલુ છે. આપણે સત્યને જાણી અને જોઈ શકીએ, એટલે તે ઢાંકણું હટાવી દેવું જોઈએ.

### સત્યનો નિશ્ચયધર્મો રક્ષતિ રક્ષિત:

- ✓ **આ રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગનું ધ્યેયવાક્ય છે**. તેનો અર્થ છે- તમે ધર્મની રક્ષા કરો, ધર્મ તમારી રક્ષા કરશે. આ વાક્ય મનુસ્મૃતિમાંથી લેવાયું છે.

### ગણતંત્રની રક્ષક આપણી સેનાની શક્તિ છે આ વાક્યો

- ✓ **વાયુસેના- નભ:સ્પૃશં દીપ્તમ્**
- ✓ આ વાક્ય ભગવદ્ ગીતામાંથી લેવાયું છે. આ કૃષ્ણ-અર્જુન સંવાદનો હિસ્સો છે. તેનો અર્થ છે- ગર્વની સાથે આકાશને સ્પર્શ કરો.

### નૌકાદળ- શં નો વરુણ:

- ✓ **નૌસેનાનું આ ધ્યેયવાક્ય** તૈતરિય ઉપનિષદની પ્રાર્થનામાંથી લેવાયું છે. તે જળના દેવતા વરુણની પ્રાર્થના છે. તેનો અર્થ છે- જળદેવતા વરુણ આપણા માટે મંગલકારી છે. અમને શાંતિ પ્રદાન કરો.

### થલસેના- સર્વિસ બિફોર સેલ્ફ

- ✓ થલસેનાના સૂત્રનો અર્થ છે- દરેક સૈનિક જાત કરતાં પહેલાં સેવાનો ભાવ રાખે છે. હંમેશા દેશની સુરક્ષા, સન્માન અને કલ્યાણ સૌથી પહેલાં આવે છે.

### બીએસએફ- જીવનપર્યંત કર્તવ્ય

- ✓ **બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનોના આ ધ્યેયવાક્ય** અર્થ છે- કર્તવ્ય પથ પર હંમેશાં આગળ વધતા રહો. તેમનો જયઘોષ છે, ભારત માતા કી જય.

### ભારતીય તટરક્ષક- વયં રક્ષામ:

- ✓ **ભારતીય તટરક્ષકના આ ધ્યેયવાક્ય**નો અર્થ છે કે અમે રક્ષા કરીએ છીએ. ભારતીય તટરક્ષકનું કામ માછલી, તેલ અને ખનીજ સમૃદ્ધ આપણા સમુદ્રો અને તટોની સુરક્ષા કરવાનું છે.

**5. તા. 26 જાન્યુઆરી : ભારત દેશ એક લોકતાંત્રિક અને ગણતંત્રદેશ જાહેર કરાયો**




- ✓ ભારત તા.15 ઓગસ્ટ 1947ના સ્વતંત્ર થયું અને તા.26 જાન્યુઆરી 1950ના ભારતના સંવિધાનને જાહેર કરવામાં આવ્યું, જે અંતર્ગત ભારત દેશ એક લોકતાંત્રિક અને ગણતંત્ર દેશ જાહેર કરવામાં આવ્યો.
- ✓ તા.26 જાન્યુઆરી 1950ના દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉક્ટર રાજેન્દ્ર પ્રસાદે 21 તોપોની સલામી સાથે ધ્વજ વંદન કરીને ભારતને સંપૂર્ણ ગણતંત્ર જાહેર કર્યું.
- ✓ આ ઐતિહાસિક ક્ષણોમાં ગણાનાર સમય હતો. ત્યારબાદથી દર વર્ષે આ દિવસને ગણતંત્ર દિવસના રૂપે મનાવવામાં આવે છે તથા આ દિવસે દેશભરમાં રાષ્ટ્રીય રજા રહે છે.
- ✓ આપણું સંવિધાન દેશના નાગરિકોને લોકતાંત્રિક રીતે પોતાની સરકાર પસંદ કરવાની શક્તિ આપે છે. સંવિધાન લાગુ થયા બાદ ડૉક્ટર રાજેન્દ્ર પ્રસાદે વર્તમાન સંસદ ભવનના દરબાર હોલમાં રાષ્ટ્રપતિના સોગંદ લીધા હતા અને ત્યારબાદ પાંચ મીલ લાંબી પરેડ સમારોહ બાદ ઈરવિન સ્ટેડિયમમાં તેમણે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો હતો.
- ✓ દરેક સ્વતંત્ર રાષ્ટ્રનો પોતાનો એક ધ્વજ હોય છે. તે એક સ્વતંત્ર દેશ હોવાનો સંકેત છે.
- ✓ ભારતીય રાષ્ટ્રીય ધ્વજની અભિકલ્પના પિંગલી વૈંકૈયાનન્દે કરી હતી અને તેને તેમના વર્તમાન સ્વરૂપમાં તા.22 જુલાઈ 1947ના આયોજીત ભારતીય સંવિધાન સભાની બેઠક દરમ્યાન અપનાવવામાં આવ્યું હતું.
- ✓ આ બેઠક તા.15 ઓગસ્ટ 1947ના અંગ્રેજોથી ભારતની સ્વતંત્રતાના અમુક જ દિવસ અગાઉ કરાઈ હતી.
- ✓ તેને તા.15 ઓગસ્ટ 1947 અને તા.26 જાન્યુઆરી 1950 વચ્ચે ભારતના રાષ્ટ્રીય ધ્વજરૂપે અપનાવવામાં આવ્યું અને ત્યારબાદ ભારતીય ગણતંત્રએ તેને અપનાવ્યું.
- ✓ ભારતીય રાષ્ટ્રીય ધ્વજનો વિકાસ આજે આ રૂપે પહોંચવા માટે અનેક તબક્કાઓમાંથી પસાર થયો. એક રૂપે તે રાષ્ટ્રમાં રાજનૈતિક વિકાસને દર્શાવે છે.


26 જાન્યુઆરીએ જ કેમ મનાવાય છે ગણતંત્ર દિવસ

- ✓ ભારતના આઝાદ થયા બાદ સંવિધાન સભાનું ગઠન થયું. સંવિધાન સભાએ પોતાનું કામ તા. 9 ડિસેમ્બર 1946થી શરૂ કર્યું.
- ✓ દુનિયાનું સૌથી મોટું લેખિત સંવિધાન 2 વર્ષ, 11 મહિના, 18 દિવસમાં તૈયાર થયું. આ દિવસે રાષ્ટ્રપતિ ત્રિરંગો ફરકાવે છે અને 21 તોપોની સલામી આપવામાં આવે છે.
- ✓ સામૂહિકરૂપે ભારત ઉભા રહીને રાષ્ટ્રગીત ગાવામાં આવે છે. દરેક ભારતવાસીઓ માટે 26 જાન્યુઆરી મહત્વપૂર્ણ દિવસ છે.
- ✓ દર વર્ષે મોટા ઉત્સવ સાથે આ દિવસને ઉજવવામાં આવે છે. તેને ગણતંત્ર દિવસના રૂપે મનાવવામાં આવે છે. આ ભારતનું એક રાષ્ટ્રીય પર્વ છે.
- ✓ આ દિવસ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે દેશ આઝાદ થયા બાદ આ જ દિવસે ભારત સંપૂર્ણપણે ગણતાંત્રિક દેશ બન્યો.
- ✓ એટલે કે દેશવાસીઓ માટે એક સંવિધાન લાગુ જેનાથી ભારતમાં કાયદાનું રાજ સ્થાયી થયુ.
- ✓ જનતાને મૌલિક અધિકાર પ્રાપ્ત થયો. એટલા માટે આ દિવસ દરેક દેશવાસીઓ માટે ખાસ છે.

**6. જન્મ દિન વિશેષ : 26 જાન્યુઆરી રાજવી કવિ કલાપી**

**જન્મ : 26-1-1874 અવસાન : 9-6-1900**

- ✓ પુરૂનામ : સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ



- ✓ કવિ, પ્રવાસ લેખક. જન્મ લાઠી (જિ.અમરેલી)ના રાજકુટુંબમાં.

**સાહિત્ય સર્જન :**

- ✓ **1892થી 1900 સુધીની એમની સર્વ કાવ્ય રચનાઓને સમાવતા સંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કાન્તને હાથે 1903માં મરણોત્તર પ્રકાશન થયું.**
- ✓ ભારત પ્રવાસ દરમિયાન પોતાના શિક્ષક નરહરિ જોશીને પત્રો રૂપે લખાયેલા 'કાશ્મીરનો પ્રવાસ'નું જાહેર પ્રકાશન છેક 1912માં 'કાશ્મીરનો પ્રવાસ', કલાપીના સંવાદો અને સ્વીડનબોર્ગનો ધર્મવિચાર' એ ગ્રંથમાં થયું છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (26-01-2022)

**1.** 73મા પ્રજાસત્તાક પર્વ નિમિતે નવી દિલ્હીના રાજપથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં રજૂ કરાયેલા ગુજરાતના ટેબ્લો સંદર્ભે નીચેનામાંથી કયા વિધાનો યોગ્ય છે

1. આજથી 100 વર્ષ પહેલાં તા. 7મી માર્ચ 1922ના રોજ જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ પાલ-દઢવાવ હત્યાકાંડ સર્જાયો હતો

2. આમલખી અગિયારસે ચિતરીયાના ત્રિભેટે હરણાવ નદીના કાંઠે ભીલ આદિવાસીઓ અંગ્રેજો સામે જમીન મહેસૂલ વ્યવસ્થા, આકરા કરવેરા, રેતપ્રથા-શોષણ જાગીરદારો અને રજવાડાના કાયદાઓનો વિરોધ કરવા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એકત્ર થયા હતા

3. આદિવાસી બહુમતીવાળા કોલિયારી ગામમાં, વણિક પરિવારમાં જન્મેલા શ્રી મોતીલાલ તેજાવત 'કોલિયારીના ગાંધી' તરીકે ઓળખાતા હતા

4.એમ.બી.સી.ના અંગ્રેજ ઓફિસર મેજર એચ.જી. સટર્ને હજ્જારોની સંખ્યામાં એકત્ર થયેલા આદિવાસીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો અને લગભગ 1200 જેટલા નિર્દોષ આદિવાસીઓ ગોળીએ વીંધાયા

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**2.** INS ખુકરી સંદર્ભે નીચેનામાંથી ક્યા તથ્યો યોગ્ય છે

1. ભારતીય નૌકાદળનું ખુકરી વર્ગનું ઘરઆંગણે નિર્મિત સરફેસ-ટુ-સરફેસ મિસાઈલ ફ્રિગેટ વહાણ

2. મઝગાવ ડોક શિપબિલ્ડર્સ દ્વારા નિર્મિત આ જહાજને 23 ઓગસ્ટ, 1989માં મુંબઇથી નેવીમાં સામેલ

3. INS ખુકરી નામ ધારણ કરનાર નેવીનું આ બીજું જહાજ

4. નેવી દ્વારા વિશાખાપટ્ટનમથી ટોવ કરીને તેને 14 જાન્યુઆરી, 2022ના રોજ દીવ લાવવામાં આવ્યું

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2 અને 3 **(D) આપેલ તમામ**

**3.** ગુજરાતમાં 73માં પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાના પર્વની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ક્યાં ઉજવણી કરાઈ

(A) પોરબંદર (B) દેવભૂમિ દ્વારકા

**(C) પ્રભાસપાટણ (ગીર સોમનાથ)** (D) જામનગર

**4.** 73મા પ્રજાસત્તાક પર્વ નિમિતે નવી દિલ્હીના રાજપથ પર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ક્યા જિલ્લાના પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરોની કથાઓ ઉજાગર કરતો ટેબ્લો-ઝાંખી રજૂ કરાઈ

(A) અરવલ્લી (B) દાહોદ (C) પંચમહાલ **(D) સાબરકાંઠા**

**5.** સાબરકાંઠાના પાલ-દઢવાવ ખાતે આદિવાસી ક્રાંતિવીરોની યાદમાં કયુ એક વન અને સ્મારક તૈયાર કરાયુ છે

**(A) શહીદ સ્મૃતિ વન અને શહીદ સ્મારક**

(B) વનબંધુ વન અને વનબંધુ સ્મારક

(C) મોતીલાલ તેજાવર સ્મૃતિ વન અને તેજાવર સ્મારક

(D) પાલ-દઢવાવ સ્મૃતિ વન અને પાલ-દઢવાવ સ્મારક

**6.** તા. 26 જાન્યુઆરી 2022ના રોજ 32 વર્ષની સેવા બાદ INS ખુકરીને સંગ્રહાલય માટે કયા પ્રશાસનને સોપવામાં આવ્યું

(A) મુંબઈ **(B) દીવ** (C) જામનગર (D) દમણ

**7.** ભારતનું સંવિધાન ક્યારે લાગુ-જાહેર કરાયું હતુ જેની યાદમાં પ્રજાસત્તાક પર્વની દેશભરમાં ઉજવણી કરવામાં આવે છે

(A) તા.26 જાન્યુઆરી 1947 (B) તા.15 ઓગસ્ટ 1947

**(C) તા.26 જાન્યુઆરી 1950** (D) તા.26 જાન્યુઆરી 1951

**8.** રાજવી કવિ કલાપીનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા. 25 જાન્યુઆરી-1870 તથા બોટાદ

**(B) તા. 26 જાન્યુઆરી-1874 તથા લાઠી**

(C) તા. 27 જાન્યુઆરી-1876 તથા લખતર

(D) તા. 28 જાન્યુઆરી-1878 તથા મૂળી

**9.** કવિ કલાપીનું પુરુ નામ જણાવો

(A) શૂરવિર નાથાલાલ ગોહિલ (B) ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી

**(C) સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ** (D) બાલાશંકર યુ. કંથારિયા

**10.** કલાપીના કાવ્યસંગ્રહ 'કલાપીનો કેકારવ'નું કોના હાથે-ક્યારે મરણોત્તર પ્રકાશન થયુ હતુ

**(A) કવિ કાન્ત તથા વર્ષ 1903**

(B) કવિ ન્હનાલાલ તથા વર્ષ 1904

(C) કવિ નરસિંહરાવ દિવેટિયા તથા વર્ષ 1905

(D) કવિ બોટાદકર તથા વર્ષ 1908

## DATE : 27-01-2022

### 1. તાતા સન્સ : 69 વર્ષ પછી તાતાએ ફરી ભારત સરકાર પાસેથી એર ઈન્ડિયાનું સુકાન સંભાળ્યું



- ✓ તાતા સન્સની માલિકીની ટેલેસ પ્રા. લિ. એર ઈન્ડિયાનું કામ સંભાળશે

**એર ઈન્ડિયાની હાલની સ્થિતિ :**

- ✓ એર ઈન્ડિયાનાં 141 વિમાનો તાતા ગ્રૂપને મળશે જેમાં 99 તેની માલિકીના છે, 42 લીઝ પર છે. તાતા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરન આ માટે એર ઈન્ડિયા હાઉસ પહોંચ્યા હતા અને આ પ્રક્રિયા પૂરી કરી હતી.

**એર ઈન્ડિયાનો ઈતિહાસ :**

- ✓ વર્ષ 1932માં તાતા જૂથના ભૂતપૂર્વ ચેરમેન જે.આર.ડી. તાતાએ એર ઈન્ડિયાની શરૂઆત કરી હતી. ત્યારપછી તેનું રાષ્ટ્રીયકરણ કરાયું હતું. ફરી વર્ષ 2021માં તેનું ડિઈવેસ્ટમેન્ટ કરવાનો નિર્ણય લેવાયો હતો. પરિણામે 18,000 કરોડમાં તાતા જૂથે તેની ખરીદી કરી હતી.
- ✓ Air India, Vistara, Air Asia સહિતની ચાર એરલાઇન્સ કંપનીઓનું સંચાલન ટાટા ગ્રૂપ કરશે

**તાતા ગ્રુપ દ્વારા એર ઈન્ડિયાનું રૂ. 18,000 કરોડનું દેવું ચૂકવાશે**

- ✓ તાતા ગ્રૂપ દ્વારા એર ઈન્ડિયાનું રૂ. 18,000 કરોડનું દેવું ચૂકવવામાં આવશે જેમાં રૂ. 2700 કરોડ રોકડમાં ચૂકવાશે અને રૂ. 15,300 કરોડ અન્ય રીતે ચૂકવવામાં આવશે.
- ✓ સોદામાં એર ઇન્ડિયા એક્સ્પ્રેસ તેમજ તેની ગ્રાઉન્ડ હેન્ડલિંગ કંપની AISATSનો આંશિક હિસ્સો તાતા ગ્રૂપને વેચવામાં આવ્યો છે.
- ✓ વર્ષ 2009-10માં એર ઇન્ડિયાનું દેવું વધીને રૂ. 12,000 કરોડને પાર ગયું હતું.

### 2. નિધન : પદ્મશ્રી અને અર્જુન એવોર્ડથી સન્માનિત ભારતના દિગ્ગજ હોકી સુકાની ચરણજિતસિંહનું 91 વર્ષની વયે ઉના, હિમાચલપ્રદેશમાં અવસાન

**કારકિર્દી :** ચરણજિત 1964ની ટોક્યો ઓલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય ટીમના સુકાની હતા.



- ✓ તેઓ 1960ની રોમ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ મેળવનાર ટીમના સભ્ય પણ હતા.
- ✓ 1962ની એશિયન ગેમ્સમાં પણ ભારતને સિલ્વર મેડલ અપાવવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી.
- ✓ 1960ની રોમ ઓલિમ્પિકની ફાઇનલમાં ભારતનો પાકિસ્તાન સામે પરાજય થયો હતો અને ત્યારબાદ ચરણજિતને સુકાની બનાવવામાં આવ્યા હતા.
- ✓ ટોક્યો ગેમ્સની ફાઇનલમાં વિજય હાંસલ કરીને ભારતને પાકિસ્તાનની ગોલ્ડન સફરનો અંત આણ્યો હતો.

### 3.ઈન્ડિયા-સેન્ટ્રલ એશિયા ડાયલોગ-નવી દિલ્હી

**મધ્ય એશિયાના ઉઝબેકિસ્તાન, કિર્ગિઝસ્તાન, કઝાકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને તાજિકિસ્તાનના રાષ્ટ્રપતિઓ સાથે PM નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ બેઠક યોજી**



**અન્ય વિગતો :**

- ✓ કોવિડ-19ને કારણે આ પાંચ દેશના રાષ્ટ્રપ્રમુખો ભારતીય પ્રજાસત્તાક દિવસ સમારંભમાં હાજર નહીં રહી શકતા આ શિખર સંમેલન યોજાયું હતું.
- ✓ મધ્ય એશિયામાં પ્રભુત્વ રહે એ માટે ભારતના આ પાંચેય દેશો સાથે સારા સંબંધો જરૂરી.

**ઇન્ડિયા-સેન્ટ્રલ એશિયા ડાયલોગમાં PM મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મધ્ય એશિયાના પાંચ દેશ સાથેની ભારતની પહેલી શિખર બેઠકની અધ્યક્ષતા કરતા જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનના ઘટનાક્રમ બાદ ક્ષેત્રિય સુરક્ષા અને સ્થિરતા માટે ભારત અને મધ્ય એશિયા વચ્ચે સહકારનું મહત્ત્વ વધ્યું છે.
- ✓ અધ્યક્ષ ભાષણમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે આ શિખર બેઠક સહકાર માટે એક અસરકારક માળખું પણ તૈયાર કરશે અને સહકાર માટેનો મહત્વાકાંક્ષી રોડમેપ પણ તૈયાર કરશે.
- ✓ આપણે સૌ અફઘાનિસ્તાનના ઘટનાક્રમથી ચિંતિત છીએ. આ સંદર્ભમાં આપણો પારસ્પરિક સહકાર ક્ષેત્રની સ્થિરતા અને સુરક્ષા માટે મહત્વપૂર્ણ બની ગયો

✓ PM મોદીએ શિખર બેઠકના ત્રણ મહત્વના હેતુઓ જણાવ્યા હતા. આ સ્પષ્ટ કરવું કે **ભારત અને મધ્ય એશિયા વચ્ચેનો સહકાર ક્ષેત્રિય સુરક્ષા અને સમૃદ્ધિ માટે જરૂરી છે, સહકાર માટે અસરકારક માળખું તૈયાર કરવું અને સહકાર માટે મહત્વાકાંક્ષી રોડમેપ તૈયાર કરવો.**

✓ મધ્ય એશિયાએ એકીકૃત અને સ્થિર પડોશીઓ માટેના ભારતના વિઝનમાં કેન્દ્રના સ્થાને છે અને આ રોડમેપ છ દેશને આગામી ત્રીસ વર્ષમાં ક્ષેત્રિય કનેક્ટિવિટી અને સહકાર માટે એકીકૃત અભિગમ સ્વીકારવા સમર્થ બનાવશે. વડાપ્રધાને તમામ મધ્ય એશિયન દેશો સાથે ભારતના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો.

**ઇન્ડિયા-સેન્ટ્રલ એશિયા ડાયલોગ વિશે :**

✓ છ દેશ વચ્ચે હાલ મંત્રણા માટે વિદેશપ્રધાન સ્તરીય તંત્ર છે. જે ઇન્ડિયા-સેન્ટ્રલ એશિયા ડાયલોગ તરીકે ઓળખાય છે. તેની ત્રીજી બેઠક ગત ડિસેમ્બરમાં નવી દિલ્હીમાં યોજાઇ હતી.

**હેતુ :**

✓ ભારતે ક્ષેત્રમાં વધી રહેલી ચીનની હાજરીનો પ્રતિકાર કરવા અને તાલિબાનના કબજા બાદ અફઘાનિસ્તાન મુદ્દે સહકારને મજબૂત બનાવવા માટે પોતાનું ધ્યાન મધ્ય એશિયા પર કેન્દ્રિત કર્યું.

**4. નાસા- સન ઓફ કોનકોર્ડ :**

**USની સ્પેસ એજન્સી નાસા દ્વારા સાઉન્ડપ્રૂફ સુપરસોનિક X-59 QueSST જેટનું પરીક્ષણ**



✓ આ વિમાન ઘોંઘાટ કર્યા વિના 1234 કિ.મી. પ્રતિલાકની ઝડપે ઉડશે. તેને સન ઓફ કોનકોર્ડ નામ અપાયું.

**નિર્માણ કરનાર સંસ્થા :**

✓ નાસાના સહયોગથી લૉકહીડ માર્ટિન કેલિફોર્નિયાના પામડેલ પ્લાન્ટમાં આ સુપરસોનિક વિમાનનું નિર્માણ કરી રહ્યું છે.

**5. નાસા : નાસાના વૈજ્ઞાનિકો દ્વારા મંગળ ગ્રહ પર પાણીની શોધ-નદીના પુરાવા મળ્યા : છેલ્લાં 15 વર્ષના ડેટાના આધારે સંશોધનનું તારણ**



**વિગત :** અમેરિકાની સ્પેસ એજન્સી નાસાના યાને મંગળ ગ્રહ પર પાણી હોવાના પુરાવા મોકલ્યા છે. ત્યારબાદ કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના વિજ્ઞાનીઓએ તેના પર સંશોધન કર્યું તો જાણવા મળ્યું કે 200 કરોડ વર્ષ પહેલાં મંગળની સપાટી પર પાણી વહેતું હતું. ત્યાંથી પાણીના કારણે વહીને આવેલા સોલ્ટ મિનરલ્સ મળ્યાં છે જેના નિશાન મંગળની સપાટી પર સફેદ રંગની લીટીઓ રૂપે જોઈ શકાય છે.

✓ પહેલાં એવું માનવામાં આવતું હતું કે મંગળ ગ્રહથી પાણી 300 કરોડ વર્ષ પહેલાં ખતમ થઇ ગયું હશે. પરંતુ હવે આ અભ્યાસ બાદ જાણવા મળ્યું કે મંગળની સપાટી પર 100 કરોડ વર્ષ બાદ સુધી પાણી હતું. એટલે કે 200 કરોડ વર્ષ પહેલાં ખતમ થયું.

✓ આ સાબિત કરવા માટે કાલટેલના બે વિજ્ઞાનીઓએ એમઆરઓથી મળેલા છેલ્લાં 15 વર્ષના ડેટાનો અભ્યાસ કર્યો. જેમાં એવું જાણવા મળ્યું કે લાલ ગ્રહની સપાટી પર પાણીની ઉપસ્થિતિ 200થી 250 વર્ષ પહેલાં સુધી હતી.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (27-01-2022)

**1.** તા. 27 જાન્યુઆરી 2022ના રોજ 69 વર્ષ પછી કઈ કંપનીએ ફરી ભારત સરકાર પાસેથી એર ઇન્ડિયાનું સુકાન સંભાળ્યું

(A) વેદાન્તા (B) રિલાયન્સ **(C) તાતા સન્સ** (D) અદાણી

**2.** તાતા સન્સની માલિકીની કઈ કંપની એર ઇન્ડિયાનું કામ સંભાળશે

(A) તાટા સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ **(B) ટેલેસ પ્રાઈવેટ લિમિટેડ**

(C) ટીસીએસ પ્રાઈવેટ લિમિટેડ (D) ટેલ્કો પ્રાઈવેટ લિમિટેડ

**3.** પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ સન્માનિત ભારતના ક્યા પૂર્વ દિગ્ગજ હોકી સુકાનીનું તા. 27 જાન્યુઆરી 2022ના રોજ 91 વર્ષની વયે ઉના, હિમાચલપ્રદેશમાં અવસાન થયું

(A) મિલ્ખાસિંઘ (B) ચૌધરી ફરગટસિંહ

(C) વિક્રમજીતસિંહ **(D) ચરણજિતસિંહ**

**4.** તા. 27 જાન્યુઆરી 2022ના રોજ નવી દિલ્હીમાં PM નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલા ઇન્ડિયા-સેન્ટ્રલ એશિયા વર્ચ્યુઅલ ડાયલોગમાં નીચેના પૈકી ક્યા દેશનો સમાવેશ થતો નથી

(A) ઉઝબેકિસ્તાન અને કિર્ગિઝસ્તાન

(B) કઝાકિસ્તાન અને તુર્કમેનિસ્તાન

(C) તાજિકિસ્તાન **(D) અફઘાનિસ્તાન**

**5.** ઇન્ડિયા-સેન્ટ્રલ એશિયા ડાયલોગમાં PM નરેન્દ્ર મોદીએ ક્યા મહત્વના હેતુ પર વિશેષ ભાર મૂક્યો હતો

(A) ભારત અને મધ્ય એશિયા વચ્ચેનો સહકાર ક્ષેત્રિય સુરક્ષા અને સમૃદ્ધિ માટે જરૂરી

(B) સહકાર માટે અસરકારક માળખું તૈયાર કરવું

(C) ક્ષેત્રીય કનેકટિવિટી અને સહકારના હેતુથી 30 વર્ષ માટે મહત્વાકાંક્ષી રોડમેપ તૈયાર કરવો

**(D) આપેલ તમામ**

**6.** USની સ્પેસ એજન્સી નાસા દ્વારા જાન્યુઆરી-2022માં ઘોંઘાટ વિના 1234 કિ.મી. પ્રતિલાકની ઝડપે ઉડતાં સાઉન્ડપ્રૂફ સુપરસોનિક X-59 QueSST જેટનું પરીક્ષણ કરાયું તેને ક્યુ નામ અપાયું છે

(A) સન ઓફ કોનકોર્ડ (B) સન ઓફ અમેરિકા

(C) સન ઓફ નાસા

(D) સન ઓફ સુપરસોનિક X-59 QueSST

**7.** છેલ્લાં 15 વર્ષના ડેટાના આધારે સંશોધન બાદ નાસાના વૈજ્ઞાનિકોને જાન્યુઆરી-2022માં ક્યા ગ્રહ પર પાણીની શોધ-નદીના પુરાવા મળી આવ્યા છે

**(A) મંગળ** (B) ચંદ્ર (C) સૂર્ય (D) ગુરૂ

DATE : 28-01-2022

**1. I-Create : ઇલેક્ટ્રીક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્દઘાટન**



**મુખ્ય હેતુ :**

✓ વર્ષ-2030 સુધીમાં ઇલેક્ટ્રીક વાહનોના ઉપયોગના લક્ષ્ય સિદ્ધ કરવામાં ગુજરાતે ઘડેલી E-વ્હીકલ પોલિસી-2021ની સફળતા માટેની ઇકો સીસ્ટમને આઇ-ક્રિયેટનું સેન્ટર ઓફ એક્સલન્સ નવું બળ પુરૂ પાડશે

**i-Create વિશે**

- i-Create EV સેન્ટર ઓફ એક્સલન્સમાં નાના ઇલેક્ટ્રિક વાહનો માટે યુનિક અને ઇન્ટિગ્રેટેડ ઓપન-સોર્સ પ્લેટફોર્મ બનાવવાથી માંડીને શહેરો માટે ઓપન સ્ટાન્ડર્સ તરીકે ગ્રીન અર્બન માસ મોબિલિટી પ્લેટફોર્મ વિકસાવવા સુધીની અનેક પહેલો ચાલી રહી છે.
- ભારત સરકારના વર્ષ-2030ના ઇલેક્ટ્રિક વાહનો (EV)ના લક્ષ્યાંકને સમર્થન આપવા માટે રાજ્ય સરકારે ગુજરાત ઇલેક્ટ્રિકવ્હીકલ પોલિસી-2021 ઘડી છે. તેમાં EV ખરીદદારો અને EV ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં રોકાણ કરનારાઓ માટે સબસિડી/પ્રોત્સાહન તરીકેની યોજનાનો પણ સમાવેશ.
- સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને ઉબર સાથે મળીને i-Create એ તાજેતરમાં ઇલેક્ટ્રિક વાહનોનો વપરાશ વધારવા અને તેને અપનાવવા માટેના પ્રગતિશીલ વિચારોને સમર્થન આપવા માટે ગ્રીન મોબિલીટી ઇનોવેશન ચેલેન્જ હાથ ધરી હતી. આ ચેલેન્જમાં સમગ્ર ભારતમાંથી EV ઇનોવેટર્સની 400 જેટલી એન્ટ્રીઓ આવી હતી.
- **i-Create : ઇન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રેનિયોરશિપ એન્ડ ટેક્નોલોજી**
- સ્થાન : દેવ ધોલેરા, જિલ્લો-અમદાવાદ

## 2. નમામિ શારદામ અભિયાન : IITE દ્વારા ગુજરાતભરમાં અભિયાનનો પ્રારંભ

**અભિયાન વિશે :**

- ભારતની આઝાદી પહેલાં ગુજરાતમાં સ્થપાયેલી અને અત્યારે કાર્યરત એવી 7,000 જેટલી સ્કૂલોનું અભિવાદન કરવા માટે રાજ્ય સરકારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આઇઆઇટીઇ દ્વારા નમામિ શારદામ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો.

IITE INDIAN INSTITUTE OF TEACHER EDUCATION

**અભિયાનનો પ્રારંભ :**

- વડાપ્રધાને જે સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ લીધું છે તે સ્કૂલથી રાજ્યમાં નમામિ શારદામ અભિયાનનો પ્રારંભ
- આ અભિયાન હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું તે વડનગરની કુમાર શાળા-1નું અભિવાદન કરવામાં આવ્યું. આ સ્કૂલ વર્ષ-1888માં સ્થપાયેલી છે.
- આઝાદી પૂર્વે રાજ્યમાં સ્થપાયેલી 6,629 પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલો મળીને કુલ 7,000 જેટલી શૈક્ષણિક સંસ્થાઓ રાષ્ટ્ર નિર્માણમાં અત્યારે કામ કરી રહી છે. આ સ્કૂલો રાજ્યના વિવિધ જિલ્લાઓમાં શૈક્ષણિક કાર્ય કરી રહી છે.
- IITEના અનુસ્નાતક કોર્સના 35 જેટલા વિદ્યાર્થીઓ રાજ્યની આઝાદી પૂર્વે સ્થપાયેલી આ સ્કૂલોમાં આઝાદી પૂર્વે અપાયેલી અને અત્યારે અપાઇ રહેલી શૈક્ષણિક વ્યવસ્થાનું સંશોધન કાર્ય શરૂ કરશે.
- ઉપકુલપતિ : હર્ષદ પટેલ
- IITE : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર

## 3. દેશના નવા મુખ્ય આર્થિક સલાહકાર તરીકે વી. અનંત નાગેશ્વરની નિયુક્તિ : ભારત સરકાર

અગાઉ અનંત નાગેશ્વરન વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના પાર્ટ ટાઇમ સભ્ય રહી ચૂક્યા છે



**વી. અનંત નાગેશ્વરનનો પરિચય-કારકિર્દી :**

- આ સિવાય તે એક લેખક, શિક્ષક અને માર્ગદર્શક જેવી ઘણી ભૂમિકાઓ ભજવી ચૂક્યા છે. તેઓ ભારતની પ્રખ્યાત બિઝનેસ સ્કૂલ અને મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટના ફેકલ્ટી રહી ચૂક્યા છે. તેઓ સિંગાપોરની ઘણી શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષક પણ રહી ચૂક્યા છે.
- તેઓ IFMR ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ બિઝનેસના ડીન હતા. આ ઉપરાંત તેઓ ક્રિઆ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના વિઝિટિંગ પ્રોફેસર રહી ચૂક્યા છે.
- અનંત નાગેશ્વરને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ (IIM-A)માંથી વર્ષ-1985માં મેનેજમેન્ટમાં પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા તેમજ USની મેસેચ્યુસેટ્સ યુનિવર્સિટીમાંથી ડોક્ટરેટની ડિગ્રી ધરાવે છે.

## 4. SC-ST વર્ગને પ્રમોશનમાં અનામતનો મુદ્દો : માપદંડમાં દખલનો SCનો ઇનકાર બંધારણ બેન્ચના ચુકાદા બાદ અમે નવો માપદંડ તૈયાર ન કરી શકીએ




- રાજ્યો SC-ST પ્રમોશનમાં અનામત આપતા પહેલાં ડેટા એકઠો કરવા બંધાયેલા
- સુપ્રીમ કોર્ટે તા.28 જાન્યુઆરીએ SC-ST વર્ગને પ્રમોશનમાં અનામત આપવા મુદ્દે મોટો ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટે તે માટેના માપદંડોમાં દખલ કરવાનો ઇનકાર કર્યો.
- કોર્ટે કહ્યું હતું કે અમે આમ ન કરી શકીએ, આ રાજ્યોએ કરવું જોઇએ. રાજ્ય સરકારો અનામત નક્કી કરતા પહેલા તેનો ડેટા એકત્ર કરે.
- સરકારો સમય-સમયાંતરે આ સમીક્ષા પણ કરે કે SC-ST વર્ગને પ્રમોશનમાં અનામતમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું છે કે નહીં. આ સમીક્ષા માટે એક મુદ્દત પણ નક્કી કરાવી જોઇએ.
- **બેન્ચે અનામતની શરતો ઘટાડવાનો ઇનકાર કરતા કહ્યું કે અમે એલ. નાગરાજ કેસમાં વર્ષ 2006માં અને જરનૈલ સિંહ કેસમાં વર્ષ 2018માં બંધારણીય બેન્ચે આપેલા ચુકાદા બાદ કોઇ નવા માપદંડ ન ઘડી શકીએ.**
- કેન્દ્ર અને રાજ્યો સાથે જોડાયેલા અનામતના કેસમાં સ્પષ્ટતા અંગે સુનાવણી તા. 24 ફેબ્રુઆરીથી શરૂ થશે.
- કેસની સુનાવણી કરી રહેલી ન્યાયમૂર્તિ નાગેશ્વર રાવની અધ્યક્ષતા હેઠળની ત્રણ જજની બેન્ચે કહ્યું હતું કે સંબંધિત રાજ્ય સરકાર એમ. નાગરાજ વિરુદ્ધ ભારત સંઘના કેસમાં સુપ્રીમ કોર્ટના 2006ના ચુકાદામાં નિર્ધારિત ડેટા એકઠો કરવા માટે બંધાયેલી છે.
- કોર્ટે કહ્યું કે, પહેલાના ચુકાદાઓમાં નિર્ધારિત અનામતની જોગવાઇઓ અને માપદંડોમાં અમે દખલ ન કરી શકીએ.

**વર્ષ-2017થી અધ્ધરતાલ છે મામલો**

- કેન્દ્ર અને રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને રજૂઆત કરી હતી કે પ્રમોશનમાં અનામતના મામલે તાત્કાલિક સુનાવણી કરવામાં આવે.
- અરજદારો અનુસાર કેસ કોર્ટમાં પડતર હોવાને કારણે દેશભરમાં લાખો જગ્યાઓ પર નિયુક્તિઓ અટકેલી છે.
- રાજ્યો તરફથી કોર્ટમાં દલીલ અપાઇ હતી કે કેન્દ્ર સરકારના સ્તરે નિયમિત હોદ્દાઓ પર પ્રમોશન થયું હતું પણ 2017થી દેશભરમાં અનામત જગ્યાઓ પર પ્રમોશન પ્રક્રિયા અટકેલી છે.

**પ્રમોશનમાં અનામત**

- કોઇ પણ સરકારી નોકરીમાં બઢતીમાં અનામત આપતા પહેલાં ઉચ્ચ હોદ્દા પર યોગ્ય પ્રતિનિધિત્વના આંકડા એકત્રિત કરવા જરૂરી છે. આ કામ

રાજ્ય કરશે અને તેનું યોગ્ય સમયગાળામાં મૂલ્યાંકન કરાશે. આ સમયગાળો કેટલો હશે તે કેન્દ્ર સરકાર નક્કી કરશે.

- ✓ કોઇ પણ રાજ્ય બઢતીમાં અનામત આપતા પહેલાં સંખ્યાત્મક ડેટા એકત્રિત કરવા બંધાયેલું છે. તે ફરજિયાત છે.
- ✓ કેડર બેઝ્ડ ખાલી પોસ્ટ્સના આધાર પર અનામતનો ડેટા એકત્રિત કરવો જોઇએ. આ ડેટાસંગ્રહ આખા વર્ગ કે સમૂહના સંબંધમાં ન હોઇ શકે પણ જેમાં બઢતી માગવામાં આવી હોય તે પદના ગ્રેડ કે શ્રેણીના સંબંધમાં જરૂર હોવો જોઇએ.

**5. મહત્વનો નિર્ણય – TRAI, નવી દિલ્હી : ટેલિકોમ કંપનીઓને 28ને બદલે 30 દિવસના પ્રીપેડ રિચાર્જ પ્લાન આપવા આદેશ**




**નિર્ણય વિશે :**

- ✓ હાલમાં કંપનીઓ દર મહિને 2 દિવસ કાપીને વર્ષમાં 13 મહિનાના રિચાર્જના નાણાં વસૂલે છે
- ✓ 28 દિવસની બચતથી જીઓને 6300 કરોડ, ભારતી એરટેલને 5400 કરોડ, વોડાફોન આઇડિયાને 2800 કરોડની કમાણી

**અમલ :**

- ✓ નોટિફિકેશન જારી થયાના 60 દિવસમાં ટેલિકોમ કંપનીઓને ટ્રાઇના નવા આદેશનો અમલ કરવો પડશે
- ✓ **TRAI : ટેલિકોમ ઓથોરિટી ઓફ ઇન્ડિયા**

**6. આંધ્રપ્રદેશ સરકાર : કેબિનેટે 13 નવા જિલ્લાઓના નિર્માણને મંજૂરી**



- ✓ છેલ્લે 1979માં આંધ્ર પ્રદેશમાં નવો જિલ્લો બનાવવામાં આવ્યો હતો અને તે સમયે આંધ્ર પ્રદેશ અવિભાજિત હતું
- ✓ 13 નવા જિલ્લાઓના નિર્માણ બાદ પ્રદેશમાં કુલ જિલ્લાઓની સંખ્યા 26 થઇ જશે.
- ✓ 24 લોકસભા ક્ષેત્રોને જિલ્લાઓમાં બદલવામાં આવી રહ્યા છે.
- ✓ વિશાખાપટ્ટનમમાં અરાકૂ લોકસભા ક્ષેત્ર પણ સામેલ છે જેને 2 જિલ્લાઓમાં વિભાજિત કરવામાં આવશે.

**નવા જિલ્લાઓના નામ :**

- ✓ માન્યમ, અલ્લૂરી સીતારામ રાજૂ, અનાકાપલ્લી, કાકીનાડા, કોના સીમા, એલુરૂ, એનટીઆર, બાપટિયા, પલનાડુ, નંદયાલ, શ્રી સત્યસાઇ, અન્નામય્યા, શ્રી બાલાજી.

**છેલ્લે વર્ષ-1979માં આંધ્ર પ્રદેશમાં નવો જિલ્લો બનાવવામાં આવ્યો હતો**

- ✓ વર્ષ-1979માં આંધ્રપ્રદેશ અવિભાજિત હતું. 1979માં વિજયનગરમ જિલ્લો બનાવવામાં આવ્યો હતો.

**7. ભારતનું સૌથી મોટું ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન-ગુરૂગ્રામ (હરિયાણા)**

**હરિયાણાના ગુરુગ્રામમાંથી પસાર થતા દિલ્હી-જયપુર નેશનલ હાઇવે પર ભારતના સૌથી મોટા ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશનની શરુઆત**




**ચાર્જિંગ સ્ટેશન વિશે :**

- ✓ આ ચાર્જિંગ સ્ટેશન પર 100 કરતા વધારે ચાર્જિંગ પોઇન્ટ્સ આવેલા છે. ઇલેક્ટ્રિક કારોના ચાર્જિંગ માટે 100 પોઇન્ટ ધરાવતું આ દેશનું સૌથી મોટું ચાર્જિંગ સ્ટેશન છે.
- ✓ આ પહેલા મુંબઇમાં આવેલું 16 એસી તથા 4 ડીસી ચાર્જર ધરાવતું ચાર્જિંગ સ્ટેશન સૌથી મોટું હતું.

**8. એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર (ALH) MK-3**

**ભારતમાં બનેલા એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર (ALH) MK-3 હેલિકોપ્ટરને યુદ્ધ જહાજ INS ઉત્ક્રોશમાં સમાવાયા**




- ✓ અંદમાન અને નિકોબાર કમાન્ડના લેફ્ટનન્ટ જનરલ અજય સિંહે આજે પોર્ટ બ્લેરમાં આ હેલિકોપ્ટરને INS ઉત્ક્રોશમાં સામેલ કર્યુ
- ✓ ALH MK-3 વિમાન નિર્માતા કંપની : હિંદુસ્તાન એરોનોટિકલ્સ લિમિટેડ
- ✓ ભારતની સમુદ્રી તાકાતમાં વધારો થયો છે. સાથે જ આ હેલિકોપ્ટર આત્મનિર્ભર ભારતનું પણ ઉત્કૃષ્ઠ ઉદાહરણ.

**9. નિયોકોવ વાઇરસ : દક્ષિણ આફ્રિકામાં ચામાચીડિયામાં નિયોકોવ વાઇરસ મળી આવ્યો**

**વાઇરસ વિશે :**

- ✓ નિયોકોવ કોઇ નવો વાઇરસ નથી. તે મર્સ-સીઓવી વાઇરસથી મળતો આવે છે. **તે સૌથી પહેલા 2012માં સાઉદી અરબમાં મળી આવ્યો હતો.** કોરોના વાઇરસનો એક મોટો પરિવાર છે જે સામાન્ય તાવ-શરદીથી લઇને સીવિયર એક્યૂટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ(સાર્સ) સુધીના રોગોનું કારણ બની શકે છે.




**સંશોધન :**

- ✓ વુહાન યુનિવર્સિટી અને ચાઇનીઝ એકેડમી ઓફ સાયન્સિઝ

**10. ખેલકૂદ : વર્ષની પ્રથમ ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ-2022 (મિક્સ ડબલ્સ)**



**દેશ અને વિજેતા જોડી :**

- ✓ ફ્રાન્સની ક્રિસ્ટિના મ્લાદેનોવિચ અને ક્રોએશિયાના ઇવાનો ડોડિગ

**દેશ અને ઉપવિજેતા જોડી :**

- ✓ ઓસ્ટ્રેલિયાના જેમી ફોરલિસ અને જેસન કુબલેર
- ✓ **યજમાન : ઓસ્ટ્રેલિયા**

**11. ચીન : નવા વર્ષની શરૂઆત તા. 01 ફેબ્રુઆરીથી જેને લુનર ન્યૂ યર તરીકે પણ ઓળખાય છે**

**ઉજવણી વિશે :**

- ✓ નવા વર્ષની ઉજવણી કરવા માટે ચીનના લોકો દેશ-દુનિયા ફરવા નીકળે છે કેમ કે 40 દિવસ સુધી ત્યાં રજાઓ મનાવાય છે પણ ઝીરો કોવિડ પોલિસી હેઠળ ચીને બીજા દેશો સાથે સરહદો બંધ કરી દીધી છે. આ કારણે સતત ત્રીજા વર્ષે લોકોએ દેશમાં જ ફરવું પડશે.

**12. દિન વિશેષ : 28 જાન્યુઆરી**

**પંજાબ કેસરી : લાલા લજપતરાય**

**જન્મ : 28મી જાન્યુઆરી-1865 અવસાન : 1928**

- ✓ પંજાબ કેસરી લાલા લજપતરાય, જ્ઞાનપીઠથી પુરસ્કૃત ગુજરાતી કવિ રાજેન્દ્ર શાહ, ઉત્કૃષ્ઠ વિવેચક જયંત કોઠારી, વૈજ્ઞાનિક રાજા રમન્ના અને જનરલ કરિઅપ્પાના જન્મદિવસ




- ✓ લાલ, બાલ અને પાલની ત્રિપુટી પૈકી લાલા લાજપતરાયનો જન્મ પંજાબના મોગા જિલ્લાના દુધિ ગામમાં થયો હતો.
- ✓ આર્ય સમાજથી પ્રભાવિત લાલાજી કોંગ્રેસની જહાલવાદી વિચારધારાના મુખ્ય નેતા હતા.
- ✓ પંજાબમાં આર્ય સમાજનો ફેલાવો અને દયાનંદ એન્ગલો વૈદિક સ્કૂલો શરૂ કરવામાં અને કુદરતી આફતોમાં લોકસેવા માટે લાલાજી હંમેશાં અગ્રેસર રહ્યા હતા.
- ✓ તેઓએ ભારતમાં 'તરુણ ભારત' નામની ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી લાખો યુવાઓને ભારતની આઝાદી માટે તૈયાર કર્યા.
- ✓ 1927માં સાયમન કમિશનનો ઉગ્રતાથી વિરોધ કરતા થયેલા લાઠીચાર્જમાં લાલા લાજપતરાય ઘાયલ થયા હતા.
- ✓ ભગતસિંહ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદે તેમના માનસપુત્રો તરીકે તેમની હત્યાનો બદલો વાળી તેમના શબ્દો સાર્થક કર્યા.
- ✓ ઇંગ્લેન્ડ્સ ડેન્ટ ટૂ ઇન્ડિયા, દિ પોલિટિકલ ફ્યુચર ઓફ ઇન્ડિયા, કેટલાય મહાપુરુષોના જીવનચરિત્રો અને આત્મકથા લાલાજીનાં સર્જનો

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (28-01-2022)

**1.** ટેલિકોમ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (TRAI) દ્વારા તા. 28 જાન્યુઆરી-2022ના રોજ ગ્રાહક સંબંધી લેવાયેલા મહત્વના નિર્ણય સંદર્ભે નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે

1. ટેલિકોમ કંપનીઓને 28ને બદલે 30 દિવસના પ્રીપેડ રિચાર્જ પ્લાન આપવા આદેશ

2. હાલ કંપનીઓ દર મહિને 2 દિવસ કાપીને વર્ષમાં 13 મહિનાના રિચાર્જના નાણાં વસૂલે છે

3. નોટિફિકેશન જારી થયાના 60 દિવસમાં ટેલિકોમ કંપનીઓને ટ્રાઇના નવા આદેશનો અમલ કરવો પડશે

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 1 અને 3 **(D) આપેલ તમામ**

**2.** ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ-2022 (મિક્સ ડબલ્સ) સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. દેશ અને વિજેતા જોડી : ફ્રાન્સની ક્રિસ્ટિના મ્લાદેનોવિચ અને ક્રોએશિયાના ઇવાનો ડોડિગ

2. દેશ અને ઉપવિજેતા જોડી : ઓસ્ટ્રેલિયાના જેમી ફોરલિસ અને જેસન કુબલેર

3. યજમાન : ઓસ્ટ્રેલિયા

4.વર્ષની પ્રથમ ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 4 **(D) આપેલ તમામ**

**3.** જાન્યુઆરી-2022માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઇલેક્ટ્રીક વ્હીકલ સેન્ટર ઓફ એક્સલન્સનું કઇ સંસ્થામાં ઉદ્દઘાટન કરાયું

(A) GEDA **(B) i-Create** (C) PDEU (D) GTU

**4.** ભારત સરકારના ક્યા વર્ષ સુધીના ઇલેક્ટ્રિક વાહનો (EV)ના લક્ષ્યાંકને સમર્થન આપવા માટે રાજ્ય સરકારે ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી-2021 તૈયાર કરી છે

(A) વર્ષ-2025 **(B) વર્ષ-2030** (C) વર્ષ-2035 (D) વર્ષ-2040

**5.** ઇન્ટરનેશનલ સેન્ટર ફોર એન્ટરપ્રેનિયોરશિપ એન્ડ ટેક્નોલોજી સંસ્થા ક્યાં આવેલી છે

(A) સાંણંદ (અમદાવાદ) (B) રાયસણ (ગાંધીનગર)

**(C) દેવ ધોલેરા (અમદાવાદ)** (D) માંડલ (અમદાવાદ)

**6.** ભારતની આઝાદી પહેલાં ગુજરાતમાં સ્થપાયેલી અને હાલ કાર્યરત એવી 7,000 જેટલી સ્કૂલોનું અભિવાદન કરવા માટે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કઇ સંસ્થા દ્વારા જાન્યુઆરી-2022માં નમામિ શારદામ અભિયાનનો પ્રારંભ વડનગરથી કરવામાં આવ્યો

(A) GCERT **(B) IITE** (C) KCG (D) ગુજરાત યુનિવર્સિટી

**7.** ભારત સરકાર દ્વારા જાન્યુઆરી-2022માં દેશના નવા મુખ્ય આર્થિક સલાહકાર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી

(A) વી. આયંગર (B) એસ. સુબ્રહ્મણ્યમ

(C) ઉર્જિત પટેલ **(D) વી. અનંત નાગેશ્વર**

**8.** જાન્યુઆરી-2022માં ભારતના ક્યા રાજ્યમાં 13 નવા જિલ્લાઓના નિર્માણને મંજૂરી અપાઇ

**(A) આંધ્રપ્રદેશ** (B) મહારાષ્ટ્ર (C) કર્ણાટક (D) તેલંગણા

**9.**100થી વધુ ચાર્જિંગ પોઇન્ટસ ભારતનું સૌથી મોટું ઇલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન જાન્યુઆરી-2022માં ક્યાં શરૂ કરાયું

(A) દિલ્હી **(B) ગુરૂગ્રામ (હરિયાણા)** (C) જયપુર (D) મુંબઇ

**10.** ભારતમાં બનેલા એડવાન્સડ લાઇટ હેલિકોપ્ટર (ALH) MK-3 હેલિકોપ્ટરને જાન્યુઆરી-2022માં કયા યુદ્ધ જહાજમાં સામેલ કરાયું

**(A) INS ઉત્ક્રોશ** (B) INS વિશાખાપટ્ટનમ

(C) INS વિરાટ (D) INS વિક્રાંત

**11.** ચામાચીડિયાથી ફેલાતો નિયોકોવ વાઇરસ જે સૌથી પહેલાં વર્ષ-2012માં સાઉદી અરબમાં મળી આવ્યો હતો તે તાજેતરમાં ક્યા દેશમાંથી મળી આવ્યો

(A) સાઉદી અરબ (B) ચીન

(C) ઝિમ્બાબ્વે **(D) દક્ષિણ આફ્રિકા**

**12.** ચીનમાં લુનર ન્યૂ યર તરીકે ઓળખાતા નવા વર્ષની શરૂઆત ક્યારથી થાય છે

(A) તા. 01 જાન્યુઆરી **(B) તા. 01 ફેબ્રુઆરી**

(C) તા. 01 માર્ચ (D) તા. 31 ડિસેમ્બર

**13.** જ્ઞાનપીઠથી પુરસ્કૃત ગુજરાતી કવિ રાજેન્દ્ર શાહનો જન્મ દિવસ જણાવો

(A) તા. 25 જાન્યુઆરી-1910 (B) તા. 26 જાન્યુઆરી-1911

(C) તા. 27 જાન્યુઆરી-1912 **(D) તા. 28 જાન્યુઆરી-1913**

**14.** આર્ય સમાજથી પ્રભાવિત લાલા લજપતરાય કોંગ્રેસની કઇ વિચારધારાના મુખ્ય નેતા હતા

(A) મહાલવાદી (B) મુખ્યધારા (C) ઉગ્રવાદી **(D) જહાલવાદી**

**15.** લાલા લજપતરાયએ ભારતમાં કઇ ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી લાખો યુવાઓને ભારતની આઝાદી માટે તૈયાર કર્યા હતા

(A) અતુલ્ય ભારત (B) યુવા ભારત

| | |
|---|---|
| **(C) તરુણ ભારત** (D) મહાન ભારત | **(A) તા. 28 જાન્યુઆરી 1865** (B) તા. 27 જાન્યુઆરી 1866 |
| **16.** લાલા લજપતરાયનો જન્મદિવસ જણાવો | (C) તા. 26 જાન્યુઆરી 1867 (D) તા. 25 જાન્યુઆરી 1868 |

**DATE : 29-01-2022**

**1. 'જસ્ટિસ ક્લોક' : ગાંધીનગર જિલ્લાની તમામ કોર્ટમાં પેન્ડિંગ-રોજના નવા કેસની સહિતની માહિતી માટે જસ્ટિસ ક્લોક મુકાશે**




**'જસ્ટિસ ક્લોક' વિશે :**

- ✓ ગુજરાત હાઇકોર્ટમા ચાલતા કેસની માહિતી સામાન્ય નાગરિકોને મળી રહે તે માટે હાલમા જ નજીકના સ્થળ ઉપર'જસ્ટિસ ક્લોક' મુકવામા આવી છે. જેનાથી કોર્ટની સ્થિતિ અને તેમા કેટલા કેસ ચાલી રહ્યા છે તેની માહિતી ત્યાં નજર કરવાથી પણ મળી રહે છે. કોર્ટની કામગીરી સાથે આરોપીઓ, વકીલો અને પોલીસને સીધુ કનેક્શન હોય છે. તેમ છતા તેની કામગીરીની માહિતીથી વાકેફ કરવા માટે જસ્ટીસ ક્લોક મુકવામા આવે છે.
- ✓ કોર્ટના દરવાજા આગળ મોટુ એલઇડી મુકવામા આવશે, જેમા સતત આંકડા ફરતા જોવા મળશે. 0-5 વર્ષ સુધીના કેટલા કેસ પેન્ડીંગ છે. છેલ્લા દિવસે કેટલા કેસ આવ્યા, છેલ્લા એક સપ્તાહમા કેટલા કેસ આવ્યા સહિતની માહિતી જોવા મળશે.

**2. બિટિંગ રિટ્રીટ સેરેમની : પ્રજાસત્તાક પર્વનો 4 દિવસીય સમાપન સમારોહ -રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી**



- ✓ પ્રજાસત્તાક દિવસના સમાપન પ્રસંગે દર વર્ષે તા. 29 જાન્યુઆરીએ દિલ્હીના વિજયચોક ખાતે બીટિંગ રિટ્રીટ સેરેમનીનું કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.
- ✓ આ કાર્યક્રમમાં પોલીસ દળો, સેના, નૌસેના, વાયુસેના અને સીઆરપીએફ બેન્ડે વડાપ્રધાન, રાષ્ટ્રપતિ સહિતના નેતાઓની હાજરીમાં એક કલાકના ભવ્ય શૉનું આયોજન કર્યું.
- ✓ બીટિંગ રિટ્રીટ સેરેમનીની પરંપરા બ્રિટન, કેનેડા, અમેરિકા સહિત દુનિયાના અનેક દેશમાં.

**1000 ડ્રોન દ્વારા આકાશી કરતબ કરાયાં**

- ✓ 1,000 જેટલા મેડ ઇન ઇન્ડિયા ડ્રોનની મદદથી ભારતના ઇતિહાસને આસમાનમાં દર્શાવવામાં આવ્યો. આ શૉમાં પ્રોજેક્શન મેપિંગ કરીને મહાકાય ઇમારતો પર લાઇટો થકી સુંદર નજારો પ્રદર્શિત કરાયો હતો, જેમાં ભારતનો નકશો, ગાંધીજી વગેરે પણ જોવા મળ્યા હતા.



**સારે જહાં સે અચ્છા ધૂન સાથે સમારોહનું સમાપન**

- ✓ બિટિંગ રીટ્રિટમાં પ્રથમ ધૂન બ્યૂગલ પર ફ્રેનફ્રેયર ગીતની વાગશે. આ સમારોહમાં હે કાંચા, ચન્ના બિલૌરી, જય જન્મભૂમિ, નૃત્ય સરિતા, વિજય જોશ, કેસરિયા બન્ના, વીર સિયાચીન, હાથરોઇ, વિજય ઘોષ, લડાકુ, સ્વદેશ, અમર ચૈતન્ય, ગોલ્ડન એરો, સ્વર્ણ જયંતી, વીર સૈનિક, યશસ્વી, જય ભારતીય, કરેલા, સિકિ અ મોલ, હિન્દ કી સેના, કદમ કદમ બઢાયે જા, ઓ મેરે વતન કે લોગોને સામેલ કરવામાં આવ્યાં છે. સારે જહાં સે અચ્છા ધૂન સાથે સમારોહનું સમાપન.

**બીટિંગ રિટ્રીટ સેરેમની વિશે :**

- ✓ દરેક પ્રજાસત્તાક દિવસ પછી એટલે કે 29 જાન્યુઆરીની સાંજે બીટિંગ ધ રિટ્રીટ (Beating The Retreat) સેરેમનીનું આયોજન કરવામાં આવે છે! જેમાં થલ સેના, વાયુસેના અને નૌસેના પારંપરિક ધૂન સાથે માર્ચ કરે છે.
- ✓ રાયસીના રોડ પર રાષ્ટ્રપતિ ભવનની સામે યોજાતા ચાર દિવસીય સમારોહનું સમાપન બીટિંગ ધ રિટ્રીટની સાથે કરવામાં આવે છે.
- ✓ બીટિંગ ધ રિટ્રીટ સૈન્યની બેરેકમાં પાછા ફરવાના પ્રતીકસમાન ગણાય છે. યુદ્ધ દરમિયાન લશ્કર સૂર્યાસ્ત થવા પર પોતાનાં શસ્ત્રો મૂકીને કેમ્પમાં ગયા બાદ યોજાતા સંગીત સમારોહને બીટિંગ ધ રિટ્રીટ કહેવામાં આવે છે.
- ✓ ભારતમાં બીટિંગ ધ રિટ્રીટની શરૂઆત 1950માં થઇ હતી. આ સમારોહમાં રાષ્ટ્રપતિ ચીફ ગેસ્ટ તરીકે સામેલ થાય છે. બેન્ડવાદન પછી રિટ્રીટનું બ્યૂગલ વાદન થાય છે. આ દરમિયાન બેન્ડવાદન માસ્ટર રાષ્ટ્રપતિની પાસે જાય છે અને બેન્ડ પરત લઈ જવાની અનુમતિ માગે છે. તેનો અર્થ તે થાય છે કે, 26 જાન્યુઆરીનો સમારોહ પૂરો થયો છે અને બેન્ડ માર્ચ પરત લઈ જઈને ભારતની લોકપ્રિય ધૂન 'સારે જહાં સે અચ્છા...' વગાડે છે.

**3. ભારત-ઇઝરાયલ સંબંધો :**

**ભારત-ઇઝરાયલ વચ્ચેના રાજદ્વારી સંબંધના તા. 29 જાન્યુઆરીએ 30 વર્ષ પૂર્ણ**




- ✓ **PM મોદીએ હિબ્રૂ ભાષામાં શુભેચ્છા પાઠવી**

**નવા લક્ષ્યોની સ્થાપના માટેનો શ્રેષ્ઠ સમય :**

- ✓ વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ભારત જ્યારે પોતાની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી કરી રહ્યું છે અને ઇઝરાયલ આગામી વર્ષે પોતાની સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠ ઉજવશે અને બંને દેશ પોતાના રાજદ્વારી સંબંધના 30 વર્ષની ઉજવણી કરી રહ્યા છે, ત્યારે પારસ્પરિક સહકાર માટેના નવા લક્ષ્યાંકોની સ્થાપના માટે અત્યાર કરતા અન્ય કોઇ સારી તક ન હોઇ શકે. 30 વર્ષના સંબંધની આ મહત્વપૂર્ણ સિદ્ધી પર, હું બધાને અભિનંદન પાઠવું છું. મને વિશ્વાસ છે કે ભારત-ઇઝરાયલ સંબંધ આવનારા દાયકાઓમાં પરસ્પર સહકારના નવા રેકોર્ડ્સની સ્થાપના ચાલુ રાખશે. જો કે પીએમ મોદીએ આ દરમિયાન પેગાસસ મુદ્દે કોઇ નિવેદન આપ્યું ન હતું.

**ભારત-ઈઝરાયેલના સંબંધોને 30 વર્ષ પૂરા થયા**

- ✓ ભારત અને ઈઝરાયેલના ફૂલ-ફ્લેજ રાજકીય સંબંધોને તા.29 જાન્યુઆરીએ 30 વર્ષ પૂરા થયા છે. આ પ્રસંગે ઇઝરાયેલના મસાદા કિલ્લાના પહાડ પર લેઝર વડે એવી આકૃતિ બનાવી જેમાં 'ભારત ઇઝરાયલ મિત્રતાના 30 વર્ષ લખાણ સાથે ખાસ લોગો હતો.

**ભારતે 1950માં આપી હતી માન્યતા :**

- ભારતે 17 સપ્ટેમ્બર 1950ના રોજ ઈઝરાયેલને એક દેશ તરીકે માન્યતા આપી હતી, તેમ છતાં 29 જાન્યુઆરી 1992ના રોજ ભારત અને ઈઝરાયેલ વચ્ચે ફુલ-ફ્લેજ રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા હતા.

**4. યુનેસ્કો : વાઈકિંગ યુગની નોર્ડિક ક્લિન્કર બોટનો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ**

**સમગ્ર યુરોપમાં ક્લિન્કર બોટના માંડ 200 કસબી બચ્યા છે**



**નોર્ડિક ક્લિન્કર બોટનો ઈતિહાસ :**

- હજારો વર્ષથી લાકડાઓની બોટ લઈને ઉત્તર યુરોપના લોકો લગભગ બધા સમુદ્ર અને ખંડમાં તેમનો વેપાર અને પ્રભાવ વિસ્તાર્યો છે. ડિસેમ્બરમાં યુએન કલ્ચરલ એજન્સીએ નોર્ડિક ક્લિન્કર બોટને માનવીય સાંસ્કૃતિક વારસામાં સમાવી છે.
- ડેન્માર્ક, ફિનલેન્ડ, આઇસલેન્ડ, નોર્વે અને સ્વીડને સંયુક્ત રીતે યુનેસ્કોમાં આ પ્રકારનો ઠરાવ લાવ્યા. આ ઠરાવ પસાર પણ થઈ ગયો છે.
- ક્લિન્કર શબ્દ અહીં વૂડન બોર્ડ માટે ઉપયોગમાં લેવાયો છે. વૂડન બોર્ડને ઝડપથી બાંધીને બોટમાં પરિવર્તીત કરી શકાય છે.
- કોપનહેગનની પશ્ચિમે રોસ્ક્લાઇડ ખાતે આવેલા **વાઈકિંગ શિપ મ્યુઝિયમમાં** બોટયાર્ડના હેડ સોરેન નીલ્સને જણાવ્યું હતું કે આપણે જોઈ શકીએ છીએ કે તેને બનાવવા માટે અને ચલાવવા માટે ખાસ પ્રકારના કૌશલ્યની જર્રૂરત પડતી હતી. આ પ્રકારની જાણકારીવાળા લોકો હવે બહુ ઓછા રહ્યા છે.
- આ મ્યુઝિયમમાં હજાર વર્ષ પહેલાની બોટ દર્શાવવામાં આવી છે એટલું જ નહીં વાઈકિંગ બોટ્સના રિબિલ્ડ અને રિકન્સ્ટ્રક્શન પર પણ કામ ચાલી રહ્યું છે. પ્રયોગાત્મક આર્કિયોલોજીકલ મેથડ્સના ઉપયોગ સાથે સંકળાયેલી પ્રયોગાત્મક પ્રક્રિયા વાઈકિંગ યુગની વધુને વધુ વ્યવહારુ સમજ આપે છે. આ વહાણો કેટલા ઝડપથી તરતા હતા અને કેટલા લોકોને તે લઈ જઈ શકતા હતા.
- હાલમાં ડેન્માર્કમાં લગભગ 20 ક્લિન્કર બોટ ક્રાફ્ટ્સમેન છે અને સમગ્ર ઉત્તર યુરોપમાં 200 જેટલા છે. આમ યુનેસ્કો દ્વારા અહીં ઓસરતી જતી વિરાસતને સાચવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**5.ખેલકૂદ : ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ-2022 : મહિલા સિંગલ્સ**



**વિજેતા અને દેશ :**

- વિશ્વની નંબર-1 મહિલા ટેનિસ ખેલાડી એશ્લે બાર્ટી-**ઓસ્ટ્રેલિયા**
- એશ્લે બાર્ટી ઓસ્ટ્રેલિયન ઓપનમાં 44 વર્ષ બાદ મહિલા સિંગલ્સનો ખિતાબ જીતનારી પ્રથમ ઓસ્ટ્રેલિયન મહિલા ખેલાડી બની.
- આ પહેલા ક્રિસ ઓ'નીલે વર્ષ 1978માં ઓસ્ટ્રેલિયા માટે આ ટૂર્નામેન્ટ જીત્યું હતું.
- આ ટૂર્નામેન્ટ દરમિયાન 25 વર્ષીય એશ્લે બાર્ટી એકપણ સેટ હારી નથી.
- ઉપવિજેતા અને દેશ : **કોલિન્સ-અમેરિકા**
- યજમાન : **ઓસ્ટ્રેલિયા**
- **એશ્લે બાર્ટીએ 15.5 કરોડની પ્રાઇઝ મની જીતી**

**6. મેગા કોન્સ્ટેલેશન : ચીન દ્વારા 5G સેવાને ગતિ આપવા અંદાજે 13 હજાર ઉપગ્રહ છોડવાનો પ્રારંભ**



- 12,992 ચીની ઉપગ્રહ 498 કિ.મી.થી માંડીને 1,114 કિ.મી.ની ઊંચાઇએ પરિક્રમા કરશે

**મેગા કોન્સ્ટેલેશન એટલે શું ?**

- પૃથ્વીના વિવિધ વિસ્તારોને કવર કરવા માટે હજારો ઉપગ્રહ એક સાથે કામ કરતા હોય તેને મેગા કોન્સ્ટેલેશન કહેવામાં આવે છે.
- ઈન્ટરનેટ સેવાઓને બહેતર કરવા માટે આ ઉપગ્રહોનું જમીનથી કેટલાક માઇલ ઊંચે સંચાલન થતું હોય છે.
- ઉપગ્રહ ઈન્ટરનેટ માટે ચીની સરકારની આ ટોચની પરિયોજના છે. કેમ કે તેની મદદથી ચીન સમગ્ર વિશ્વને સંચારસેવા પૂરી પાડવાનો ઇરાદો ધરાવે છે. આમ કરીને ચીન પશ્ચિમના દેશોના ઓપરેટર્સ સાથે સ્પર્ધામાં ઊતરવા માંગે છે.

**જાસૂસીની દહેશત શા માટે ?**

- ચીન તાઇવાન પર દાવો કરીને લોકશાહી પ્રિય દેશોને નારાજ કરી રહ્યું છે. અન્ય દેશોને લાગે છે કે ચીની પ્રમુખ શી જિનપિંગ તાઇવાનને ચીન સાથે ભેળવી દેવાની યોજના ધરાવે છે. ચીનની મેગા કોન્સ્ટેલેશન યોજનાને મુદ્દે વિશ્વ ચિંતિત છે. દેશોને લાગે છે કે ચીન આ યોજનાની મદદથી અન્ય દેશો પર નજર રાખવા માંગે છે.

**7. દિન વિશેષ : 29 જાન્યુઆરી**

**ગુજરાતનાં પહેલાં મહિલા સમાજશાસ્ત્રી : ડૉ. તારા પટેલ**

**જન્મ : 29 જાન્યુઆરી-1918**

**અવસાન : 31 જાન્યુઆરી-2007**

- મૂળ વતન ખેડા જિલ્લાનું પીજ, પણ આફ્રિકાના યુગાન્ડામાં તેમનો જન્મ થયો હતો.
- ખેડા જિલ્લાના સુણાવથી શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરનારાં તારાબેનનાં ઘરે સરદાર પટેલ પધાર્યા અને તેમણે જ તારાબેનને ઉચ્ચ અભ્યાસ અને વિદેશમાં અભ્યાસની પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું.
- ડો.તારાબેને કોલમ્બિયા યુનિ.માંથી એમએ અને લંડન યુનિ.માંથી પીએચડીની પદવી મેળવી હતી.
- 1954માં ગુજરાત યુનિ.ના સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે જોડાયાં, વિભાગનાં પહેલાં અધ્યક્ષ પણ બન્યાં અને પોતાના સંશોધનના બળે સમાજશાસ્ત્ર વિભાગને રાષ્ટ્રીય ફલક ઉપર મૂકી આપ્યો.
- બક્ષીપંચની જ્ઞાતિઓ તથા ભિક્ષુકો વિશે તારાબેનના અહેવાલો આજે પણ નમૂનારૂપ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (29-01-2022)

**1.** સૈન્યની બેરેકમાં પાછા ફરવાના પ્રતીકસમાન-બિટિંગ રિટ્રીટ સેરેમની સંદર્ભે નીચેનામાંથી ક્યા વિધાનો યોગ્ય છે

1. પ્રજાસત્તાક પર્વનો 4 દિવસીય સમાપન સમારોહ-રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી

2. દર વર્ષે તા. 26થી 29 જાન્યુઆરીએ દિલ્હીના વિજયચોક ખાતે બીટિંગ રિટ્રીટ સેરેમનીનું આયોજન

3. સારે જહાં સે અચ્છા ધૂન સાથે સમારોહનું સમાપન

4. આ સમારોહમાં રાષ્ટ્રપતિ ચીફ ગેસ્ટ તરીકે સામેલ થાય છે

5. ભારતમાં બીટિંગ ધ રિટ્રીટની શરૂઆત 1950માં થઈ હતી

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 2 અને 5 **(D) આપેલ તમામ**

**2.** ભારત-ઇઝરાયલ વચ્ચેના રાજદ્વારી સંબંધોના જાન્યુઆરી 2022માં 30 વર્ષ પૂર્ણ થયા તે સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો લાગુ પડતા નથી

1. PM મોદીએ ઇઝરાયેલને હિબ્રુ ભાષામાં શુભેચ્છા પાઠવી

2. ભારતે 17 સપ્ટેમ્બર 1950ના રોજ ઇઝરાયેલને એક દેશ તરીકે માન્યતા આપી હતી

3. તા. 29 જાન્યુઆરી 1992ના રોજ ભારત અને ઇઝરાયેલ વચ્ચે પૂર્ણ કક્ષાના રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા હતા

4. ઇઝરાયેલ પણ આ વર્ષે તેની સ્વતંત્રતાના 75 વર્ષની ઉજવણી કરી રહ્યું છે

(A) માત્ર 1 (B) માત્ર 3 **(C) માત્ર 4** (D) આપેલ તમામ

**3.** ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ મહિલા સિંગલ્સ-2022 સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. વિજેતા અને દેશ : વિશ્વની નંબર-1 મહિલા ટેનિસ ખેલાડી એશ્લે બાર્ટી-ઓસ્ટ્રેલિયા

2. ઓસ્ટ્રેલિયન ઓપનમાં 44 વર્ષ બાદ મહિલા સિંગલ્સનો ખિતાબ જીતનારી બાર્ટી પ્રથમ ઓસ્ટ્રેલિયન મહિલા ખેલાડી

3. ઉપવિજેતા અને દેશ : કોલિન્સ-અમેરિકા

4. યજમાન : ઓસ્ટ્રેલિયા

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**4.** જાન્યુઆરી 2022માં વાઇકિંગ યુગની નોર્ડિક ક્લિન્કર બોટનો વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ કરાયો તેના માટે નીચેનામાંથી ક્યા દેશોએ યુનેસ્કોમાં ઠરાવ પસાર કરાવ્યો હતો

(A) ડેન્માર્ક અને ફિનલેન્ડ (B) નોર્વે અને સ્વીડન

(C) આઇસલેન્ડ **(D) આપેલ તમામ**

**5.** પૃથ્વીના વિવિધ વિસ્તારોને કવર કરવા માટે હજારો ઉપગ્રહ એક સાથે કામ કરતા હોય તેના માટે ક્યો શબ્દ ઉપયોગ કરવામાં આવે છે

(A) બિગ કોન્સ્ટલેશન (B) વાઈડ કોન્સ્ટલેશન

(C) વાસ્ટ કોન્સ્ટલેશન **(D) મેગા કોન્સ્ટલેશન**

**6.** તાજેતરમાં ક્યા દેશ દ્વારા 5G સેવાને ગતિ આપવા અંદાજે 13 હજાર ઉપગ્રહ છોડવાના અભિયાનનો પ્રારંભ કરાયો

(A) અમેરિકા (B) દક્ષિણ કોરિયા **(C) ચીન** (D) જાપાન

**7.** ગુજરાત હાઇકોર્ટમા ચાલતા કેસની માહિતી સામાન્ય નાગરિકોને મળી રહે તે માટે હાઈકોર્ટ સહિત જિલ્લાઓમાં LED સ્વરૂપે કઇ વિશેષ ક્લોક મૂકવામાં આવી છે

(A) હાઈકોર્ટ અપડેટ ક્લોક (B) કેસ ડિટેઈલ અપડેટ ક્લોક

**(C) જસ્ટિસ ક્લોક** (D) ડેઈલી કેસ અપડેટ ક્લોક

**8.** તા.29 જાન્યુઆરી-2022ના રોજ ભારત-ઇઝરાયલ વચ્ચેના રાજદ્વારી સંબંધના કેટલા વર્ષ પૂર્ણ થયા

(A) 25 વર્ષ **(B) 30 વર્ષ** (C) 50 વર્ષ (D) 75 વર્ષ

**9.** ગુજરાતનાં પહેલાં મહિલા સમાજશાસ્ત્રી કોણ હતા

**(A) ડૉ. તારા પટેલ** (B) ડૉ. ગૌરી દેવી

(C) ડૉ. માનસી પટેલ (D) ડૉ. આશા પટેલ

**10.** સમાજશાસ્ત્રી ડૉ. તારા પટેલનો જન્મ કયારે-ક્યાં થયો હતો

(A) 30 જાન્યુઆરી 1917 તથા યુગાન્ડા

**(B) 29 જાન્યુઆરી 1918 તથા યુગાન્ડા**

(C) 28 જાન્યુઆરી 1919 તથા યુગાન્ડા

(D) 27 જાન્યુઆરી 1920 તથા યુગાન્ડા

**DATE : 30-01-2022**

**1. માટીના 2975 કપમાંથી ગાંધીજીના ભવ્ય ભીંતચિત્રનું અનાવરણ : સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ**



**વિગત :**

- ✓ મહાત્મા ગાંધીના 74મા શહીદ દિન પર ખાદી અને ગ્રામોદ્યોગ આયોગે રિવરફ્રન્ટ પર માટીના 2975 કપમાંથી ગાંધીજીનું ભવ્ય ભીંતચિત્ર બનાવ્યું છે. દેશના 75 કારીગરે આ ભીંતચિત્રને ઓપ આપ્યો.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અનાવરણ

**2. રાજ્યની પ્રથમ ફ્લોટિંગ જેટી વલસાડના ઉમરસાડીમાં આકાર પામશે- ગુજરાત સરકાર**




**વિગત :**

- ✓ વલસાડ જિલ્લામાં માછીમારો માટે પારડીના ઉમરસાડી ખાતે પાયલોટ પ્રોજેક્ટ તરીકે દક્ષિણ ગુજરાતમાં સાગરખેડૂના વિશાળ હિતમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ ફ્લોટીંગ જેટી (મત્સ્ય ઉતરાણ કેન્દ્ર સાથે) રૂ. 24.65 કરોડના ખર્ચે બનશે.
- ✓ મતસ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે ફ્લોટિંગ જેટ્ટીથી અંદાજે 424 બોટ માટે બર્થીંગ-પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ બનશે. મત્સ્યોધોગ હસ્તક નોટીફાઇડ 107 પૈકી 8 મત્સ્ય ઉતરાણ કેન્દ્રો વિકસાવવાનું આયોજન.

**ફ્લોટિંગ જેટીમાં શું શું આવશે**

- ✓ આ ફ્લોટિંગ જેટીની કામગીરીમાં કોન્ક્રીટ પોટુન, સીસી પ્લેટફોર્મ કમ વાઈ વોલ, એપ્રોચ રોડ, ઓકસન હોલ વિથ ટોઇલેટ બ્લોક અને નેટ ટુ મેન્ડીંગ શેડ, શેડફોર બોટ રીપેર એન્ડ ફ્યુઅલીંગ પોઇન્ટનો સમાવેશ કરાયો છે

## 3. એમ્બરગ્રીસ : વ્હેલના જઠરાંત્રિય માર્ગમાં ઉત્પન્ન થતો એક વિશેષ પદાર્થ

**વિગત :**

- ✓ એમ્બરગ્રીસ, જેનો ફ્રેન્ચમાં અર્થ ગ્રેએમ્બર થાય છે, તે મીણ જેવો પદાર્થ છે. જે સંરક્ષિત સ્પર્મ વ્હેલના પાચન તંત્રમાંથી ઉદ્દભવે છે ત્યારે તેની રચના વિશેની એક થિયરી સૂચવે છે કે તે સ્પર્મ વ્હેલ જ્યારે મોટા પ્રમાણમાં દરિયાઈ પ્રાણીઓનો જથ્થો કે ખોરાક ખાય છે ત્યારે કઠણ, તીક્ષ્ણ પદાર્થોને પસાર કરવા માટે કેટલાક દ્રવ્યો સ્પર્મ વ્હેલના જઠરાંત્રિય માર્ગમાં ઉત્પન્ન થાય છે.
- ✓ એમ્બરગ્રીસ મળની જેમ પસાર થાય છે અને તે ખૂબ જ તીવ્ર અને મજબૂત દરિયાઈ ગંધ ધરાવે છે. તાજી રીતે પસાર થયેલ એમ્બરગ્રીસ એ આછો પીળો રંગનો પદાર્થ છે અને તે ચરબીયુક્ત હોય છે.
- ✓ જેમ જેમ તે ઉંમર વધે છે તેમ તે મીણ જેવું બને છે અને લાલ કથ્થઈ રંગનું બને છે, કેટલીકવાર તે ગ્રે અને કાળા રંગના શેડ્સ સાથે હોય છે અને દરિયાઇ ગંધની સાથે હળવી, માટીની, મીઠી ગંધ કે કસ્તુરી જેવી સુગંધ ધરાવતુ હોય છે.

**એમ્બરગ્રીસના ઉપયોગો શું છે, અને આટલું મોંઘું કેમ છે?**

- ✓ ભારતભરની તપાસ એજન્સીઓએ તાજેતરના ભૂતકાળમાં એમ્બરગ્રીસ જપ્ત કરી છે તે શુદ્ધતા અને ગુણવત્તાના આધારે તેની કિંમત 1 થી 2 કરોડ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હોવાનો અંદાજ.
- ✓ અત્યંત દુર્લભ હોવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેની ઊંચી માંગ અને ઊંચી કિંમતમાં ફાળો.
- ✓ પરંપરાગત રીતે, એમ્બરગ્રીસનો ઉપયોગ અત્તર બનાવવા માટે થાય છે જેમાં કસ્તુરી જેવી સુગંધ હોય છે. ભૂતકાળમાં કેટલીક સંસ્કૃતિઓમાં તેનો ઉપયોગ ખોરાક, આલ્કોહોલિક પીણાં અને તમાકુને સ્વાદ આપવા માટે થતો હોવાના રેકોર્ડ્સ છે, પરંતુ હાલમાં આ હેતુઓ માટે તેનો ભાગ્યે જ ઉપયોગ થાય છે.

**40 દેશોમાં એમ્બરગ્રીસના વેપાર, વેચાણ ઉપર પ્રતિબંધ**

- ✓ પુણેમાં વન વિભાગના અધિકારી કે જેઓ ઓગસ્ટમાં એમ્બરગ્રીસની જપ્તીની તપાસનો ભાગ હતા તેમણે જણાવ્યું હતું કે, લગભગ 40 દેશોમાં એમ્બરગ્રીસના વેપાર અને વેચાણ પર પ્રતિબંધ.
- ✓ એમ્બરગ્રીસ મુખ્યત્વે ગુજરાત તથા અન્ય રાજ્યોના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી મેળવવામાં આવે છે.
- ✓ એમ્બરગ્રીસ માટેનું મુખ્ય બજાર મધ્ય પૂર્વીય દેશોમાં છે, યુરોપિયન અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશો હોવાનુ મનાય છે.
- ✓ તેને કામોત્તેજક માનવામાં આવે છે અને તેનો ઉપયોગ કેટલીક દવાઓમાં થાય છે.

## 4.મન કી બાત : 2022ની પહેલી મન કી બાત

**PM મોદીના મન કી બાતનો 85મો એપિસોડ**




- ✓ વડાપ્રધાને 'મન કી બાત'નાં 85મા સંસ્કરણમાં કર્તવ્ય, પરંપરા અને ભ્રષ્ટાચાર ઉપર ભાર મૂક્યો હતો

**PMના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ 75 ટકા વધુ પુખ્તોએ વેક્સિનના બંને ડોઝ લીધા છે. જે માટે મોદીએ તમામ નાગરિકોને અભિનંદન આપ્યા હતા કે કોલરવાળી વાઘણ અને રાષ્ટ્રપતિના કાફલાના વિરાટ નામના ઘોડાના અવસાનને યાદ કરીને મોદીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.
- ✓ લોકોને વોકલ ફોર લોકલ, સ્વચ્છતા અભિયાન અને આત્મનિર્ભર ભારત અભિયાન ચાલુ રાખવા અપીલ કરી.
- ✓ સ્કૂલને રૂ.1 લાખનું ડોનેશન આપવા નાળિયેરનું પાણી વેચતી મહિલાની પ્રશંસા કરી

## 5. ખેલકૂદ : વર્ષની પ્રથમ ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2022

**(1) પુરુષ સિંગલ્સ :**

- ✓ **વિજેતા અને દેશ :** કલેકોર્ટનો બાદશાહ રાફેલ નડાલ, સ્પેન



- ✓ **સૌથી વધુ 21 ગ્રાન્ડ સ્લેમ જીતી ઇતિહાસ રચ્યો**
- ✓ આ મેચ જીતતાની સાથે જ નડાલે સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતવાનો રેકોર્ડ સ્થાપિત કર્યો.
- ✓ **ઉપવિજેતા અને દેશ :** ડેનિલ મેદવેદેવ, રશિયા
- ✓ **યજમાન :** ઓસ્ટ્રેલિયા

**નડાલે રચ્યો ઈતિહાસ :**

- ✓ નડાલ આ જીતની સાથે જ ગ્રાન્ડ સ્લેમના 145 વર્ષના ઈતિહાસમાં સૌથી વધુ મેન્સ સિંગલ ખિતાબ જીતનારો પુરુષ ખેલાડી બની ગયો છે.
- ✓ સ્વિટ્ઝરલેન્ડના રોજર ફેડરર અને સર્બિયાના નોવાક જોકોવિચને ઓવરટેક કરી દીધા છે. આ બંનેના નામે કુલ 20-20 ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યા છે.

**સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ**

**મેન્સ સિંગલ્સ**

| ખેલાડી | દેશ | ગ્રાન્ડસ્લેમ |
|---|---|---|
| નડાલ | સ્પેન | ૨૧ |
| ફેડરર | સ્વિત્ઝર્લેન્ડ | ૨૦ |
| યોકોવિચ | સર્બિયા | ૨૦ |
| સામ્પ્રાસ | અમેરિકા | ૧૪ |

**નડાલના 21 ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ**

- ✓ **ઓસ્ટ્રેલિયન ઓપન :** 2009, 2022
- ✓ **ફ્રેન્ચ ઓપન :** 2005, 2006, 2007, 2008, 2010, 2011, 2012, 2013, 2014, 2017, 2018, 2019, 2020.
- ✓ **વિમ્બલ્ડન :** 2008, 2020
- ✓ **યુએસ ઓપન :** 2010, 2013, 2017, 2019.

**(2) ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2022 : વૂમેન્સ ડબલ્સ**

- ✓ **વિજેતા અને દેશ :** બાર્બરા ક્રેસ્જિકોવા અને કેટરિના સિનિકોવાની જોડી ચેક રિપબ્લિકન
- ✓ **ઉપવિજેતા અને દેશ :** અનસીડેડ એન્ના દાનિલિ-કઝાકિસ્તાન અને બીટ્રીઝ હદ્દાદ માઇઆ-બ્રાઝિલ
- ✓ યજમાન : ઓસ્ટ્રેલિયા

**ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2022 : વિજેતા ખેલાડીઓ**

1. મેન્સ સિંગલ : રાફેલ નડાલ
2. મહિલા સિંગલ : એશ્લે બાર્ટી
3. મેન્સ ડબલ્સ : કિર્ગિયોસ અને કોકિનાકિસ
4. વુમન ડબલ્સ : બાર્બરા ક્રેજ્કિકોવા અને કેટરિના સિનિકોવા
5. મિક્સ્ડ ડબલ્સ : ક્રિસ્ટિયાના અને ઈવાન

**6. 'બોમ્બ સાઇક્લોન'-USA :**

**અમેરિકાના અનેક વિસ્તારોમાં કટોકટી જાહેર**

**પૂર્વ અમેરિકામાં બરફના તોફાનનો કેર, 7 કરોડથી વધુ લોકોને અસર**

- ✓ પૂર્વ અમેરિકામાં બરફના તોફાનને કારણે જનજીવન ખોરવાઇ ગયું છે, જેના કારણે લગભગ 7 કરોડ ઓફ લોકો વીજકાપનો સામનો કરી રહ્યા છે. પરિવહન પર પણ માઠી અસર થઇ.
- ✓ નેશનલ વેધર સર્વિસે એલર્ટ જારી કર્યું છે. તોફાનની સૌથી વધુ અસર ન્યૂયોર્ક અને બોસ્ટન શહેરોમાં જોવા મળી.
- ✓ તોફાનની અસરને ધ્યાનમાં રાખીને વેધર સર્વિસે બોમ્બ સાઇક્લોન'ની પુષ્ટિ કરી છે. નોંધનીય છે કે બોમ્બ 3,500થી સાઇક્લોનની અસર બહુ તેજ હોય છે.
- ✓ પૃથ્વીની સપાટીની નજીકથી હવા વાયુમંડળમાં ઝડપથી ઉપર ઊઠે ત્યારે સાઇક્લોન બને છે.

**7. ઈટાલી : રાષ્ટ્રપતિ પદ માટે 80 વર્ષના સર્જીયો માટારેલા ફરીથી ચૂંટાયા**


- ✓ ઇટાલીમાં 80 વર્ષના સર્જયો માટારેલા ફરીથી રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાયા છે. તેમનો કાર્યકાળ ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં જ પૂર્ણ થવાનો હતો. તેમને જીતવા માટે સાંસદો અને પ્રાદેશિક પ્રતિનિધિઓના 1009માંથી 505 મતોની જરૂર હતી. જ્યારે તેમને 759 મત મળ્યા.



- ✓ સર્જીયોને બીજા કાર્યકાળ માટે ના પાડવામાં આવી હતી, પરંતુ પક્ષો વધુ સારો વિકલ્પ શોધી શક્યા ન હતાં.

**8. દિન વિશેષ : 30 જાન્યુઆરી**

**74મો ગાંધી નિર્વાણદિન અને શહીદ દિન**




- ✓ સવારે 11.00 થી 11.02 સુધી સમગ્ર દેશમાં બે મિનિટનું મૌન પાળવામાં આવે છે
- ✓ શહીદ દિવસ : PM-રાષ્ટ્રપતિની ગાંધીજીને પુષ્પાંજલિ
- ✓ દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 74મી પુણ્યતિથિએ સમગ્ર દેશે તેમને નમન કર્યું હતું. તે પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજઘાટ પહોંચીને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.
- ✓ વડાપ્રધાન મોદીએ રાજઘાટ ખાતે પહોંચીને ગાંધીજીના સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તે પછી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ રાજઘાટ પહોંચીને રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી, જ્યારે કેટલાક પ્રધાનો પણ પુષ્પાંજલિ આપવા રાજઘાટ પહોંચ્યા હતા.

**9. જન્મદિવસ વિશેષ : 30 જાન્યુઆરી**

**સુંદરી : પદ્મભૂષણ જયશંકર સુંદરી**

**જન્મ : 30 જાન્યુઆરી 1889**

**અવસાન : 22 જાન્યુઆરી-1975, વિસનગર**



- ✓ ગુજરાતી રંગભૂમિના ભીષ્મ પિતામહ ગણાતા જયશંકર સુંદરીનો જન્મદિવસ.
- ✓ નાટકોમાં સ્ત્રીઓ અભિનય કરી શક્તી ન હતી તે જમાનામાં જયશંકર ભોજકે વર્ષ-1901માં માત્ર 12 વર્ષની વયે સ્ત્રી પાત્રનો સર્વોત્તમ અભિનય કરીને સુંદરીનું બહુમાન મેળવ્યુ. આ બહુમાન સાથે તેઓ જયશંકર સુંદરી નામે મશહૂર થયા.
- ✓ વિસનગરમાં જન્મેલા જયશંકર 1898મા કલકત્તા ગયા, ઉર્દૂ શીખ્યા.
- ✓ એકવાર બંગાળી નાટકમાં નાયિકાની ગેરહાજરીમાં નાયિકાનું પાત્ર અદા કર્યું અને કલકત્તા તેમની કારકિર્દી માટે પ્રયોગશાળા બન્યું.
- ✓ સિતમગર નાટકને પોતાની અભિનય કારકિર્દીનું શ્રેષ્ઠ નાટક માનતા જયશંકર ભોજકને "સુંદરી" ઉપનામ સોભાગ્ય સુંદરી નાટક પછી મળ્યું હતું.
- ✓ સન 1900ની સાલમાં જયશંકર મુંબઇ ગુજરાતી નાટક મંડળીમાં જોડાયા તે પછી વિવિધ નાટક મંડળીઓમાં જુગલ કિશોરી, દેવકન્યા, જુગલ જુગારી, સ્વામિભક્ત જેવા અનેક સફળ નાટકો કર્યાં.
- ✓ મુંબઈની ગુજરાતી નાટક મંડળીમાં જોડાઇ ગુજરાતી ઉપરાંત હિંદી અને ઉર્દૂ નાટકોમાં પણ અભિનય કર્યો હતો.
- ✓ શેક્સપિયરના નાટક ઓથેલો પર આધારિત સૌભાગ્યસુંદરી નાટકમાં ડેસ્ડેમોનાના તેમનાં અભિનયે તેમને-નાટકને જોરદાર પ્રસિદ્ધિ અપાવી.
- ✓ વર્ષ-1932માં નિવૃત્ત થયા બાદ રંગભૂમિ વિશે લેખો લખતા. વર્ષ-1948માં અમદાવાદમાં તેમણે નાટ્ય વિદ્યામંદિરની સ્થાપના કરી તેનાં આચાર્ય રહ્યા હતા.
- ✓ મિથ્યાભિમાન અને મેનાગુર્જરી જેવાં નાટકોથી તેમણે ભવાઇ કલાને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

**સન્માન :**

- ✓ રણજિતરામ સુવર્ણચંદ્રક, પ્રેસિડેન્ટ્સ એવોર્ડ અને પદ્મભૂષણ

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (30-01-2022)

**1.** વર્ષની પ્રથમ ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2022 પુરુષ સિંગલ્સ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો યોગ્ય છે

1. વિજેતા અને દેશ : કલેકોર્ટનો બાદશાહ રાફેલ નડાલ, સ્પેન

2. નડાલે સૌથી વધુ 21 ગ્રાન્ડ સ્લેમ જીતી ઇતિહાસ રચ્યો

3. ઉપવિજેતા અને દેશ : ડેનિલ મેદવેદેવ, રશિયા

4. યજમાન : ઓસ્ટ્રેલિયા

(A) 1 અને 4 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમામ**

**2.** તા. 30 જાન્યુઆરીએ ગુજરાતમાં માટીના 2975 કપમાંથી ગાંધીજીના ભવ્ય ભીંતચિત્રનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ક્યાંથી અનાવરણ કરાયું

(A) સાબરમતી આશ્રમ, અમદાવાદ (B) નવસારીના દાંડી

(C) પોરબંદર **(D) સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ**

**3.** ગુજરાતમાં રૂ. 24.65 કરોડના ખર્ચે પ્રથમ ફ્લોટિંગ જેટી ક્યાં આકાર પામશે

(A) વેરાવળ **(B) ઉમરસાડી** (C) પીપાવાવ (D) હજીરા

**4.** વ્હેલના જઠરાંત્રિય માર્ગમાં ઉત્પન્ન થતો એક વિશેષ પદાર્થ એમ્બરગ્રીસ મૂળ કઈ ભાષાનો શબ્દ છે

(A) જાપનીઝ **(B) ફ્રેન્ચ** (C) ગ્રીક (D) રશિયન

**5.** વર્ષ-2022ના પ્રારંભે PM મોદી દ્વારા કેટલામી મન કી બાતની આવૃતિ રજૂ કરાઈ

(A) 83 (B) 84 **(C) 85** (D) 86

**6.** પૂર્વ અમેરિકામાં જાન્યુઆરી-2022માં 7 કરોડથી વધુ લોકોને પ્રભાવિત કરનાર બરફનું તોફાન ક્યા નામે ઓળખાય છે

(A) કેટરિના સાઈક્લોન (B) એનડી સાઈક્લોન

**(C) બોમ્બ સાઈક્લોન** (D) સ્નો સાઈક્લોન

**7.** જાન્યુઆરી-2022માં 80 વર્ષના સર્જીયો માટારેલા પુન : ક્યા દેશના રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા

(A) સ્વિડન (B) સ્પેન **(C) ઈટાલી** (D) ફ્રાન્સ

**8.** ગાંધી નિર્વાણદિન ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 27 જાન્યુઆરી (B) તા. 28 જાન્યુઆરી

(C) તા. 29 જાન્યુઆરી **(D) તા. 30 જાન્યુઆરી**

**9.** શહીદ દિન ક્યારે મનાવવામાં આવે છે

(A) તા. 27 જાન્યુઆરી (B) તા. 28 જાન્યુઆરી

(C) તા. 29 જાન્યુઆરી **(D) તા. 30 જાન્યુઆરી**

**10.** તા.30 જાન્યુઆરી-2022ના રોજ કેટલામો ગાંધી નિર્વાણદિન મનાવવામાં આવ્યો

(A) 77 **(B) 74** (C) 71 (D) 69

**11.** ગુજરાતી રંગભૂમિમાં ભીષ્મ પિતામહ તરીકે ઓળખાતા જયશંકર સુંદરીનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

**(A) 30 જાન્યુઆરી 1889 તથા વિસનગર**


(B) 29 જાન્યુઆરી 1889 તથા વડનગર

(C) 28 જાન્યુઆરી 1888 તથા વિસનગર

(D) 27 જાન્યુઆરી 1887 તથા વડનગર

**DATE : 31-01-2022**

### 1. ‘વિરાસત યાત્રા’ : ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ :




**ગુજરાત વિદ્યાપીઠના 100 પૂર્ણ થવાની અનોખી ઉજવણીના ભાગરૂપે ‘વિરાસત યાત્રા’નો પ્રારંભ**

- ✓ વર્ષ 1920માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત અને વેસ્ટર્ન કલ્ચરના અનુકરણના યુગમાં પણ ગાંધી મૂલ્યો આધારિત શિક્ષણ આપતી ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યુવાનોને ગાંધી ચીંધ્યા માર્ગે લઈ જવા માટે ‘વિરાસત યાત્રા'નો પારંભ કરાયો.
- ✓ કાંતણ, ખાદી અને સાદાયના પાઠ શીખવતી ગૂજરાત વિદ્યાપીઠના 100 વર્ષ પૂર્ણ થવાને પ્રસંગે અને આઝાદીના અમૃત મહોત્સવના 75માં વર્ષની ઉજવણીના ભાગરૂપે આ અનોખી પહેલ કરાઈ.
- ✓ જેમાં કોઈ પણ યુનિવર્સિટી કે સ્કૂલના વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન દ્વારા દર શનિવારે ગૂજરાત વિદ્યાપીઠના આકર્ષણો વિચારોને પ્રત્યક્ષ નિહાળીને આત્મસાર કરી શકશે.

**‘વિરાસત યાત્રા’ દર શનિવારે સવારે 8.30થી 11.30 દરમિયાન યોજાશે**

- ✓ ગાંધી નિર્વાણ દિને ગુજરાત વિદ્યાપીઠ ખાતે ‘વિરાસત યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ યાત્રામાં 200થી વધારે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શહેરીજનો જોડાયા હતા.
- ✓ આ યાત્રામાં ગુજરાત વિદ્યાપીઠમાં આવેલા 25 સ્થળોને બતાવામાં આવ્યાં હતાં. દર શનિવારે સવારે 8.30થી 11.30 દરમિયાન યોજાશે.
- ✓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવીને કોઈ પણ વ્યક્તિ ‘વિરાસત યાત્રા'માં જોડાય શકે છે. જો કોઈ કોલેજ કે સ્કૂલમાંથી મોટી સંખ્યામાં ‘વિરાસત યાત્રા'માં જોડાવા ઈચ્છતા હોય તો તમના માટે વિશેષ વ્યવસ્થા સોમવારથી શુક્રવાર દરમિયાન કરવામાં આવશે.

### 2. બજેટ સત્ર પૂર્વે રાષ્ટ્રપતિ શ્રી કોવિંદ દ્વારા સંસદના બંને સત્રને સંબોધન




**રાષ્ટ્રપતિ કોવિંદના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ પીએમ કિસાન યોજનાથી દેશના 11 કરોડથી વધુ ખેડૂત પરિવારોને લાભ.
- ✓ ભારતની કૃષિ નિકાસ રૂ. 3 લાખ કરોડને પાર.
- ✓ હર ઘર જલ દ્વારા સરકારે દેશના 6 કરોડ ગ્રામીણ ઘરોમાં પીવાનું સ્વચ્છ પાણી પહોંચાડ્યું.
- ✓ ભારત વિશ્વમાં ઝડપથી વિકાસ પામતું અર્થતંત્ર બન્યું. 40થી વધુ યુનિકોર્ન કાર્યરત થયા છે.
- ✓ સરકારે ગરીબોને મફત અનાજ વિતરણ કરવાનું વિશ્વનું સૌથી મોટું અભિયાન શરૂ કર્યું છે. દર મહિને 80 કરોડથી વધુ પરિવારોને 19 મહિના મફત અનાજ માટે રૂ. 2.60 લાખ કરોડનો ખર્ચ કરાયો છે.
- ✓ સરકારે ખેડૂતોના લાભ માટે અનેક પગલા લીધા છે. કેન્દ્ર સરકારે 433 લાખ મેટ્રિક ટન ઘઉં ખરીધા છે. જેનાથી 50 લાખ ખેડૂતોને લાભ થયો છે. 11 કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ. 1.80 લાખ કરોડ અપાયા છે.
- ✓ સરકારે કિસાન રેલ શરૂ કરી છે જેના દ્વારા ફળો અને શાકભાજી એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડાય છે.
- ✓ મહિલા સશક્તીકરણ અંતર્ગત ઉજ્જવલા યોજના, મુદ્રા યોજના તેમજ મહિલા ઉદ્યોગ સાહસિકોને અનેક લાભ પૂરા પડાયા.

### 3. આર્થિક સર્વે વર્ષ 2021-22 : નાણામંત્રી નિર્મલા સીતારામન

**નાણાકીય વર્ષ 2021-22માં GDP ગ્રોથ 9.2 ટકા રહેવાનો અંદાજ જ્યારે 2022-23માં GDP વૃદ્ધિદર 8-8.5% રહેશે**




- ✓ કેન્દ્રનાં નાણાપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા સંસદનાં બજેટ સત્રના પહેલા દિવસે વર્ષ 2021-22નું આર્થિક સર્વે રજૂ કરાયું

**આર્થિક સર્વેના મુખ્ય મુદ્દા**

- ✓ **કૃષિ ક્ષેત્ર** પર કોરોના મહામારીની ઓછી અસર પડી હતી. **વર્ષ 2021-22માં 3.9 ટકાના દરે** કૃષિ વિકાસ હાંસલ કરવામાં આવે તેવી ધારણા રજૂ કરાઈ હતી જે **ગયા વર્ષે 3.6 ટકા** હતો.
- ✓ **સર્વિસ સેક્ટર**નો વિકાસ દર 8.2 ટકા રહેશે.
- ✓ આ વર્ષે **ઔદ્યોગિક સેક્ટરનો** વિકાસ 11.8 ટકાના દરે થવાની શક્યતા
- ✓ સરકારના ખર્ચમાં વધારા સાથે આ વર્ષે કુલ કન્ઝમ્પશનમાં 7 ટકા વૃદ્ધિની ધારણા છે.
- ✓ **સામાજિક સેવા ક્ષેત્રે** ખર્ચમાં 9.8 ટકાનો વધારો. જે રૂ. 71.61 લાખ કરોડ નોંધાયો
- ✓ **વર્ષ 2021-22માં ભારતની કુલ નિકાસ 16.5 ટકા**ના દરે વધવાની ધારણા.
- ✓ **વર્ષ 2021-22માં ભારતની આયાતમાં 29.4 ટકા** વૃદ્ધિની શક્યતા.
- ✓ **ફોરેક્સ રિઝર્વમાં** ભારતે આખા વિશ્વમાં ચોથું સ્થાન હાંસલ કર્યું છે જે રૂ. 63.400 કરોડ છે.
- ✓ **ક્લાઈમેટ ચેન્જ માટે મહત્વની નાણાકીય જોગવાઈ** કરાઈ છે. જેનો ઉપયોગ કરીને **વર્ષ 2070 સુધીમાં ઝીરો કાર્બન ઉત્સર્જન**ના લક્ષ્યાંકને હાંસલ કરવા નિર્ધાર કરાયો છે.
- ✓ નાના ખેતરોમાં ખેતી માટે આધુનિક ફાર્મ ટેકનોલોજી અપનાવીને નાના ખેડૂતોની ઉત્પાદકતા અને આવક વધારવા પગલાં લેવાશે.
- ✓ પાક વૈવિધ્ય અપનાવીને તેલીબિયાં, કઠોળ અને બાગાયતી ખેતીનો વિકાસ કરવા અગ્રતા.
- ✓ નિકાસ વૃદ્ધિને પગલે આગામી વર્ષે નોંધપાત્ર ગ્રોથ હાંસલ કરવામાં આવશે.

**સર્વેમાં કૃષિ, ઉદ્યોગો, સર્વિસ સેક્ટરના ગ્રોથનો આશાવાદ**

- ✓ દેશનાં આર્થિક સર્વેમાં કૃષિ ક્ષેત્ર તેમજ ઉદ્યોગો અને સર્વિસ સેક્ટરના ગ્રોથનો આશાવાદ રજૂ કરાયો હતો. રાજકોષીય ખાધ અને મહેસૂલી ખાધ અંકુશમાં રાખવા દાવા કરવામાં આવ્યા હતા.
- ✓ બેન્કિંગ સિસ્ટમમાં પૂરતી મૂડી ઠાલવવાથી માંડીને ગ્લોબલ સપ્લાય ચેનમાં ઓછામાં ઓછા અવરોધો સર્જાય તેવા પગલાં લેવા રજૂઆત કરાઈ હતી.
- ✓ 2021-22માં નાણાકીય ખાધ અને દેવાની સ્થિતિને ધ્યાનમાં લીધા પછી નાણાકીય કોન્સોલિડેશન કરાયું હોવાનો ઉલ્લેખ કરાયો હતો.

**4.ભારતમાં વર્ષ 2070 સુધીમાં નેટ ઝીરોનું લક્ષ્યાંક: કેન્દ્રીય વીજળી-અક્ષય ઊર્જા મંત્રાલય**


**નેટ ઝીરો લક્ષ્યાંક વિશે :**

- ✓ સૌપ્રથમ રાજ્યોને એક પછી એક કરીને નેટ ઝીરો બનાવાશે અને તેને ગ્રીન સ્ટેટ જાહેર કરાશે.
- ✓ **તેની શરૂઆત હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વોત્તરના નાના-નાના રાજ્યોથી કરવામાં આવશે** કે જ્યાં ઉત્સર્જન ઘણું ઓછું છે તથા કાર્બનને સોષવાની ક્ષમતા ઘણી વધારે છે.
- ✓ રાજ્યોને નેટ ઝીરો બનાવવા માટે બે દિશામાં કામ કરવું પડશે. એક તો તેમનો કુલ ફોસિલ ઊર્જાનો વપરાશ કેટલો છે? તેને પરિણામે કેટલું ઉત્સર્જન થાય છે અને બીજું તે કેટલું સોષી શકે છે? તેની ગણના કરવી અને કુલ ઉત્સર્જનને શૂન્ય કરવાના ઉપાય કરવામાં આવશે. આના માટે ટૂંક સમયમાં રાજ્યો સાથે વાટાઘાટો કરવામાં આવશે.
- ✓ અક્ષય ઊર્જાના સ્ટોરેજની ક્ષમતામાં વધારો થઈ રહ્યો છે. વિશ્વનો સૌથી મોટો 2000 મેગાવોટનો સ્ટોરેજ કેન્દ્ર ભારતે તૈયાર કર્યો છે.
- ✓ ઉદ્યોગોની કોઇલ્સ, પેટ્રોલિયમ તથા ગેસ ઉપરની નિર્ભરતાને ખતમ કરવા માટે ગ્રીન હાઇડ્રોજન મિશન શરૂ કરવામાં આવ્યું છે.
- ✓ કેન્દ્રીય વીજળી અને અક્ષય ઊર્જા મંત્રી : શ્રી આર. કે. સિંહ

**5. ખેલકૂદ : વર્લ્ડ ગેમ્સ એથ્લેટ-2021**

**ભારતીય હોકી ટીમના ગોલકીપર પીઆર શ્રીજેશને વર્લ્ડ ગેમ્સ એથ્લેટ 2021 એવોર્ડ**

**સન્માન મેળવનાર પ્રથમ ભારતીય પુરુષ હોકી ખેલાડી**




- ✓ ભારતીય પુરુષ હોકી ટીમની દીવાલ ગણાતા ગોલકીપર પીઆર શ્રીજેશે ઈતિહાસ રચ્યો.

**એવોર્ડ પસંદગીની પ્રક્રિયા :**

- ✓ પીઆર શ્રીજેશને 1 લાખ 27 હજાર 647 વોટ મળ્યા હતા. બીજી તરફ સ્પેનના ક્લાઈમ્બિંગ સ્ટાર આલ્બર્ટ લોપેઝ બીજા ક્રમે આવ્યો હતો જેને 67,428 વોટ મળ્યા હતા. પીઆર શ્રીજેશ ભારતનો બીજો હોકી ખેલાડી છે જેને વર્લ્ડ ગેમ્સ એથલીટ એવોર્ડ મળ્યો છે.
- ✓ પીઆર શ્રીજેશે 4 દાયકા બાદ ટોક્યો ઓલિમ્પિકમાં ભારતને મેડલ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

**રાની રામપાલ જીતી ચૂકી છે એવોર્ડ :**

- ✓ ભારતની મહિલા હોકી ખેલાડી રાની રામપાલ વર્ષ 2020માં આ એવોર્ડ જીતનારી પ્રથમ ભારતીય હોકી ખેલાડી બની હતી. જે બાદ શ્રીજેશ ભારતનો બીજો હોકી ખેલાડી અને પહેલો પુરુષ હોકી ખેલાડી બન્યો હતો.

**6. UN : ભારતની વસતી 3 વર્ષમાં 6 કરોડ વધી 140.1 કરોડને પાર**




**અન્ય વિગતો :**

- ✓ **ચીન :** સૌથી વધુ 144.81 કરોડની વસ્તી અને સરેરાશ ઉંમર 38.5 વર્ષ.
- ✓ **ભારત :** ભારતમાં સરેરાશ ઉંમર 28.4 વર્ષ.

**7. ચીન : ચોથી ફેબ્રુઆરી-2022થી વિન્ટર ઓલિમ્પિકનો પ્રારંભ**



- ✓ યજમાન : ચાનક્વિંગ પ્રાંત- બેજિંગ
- ✓ ચીનમાં આ પ્રકારની પહેલી અને એશિયામાં ત્રીજી સ્પોર્ટ્સ ઈવેન્ટ.
- ✓ 13 સ્થળે બાયથ્લોન, બોબસ્લે, કર્લિંગ, આઇસ હોકી, લ્યૂઝ, સ્કેટિંગ અને સ્કેટિંગને લગતી 109 ઈવેન્ટ થશે. તેમાં દુનિયાભરના ત્રણ હજાર એથ્લેટ સામેલ થશે.

**8. દિન વિશેષ : તા. 31 જાન્યુઆરી**

**રાષ્ટ્રીય મહિલા આયોગનો 30મો સ્થાપના દિવસ : નવી દિલ્હી**



વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (31-01-2022)

**1.** બજેટ સત્ર પૂર્વે નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરાયેલ આર્થિક સર્વે વર્ષ 2021-22માં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે

1. નાણાકીય વર્ષ 2021-22માં GDP ગ્રોથ 9.2 ટકા રહેવાનો અંદાજ
2. વર્ષ 2022-23માં GDP વૃદ્ધિદર 8-8.5% રહેશે
3. વર્ષ 2021-22માં 3.9 ટકાના દરે કૃષિ વિકાસ હાંસલ કરવામાં આવે તેવી ધારણા રજૂ કરાઈ હતી જે ગયા વર્ષે 3.6 ટકા હતો
4. સર્વિસ સેક્ટરનો વિકાસ દર 8.2 ટકા રહેશે
5. સામાજિક સેવા ક્ષેત્રે ખર્ચમાં 9.8 ટકાનો વધારો. જે રૂ. 71.61 લાખ કરોડ નોંધાયો

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 3 અને 5 **(D) આપેલ તમામ**

**2.** બજેટ સત્ર પૂર્વે નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરાયેલ આર્થિક સર્વે વર્ષ 2021-22માં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી

1. આ વર્ષે ઔદ્યોગિક સેક્ટરનો વિકાસ 11.8 ટકાના દરે થવાની શક્યતા
2. વર્ષ 2021-22માં ભારતની કુલ નિકાસ 16.5 ટકાના દરે વધવાની ધારણા
3. વર્ષ 2021-22માં ભારતની આયાતમાં 29.4 ટકા વૃદ્ધિની શક્યતા
4. વર્ષ 2050 સુધીમાં ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંકને હાંસલ કરવાનો નિર્ધાર

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) માત્ર 4**

**3.** જાન્યુઆરી-2022માં જાહેર કરાયેલા વર્લ્ડ ગેમ્સ એથ્લેટ 2021 એવોર્ડ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. ભારતીય હોકી ટીમના ગોલકીપર પીઆર શ્રીજેશને વર્લ્ડ ગેમ્સ એથ્લેટ 2021 એવોર્ડ
2. આ સન્માન મેળવનાર શ્રીજેશ પ્રથમ ભારતીય પુરુષ હોકી ખેલાડી
3. શ્રીજેશ ભારતીય પુરુષ હોકી ટીમની દીવાલ તરીકે ઉપનામ ધરાવે છે
4. વર્ષ-2020માં રાની રામપાલ બાદ આ એવોર્ડ મેળવનાર પીઆર શ્રીજેશ બીજો હોકી ખેલાડી

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) આપેલ તમાંમ**

**4.** તાજેતરમાં ગૂજરાત વિદ્યાપીઠના 100 પૂર્ણ થવા નિમિતે અનોખી ઉજવણીના ભાગરૂપે કઈ યાત્રાનો પ્રારંભ કરાયો

(A) ગાંધી મૂલ્ય યાત્રા (B) શતાબ્દિ યાત્રા

**(C) વિરાસત યાત્રા** (D) વિદ્યાપીઠ વિરાસત યાત્રા

**5.** ક્યા મહાનુભાવ દ્વારા સંસદના બંને સત્રને સંબોધન કરી સંસદના બજેટ સત્રનો પ્રારંભ કરવામાં આવે છે

**(A) રાષ્ટ્રપતિ** (B) ઉપરાષ્ટ્રપતિ

(C) પ્રધાનમંત્રી (D) લોકસભા સ્પિકર

**6.** ભારતમાં કયા વર્ષ સુધીમાં નેટ ઝીરોનું લક્ષ્યાંક નક્કી કરાયું છે તેના ભાગરૂપે તેની શરૂઆત હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વોત્તરના નાના-નાના રાજ્યોથી કરાશે

(A) વર્ષ 2030 (B) વર્ષ 2050 **(C) વર્ષ 2070** (D) વર્ષ 2075

**7.** UNના જાન્યુઆરી-2022ના અહેવાલ મુજબ ભારતની વસતી 3 વર્ષમાં 6 કરોડ વધી કેટલા કરોડે પહોંચી

**(A) 140.1 કરોડ** (B) 141.2 કરોડ

(C) 143.5 કરોડ (D) 145.3 કરોડ

**8.** તા. 4 ફેબ્રુઆરી-2022થી વિન્ટર ઓલિમ્પિક ક્યાં યોજાઇ રહ્યો છે

**(A) ચીન** (B) રશિયા (C) ફ્રાંસ (D) નોર્વે

**9.** તા. 31 જાન્યુઆરી 2022ના રોજ રાષ્ટ્રીય મહિલા આયોગનો કેટલામો સ્થાપના દિવસ મનાવાયો

(A) 20 (B) 25 **(C) 30** (D) 40

**...........વંદે માતરમ્..........**



જનરલ નોલેજ-1
જનરલ નોલેજ-2
જનરલ નોલેજ-3
વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.
GPSC (1/2)
Dy.S.O. / નાયબ મામલતદાર
PSI / ASI / Constable
TET / TAT / HTAT
ક્લાર્ક / તલાટી
સંસ્થાની વિશેષતા :
નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાકંન
OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
લાયબ્રેરીની સુવિધા
ગુણવત્તાસભર મટિરિયલ્સ
દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.
ગુજરાતી વ્યાકરણ
ગુજરાતી સાહિત્ય
ગુજરાતની ભૂગોળ
રીઝનીંગ
(તાર્કિક બુદ્ધિ કસોટીઓ)
॥ સુગણિતમ્ ॥
અંગ્રેજી વ્યાકરણ
ભારતનું સંવિધાન
ભારતનો ઈતિહાસ
ગુજરાતનો ઈતિહાસ
ભારતીય કાયદો
વિજ્ઞાન અને ટેક્નોલોજી
VIVEKANAND ACADEMY
વિવેકાનંદ એકેડમી
700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.
M:9925698721 | 8490927713
ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી